# જૈન સિદ્ધાન્ત પ્રવેશ રત્નમાલા

(ભાગ-૫)

લેખન તથા સંપાદન
પંડિત કૈલાશચંદ્ર જૈન

પ્રકાશક :
શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, દેહરાદૂન
તથા
પંડિત કૈલાશચંદ્ર જૈન પરિવાર, અલીગઢ

ॐ

॥ પરમાત્મને નમઃ ॥

પંડિત કૈલાશચંદ્ર જૈન ગ્રંથમાળા, પુષ્પ-૧૨

# જૈન સિદ્ધાન્ત પ્રવેશ રત્નમાલા

## (ભાગ-૫)

પરમાગમ શ્રી સમયસાર અને પ્રવચનસારની
વિશિષ્ટ વિષયવસ્તુ ઉપર પ્રશ્નોત્તર સંગ્રહ

: લેખન અને સંકલન :
**પંડિત કૈલાશચંદ્ર જૈન**
વિમલાંચલ, હરિનગર, અલીગઢ (ઉ.પ્ર.)

: ગુજરાતી અનુવાદ :
**શ્રી ભરતભાઈ શાંતિલાલ શાહ**
ઘાટકોપર—મુંબઈ

પ્રકાશન સહયોગ
**તીર્થધામ મંગલાયતન, અલીગઢ**
પ્રકાશક
**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડલ, દેહરાદૂન**

પ્રથમ આવૃત્તિ : ૫૦૦ પ્રત

(દશલક્ષણ મહાપર્વના પાવન અવસરે પ્રકાશિત, મંગળવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૧૯)

**Available At –**

- **TIRTHDHAM MANGLAYTAN**
  **Aligrah-Agra Road, Sasni–204216, Hathras (U.P.)**
  **www.manglaytan.com, info@manglaytan.com**
- **TIRTHDHAM CHIDAYATAN**
  **Dusri Nasiyase Age, Hastinapur, Dist : Meerut-250404 (U.P.)**
- **SHRU KUNDKUND KAHAN DIG. JAIN SWADHYAY MANDIR**
  **29, Gandhi Road, Dehradun—248001 (Uttarakhand)**
  **Ph : 0135-2654661 / 2623131**
- **AZAD TRADING Co.**
  **Below Jain Mandir, Lal kua, Bulandsaher-283001 (U.P.)**
  **Mo : 98977096781**
- **SHREE KUNDKUND-KAHAN PARMARTHIK TRUST**
  **302, Krishna-Kunj, Plot No. 302**
  **Navyug CHS Ltd. V.L. Mehta Marg**
  **Vile Parle (W), Mumbai-400056**
  **email : vitragva@vsnl.com / shethhiten@redifmail.com**

મૂલ્ય : મુમુક્ષુતાની પ્રગટતા અથવા ભાવના/સંકલ્પ જ
આ પુસ્તકનું ઉચિત મૂલ્ય છે.

મુદ્રક

સ્મૃતિ ઑફસેટ

સોનગઢ (જિ. ભાવનગર)

**Mo. 9824944401**



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય

જગતના સર્વ જીવો સુખ ઈચ્છે છે અને દુઃખથી ભયભીત છે. સુખ મેળવવા આ જીવ, સર્વ પદાર્થોને પોતાના ભાવો અનુસાર પલટવા ચાહે છે, પરંતુ અન્ય પદાર્થોને બદલવાનો ભાવ મિથ્યા છે, કેમકે પદાર્થ તો સ્વયમેવ પલટે છે અને આ જીવનું કાર્ય માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે.

સુખી થવા માટે જિનવચનોને સમજવા અત્યંત આવશ્યક છે. વર્તમાનમાં જિનધર્મના રહસ્યને બતાવનારા અધ્યાત્મપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી છે. એવા સત્પુરુષના ચરણોમાં રહીને અમે જે કાંઈ શીખ્યા છીએ, તે અનુસાર પંડિત કૈલાશચંદ્રજી જૈન (બુલંદશહેર) દ્વારા ગૂંથિત જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગ, જિનધર્મના રહસ્યને અત્યંત સ્પષ્ટ કરનારા હોવાથી ચાર આવૃત્તિ હિન્દીમાં પ્રકાશિત થઈ ચૂકી છે. આ આવૃત્તિ તેનું ગુજરાતીમાં ભાષાંતર છે.

આ પ્રકાશન કાર્યમાં અમે લોકો અમારા મંડળના વિવેકી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખનાર સ્વર્ગીય શ્રી રૂપચંદજી, માજરાવાલાને યાદ કરીએ છીએ, જેમની શુભ પ્રેરણાથી આ ગ્રંથોનું પ્રકાશનકાર્ય શરૂ થયું છે.

અમે ઘણા ભક્તિભાવથી અને વિનયપૂર્વક એવી ભાવના કરીએ છીએ કે સાચા સુખના અર્થી જીવ, જિનવચનને સમજીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે. એવી ભાવનાથી આ પુસ્તકનું પાંચમું પ્રકાશન આપના હાથમાં છે.

આ પાંચમા ભાગમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ રચિત શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર આદિ પરમાગમોનું રહસ્ય, પ્રશ્નોત્તરાત્મક શૈલીથી પ્રસ્તુત કર્યું છે. સાથે જ અન્ય ઉપયોગી વિષય– જેવા કે મુનિરાજનું સ્વરૂપ, જ્ઞાન-જ્ઞેયની ભિન્નતા આદિ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના સિવાયના અનેક મહત્વપૂર્ણ પ્રશ્નોને 'વીતરાગ-વિજ્ઞાનતાના પ્રશ્નોત્તર' નામથી સંકલન કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં આપેલ પ્રશ્નોત્તરોનો સારી રીતે અભ્યાસ કરવાથી જિનવાણીનો મર્મ અને તેની સૂક્ષ્મતા સમજમાં આવે છે.

અમારા ઉપકારી આદરણીય પંડિત કૈલાશચંદ્રજીની જન્મ-શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં, તીર્થધામ મંગલાયતનમાં આયોજિત મંગલ સમર્પણ સમારંભના અવસરે હિન્દી સંપાદિત આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી હતી, જેનો અમને અત્યંત આનંદ થઈ રહ્યો છે. પ્રસ્તુત ગ્રંથને સુવ્યવસ્થિત સંપાદિતરૂપમાં ઉપલબ્ધ કરાવવાનો શ્રેય પંડિતજીના સુપુત્ર શ્રી પવનજી જૈન અલીગઢ અને પંડિત દેવેન્દ્રકુમારજી જૈન, બિજૌલિયાને જાય છે. આ માટે મંડળ તરફથી તેમનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ પુસ્તકમાં આપવામાં આવેલ સંદર્ભોના પૃષ્ઠ નંબર હિન્દી પુસ્તકના આધારે છે.

આ પુસ્તકની હિન્દી આવૃત્તિ વાંચીને ઘણા ગુજરાતી મુમુક્ષુઓને અભ્યાસમાં ઉપયોગી લાગવાથી તેનો ગુજરાતી અનુવાદ કરાવવાની ભાવના કરી, ફળસ્વરૂપે આ ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. ગુજરાતી અનુવાદ ઘાટકોપર-મુંબઈ નિવાસી શ્રી ભરતભાઈ શાહે નિઃસ્પૃહભાવે અલ્પ સમયમાં કરી આપેલ છે. માટે અમે તેમના આભારી છે. આ પુસ્તકના ગુજરાતી અનુવાદમાં કોઈપણ ભૂલ જણાય ત્યાં તજજ્ઞોએ ક્ષમા કરી સુધારીને વાંચવું અને અમને અવગત કરાવશો જેથી બીજા પ્રકાશન વખતે સુધારી શકાય.

દરેક જીવ આ ભાગમાં સમાયેલા આધારભૂત સિદ્ધાંતોના સમ્યક્સ્વરૂપ સમજીને સ્વરૂપાનુભૂતિ પ્રાપ્ત કરે—એ જ ભાવના સાથે...

૩ સપ્ટેમ્બર ૨૦૧૯
દસલક્ષણ મહાપર્વના પાવન
અવસરે પ્રકાશિત

નિવેદક
દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
દેહરાદૂન

# ભૂમિકા

વીતરાગી જિનેન્દ્ર પરમાત્માની દિવ્યધ્વનિમાં પ્રવાહિત આત્મહિતકારી દિવ્યદેશનાનો પાવન પ્રવાહ, વીતરાગી સંતોના માધ્યમથી આપણને પ્રાપ્ત છે. વર્તમાન સમયમાં આચાર્ય કુંદકુંદનું સ્થાન દિગંબર જૈન પરંપરામાં સર્વોચ્ચ સ્થાને છે. જેમને ભગવાન મહાવીર, શ્રી ગૌતમગણધરના પછી મંગલાચરણમાં યાદ કરવામાં આવે છે. પૂજ્ય આચાર્યશ્રી સદેહ વિદેહક્ષેત્ર જઈને ત્યાં વિદ્યમાન ભગવાન સીમંધરનાથ પરમાત્માની દિવ્યધ્વનિનું રસપાન કર્યું અને ત્યાંથી આવી સમયસારાદિ પંચ પરમાગમોની રચના કરી ભરતક્ષેત્રમાં અધ્યાત્મયુગનું સર્જન કર્યું.

પરમપૂજ્ય કુંદકુંદાચાર્યદેવ આદિ વીતરાગી સંતોની પાવન પરંપરાથી પ્રવાહિત અધ્યાત્મના સૂક્ષ્મ રહસ્યોને પોતાની સાતિશય વાણી દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ ઘણો પ્રચાર-પ્રસાર કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રભાવનાયોગમાં સમયસાર આદિ પરમાગમ જન-જનમાં પૂજ્ય બની ગયા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની સ્વનુભવયુક્ત વાણી દ્વારા આ પરમાગમોમાં ઉદ્‌ઘાટિત રહસ્યોને સરળ ભાષામાં સ્પષ્ટીકરણ કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ સાનિધ્યમાં અને મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી અને શ્રી ખીમચંદભાઈ શેઠ દ્વારા સંચાલિત વર્ગોમાં આ તત્ત્વબોધને હું હમેશા લખતો રહ્યો છું જેનું સંકલન જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલા નામથી સાત ભાગમાં દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, દેહરાદૂન દ્વારા પ્રકાશિત થયા છે.

જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલાના આ પાંચમા ભાગમાં શ્રી

સમયસાર, શ્રી પ્રવચનસાર અને શ્રી નિયમસારના મહત્વપૂર્ણ વિષયોનું પ્રશ્નોત્તરાત્મક સંકલન છે. સાથે જ અન્ય ઉપયોગી વિષય પણ આત્માર્થી બંધુઓ માટે લાભદાયક છે. આ પ્રશ્નોત્તરોનું સૂક્ષ્મતાથી અધ્યયન કરવાથી શ્રી સમયસારાદિ પરમાગમોનું અને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું રહસ્ય સરળતાથી સમજમાં આવી શકે તે હેતુથી આ પ્રકાશન કરવામાં આવી રહ્યું છે.

આ ગ્રંથના પ્રકાશનના અવસરે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ સહિત બધા જ વીતરાગી સંતોને વંદન કરું છું. મારા જીવનશિલ્પી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે હાર્દિક વિનયાંજલિ અર્પણ કરું છું.

હે જીવો! જો તમે આત્મહિત કરવા ઈચ્છતા હો તો બધા પ્રકારે પરિપૂર્ણ નિજ આત્મસ્વભાવની રુચિ અને વિશ્વાસ કરો. દેહાદિથી સર્વથા ભિન્ન જ્ઞાનસ્વરૂપ નિજ આત્માનો નિર્ણય કરવો જ સંપૂર્ણ જિનશાસનનો સાર છે કારણ કે જે જીવ, દેહાદિથી ભિન્ન જ્ઞાન-દર્શનસ્વભાવી આત્માનો આશ્રય લે છે, તે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી મોક્ષમાં ચાલ્યા જાય છે અને જે દેહાદિમાં પોતાપણાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે છે, તે ચારે ગતિઓમાં ફરીને નિગોદમાં ચાલ્યા જાય છે.

બધા જીવો આ ગ્રંથમાં પ્રસ્તુત કરવામાં આવેલ પ્રશ્નોત્તરોનો વારંવાર અભ્યાસ કરી આત્મહિતના માર્ગમાં આગળ વધો—એ જ ભાવના સહ....

પંડિત કૈલાશચંદ્ર જૈન
અલીગઢ

### અધ્યાત્મયુગસૃષ્ટા

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

### (સંક્ષિપ્ત જીવનચરિત્ર)

ભારતની ધરતી અનાદિથી તીર્થંકર ભગવંતો, વીતરાગી સંતો-ધર્માત્માઓ અને દાર્શનિકો/અધ્યાત્મિક ચિંતકોની જન્મદાત્રી રહી છે. આ દેશમાં વર્તમાનકાળમાં ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સુધી ચોવીસ તીર્થંકર થયા છે. વર્તમાનમાં ભગવાન મહાવીરના શાસનકાળમાં શ્રી ધરસેન આદિ મહાન દિગંબર સંત, શ્રીમદ્ કુંદકુંદાચાર્યાદિ મહાન આધ્યાત્મિક સંત, આ પવિત્ર જિનશાસનની ધ્વજાને દેશોદેશમાં ફરકાવતા રહ્યા છે.

વર્તમાન શતાબ્દીમાં જિનેન્દ્ર ભગવંતો, વીતરાગી સંતો અને જ્ઞાની ધર્માત્માઓ દ્વારા પ્રકાશિત આ શાશ્વત સત્યને જેમણે પોતાના પ્રચંડ પુરુષાર્થથી સ્વયં આત્મસાત્ કરીને ૪૫ વર્ષો સુધી નિરંતર પ્રવાહિત પોતાની દિવ્યવાણીથી, આ વિશ્વમાં આધ્યાત્મિક ક્રાંતિનો શંખનાદ કર્યો— આવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીથી આજે કોણ અપરિચિત છે ? પૂજ્ય ગુરુદેવશ્રીએ કાળકોટડીમાં કેદ આ વિશુદ્ધ જિનશાસનને પોતાની આધ્યાત્મિક આભામંડળ દ્વારા મુક્ત કર્યું એટલું જ નહીં પણ તેના પ્રચાર-પ્રસારથી જાણે કે આ વિષમ પંચમકાળમાં તીર્થંકરનો વિરહ ભૂલાવીને, ભરતક્ષેત્રને વિદેહક્ષેત્ર અને પંચમકાળને ચોથો કાળ જ બનાવી દીધો.

ભારતદેશના ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘરે માતા ઉજમબાની કૂંખે વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, રવિવાર (તા. ૨૧ એપ્રિલ ૧૮૯૦)ના પ્રાતઃકાળે આ બાળ મહાત્માનો જન્મ થયો.

સાત વર્ષની વયમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હૃદય સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત-સ્વભાવ, સૌમ્ય, ગંભીર મુખમુદ્રા તથા નિઃસ્પૃહસ્વભાવવાળા હોવાથી બાળ

'કાનજી' શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. વિદ્યાલય અને જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રથમ ક્રમાંક આવતો હતો. પરંતુ વિદ્યાલયના લૌકિક શિક્ષણથી તેમને સંતોષ નહતો થતો. અંદર જ અંદરમાં એવું લાગતું હતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરમાં માતાનો સ્વર્ગવાસ થવાથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ પછી પિતાશ્રીનો સ્વર્ગવાસ થવાથી સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં જોડાવાનું થાય છે. દુકાન ઉપર ધાર્મિક પુસ્તકો વાંચતા હતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના સમયે રામલીલા કે નાટક જોવા જતા, તો તેમાં વૈરાગ્યરસનું ઘોલન કરતાં હતા. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યનો ચિતાર બતાવતું બાર પંક્તિની કાવ્યની રચના કરે છે—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ'.

સત્યની શોધ માટે દીક્ષા લેવાના ભાવ હોવાથી ૨૨ વર્ષની યુવાવસ્થામાં દુકાનનો ત્યાગ કરે છે અને ગુરુની સમક્ષ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની ઉંમરમાં (વિ.સં. ૧૯૭૦)માં જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ સાધર્મીઓની વિશાળ ઉપસ્થિતિમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષાના સમયે હાથી ઉપર ચઢતા ધોતીયું ફાટી જાય છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક કાનજીને શંકા થાય છે કે શું વસ્ત્ર સહિત મુનિપણુ નહીં હોય?

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુનાશાસન ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદયનો સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે. વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્‌ભગવત્ કુંદકુંદાચાર્યદેવ રચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ ઉદ્‌ગાર નિકળે છે કે 'આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે'. સમયસારનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ પ્રગટે છે અને અંતરંગ જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થાય છે. ભૂલી પડેલી પરિણતિ નિજઘરને દેખે છે. ત્યારબાદ, શ્રી પ્રવચનસાર, શ્રી અષ્ટપાહુડ, શ્રી મોક્ષમાર્ગ-પ્રકાશક, શ્રી

દ્રવ્યસંગ્રહ, શ્રી સમ્યગ્જ્ઞાનદીપિકા આદિ અનેક દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેમને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળમાર્ગ છે અને આ જ સાચો ધર્મ છે. આ કારણે અંતરંગ શ્રદ્ધા કાંઈ બીજી અને બાહ્યમાં વેષ કોઈ બીજો—આ સ્થિતિ તેમને અસહ્ય લાગે છે. તેથી અંતરંગમાં અત્યંત મનોમંથન બાદ સંપ્રદાય પરિવર્તનનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની શોધ કરતાં-કરતાં સોનગઢ આવીને 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ભગવાન મહાવીર જન્મકલ્યાણકના દિવસે (ચૈત્ર સુદ ૧૩, સં. ૧૯૯૧) બપોરના સવા વાગે સંપ્રદાયનું ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કરે છે અને પોતે ઘોષણા કરે છે કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહવૃત્તિના ધારક આ મહાપુરુષે ૪૫ વર્ષની ઉંમરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં નિવાસ કરતાં માત્ર ત્રણ વર્ષમાં જ જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેને કારમે આ મકાન એકદમ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમ પ્રતાપી સત્પુરુષના નિવાસસ્થાન અને પ્રવચનસ્થળ તરીકે 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કર્યું. ગુરુદેવશ્રીએ વૈશાખ વદ ૮, સં. ૧૯૯૪ના દિવસે આ નિવાસસ્થાનમાં મંગલ નિવાસ કર્યો. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મસાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની ગયું.

આ દિગંબરધર્મના ચારેય અનુયોગના નાના-મોટા ૧૮૩ ગ્રંથોનું ગહનતાથી અધ્યયન કર્યું. તેમાંથી ૩૮ ગ્રંથો ઉપર સભામાં પ્રવચન કર્યા. જેમાં શ્રી સમયસાર ગ્રંથ ઉપર તો ૧૯ વાર અધ્યાત્મવર્ષા કરી. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય, સમયસાર કળશ-ટીકા આદિ ગ્રંથો ઉપર પણ ઘણા પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિના રહસ્યને સમજાવવાવાળા અને કુંદકુંદાદિ આચાર્યોના ગૂઢ શાસ્ત્રોના રહસ્યનું ઉદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવ વિનાશક અમૃતવાણીનું ઈ.સ. ૧૯૬૧થી નિયમિત ટેપ રેકોર્ડિંગ કરવામાં આવ્યું, જેના પ્રતાપથી આજે આપણી પાસે નવ હજારથી વધારે પ્રવચનો સુરક્ષિત

ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુ મંડળોમાં તથા લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘર-ઘરમાં ગુંજાયમાન થઈ રહી છે. એનાથી એટલું તો નિશ્ચિત છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવ માટે ઉત્તમ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મ સંદેશ, દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે એ હેતુથી વિ.સં. ૨૦૦૦ના માગશર મહિનાથી (ડિસેમ્બર ૧૯૪૩થી) 'આત્મધર્મ' નામનું માસિક, આધ્યાત્મિક પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના સંપાદન હેઠળ પ્રારંભ થયું જે હાલમાં ગુજરાતી અને હિન્દી ભાષામાં નિયમિત પ્રકાશિત થઈ રહ્યું છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૮૦—ફાગણ સુદ બીજના દિવસે નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધર આદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતદેશના અનેક શહેરોમાં તથા આફ્રિકાના નાઈરોબીમાં કુલ ૬૬ પંચકલ્યાણક તથા વેદીપ્રતિષ્ઠા આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પાવન કરકમળોથી થઈ.

શ્રી સમ્મેદશિખરજીની યાત્રાના નિમિત્તે સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર ઈ.સ. ૧૯૫૭ અને ઈ.સ. ૧૯૬૭માં એમ બે વાર થયા. આ જ પ્રકારે દક્ષિણ અને મધ્યભારતમાં ઈ.સ. ૧૯૫૯ અને ઈ.સ. ૧૯૬૪માં એમ બે વાર વિહાર થયા.

તા. ૨૮ નવેમ્બર ૧૯૮૦, શુક્રવાર (કારતક વદ ૭, સં. ૨૦૩૭)ના દિવસે આ તીવ્ર પુરુષાર્થી આત્મજ્ઞ સંત પુરુષ દેહાદિનું લક્ષ્ય છોડીને પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાજે આસમાનમાં સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરીની તરફ પ્રયાણ કર્યું. તેઓ વીરશાસનને પ્રાણવંતું કરીને ભરતક્ષેત્રે અધ્યાત્મયુગનું સર્જન કરી ગયા.

# અધ્યાત્મ મનીષી પંડિત કૈલાશચંદ્ર જૈન

## (સંક્ષિપ્ત જીવન)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત પંડિત કૈલાશચંદ્ર જૈનો જન્મ આજથી લગભગ ૯૯ વર્ષ પહેલા ગામ ટીકરી, જિલ્લો મેરઠમાં પિતા મિટ્ઠનલાલ જૈનના ઘરે, માતા શ્રીમતી ભરતોદેવીની કુક્ષીએ થયો હતો. બે ભાઈ તથા બે બહેન સહિત આપ પાંચ ભાઈ-બહેન હતા.

આપનું પ્રારંભિક શિક્ષા મથુરા ચૌરાસી અને ત્યારબાદ જમ્બૂ વિદ્યાલય, સહારનપુરમાં થઈ. શરૂઆતથી જ સ્વાભિમાની વૃત્તિના ધારક હોવાથી નિર્ભયતા, નિસ્પૃહતા, સિદ્ધાંતો ઉપર મક્કમતા આદિ આપના વ્યક્તિત્વની ઉલ્લેખનીય વિશેષતા છે.

નાનપણથી જ લાહોરમાં સ્વતંત્ર વ્યવસાય કરતા હતા અને સ્વતંત્રતા આંદોલન પછી સ્વદેશ પાછા આવ્યા બાદ બુલંદશહેરમાં આઝાદ ટ્રેડિંગ કંપનીના નામથી સ્ટેશનરીનો ધંધો કરતા પોતાની સહધર્મચારિણીથી શ્રીમતી વિમલાદેવી અને ચાર પુત્રી ને એક પુત્રની સાથે સંપૂર્ણ પારિવારિક જવાબદારીઓનું પાલન કરતા ધર્મમાર્ગ ઉપર નિરંતર પ્રયત્નશીલ રહ્યા.

આપના જીવનમાં જડમૂળથી પરિવર્તન ત્યારે આવ્યું, જ્યારે ગિરનાર યાત્રા દરમ્યાન સોનગઢની દિવ્યવિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સાક્ષાત્કાર થયો. ત્યારબાદ નિરંતર તત્ત્વારાધના અને તત્ત્વપ્રચાર જ આપના જીવનનું ધ્યેય બની ગયું અને સારા દેશમાં તત્ત્વજ્ઞાનની ધ્વજા ફરકાવવા એકલા નીકળી પડ્યા.

યુવાવસ્થામાં જ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને એકમાત્ર આત્મસાધનાને જ જીવનનું ધ્યેય બનાવીને તેમાં સફળતા પ્રાપ્ત કરી.

પોતાના જીવનાધાર પૂજ્ય ગુરુદેવશ્રી અને મુરબ્બી રામજીભાઈ દોશી તથા શ્રી ખીમચંદભાઈથી જે કાંઈ શીખ્યા તેનું જ સાકારરૂપ છે 'જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલા'ના આઠ ભાગ જેનું નિરંતર પ્રકાશન શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દહેરાદૂનથી થતું રહ્યું છે. આ ગ્રંથોના આધારે આપની પ્રેરણાથી આપના સુપુત્ર શ્રી પવનકુમાર જૈને 'જિનાગમસાર'ની રચના/સંકલન કરી આપની પરંપરા આગળ વધારી છે.

વિશ્વના પ્રાણીમાત્ર પ્રત્યે કરુણાથી ઓતપ્રોત આપના હૃદયની પાવન ભાવનાઓના સાકારરૂપે 'તીર્થધામ મંગલાયતન' આજે જિનેન્દ્ર દેશના અને ગુરુવાણીના પ્રચાર-પ્રસારની દિશામાં ઉલ્લેખનીય ગતિથી આગળ વધી રહ્યું છે. અહીંથી પ્રકાશિત માસિક 'મંગલાયતન' પત્રિકા, 'મંગલાયતન ટાઈમ્સ' અને અનેક સાહિત્ય પણ પંડિતજીની પ્રેરણા અને આશીર્વાદનું ફળ છે.

વર્તમાન શારીરિક શિથિલતા છતાં તત્ત્વજ્ઞાનની જાગૃતિ આપના આત્મસાધનામય જીવનનો તાદૃશ્ય ચિતાર છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| — | આત્મસ્તવન : ૪૭ શક્તિઓરૂપ મંગલાચરણ | ૧ |
| ૧. | સમયસારના પ્રથમ કળશનું રહસ્ય | ૫ |
| ૨. | 'જેવી મતિ, તેવી ગતિ, જેવી ગતિ તેવી મતિ' | ૧૮ |
| ૩. | પ્રતિક્રમણ, આલોચના અને પ્રત્યાખ્યાનનું સ્વરૂપ | ૩૪ |
| ૪. | ભગવાન આત્માની છ બોલથી સિદ્ધિ | ૪૬ |
| ૫. | શુદ્ધનયનું સ્વરૂપ | ૭૧ |
| ૬. | જ્ઞાન અને જ્ઞેયની ભિન્નતા | ૮૯ |
| ૭. | તીર્થંકરદેવની નિશ્ચય સ્તુતિ | ૧૦૧ |
| ૮. | મુનિરાજનું સ્વરૂપ | ૧૧૨ |
| ૯. | ધર્મ પ્રાપ્તિને માટે | ૧૨૯ |
| ૧૦. | દિવ્યધ્વનિનો સાર | ૧૩૪ |
| ૧૧. | સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિનો ઉપાય | ૧૪૮ |
| ૧૨. | ધર્મપ્રાપ્તિને માટે જીવની પાત્રતા | ૧૫૫ |
| ૧૩. | વીતરાગતા—વિજ્ઞાનતાના વિવિધ પ્રશ્નોત્તર | ૧૬૮ |

## પરમાગમના સારભૂત સિદ્ધાંત

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ નથી કરતું.

૨. પ્રત્યેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ હોય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યય વા ધ્રુવથી નહીં.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય થાય છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ કરવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન છે, વેદન નહીં અને પર્યાયનું વેદન છે, આલંબન નહીં.

—પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

ૐ

॥ વીતરાગાય નમઃ ॥

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલા

**(ભાગ-૫)**

## આત્મસ્તવન : ૪૭ શક્તિઓરૂપ મંગલાચરણ

જીવ હૈ અનન્તી શક્તિ સંપન્ન, રાગ સે વહ ભિન્ન હૈ;
ઉસ જીવ કો લક્ષિત કરાને, 'જ્ઞાનમાત્ર' કહા ઉસે॥૧॥
એક જ્ઞાનમાત્ર હી ભાવ મેં, શક્તિ અનન્તી ઉલ્લસે;
યહ કથન હૈ ઉન શક્તિ કા, ભવિ જીવ જાનોં પ્રેમ સે॥૨॥
'જીવત્વ'[૧] સે જીવે સદા, જીવ ચેતતા 'ચિતિ'[૨] શક્તિ સે;
'દૃશિ'[૩] શક્તિ સે દેખે સભી, અરુ જાનતા વહ 'જ્ઞાન'[૪] સે॥૩॥
આકુલ નહિં 'સુખ'[૫] શક્તિ સે, નિજ કો રચે નિજ 'વીર્ય'[૬] સે;
'પ્રભુત્વ'[૭] સે વહ શોભતા, વ્યાપક નહી 'વિભુ'[૮] શક્તિ સે॥૪॥
સામાન્ય દેખે વિશ્વ કો વહ 'સર્વદર્શિ'[૯] શક્તિ હૈ;
જાને વિશેષે વિશ્વ કો, 'સર્વજ્ઞતા'[૧૦] કી શક્તિ હૈ॥૫॥
જહઁ દીસતા હૈ વિશ્વ સારા, શક્તિ યહ 'સ્વચ્છત્વ'[૧૧] કી;
હૈ સ્પષ્ટ સ્વાનુભવમયી, યહ શક્તિ જ્ઞાન 'પ્રકાશ'[૧૨] કી॥૬॥
વિકાસ મેં સંકોચ નહીં',[૧૩] યહ શક્તિ તેરહવીં જાનના;
નહિં કાર્ય-કારણ'[૧૪] હૈ કિસી કા, ભાવ ઐસા આત્મ કા॥૭॥

જો જ્ઞેય કા જ્ઞાતા બને, અરુ જ્ઞેય હોતા જ્ઞાન મેં;
ઉસ શક્તિ કો ‘પરિણમ્ય-પરિણામક’[૧૫] કહા હૈ શાસ્ત્રમેં ॥૮॥

‘નહીં ત્યાગ-નહીં ગ્રહણ’[૧૬] બસ! નિજસ્વરૂપ મેં સ્થિત હૈ;
સ્વરૂપે પ્રતિષ્ઠિત જીવ કી, શક્તિ ‘અગુરુલઘુત્વ’[૧૭] હૈ ॥૯॥

‘ઉત્પાદ-વ્યય-ધ્રુવ’[૧૮] શક્તિ સે, જીવ ક્રમ–અક્રમ વૃત્તિ ધરે;
હૈ સત્પના ‘પરિણામશક્તિ’,[૧૯] તીન કાલમેં નહીં ફિરે ॥૧૦॥

નહીં સ્પર્શ જાણો જીવ મેં, આત્મ પ્રદેશ ‘અમૂર્ત’[૨૦] હૈં;
કર્તા નહીં પરભાવકા, ઐસી ‘અકર્તૃત્વ’[૨૧] હૈ ॥૧૧॥

ભોક્તા નહીં પરભાવકા, ઐસી ‘અભોક્તૃત્વ’[૨૨] શક્તિ હૈ;
‘નિષ્ક્રિયતા’[૨૩] રૂપશક્તિ સે, આત્મ પ્રદેશ નિસ્પંદ હૈં ॥૧૨॥

અસંખ્ય નિજ અવયવ ઘેરેં, ‘નિયત પ્રદેશી’[૨૪] આત્મ હૈ;
જીવ, દેહ મેં નહીં વ્યાપતા, ‘સ્વધર્મ–વ્યાપક’[૨૫] શક્તિ હૈ ॥૧૩॥

‘સ્વ-પર મેં જો સમ અરુ, વિષમ તથા જો મિશ્ર હૈ’[૨૬];
ઐસે ત્રયવિધ ધર્મ કો, નિજ શક્તિ સે આત્મા ધરેં ॥૧૪॥

જીવ અનન્ત ભાવોં ધારતા, ‘અનન્ત ધર્મ કી’[૨૭] શક્તિ સે;
તત્–અતત્ દોનોં ભાવ વરતે, ‘વિરુદ્ધધર્મ’[૨૮]કી શક્તિ સે ॥૧૫॥

જો જ્ઞાન કા તદ્રૂપ–ભવન સો, ‘તત્ત્વ’[૨૯] નામક શક્તિ હૈ;
જીવ મેં અતદ્રૂપ પરિણમન, જાનોં ‘અતત્ત્વ’[૩૦] કી શક્તિ સે ॥૧૬॥

બહુ પર્યાયોં મેં વ્યાપતા, એક દ્રવ્યતા કો નહીં તજે,
નિજ સ્વરૂપકી ‘એકત્વ’[૩૧] શક્તિ, જાન જીવ શાંતિ લહે ॥૧૭॥

જીવ દ્રવ્ય સે હૈ એક ફિર ભી, ‘અનેક’[૩૨] પર્યયરૂપ બને;
સ્વ પર્યયોં મેં વ્યાપ્ય કર, જીવ, સુખી જ્ઞાની સિદ્ધ બનેં ॥૧૮॥

હૈ ‘ભાવશક્તિ’[૩૩] જીવ કી, સત્રૂપ અવસ્થા વર્તતી,
ફિર અસત્રૂપ હૈ પર્યયોં, ‘અભાવશક્તિ’[૩૪] જીવ કી ॥૧૯॥

'ભાવ કા હોતા અભાવ'[૩૫] 'અભાવ કા ફિર ભાવ'[૩૬] હૈ;
યે શક્તિ દોનોં સાથ રહતી, જ્ઞાન મેં તુ જાન લે॥૨૦॥

જો 'ભાવ રહતા ભાવ'[૩૭] હી, 'અભાવ નિત્ય અભાવ'[૩૮] હૈ;
સ્વભાવ ઐસા જીવ કા, નિજગુણ સે ભરપૂર હૈ॥૨૧॥

નહીં કારકોં કો અનુસરે, ઐસા હી 'ભવતા ભાવ'[૩૯] હૈ;
જો કારકોં કો અનુસરે, સો 'ક્રિયા'[૪૦] નામક શક્તિ હૈ॥૨૨॥

હૈ 'કર્મશક્તિ'[૪૧] આત્મા મેં, વહ ધારતા સિદ્ધભાવ કો;
ફિર 'કર્તૃત્વશક્તિ'[૪૨] સે સ્વયં, બન જાતે ભાવકરૂપ જો॥૨૩॥

હૈ જ્ઞાનરૂપ જો શુદ્ધભાવોં, ઉનકા જો ભવન હૈ;
આત્મા સ્વયં ઉન ભાવોં કા, ઉત્કૃષ્ટ સાધન હોત હૈ॥૨૪॥

નિજ 'કરણશક્તિ'[૪૩] જાન રે તૂ બાહ્ય સાધન શોધ ના;
આત્મા હી તેરા કારણ હૈ, ફિર બાત દૂસરી પૂછ ના॥૨૫॥

નિજ આત્મા નિજ આત્મ કો હી, જ્ઞાન ભાવ જો દેત હૈ;
ઉસકા ગ્રહણ હૈ આત્મ કો, યહ 'સમ્પ્રદાન'[૪૪] સ્વભાવ હૈ॥૨૬॥

ઉત્પાદ-વ્યય સે ક્ષણિક હૈ, પર ધ્રુવ કી હાનિ નહીં;
સેવો સદા સામર્થ્ય ઐસે, 'અપાદાન'[૪૫] કા આત્મ મેં॥૨૭॥

ભાવ્યરૂપ જો જ્ઞાનભાવોં પરિણમે હૈ આત્મ મેં;
'અધિકરણ'[૪૬] ઉનકા આત્મા હૈ, સુન લો અહો જિનવચન મેં॥૨૮॥

હૈ 'સ્વ અરુ સ્વામિત્વ'[૪૭] મેરા, માત્ર નિજ સ્વભાવ મેં,
નહીં સ્વત્વ મેરા હૈ કભી, નિજ ભાવ સે કો અન્ય મેં॥૨૯॥

અનેકાન્ત હૈ જયવંત અહો! નિજ શક્તિ કો પ્રકાશતા;
શક્તિ અનન્તી મેરી વહ, મુઝ જ્ઞાન મેં હી દિખાવતા॥૩૦॥

યહ જ્ઞાન લક્ષણ ભાવ, સહ ભાવોં અનન્તે ઉલ્લસે;
અનુભવ કરૂઁ ઉનકા અહો! વિભાવ કોઈ નહીં દિખે॥૩૧॥

જિનમાર્ગ પાયા મૈં અહો! શ્રી ગુરુ વચન પ્રસાદ સે;
દેખા અહા નિજરૂપ ચેતન, પાર જો પરભાવ સે॥૩૨॥
નિજ વૈભવ કો દેખા અહો! શ્રી સમયસાર પ્રસાદ સે;
નિજ શક્તિ કા વૈભવ અહો! યહ પાર હૈ પરભાવ સે॥૩૩॥
જ્ઞાનમાત્ર હી એક જ્ઞાયક, પિણ્ડ હૂં મૈં આતમા;
અનન્ત ગમ્ભીરતા ભરી મુઝ, આત્મ હી પરમાત્મા॥૩૪॥
આશ્ચર્ય અદ્ભૂત હોત હૈ, નિજ વિભવકી પહિચાન સે;
આનન્દમય આહ્લાદ ઊછલે, મુહૂર-મુહૂર ધ્યાન સે॥૩૫॥
અદ્ભૂત અહો અદ્ભૂત અહો! હૈ વિજયવન્ત સ્વભાવ યહ;
જયવન્ત હૈ ગુરુદેવ ને, મુઝ નિજ નિધાન બતા દિયા॥૩૬॥

# ૧ સમયસારના પ્રથમ કળશનું રહસ્ય

**પ્રશ્ન ૧—શ્રી સમયસારનો પ્રથમ કળશ શું છે ?**

**ઉત્તર —** नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।

**પ્રશ્ન ૨—'નમઃ સમયસારાય'નો શું ભાવાર્થ છે ?**

**ઉત્તર —** 'સમય' અર્થાત્ મારો આત્મા—જે દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મથી રહિત છે. તે (આત્મા)ની તરફ દૃષ્ટિ હોવી, તે 'નમઃ સમયસારાય'નો ભાવાર્થ છે.

**પ્રશ્ન ૩—'સમય' શબ્દના કેટલા અર્થ છે?**

**ઉત્તર —**'સમય' શબ્દના અનેક અર્થ છે, (૧) આત્માનું નામ સમય છે, (૨) સર્વ પદાર્થનું નામ સમય છે, (૩) કાળનું નામ સમય છે, (૪) શાસ્ત્રનું નામ સમય છે, (૫) સમયમાત્ર કાળનું નામ, સમય છે, (૬) મતનું નામ સમય છે.

(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૯૭)

**પ્રશ્ન ૪—'સમય' શબ્દનો અર્થ આપે 'આત્મા' કેવી રીતે કર્યો છે?**

**ઉત્તર —**'સમ' ઉપસર્ગ છે. 'સમ'નો અર્થ છે એક સાથે. અય્ ગતૌ ધાતુ છે.'અય'નો અર્થ ગમન અને જ્ઞાન પણ છે. એટલે એક સાથે જાણવું અને પરિણમન કરવું, આ બંને ક્રિયા જેમાં હોય, તે સમય છે, આ અપેક્ષાથી ભગવાન અમૃતચંદ્રાચાર્યે સમય શબ્દનો અર્થ, આત્મા કર્યો છે.

**પ્રશ્ન ૫—'નમઃ સમયસારાય'માં નિજ આત્માને જ શા માટે નમસ્કાર કર્યો છે, અન્ય કોઈને નહીં?**

**ઉત્તર** — સમયસાર અર્થાત્ શુદ્ધ જીવ જ પરમાર્થથી નમસ્કારને યોગ્ય છે, અન્ય કોઈ નહીં.

**પ્રશ્ન ૬—કોઈ ઇષ્ટદેવનું નામ લઈને નમસ્કાર કેમ ન કર્યો?**

**ઉત્તર** — પરમાર્થે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વ કર્મ રહિત સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ છે, માટે આત્માને જ સારપણું ઘટે છે.

**પ્રશ્ન ૭—શુદ્ધજીવને જ સારપણું ઘટે છે, તે ક્યા લખ્યું છે?**

**ઉત્તર** — સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી. તો હિતકારીથી સુખ જાણવું, અહિતકારીથી દુઃખ જાણવું. કારણ કે અજીવ પદાર્થ-પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી અને તેમનું સ્વરૂપ જાણવાથી, જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી. શુદ્ધજીવને સુખ છે, જ્ઞાન પણ છે. તેને જાણવાથી—અનુભવ કરવાથી, જાણવાવાળાને સુખ છે, જ્ઞાન પણ છે, માટે શુદ્ધજીવને જ સારપણું (અર્થાત્, જ્ઞાનીઓને જ સારપણું ઘટે છે.) (પં. રાજમલ્લજી કૃત ટીકા)

**પ્રશ્ન ૮—જ્ઞાનીઓને જ સારપણું ઘટે છે—એવું ક્યાંક છઢાળામાં કહ્યું છે?**

ઉત્તર— તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા,
શિવ સ્વરૂપ શિવકાર, નમહૂં ત્રિયોગ સમ્હારિકૈ.૧.

(પહેલી ઢાળ)

આતમ કો હિત હૈ સુખ, સો સુખ આકુળતા બિન કહિયે,
આકુળતા શિવમાંહિ ન તાતૈ, શિવમગ લાગ્યો ચહિયે. ૧

(ત્રીજી ઢાળ)

**પ્રશ્ન ૯– 'નમઃ' શબ્દનો શું અર્થ છે?**

**ઉત્તર** –નમવું, ઝુકવું, અર્થાત્ પોતાના (સ્વમાં) લીન થઉં તે નમઃનો અર્થ છે.

**પ્રશ્ન ૧૦–નમસ્કાર કેટલા અને ક્યા-ક્યા છે?**

**ઉત્તર** –પાંચ છે–(૧) શક્તિરૂપ નમસ્કાર, (૨) એકદેશ ભાવ નમસ્કાર, (૩) દ્રવ્ય નમસ્કાર, (૪) જડ નમસ્કાર, (૫) પૂર્ણભાવ નમસ્કાર.

**પ્રશ્ન ૧૧–આ પાંચ નમસ્કારોને સમજાવો.**

**ઉત્તર** –અનંતગુણોનો અભેદ પિંડરૂપ જ્ઞાયકભાવ, તે શક્તિરૂપ નમસ્કાર છે, જેનો આશ્રય લેવાથી પ્રથમ એકદેશ ભાવ નમસ્કારની પ્રાપ્તિ થાય છે અને પોતાના શક્તિરૂપ નમસ્કારનો પૂર્ણ આશ્રય લેવાથી પર્યાયમાં પૂર્ણ ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે. આ જ્ઞાનીઓને જ હોય છે. જ્ઞાનીઓને પોત-પોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ-સર્વજ્ઞ વિગેરે પ્રતિ બહુમાનનો રાગ આવે છે, તે દ્રવ્ય નમસ્કાર છે. શરીરની ક્રિયા દ્વારા જે નમસ્કાર થાય છે, તે જડ નમસ્કાર છે, દ્રવ્ય નમસ્કાર અને જડ નમસ્કારનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**પ્રશ્ન ૧૨–આ પાંચે નમસ્કારોમાં હેય-જ્ઞેય-ઉપાદેય કોણ-કોણ છે?**

**ઉત્તર** –(૧) 'શક્તિરૂપ નમસ્કાર'–આશ્રય કરવાયોગ્ય નમસ્કાર. (૨) એક દેશભાવ નમસ્કાર–પ્રકટ કરવા યોગ્ય એકદેશ ઉપાદેય. (૩) દ્રવ્ય નમસ્કાર–હેય. (૪) જડ નમસ્કાર–જ્ઞેય. (૫) પૂર્ણભાવ નમસ્કાર–પૂર્ણ પ્રકટ કરવાયોગ્ય ઉપાદેય.

**પ્રશ્ન ૧૩–આ પાંચ નમસ્કારોથી શું સિદ્ધ થયું?**

**ઉત્તર** –(૧) શક્તિરૂપ નમસ્કારનો આશ્રય લેવાથી એકદેશ

ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે. (૨) એકદેશ ભાવનમસ્કારની પ્રાપ્તિ થવાથી, દ્રવ્યનમસ્કાર પર ઉપચાર/આરોપ આવે છે. ત્યારે નિમિત્તને જડ નમસ્કાર કહેવામાં આવે છે. (૩) પરિપૂર્ણ શક્તિરૂપ નમસ્કારનો પરિપૂર્ણ આશ્રય લેવાથી જ પૂર્ણ ભાવ નમસ્કાર પ્રાપ્ત થાય છે. પરનો કે વિકારભાવોને આશ્રય લેવાથી માત્ર સંસાર પરિભ્રમણ જ ઊભું રહે છે.

**પ્રશ્ન ૧૪—'સાર' શબ્દનો અસ્તિ અને નાસ્તિથી અર્થ કરીને 'સાર' શબ્દ પર નવપદાર્થ લગાવો?**

**ઉત્તર** —'સાર' શબ્દનો અર્થ—"દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મથી રહિત"—એવો છે. દ્રવ્યકર્મ અને નોકર્મમાં અજીવતત્ત્વ આવી ગયું. જ્યારે ભાવકર્મમાં આસ્રવ-બંધ, પુણ્ય-પાપ આવી ગયા. 'સાર'નો અર્થ અસ્તિથી પરમસાર જીવ છે, એકદેશસાર સંવર-નિર્જરા છે, પૂર્ણસાર મોક્ષ છે. આ પ્રમાણે નવ પદાર્થ આવી ગયા.

**પ્રશ્ન ૧૫—નિજ આત્માને સાર કરવાથી શું પ્રાપ્ત થાય છે?**

**ઉત્તર** —વીતરાગ-વિજ્ઞાનતા અર્થાત્ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૧૬—અજીવને સાર કરવાથી શું થાય છે?**

**ઉત્તર** —ચારે ગતિમાં ફરીને, નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન ૧૭—અસાર શું છે અને સાર શું છે?**

**ઉત્તર** —નવ પ્રકારનો અસાર છે, એક માત્ર નિજ આત્મા (શુદ્ધાત્મા) જ સાર છે. તેને સાર કરવાથી ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન ૧૮—પાંચ પ્રકારના નમસ્કારો પર નવતત્ત્વ/પદાર્થ લગાવીને બતાવો, તેમજ શું લાભ-નુકશાન થયું તે બતાવો.**

**ઉત્તર** —શક્તિરૂપ નમસ્કારમાં જીવતત્ત્વ આવ્યું. એકદેશ

ભાવનમસ્કારમાં સંવર-નિર્જરાતત્ત્વ આવ્યા. દ્રવ્યનમસ્કારમાં આસ્રવ-બંધ, પુણ્ય-પાપ તત્ત્વ આવ્યા. જડ નમસ્કારમાં અજીવ તત્ત્વ આવ્યું. પૂર્ણ ભાવ-નમસ્કારમાં મોક્ષતત્ત્વ આવ્યું. સ્વ જીવતત્ત્વનો આશ્રય લે, તો સંવર-નિર્જરાની પ્રાપ્તિ થઈને, ક્રમથી (નિજ) મોક્ષની પ્રાપ્તિ થાય છે. અજીવ અને આસ્રવ-બંધથી ઈષ્ટ-અનિષ્ટ માને, તો ચારે ગતિમાં ભ્રમણ કરીને નિગોદની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૧૯—પાંચ પ્રકારના નમસ્કારો પર (૧) ચાર કાળ, (૨) ઔપશમિક આદિ પાંચ ભાવ, (૩) સંયોગ વિગેરે ત્રણ બોલ, (૪) દેવ-ગુરુ-ધર્મ, (૫) સુખદાયક-દુઃખદાયક ઘટાવીને બતાવો. સાથે જ આ જાણવાથી શું લાભ-નુકશાન થયું તે પણ બતાવશો.**

**ઉત્તર —(૧) ચાર કાળ—**અનાદિ-અનંત, અનાદિ સાંત, સાદિ સાંત, સાદિ અનંત.

**શક્તિરૂપ નમસ્કાર—**(૧) અનાદિ અનંત, **એકદેશ ભાવનમસ્કાર**-સાદિ સાંત, **દ્રવ્ય નમસ્કાર—**અનાદિ સાંત, **જડ નમસ્કાર,** અનાદિ-અનંત, **પૂર્ણ ભાવનમસ્કાર—**સાદિ-અનંત છે.

એમનામાંથી અનાદિ-અનંત શક્તિરૂપ નમસ્કારનો આશ્રય લે તો સાદિ-સાંત એકદેશ ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે. અત્યારે પૂર્ણ ભાવનમસ્કારના અભાવમાં અનાદિ-સાંત દ્રવ્ય નમસ્કાર અને નિમિત્તરૂપ જડનમસ્કારની પ્રાપ્તિ છે. પછી જ્યારે પણ અનાદિ અનંત શક્તિરૂપ નમસ્કારનો પૂર્ણ આશ્રય લે છે તો સાદિ-અનંત પૂર્ણ ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે. તો અનાદિ સાંત દ્રવ્યનમસ્કાર અને નિમિત્તરૂપ જડનમસ્કારથી પોતાનું ઈષ્ટ-અનિષ્ટ માને તો ચારે ગતિમાં ભ્રમણ કરી, અંતે નિગોદની પ્રાપ્તિ થાય છે.

**(૨) ઔપશમિક આદિ પાંચ ભાવ—**(૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક (૪) ઔદયિક (૫) પારિણામિક.

શક્તિરૂપ નમસ્કાર—પારિણામિક ભાવ, એકદેશ ભાવનમસ્કાર—ઔપશમિકભાવ, ધર્મકા ક્ષયોપશમભાવ, સમ્યક્દર્શનની અપેક્ષા ક્ષાયિકભાવ.

દ્રવ્ય નમસ્કાર—ઔદયિકભાવ.

જડ નમસ્કાર—આ પાંચેમાંથી કોઈ ભાવ નથી. (અજીવતત્ત્વ)

પૂર્ણભાવ નમસ્કાર—ક્ષાયિક ભાવ.

પારિણામિક ભાવરૂપ શક્તિરૂપ નમસ્કારનો આશ્રય લે તો એકદેશ ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે, પૂર્ણ આશ્રય લેવાથી પૂર્ણ ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે. જો જડનમસ્કાર તથા દ્રવ્યનમસ્કારથી હિત થશે તેમ માને તો ચતુર્ગતિ ભમીને નિગોદ ને પ્રાપ્ત થાય છે.

**(૩) સંયોગાદિ પાંચ બોલ** – (૧) સંયોગ, (૨) સંયોગી-ભાવ, (૩) ત્રિકાલી સ્વભાવ (૪) સ્વભાવના સાધન, (૫) સિદ્ધત્વ.

શક્તિરૂપ નમસ્કાર – સ્વભાવ ત્રિકાળી.

એકદેશ નમસ્કાર – સ્વભાવનું સાધન.

દ્રવ્ય નમસ્કાર – સંયોગી ભાવ.

જડ નમસ્કાર – સંયોગ.

પૂર્ણ ભાવ નમસ્કાર – સિદ્ધત્વ.

શક્તિરૂપ નમસ્કાર સ્વરૂપ સ્વભાવ ત્રિકાલીનો આશ્રય લે તો એકદેશ ભાવનમસ્કાર સ્વભાવના સાધનની પ્રાપ્તિ થાય છે. સ્વભાવ ત્રિકાળીનો પૂર્ણ આશ્રય લેવાથી સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે. જો સંયોગરૂપ જડનમસ્કાર અને સંયોગી ભાવરૂપ દ્રવ્યનમસ્કારથી પોતાનું ભલું થવું માને તો ચારે ગતિમાં ભમીને, નિગોદને પામે છે.

**દેવ-ગુરુ-ધર્મ–**

શક્તિરૂપ નમસ્કાર– ધર્મ (ધર્મસ્વરૂપ આત્મા)

એકદેશ ભાવનમસ્કાર –ગુરુ (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)

પૂર્ણ ભાવનમસ્કાર–દેવ (અરિહંત, સિદ્ધ)

જડ નમસ્કાર અને દ્રવ્ય નમસ્કાર –આમાંથી કોઈ નહીં.

શક્તિરૂપ નમસ્કાર સ્વરૂપ ધર્મ, અર્થાત્ ત્રિકાલી સ્વભાવનો આશ્રય લે તો એકદેશ ભાવનમસ્કારરૂપ ગુરુપણાની પ્રાપ્તિ થઈને, ધર્મસ્વરૂપ સ્વભાવનો પૂર્ણ આશ્રય લેતાં, પૂર્ણ (પદ) ભાવનમસ્કાર સ્વરૂપ દેવપદની પ્રાપ્તિ થાય છે. જો જડ નમસ્કાર અને દ્રવ્ય નમસ્કારથી પોતાનું હિત થવું માને તો દેવ-ગુરુ-ધર્મની વિરાધના થવાથી ચારે ગતિમાં ભમી નિગોદમાં જાય છે.

**સુખદાયદ : દુઃખદાયક**

શક્તિરૂપ નમસ્કાર – પરમ સુખદાયક

એકદેશ નમસ્કાર – એકદેશ સુખદાયક

પૂર્ણ ભાવનમસ્કાર – પૂર્ણ સુખદાયક

દ્રવ્ય નમસ્કાર – દુઃખદાયક

જડ નમસ્કાર – ન સુખદાયક, ન દુઃખદાયક

પરમ સુખદાયક શક્તિરૂપ નમસ્કારનો આશ્રય લે તો એકદેશ સુખદાયક, એકદેશ ભાવ નમસ્કારની પ્રાપ્તિ થાય છે અને શક્તિરૂપ નમસ્કાર સ્વરૂપ પરમ સુખદાયકનો પૂર્ણ આશ્રય કરવાથી પૂર્ણ સુખદાયક પૂર્ણ ભાવ નમસ્કારની પ્રાપ્તિ થાય છે જો દુઃખદાયક દ્રવ્યનમસ્કાર અને સંયોગરૂપ જડ નમસ્કારથી પોતાનું હિત માને તો ચારે ગતિમાં ભમીને, નિગોદને પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૨૦—'ભાવાય—ચિત્સ્વભાવાય'નો શું ભાવાર્થ છે?**

**ઉત્તર** — (૧) 'ભાવાય' અર્થાત્ ત્રિકાળી દ્રવ્ય, આ મારી સત્તા છે. પરદ્રવ્યોની સત્તાથી મારો કોઈપણ પ્રકારનો કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય સંબંધ નથી—આવું અનુભવ-જ્ઞાન થતાં જ ધર્મદશા પ્રગટ થવી તે ભાવાયને જાણવાનો લાભ છે.

(૨) 'ચિત્સ્વભાવાય' અર્થાત્ મારા આત્માને જ્ઞાન-દર્શનાદિ અનંતગુણોથી સંબંધ છે. નવ પ્રકારના પક્ષોથી મારે કોઈપણ સંબંધ નથી, માટે જ્ઞાન-દર્શનથી આત્માની ઓળખાણ કરાવી છે.

**પ્રશ્ન ૨૧—'ચિત્સ્વભાવાય—ભાવાય'માં દ્રવ્ય-ગુણ ક્યા ક્યા છે?**

**ઉત્તર** — 'ચિત્સ્વભાવાય' ગુણને બતાવે છે અને 'ભાવાય' દ્રવ્યને બતાવે છે.

**પ્રશ્ન ૨૨—જે રીતે—પ્રથમ કળશમાં જ્ઞાન-દર્શનથી જીવની ઓળખાણ કરાવી છે, એવી ઓળખાણ અન્ય બીજા ક્યા શાસ્ત્રમાં કરાવી છે?**

**ઉત્તર** —(૧) સમયસાર ગાથા ૨૪માં સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગ લક્ષણ જીવ છે. (૨) મોક્ષશાસ્ત્રમાં 'उपयोगो लक्षणम्' કહ્યું છે. (૩) છઢાળામાં 'ચેતનકો હૈ ઉપયોગરૂપ'—એમ કહ્યું છે. (૪) દ્રવ્યસંગ્રહમાં 'सुद्धणया सुद्धपुण दंसणंणाणं' કહ્યું છે. (૫) સમયસાર ગાથા ૩૮માં 'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શન મય ખરે'—કહ્યું છે.

**પ્રશ્ન ૨૩—બધા અનુયોગોમાં જીવનું લક્ષણ જ્ઞાન-દર્શન કેમ બતાવ્યું છે?**

**ઉત્તર** —હું, પરદ્રવ્યોંને, શરીરાદિને હલાવી-ચલાવી શકું છું—એવી મિથ્યા માન્યતાનો અભાવ કરવા માટે જ્ઞાન-દર્શનને જીવનું

લક્ષણ બતાવ્યું છે, કારણ કે નિત્ય ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય, ક્યારેય પરદ્રવ્યોરૂપ તથા શરીરાદિરૂપ થયેલ જોવામાં આવતું નથી.

**પ્રશ્ન ૨૪—'સ્વાનુભૂત્યા ચકાસતે'નો શું ભાવાર્થ છે?**

**ઉત્તર** —આત્મા પોતાની જ અનુભવરૂપ ક્રિયાથી પ્રકાશિત છે. અર્થાત્ પોતાથી જ જાણે છે, પ્રગટ કરે છે. એકમાત્ર પોતાના ચિત્સ્વભાવાય પર દૃષ્ટિ કરતાં જ શાંતિની પ્રાપ્તિ થાય છે.—આ તાત્પર્ય છે.

**પ્રશ્ન ૨૫—'સ્વાનુભૂત્યા ચકાસતે'ના પર્યાયવાચી શબ્દ ક્યા ક્યા છે?**

**ઉત્તર** —નિરાકુળતા, શુદ્ધાત્મપરિણમન, અતીન્દ્રિયસુખ, સંવર-નિર્જરા સ્વભાવનું સાધન... વિ. કહો કે સ્વાનુભૂતિ કહો—એક જ વાત છે.

**પ્રશ્ન ૨૬—'સર્વભાવાંતરચ્છિદે'નો ભાવાર્થ શું છે?**

**ઉત્તર** —ભગવાન આત્મા સર્વ જીવ અને અજીવોને ભૂત-ભવિષ્ય-વર્તમાન પર્યાય સહિત એક સમયમાં એક સાથે જાણનશીલ છે. તેમને કરવાવાળો, ભોગવવાવાળો નથી—આમ જાણે—માને તો અનંત સંસારનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૭—'સર્વ ભાવાંતરચ્છિદે'થી શું સિદ્ધ થાય છે?**

**ઉત્તર** —હે આત્મા! તું એક સમયમાં લોકાલોકને જાણવા-દેખવાના સ્વભાવવાળો છે. આવી તારી અપૂર્વ મહિમા છે. આનાથી ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય છે. ક્રમબદ્ધપર્યાયને માનતાં જ જીવ ચાર ગતિના અભાવરૂપ પંચમગતિનું પાત્ર બની જાય છે.

**પ્રશ્ન ૨૮—આત્માનો અનુભવ થતાં જ શું થાય છે?**

**ઉત્તર** —જે રીતે એક રતી સોનાની ઓળખ થતાં જ, વિશ્વના

સંપૂર્ણ સોનાની ઓળખ થઈ જાય છે, તે પ્રમાણે નિજ આત્માનો અનુભવ થતાં જ, સિદ્ધ શું કરે છે, સિદ્ધદશા શું છે, અરિહંત શું કરે છે, અરિહંતદશા શું છે, મુનિરાજ શું કરે છે, મુનિદશા શું છે, શ્રાવક શું કરે છે, શ્રાવકદશા શું છે અને અનાદિથી નિગોદથી લઈને દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ સુધીના બધા જીવ શું કરે છે, મિથ્યાત્વ શું છે—વિ. બધી વાતોનું એક સમયમાં જ જ્ઞાન થઈ જાય છે. કેવળીના તથા સાધકના જ્ઞાનમાં જાણવામાં અંતર નથી, પરંતુ પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે, માટે હે ભવ્ય! તું એકવાર નિજ-શુદ્ધાત્માની તરફ દૃષ્ટિ કરીને જો. પછી શું થાય છે? આ તારે કોઈને પૂછવું નહીં પડે, કારણ કે આત્માનુભવ આવો જ અલૌકિક ચમત્કાર છે.

**પ્રશ્ન ૨૯—સ્વાનુભૂત્યા ચકાસતે, ચિત્સ્વભાવાય-ભાવાય અને સર્વભાવાંતરચ્છિદે—બધા પર નવ પદાર્થ લગાવીને બતાવો અને લાભ-હાનિ પણ બતાવો?**

**ઉત્તર** —(૧) **સ્વાનુભૂત્યા ચકાસતે**—સંવર-નિર્જરા.

(૨) **સ્વાનુભૂત્યા ચકાસતેથી વિરુદ્ધ**—આસ્રવ-બંધ, પુણ્ય-પાપ.

(૩) **ચિત્સ્વભાવાય-ભાવાય**—જીવ

(૪) **ચિત્સ્વભાવાય-ભાવાય થી વિરુદ્ધ**—અજીવ.

(૫) **સર્વભાવાન્તરચ્છિદે**—મોક્ષ.

ચિત્સ્વભાવાય—ભાવાયનો આશ્રય કરવાથી સ્વાનુભૂત્યા ચકાસતેની પ્રાપ્તિ થઈને સર્વ ભાવાંતરચ્છિદેરૂપ બની જાય છે. ચિત્સ્વભાવાય-ભાવાયથી વિરુદ્ધ અજીવનો આધાર લે, તો સ્વાનુભૂત્યા ચકાસતેની વિરુદ્ધ આસ્રવ-બંધની પ્રાપ્તિ થઈને, ચારે ગતિમાં ભળીને નિગોદમાં જાય છે.

**પ્રશ્ન ૩૦—સ્વાનુભૂત્યા ચકાસતે, ચિત્સ્વભાવાય—ભાવાય અને સર્વ ભાવાન્તરચ્છિદે ઉપર (૧) પાંચ નમસ્કાર, (૨) ચાર કાળ, (૩) ઔપશમિક આદિ પાંચભાવ, (૪) સંયોગાદિ પાંચ બોલ, (૫) દેવ-ગુરુ-ધર્મ, (૬) સુખદાયક-દુઃખદાયક, (૭) હેય-ઉપાદેય-જ્ઞેય, (૮) સંયોગની પૃથક્તા આદિ ત્રણ બોલ ઘટાવીને આથી થવાવાળા લાભ-નુકશાનને સમજાવો.**

**ઉત્તર** —(1) **સ્વાનુભૂત્યા ચકાસતે**—(૧) એકદેશ ભાવ નમસ્કાર, (૨) સાદિ-સાન્તકાળ, (૩) ઔપશમિક, ધર્મનો ક્ષાયોપશમિક અને સમ્યક્દર્શનની અપેક્ષા ક્ષાયિકભાવ, (૪) સ્વભાવનું સાધન, (૫) ગુરુ, (૬) એકદેશ સુખદાયક, (૭) એકદેશ ઉપાદેય તેમજ (૮) સ્વભાવ સામર્થ્યનું ફળ છે.

(2) **સ્વાનુભૂત્યા ચકાસતેથી વિરુદ્ધ**—(૧) દ્રવ્યનમસ્કાર, (૨) અનાદિ-સાંત, (૩) ઔદયિકભાવ, (૪) સંયોગીભાવ, (૫) અધર્મ, (૬) દુઃખદાયક, (૭) હેય અને (૮) વિપરીતરૂપ વિભાવ છે.

(3) **ચિત્સ્વભાવાયભાવાય**— (૧) શક્તિરૂપ નમસ્કાર, (૨) અનાદિ અનંત, (૩) પારિણામિકભાવ, (૪) સ્વભાવ ત્રિકાળી, (૫) ધર્મસ્વરૂપ, (૬) પરમસુખદાયક, (૭) પરમ ઉપાદેય, (૮) સામર્થ્યરૂપ સ્વભાવ છે.

(4) **ચિત્સ્વભાવાય-ભાવાયથી વિરુદ્ધ (અજીવ)**— (૧) જડ નમસ્કાર, (૨) અનાદિ-અનંત, (૩) પાંચમાંથી કોઈ ભાવ નહીં, (૪) સંયોગ, (૫) દેવ-ગુરુ-ધર્મમાંથી કોઈ નહીં, (૬) ન સુખદાયક, ન દુઃખદાયક, (૭) જ્ઞેય, (૮) પૃથક્રૂપ સંયોગ છે.

(5) **સર્વભાવાન્તરચ્છિદે**—(૧) પૂર્ણભાવ નમસ્કાર, (૨) સાદિ અનંત, (૩) ક્ષાયિકભાવ, (૪) સિદ્ધત્વ, (૫) દેવ, (૬) પૂર્ણ

સુખદાયક, (૭) પૂર્ણ ઉપાદેય, (૮) સ્વભાવના સામર્થ્યનું પૂર્ણ ફળ છે.

જો ચિત્સ્વભાવભાવરૂપ નિજ જીવસ્વભાવનો આશ્રય લે તો સ્વાનુભૂત્યા ચકાસતેની પ્રાપ્તિ થઈને, ક્રમશઃ સર્વ ભાવાંતરચ્છિદેની પ્રાપ્તિ થાય છે અને જો ચિત્સ્વભાવાયથી વિરુદ્ધ અજીવનો આશ્રય લે તો સ્વાનુભૂત્યાચકાસતેથી વિરુદ્ધ આસ્રવ-બંધ, પુણ્ય-પાપ તથા મિથ્યાત્વના કારણે, ચતુર્ગતિમાં ભમીને નિગોદને પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૩૧—ભગવાને અનેક બોલોથી ભગવાન આત્માની મહિમા બતાવી છે છતાં પણ અમને મહિમા કેમ નથી આવતી?**

**ઉત્તર** —ચારે ગતિમાં ફરીને નિગોદમાં જવાનું સારું લાગે છે માટે પોતાના ભગવાન આત્માની મહિમા નથી આવતી.

**પ્રશ્ન ૩૨—નિજ ભગવાન આત્માની મહિમા કેવી રીતે આવે?**

**ઉત્તર** —(૧) જીવ અનંત છે. (૨) જીવથી અનંતગણા પુદ્ગલદ્રવ્ય છે, (૩) પુદ્ગલદ્રવ્યથી અનંતગુણા ત્રણકાળના સમય છે. (૪) ત્રણકાળના સમયોથી અનંતગુણા આકાશદ્રવ્યના પ્રદેશ છે. (૫) આકાશના પ્રદેશોથી અનંતગણા એક દ્રવ્યમાં ગુણો છે. (૬) એક દ્રવ્યના ગુણોથી અનંતગણા, બધા દ્રવ્યોના ગુણો છે. (૭) બધા દ્રવ્યોના ગુણોથી અનંતગણી, બધા દ્રવ્યોની પર્યાયો છે. (૮) બધા દ્રવ્યોની પર્યાયોથી અનંતગણા અવિભાગ પ્રતિચ્છેદ છે. (૯) વિચારો! નિજ આત્મામાં આકાશના પ્રદેશોથી અનંતગણા અધિક ગુણ છે. તેમાંથી આત્માના જ્ઞાન નામનો એક ગુણ છે. તેની એક કેવળજ્ઞાનરૂપ એક પર્યાય છે. તેમાં આઠ નંબર સુધી જે જ્ઞેય છે તે એક સમયમાં જ્ઞેયરૂપથી જાણવામાં આવે છે. આવી તાકાત કેવળજ્ઞાનની એક પર્યાયમાં છે જો કે આવાઆવા અનંત વિશ્વ હોય તોપણ તેઓ મારા કેવળજ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈ શકે છે. એક

સમયની પર્યાયમાં કેટલી તાકાત છે. અને કેવળજ્ઞાન....કેવળજ્ઞાન આવી અનંતી પર્યાયો છે. (૧૦) જ્યારે કેવળજ્ઞાનપર્યાયની આટલી તાકાત છે તો જેમાંથી આ પર્યાયના ઉત્પાદદાતા જ્ઞાનગુણની તાકાત અમર્યાદિત છે. (૧૧) જ્ઞાનગુણ જેવા અનંતગુણો મારામાં છે. હું, આ અનંતગુણોનો સ્વામી છું—આવી મહિમા સમજમાં આવી જાય, તો અનાદિથી નવપ્રકારના પક્ષોની જે મહિમા છે તેનો અભાવ થઈને, ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થઈને નિર્વાણનો (મોક્ષનો) પથિક બનું.

**પ્રશ્ન ૩૩—નવ પ્રકારના પક્ષ ક્યા ક્યા છે?**

**ઉત્તર** —(૧) અત્યંત ભિન્ન પરપદાર્થોનો પક્ષ

(૨) આંખ, નાક, કાન વિ. ઔદારિક શરીરનો પક્ષ

(૩) તેજસ-કાર્મણ શરીરનો પક્ષ

(૪) ભાષા અને મનનો પક્ષ

(૫) શુભાશુભ વિકારીભાવોનો પક્ષ

(૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધ પર્યાયનો પક્ષ

(૭) ભેદનયનો પક્ષ

(૮) અભેદનયનો પક્ષ

(૯) ભેદાભેદનયનો પક્ષ

## ગોમ્મટસાર જીવકાંડ : કર્મકાંડનું રહસ્ય

# ૨ ‘‘જેવી મતિ તેવી ગતિ, જેવી ગતિ તેવી મતિ’’

**પ્રશ્ન ૧—ભવિષ્યના આયુબંધનું ચિતરામણ કોના હાથમાં છે?**

**ઉત્તર** —અરે ભાઈ! તારા હાથમાં છે. જો બંધસમય જીવ ચેતે અને ઉદયસમય તે પર દૃષ્ટિ ન દે, તો કલ્યાણ થઈ જાય.

**પ્રશ્ન ૨—પર્યાયમાં કોઈ નિગોદિયા છે કોઈ સાંપ છે, કોઈ ગધેડો છે, કોઈ કૂતરો છે, કોઈ દેડકો છે કે બકરો છે... વિ.— આવી વિવિધ વિચિત્રતા કેમ?**

**ઉત્તર** —જેવું જેવું કાર્ય થાય છે, તેવું ને તેવું નિમિત્તકારણ પણ હોય છે. જેમકે—કોઈ જીવે પહેલા ભવમાં ફૂં-ફાનો ભાવ કર્યો, તો વર્તમાનમાં સાપનું નિમિત્તકારણ મળ્યું. તે પ્રમાણે સર્વનું જાણવું.

**પ્રશ્ન ૩—આ વિષયમાં સમયસાર કળશ-૧૬૮માં શ્રી રાજમલ્લજીએ શું કહ્યું છે?**

**ઉત્તર** —જે જીવે પોતાના વિશુદ્ધ અથવા સંક્લેશરૂપ પરિણામ દ્વારા પ્રથમથી જ બાંધ્યું છે જે આયુકર્મ અથવા સાતાકર્મ અથવા અસાતા કર્મ, તે કર્મના ઉદયથી તે જીવને મરણ કે જીવન, દુઃખ કે સુખ થાય છે. આવો નિશ્ચય છે. આ વાતમાં શંકા કાંઈ જ નથી.

**પ્રશ્ન ૪—ભવિષ્યનો આયુબંધ ક્યારે અને કેવી રીતે થાય છે?**

**ઉત્તર** —મનુષ્યોને માટે નિયમ છે કે જેટલી ભોગવવાયોગ્ય આયુની સ્થિતિ હોય, તેના બે તૃતીયાંશ વીત્યા બાદ પ્રથમવાર અંતર્મુહૂર્તમાં આગામી ભવનો આયુબંધ થઈ શકે છે. પછી બે

તૃતીયાંશ વીત્યા બાદ બીજીવાર....આ રીતે આઠ વાર અવસર આવે છે. કદાચ આમાં પણ આયુ ન બાંધે, તો મરણના અંતર્મુહૂર્ત પહેલા તો આયુ બંધાય જ છે. જો પોતાના પરિણામમાં કોઈ સુધાર-બગાડ થાય તો પહેલા બાંધેલ આયુની સ્થિતિ ઓછી કે વધુ થઈ શકે છે. માનો કે જો—કોઈકનું આયુષ્ય ૮૧ વર્ષનું હોય તો :—

(૧) ૫૪ વર્ષ વીત્યા બાદ = ૨૭ વર્ષ શેષ રહેતા, કે

(૨) ૭૨ વર્ષ વીત્યા બાદ = ૯ વર્ષ શેષ રહેતા, કે

(૩) ૭૮ વર્ષ વીત્યા બાદ = ૩ વર્ષ શેષ રહેતા, કે

(૪) ૮૦ વર્ષ વીત્યા બાદ = ૧ વર્ષ શેષ રહેતા, કે

(૫) ૮૦ વર્ષ ૮ માસ વીત્યા બાદ = ૩ માસ શેષ રહેતા, કે

(૬) ૮૦ વર્ષ ૧૦ માસ ૨૦ દિવસ વીત્યા બાદ = ૪૦ દિવસનું શેષ રહેતા, કે

(૭) ૮૦ વર્ષ, ૧૧ માસ, ૧૬ દિવસ, ૧૬ કલાક વીત્યા બાદ = ૧૩ દિવસ, ૮ કલાક શેષ રહેતા, કે

(૮) ૮૦ વર્ષ, ૧૧ માસ, ૨૫ દિવસ, ૧૩ કલાક, ૨૦ મિનિટ વીત્યા બાદ = ૪ દિવસ, ૧૦ કલાક, ૪૦ મિનિટ શેષ રહેતા, આગામી આયુનો બંધ પડે છે.

**પ્રશ્ન ૫—આઠ ત્રિભાગોમાંથી એક વિભાગમાં જ બંધ કેમ પડે છે? બાકી વિભાગોમાં આયુ-બંધ કેમ નથી પડતો?**

**ઉત્તર** —ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૫૧૮માં લખ્યું છેકે આયુનો બંધ, મધ્યમ પરિણામોમાંથી પડે છે, ઉત્કૃષ્ટ વા જઘન્ય પરિણામોથી આયુ-બંધ નથી પડતો, આથી આયુબંધના ત્રિભાગોના સમયમાં ઉત્કૃષ્ટ કે જઘન્ય પરિણામ હોવાથી આયુનો બંધ નથી પડતો—એમ જાણવું.

**પ્રશ્ન ૬—એક ભવ કેટલા સમયનો છે?**

**ઉત્તર** —અરે ભાઈ! વાસ્તવમાં એક સમયનો એક ભવ છે.

**પ્રશ્ન ૭—એક સમયનો એક ભવ છે—આ ક્યા લખ્યું છે અને એક સમયનો ભવ કેવી રીતે છે?**

**ઉત્તર** —ભગવાન કુંદકુંદસ્વામીને ભાવપાહુડ ગાથા-૩૨ની ટીકામાં અવીચિકા મરણ સંબંધી લખ્યું છે કે 'આયુકર્મનો ઉદય સમય-સમયમાં ઘટે છે, તે સમય-સમયમાં મરણ છે આ આવીચિકા મરણ છે.' જુઓ! આમાં બતાવ્યું છે કે સમય-સમયનું મરણ છે, કારણ કે પર્યાયની સ્થિતિ એક સમયની જ હોય છે. સૂક્ષ્મ ઋજુસૂત્રનયની અપેક્ષા એક-એક સમયનો એક-એક ભવ છે. જે સમય જે જીવ, જે ભાવ કરે છે, તે સમયે તે તેજ છે. માટે કહ્યું છે કે 'જેવી મતિ તેવી ગતિ' અને આયુપૂર્ણ થવાના સમયે 'જેવી ગતિ, તેવી મતિ' થઈ જ જાય છે.

**પ્રશ્ન ૮—'જેવી મતિ, તેવી ગતિ' અને 'જેવી ગતિ, તેવી મતિ'ની પાછળ શું રહસ્ય છે?**

**ઉત્તર** —જો કોઈ ગતિ ધારણ ન કરવી હોય તો અનાદિ-અનંત જ્ઞાયક સ્વભાવી તારો આત્મા છે, તેનો આશ્રય લઈને, ગતિનો અભાવ કરવો, તે જ પ્રત્યેક પાત્ર જીવનું પરમ કર્તવ્ય છે.

**પ્રશ્ન ૯—શું મનુષ્ય હોવા છતાં 'સાપ' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે જેમકે, આપણા ઘરમાં ઘણા માણસો છે, જો આપણે ફૂં—ફાં ન કરીએ તો તેઓ બધા બગડી જશે—એમ માનીને જે ફૂં-ફાં કરે છે, તે સમયે મનુષ્ય હોવા છતાં પણ સાપ જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. ફૂં-ફાં કરતે સમય જો આયુનો બંધ થઈ ગયો તો સાપની યોનિમાં જવું પડશે. જ્યાં નિરંતર ફૂં-ફાંમાં જ જીવન વ્યતીત થશે.

**પ્રશ્ન ૧૦—કોઈ કહે અરે ભાઈ! અમારે સાંપ નથી થવું તો તે શું કરે?**

**ઉત્તર** —ફૂં-ફાં રહિત આત્માનો સ્વભાવ છે, તેનો આશ્રય લે તો ભગવાનની સમાન જ્ઞાતા-જ્ઞેયપણું પ્રગટ થશે અને સંસારના સંપૂર્ણ દુઃખોનો અભાવ જ થઈ જશે.

**પ્રશ્ન ૧૧—સ્વભાવનો આશ્રય લેવો ક્યા પ્રકારથી બને?**

**ઉત્તર** —"અનાદિ-નિધન વસ્તુઓ, ભિન્ન-ભિન્ન પોત-પોતાની મર્યાદા સહિત પરિણમે છે, કોઈ કોઈને આધિન નથી. કોઈ કોઈને પરિણમાવી શકતું નથી." આવું જાણવું—શ્રદ્ધાન કરે તો તરત દૃષ્ટિ નિજ જ્ઞાયક-સ્વભાવ પર આવી જાય છે, લાવવી પડતી નથી. તે કાર્ય સહજરૂપ છે.

**પ્રશ્ન ૧૨—શું મનુષ્ય હોવા છતાં 'ગધેડો' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે, જેમકે આપણા ઘરમાં બહુ માણસો છે. તેઓ ફૂં-ફાંથી તો માનતા નથી, તેને બદલે તેઓને લાતોથી મારે બરાડે તો તે સમય મનુષ્ય હોવા છતાં પણ 'ગધેડો' જ છે, કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. તે તેના પર લાત મારવાના ભાવ સમયે જો આયુબંધ થઈ ગયો તો ગધેડાની યોનિમાં જાવું પડશે, જ્યાં હંમેશા લાત મારવી તથા ભૂંકવામાં જ જીવન વીતશે.

**પ્રશ્ન ૧૩—કોઈ કહે, અરે ભાઈ! અમારે ગધેડામાં નથી જાવું, તો શું કરવું?**

**ઉત્તર** —લાત મારવી અને ભૂંકવાના ભાવ રહિત નિજ આત્માનો સ્વભાવ છે, તેનો આશ્રય લે તો ગધેડો બનવું ન પડે અને મોક્ષરૂપી લક્ષ્મીનો નાથ બની જશે અને મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય તથા યોગ, સંસારના આ કારણોનો અભાવ થઈ જશે, માટે

હે ભવ્ય! તું નિજ જ્ઞાયક ભગવાનનો આશ્રય લે, તો ભગવાનની જેમ જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થઈ જશે અને સંસારના સંપૂર્ણ ઘોર દુઃખોનો અભાવ થઈ જશે.

**પ્રશ્ન ૧૪—શું મનુષ્ય હોવા છતાં 'કૂતરો' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં! કહી શકાય છે. (અ) જેમ કૂતરો હાડકામાંથી લોહી નિકળે છે—એમ માનીને, તેમાં જ આસક્ત રહે છે, તે પ્રમાણે જે જીવ મનુષ્યભવ પામવા છતાં પાંચ ઈન્દ્રિયોના વિષયમાં સુખ છે—એમ માનીને તેમાં જ આસક્ત રહે છે, તે સમયે તે 'કૂતરો' જ છે. કારણ કે 'જેવી મતિ તેવી ગતિ' થાય છે. આસક્તિ સમયે જો આયુબંધ પડી ગયો તો 'કૂતરા'ની યોનિમાં જાવું પડશે, જ્યાં નિરંતર વિષયોમાં જ પાગલ બની રહે છે. (બ) જેમ કૂતરો કારણ વિના ભસ્યા કરે છે, તેમ મનુષ્યભવ પ્રાપ્ત થવા છતાં પણ જે જીવ ભસ્યા જ કરે છે, તે સમયે તે કૂતરો જ છે, કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' હોય છે. ભસવાના સમયે જો આયુબંધ થઈ ગયો તો 'કૂતરા'ની યોનિમાં જવું પડશે, જ્યાં નિરંતર ભસવામાં જ જીવન વીતશે.

**પ્રશ્ન ૧૫—કોઈ કહે કે કૂતરાની યોનિ તો બહુત ખરાબ છે, અમારે કૂતરો નથી બનવું—તેનો શું ઉપાય છે?**

**ઉત્તર** —વિષયોની આસક્તિના ભાવથી રહિત અને ભસવાના ભાવથી રહિત પોતાનો ત્રિકાળી સ્વભાવ છે. તેનો આશ્રય લે તો કૂતરો બનવું નહીં પડે, પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ—આ પાંચે પરાવર્તનરૂપ સંસારનો અભાવ થઈને, ક્રમથી સિદ્ધત્વની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન ૧૬—શું મનુષ્યભવ હોવા છતાં 'દેડકો' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ દેડકો 'ટર્ર-ટર્ર' કર્યા કરે છે

તે જ પ્રમાણે મનુષ્યભવ પ્રાપ્તિ પછી પણ તે બધા કાર્યોમાં 'ટર્ર-ટર્ર' કરે છે તે સમયે તે 'દેડકો' જ છે. કારણ કે 'જેવી મતિ તેવી ગતિ' હોય છે. 'ટર્ર-ટર્ર'નો ભાવ કરતા સમયે જો આયુબંધ થઈ ગયો તો 'દેડકા'ની યોનિમાં જાવું પડશે, જ્યાં નિરંતર 'ટર્ર-ટર્ર'માં જ જીવન વીતશે.

**પ્રશ્ન ૧૭—કોઈ કહે કે અરે ભાઈ! અમારે દેડકો નથી બનવું, તો શું કરવું?**

**ઉત્તર** —અરે ભાઈ! 'ટર્ર-ટર્ર' રહિત પોતાના ત્રિકાળી ભગવાનનો સ્વભાવ છે, તેનો આશ્રય લેતા, દેડકો નહીં બનવું પડે, પણ ચારે ગતિનો અભાવ થઈને પંચમગતિનો માલિક બની જશે. માટે હે ભવ્ય! તું એકવાર પોતાના સ્વભાવની દૃષ્ટિ કર, પછી જો શું થાય છે? કોઈને પૂછવું નહીં પડે.

**પ્રશ્ન ૧૮—શું મનુષ્ય હોવા છતાં 'બકરો' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ, બકરો ચોવીસે કલાક 'મૈં—મૈં' કરે છે, તે પ્રમાણે જે જીવ મનુષ્યભવ પ્રાપ્ત છતાં પણ 'મૈં-મૈં' (અર્થાત્ પરના કર્તૃત્વરૂપ અભિમાન) કર્યા કરે છે, તે તે સમયે બકરો જ છે, કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' હોય છે, 'મૈં—મૈં'ના ભાવના કાળે જો આયુબંધ થઈ ગયો તો બકરાની યોનિમાં જાવું પડશે જ્યાં નિરંતર 'મૈં—મૈં'માં જ જીવન વીતશે.

**પ્રશ્ન ૧૯—કોઈ કહે, 'બકરા'ની યોનિ તો ખરાબ છે, આથી બકરો ન બનું, તેનો કોઈ ઉપાય છે?**

**ઉત્તર** —'મૈં-મૈં'ના ભાવ રહિત પોતાનો પારિણામિકભાવ છે. તેનો આશ્રય લે તો બકરો ન બને. પણ ઔદયિકભાવોનો અભાવ થઈને ઔપશમિક ધર્મનો ક્ષાયોપશમિક અને ક્ષાયિકદશા પ્રાપ્ત થશે.

**પ્રશ્ન ૨૦—શું મનુષ્ય હોવા છતાં 'બિલાડી' કહી શકાય?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ, બિલાડીને ચોવીસે કલાક ઉંદર મારીને ખાવાનો ભાવ રહે છે, તે પ્રમાણે જે જીવ મનુષ્યભવ હોવા છતાં, બીજાને મારીને ખાવાનો ભાવ રાખે છે તે તે સમયે 'બિલાડી' જ છે, કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' હોય છે. બીજાને મારીને ખાવાના ભાવ સમયે જો આયુબંધ પડી ગયો તો ભાઈ! બિલાડીની યોનિમાં જવું પડશે. જ્યાં નિરંતર ઉંદર મારીને ખાવાના ભાવોમાં પાગલ થઈને જીવે છે.

**પ્રશ્ન ૨૧—કોઈ કહે અમારે 'બિલ્લી' નથી બનવું, કારણ કે બિલ્લીનો ભાવ બહુ ખરાબ હોય છે. તો શું કરવું?**

**ઉત્તર** —બીજાને મારીને ખાવાના ભાવ રહિત પોતાનો જ્ઞાયક-સ્વભાવ છે. તેનો આશ્રય લે તો બિલ્લી ન બનવું પડે, પણ તારી ગણતરી પંચ પરમેષ્ઠીઓમાં થવા લાગશે.

**પ્રશ્ન ૨૨—શું મનુષ્ય હોવા છતાં 'નિગોદિયા' કહી શકાય?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. સાંભળો! નિગોદના કારણ તો અનેક છે, પરંતુ તે બધાને ત્રણમાં સમાવેશ કરીએ છીએ—

(૧) અજ્ઞાન-મોહ અંધકાર (૨) દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના, (૩) નવા-નવા વેશોમાં પોતાપણાની માન્યતા.

**પ્રશ્ન ૨૩—'અજ્ઞાન-મોહ અંધકાર' શું છે? જેનું ફળ નિગોદ છે?**

**ઉત્તર** — (અ) આત્માની ક્રિયા જ્ઞાતા-દૃષ્ટા છે, તેથી ઉલટું હું પર જીવોને મારું છું, જીવાડું છું, હું જૂઠું બોલું છું, સાચું બોલું છું, હું ચોરી કરું છું, હું ચોરી નથી કરતો, હું કુશીલ સેવન કરું છું, હું બ્રહ્મચર્યથી રહું છું, હું પરિગ્રહ રાખું છું. હું પરિગ્રહનો ત્યાગ કરું છું—આવી કરોતિ ક્રિયા અને વિકારી ક્રિયાને પોતાની માનવી તે જ અજ્ઞાન—મોહ અંધકાર છે.

(બ) હું જ્ઞાયક ભગવાન છું, તેને બદલે હું મને મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકી આદિરૂપ માનું છું, તે જ અજ્ઞાન-મોહ-અંધકાર છે.

(ક) આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેના બદલે જ્ઞેયથી પોતાનું જ્ઞાન માનવું તે જ અજ્ઞાન-મોહ-અંધકાર છે.

**પ્રશ્ન ૨૪—આ ત્રણેય પ્રકારનો અભિપ્રાય, અજ્ઞાન-મોહ-અંધકાર છે—આવું ક્યા શાસ્ત્રોમાં કહ્યું છે?**

**ઉત્તર** —ચારે અનુયોગોમાં કહ્યું છે, પરંતુ સમયસારજી બંધ અધિકાર ગાથા ૨૬૮ થી ૨૭૭ આની સાક્ષી છે તથા ૧૬૯માં કળશમાં લખ્યું છે કે હું દેવ, હું મનુષ્ય, હું તિર્યંચ, હું નારકી, હું દુઃખી, હું સુખી-આવી કર્મજનિત પર્યાયોમાં આત્મબુદ્ધિરૂપ જે મગ્નપણું છે, તેના દ્વારા કર્મના ઉદયમાં જેટલી ક્રિયા થાય છે, તેને હું કરું છું, મેં કર્યું છે, આમ કરીશ, આવું-આવું અજ્ઞાનને લીધે માને છે. તે જીવો કેવા છે!'' 'આત્મહનઃ' પોતાના ઘાતનશીલ છે. જે જીવ મનુષ્યભવ હોવા છતાં આવા-આવા ભાવ કરે છે, તે જીવ તે સમયે તો નિગોદિયા જ છે. કારણ કે 'જૈસી મતિ, વૈસી ગતિ' હોય છે અને જો આવા ભાવો વખતે આયુબંધ થઈ ગયો તો નિગોદમાં જવું પડશે.

**પ્રશ્ન ૨૫—દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના શું છે, જેનું ફળ નિગોદ છે?**

**ઉત્તર** —એકમાત્ર નિજ ત્રિકાળી ભગવાન આત્માના આશ્રયથી જ—સમ્યક્દર્શન, શ્રાવક, મુનિ, શ્રેણી, અરિહંત અને સિદ્ધની દશાની પ્રાપ્તિ થાય છે, કોઈ પરના વા વિકારીભાવોના આશ્રયથી નહીં. તેના બદલે પર પદાર્થોના આશ્રયથી, દયા, દાન, પૂજા, અણુવ્રત, મહાવ્રતાદિના આશ્રયથી ધર્મની પ્રાપ્તિ થાય છે—આ જૂઠી માન્યતા જ દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના છે. જેનું ફળ પરંપરા નિગોદ છે.

**પ્રશ્ન ૨૬—નવા-નવા વેષોમાં પોતાપણાની માન્યતા શું છે, જેનું ફળ નિગોદ છે?**

**ઉત્તર** —શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૪૧ના અર્થમાં પં. સદાસુખદાસજીએ લખ્યું છે કે "મિથ્યાદષ્ટિ, પરકૃત પર્યાયમાં પોતાપણું માને છે. મિથ્યાદષ્ટિનો આત્મા જાતિમાં, કુળમાં, દેહમાં, ધનમાં, રાજ્યમાં ઐશ્વર્યમાં, મહેલ, મકાન, નગર, કુટુંબમાં છે. તેઓ થકી અમારું ઘટ્યું, અમારું વધ્યું, અમારું સર્વસ્વ પુરું થયું. હું નીચ, હું ઉંચ, હું મર્યો, હું જીવ્યો, અમારો તિરસ્કાર થયો અમારું સર્વસ્વ ગયું—વિ. પરવસ્તુમાં પોતાનો સંકલ્પ કરી મહા આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરી દુર્ગતિને પામી સંસાર પરિભ્રમણ કરે છે."—આ માન્યતા નવા-નવા વેષોમાં પોતાપણાની માન્યતા હોવાથી નિગોદનું કારણ છે. દિગંબરધર્મ ધારણ કરવા છતાં પણ આવી માન્યતા સમયે તે જીવ નિગોદિયો જ છે, કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. નવા-નવા વેષોની ઉંધી માન્યતાના સમયે જો આયુબંધ થઈ ગયો તો ભાઈ! નિગોદમાં જવું પડશે, જ્યાં નિરંતર તેમાં પાગલ બની રહેશે.

**પ્રશ્ન ૨૭—કોઈ કહે છે કે ભાઈ! નિગોદની પર્યાય તો બહુ જ ખરાબ છે. તેની પ્રાપ્તિ અમને ન થાય તે માટે અમારે શું કરવું?**

**ઉત્તર** —(૧) અજ્ઞાન-મોહ-અંધકાર રહિત (૨) દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના રહિત (૩) નવા-નવા વેષોમાં પોતાપણાની માન્યતા રહિત અનાદિ-અનંત તારો સ્વભાવ છે, તેનો આશ્રય લે તો નિગોદમાં નહીં જવું પડે, પણ સાદિ-સાંત જે સાધકદશા છે, તેની પ્રાપ્તિ થઈને સાદિ-અનંત જે સાધ્યદશા છે, તેની પ્રાપ્તિ થઈ જશે.

**પ્રશ્ન ૨૮—શું મનુષ્ય હોવા છતાં 'પૃથ્વીકાય' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ—આપણે પૃથ્વી પર ચાલીએ છીએ, દબાવથી તે દુઃખનો અનુભવ કરે છે, પરંતુ પૃથ્વીકાય કાંઈ

કહી શકતા નથી. તે પ્રમાણે મનુષ્ય હોવા છતાં, હું બધાને દબાવું અને કોઈ મારી સાથે એક શબ્દ ન બોલે, એવો ભાવ કરે છે, ત્યારે તે પૃથ્વીકાય જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' હોય છે. આવા ભાવના સમયે આયુબંધ થઈ ગયો તો 'પૃથ્વીકાય'ની યોનિમાં જવું પડશે. જ્યાં નિરંતર તને બધા દબાવશે અને તું એક શબ્દ પણ ઉચ્ચારણ નહીં કરી શકે.

**પ્રશ્ન ૨૯—કોઈ કહે, અમારે 'પૃથ્વીકાય'ન બનવું પડે, તેનો શું ઉપાય?**

**ઉત્તર** —હું બધાને દબાવું અને કોઈ મારી સામે એક શબ્દ પણ ન ઉચ્ચારી શકે આવા ભાવ રહિત, અસ્પર્શસ્વભાવી ભગવાન આત્મા છે તેનો આશ્રય લે, તો ભાવનો અભાવ થઈને, ભગવાનપણું પર્યાયમાં પ્રગટ થઈ જાય છે.

**પ્રશ્ન ૩૦—શું મનુષ્ય હોવા છતાં 'જલકાય' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં કહી શકાય છે. જેવી રીતે તળાવનું પાણી ઉપરથી જોતાં એક જેવું લાગે છે. પરંતુ ક્યાંક બે ગજનો કે ક્યાંક ત્રણ ગજનો ખાડો છે, ક્યાંક ઉંચું છે, ક્યાંક નીચું છે.... તે પ્રમાણે મનુષ્યભવ હોવા છતાં, મુખથી સારી વાતો કરે અને હૃદયમાં કપટ રાખે છે. તે જીવ તે સમયે જલકાય જ છે. કારણ કે 'જેવી ગતિ તેવી મતિ' હોય છે. આવા ભાવ સમયે જો આયુબંધ થઈ ગયો તો 'જલકાય'ની યોનિમાં જવું પડશે.

**પ્રશ્ન ૩૧—કોઈ કહે, અમારે 'જલકાય' ન બનવું પડે, તેનો કોઈ ઉપાય છે?**

**ઉત્તર** —છળ-કપટ રહિત તારા આત્માનો સ્વભાવ છે. તેનો આશ્રય લે તો જલકાયની યોનિમાં નહીં જાવું પડે, પણ મુક્તિસુંદરીનો નાથ બની જશે.

**પ્રશ્ન ૩૨—શું મનુષ્ય હોવા છતાં 'અગ્નિકાય' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ, રોટી બનાવ્યા બાદ તવાને ઉતાર્યા બાદ તાવડીમાં જાણે આગિયા દેખાય છે. (તાવડીને) લોકો કહે છે કે તાવડી (તવો) હસે છે પરંતુ તે ખરેખર અગ્નિકાયના જીવ છે. તે પ્રમાણે જે મનુષ્યભવ પામ્યા છતાં, બીજાને વધતા જોઈને ઈર્ષ્યા કરે છે, તે સમયે તે જીવ 'અગ્નિકાય' જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. જો તે સમયે આયુબંધ પડી ગયો તો 'અગ્નિકાય'ની યોનિમાં જાવું પડશે, જ્યાં નિરંતર બળતરામાં જ જીવન વીતશે.

**પ્રશ્ન ૩૩—શું મનુષ્ય હોવા છતાં 'વાયુકાય' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ હવાની લહેરો ક્યારેક તેજ, ક્યારેક ધીમી ચાલ્યા કરે છે, સ્થિર નથી રહેતી. તે પ્રમાણે, જે મનુષ્યભવ પામ્યા છતાં પણ જ્યાં જન્મ-મરણના અભાવની વાત ચાલતી હોય છે. તેને બદલે અન્યવાતનો વિચાર કરે છે, ઉંઘે છે અથવા અન્ય અસ્થિરતા કરે છે તે જીવ તે સમયે વાયુકાય જ છે, કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. જો અસ્થિરતાના ભાવ સમયે આયુબંધ થઈ ગયો તો 'વાયુકાય'ની યોનિમાં જવું પડશે, જ્યાં નિરંતર અસ્થિરતા જ બની રહે છે.

**પ્રશ્ન ૩૪—કોઈ કહે, અમારે વાયુકાય નથી થવું તો અમે શું કરીએ?**

**ઉત્તર** —અસ્થિરતાના ભાવોથી રહિત પરમપારિણામિક ભાવ છે, તેની તરફ દૃષ્ટિ કરે તો વાયુકાયની યોનિમાં નહીં જવું પડે. પણ ક્રમથી ક્ષાયિકપણું પ્રગટ કરીને, પૂર્ણ સુખી થવાશે.

**પ્રશ્ન ૩૫—શું મનુષ્યપણું હોવા છતાં 'વનસ્પતિકાય' કહી શકાય?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ માર્કેટથી શાક લાવો છો, તમે તેને ચપ્પુથી કાપો છો. તે તમને કાંઈ જ કહેતું નથી. તે પ્રમાણે મનુષ્યભવ પામીને, હું બીજાને એવો મારું કે તે એકપગે પણ ન ચાલી સકે—એવા ભાવ કરે છે, તે સમયે તે વનસ્પતિકાય જ છે. કારણ કે 'જેવી ગતિ, તેવી મતિ' થાય છે. જો આવા ભાવ વખતે આયુબંધ થઈ ગયો તો વનસ્પતિકાયની યોનિમાં જવું પડશે, જ્યાં એક-એક સમય કરીને નિરંતર દુઃખ વેઠવું પડશે.

**પ્રશ્ન ૩૬—કોઈ કહે અમારે 'વનસ્પતિકાય'માં ન જવું પડે—તેનો કોઈ ઉપાય છે?**

**ઉત્તર** —હું બધાને મારું અને તે એક કદમ પણ આગળ ન વધી શકે આવા ભાવથી રહિત તારા આત્માનો સ્વભાવ છે. તેનો આશ્રય લે, તો વનસ્પતિકાયની યોનિમાં નહીં જવું પડે, પણ પરમપદની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન ૩૭—શું મનુષ્ય હોવા છતાં 'બે ઇન્દ્રિયવાળો જીવ' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ, છીપ, શંખ, કોડી, રસનાઈન્દ્રિયમાં મગ્ન છે, તે પ્રમાણે જે જીવ, મનુષ્યભવ પામવા છતાં રસનાના સ્વાદમાં પાગલ થઈ રહ્યો છે, તે તે સમયે બેઈન્દ્રિય જીવ જ છે. કારણ કે 'જેવી મતિ તેવી ગતિ' થાય છે. રસનાના સ્વાદમાં પાગલપણાના સમયે જો આયુબંધ થઈ ગયો તો બે ઈન્દ્રિયમાં ઉત્પત્તિ થશે, જ્યાં નિરંતર રસના સ્વાદમાં જ પાગલ બની રહે છે.

**પ્રશ્ન ૩૮—કોઈ કહે, અમારે બે ઇન્દ્રિયની યોનિમાં ન જવું પડે, તેનો કોઈ ઉપાય છે?**

**ઉત્તર** —રસનાઈન્દ્રિયના સ્વાદથી રહિત અરસસ્વભાવી

ભગવાન આત્મા છે. તેનો આશ્રય લેતા બેઈન્દ્રિયની યોનિમાં જવું નહીં પડે. પણ અરસસ્વભાવ, પર્યાયમાં પ્રગટ થઈ જશે.

**પ્રશ્ન ૩૯—શું મનુષ્ય હોવા છતાં 'ત્રણ ઇન્દ્રિય' કહી શકાય?**

**ઉત્તર** —હાં, કહી શકાય. જેમ કિડી, વીંછી, માંકડ, જૂ વિ. ઘ્રાણેન્દ્રિયમાં પાગલ છે, તે પ્રમાણે મનુષ્યભવ મળવા છતાં, જે જીવ સુગંધ મેળવવા અને દુર્ગંધ દૂર કરવામાં પાગલ છે, તે તે સમયે ત્રણ ઈન્દ્રિય જીવ જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. જો તે સમય આયુષ્યનો બંધ પડી ગયો તો ત્રણ ઈન્દ્રિયની યોનિમાં જવું પડશે, જ્યાં નિરંતર ઘ્રાણેન્દ્રિયના વિષયમાં જ પાગલ બની જશે.

**પ્રશ્ન ૪૦—કોઈ કહે, અમારે ત્રણ ઇન્દ્રિયની યોનિમાં ન જવું પડે તેવો ઉપાય બતાવો.**

**ઉત્તર** —સુગંધ-દુર્ગંધની ઈચ્છા રહિત, અગંધસ્વભાવી ભગવાન આત્મા છે, તેનો આશ્રય લે તો ત્રણ ઈન્દ્રિયની યોનિમાં ન જવું પડે, પણ અગંધસ્વભાવી પર્યાય પ્રગટ થઈ જશે.

**પ્રશ્ન ૪૧—શું મનુષ્ય હોવા છતાં 'ચાર ઇન્દ્રિય' કહી શકાય?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જેમ, માખી, ડાંસ, મચ્છર, ભમરો, પતંગિયા વિગેરે રૂપના વિષયમાં પાગલ છે. તે પ્રમાણે મનુષ્યભવ મળવા છતાં પણ જે જીવ રૂપ બનાવવામાં, સિનેમા વિ. જોવામાં પાગલ છે તે તે સમયે ચાર ઈન્દ્રિયનો જ જીવ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. જો તે સમયે આયુબંધ થઈ ગયો તો ચાર ઈન્દ્રિયની યોનિમાં જવું પડશે. જ્યાં નિરંતર રૂપ પાછળ પાગલ થઈને રહે છે.

**પ્રશ્ન ૪૨—કોઈ કહે, અમારે ચાર ઇન્દ્રિય ન બનવું, તેનો ઉપાય શું છે?**

**ઉત્તર** —રૂપના દેખાવમાં પાગલપણાથી રહિત એવો, અવર્ણ

સ્વભાવી ભગવાન આત્મા સ્વયં છે, તેનો આશ્રય લે તો ચાર ઈન્દ્રિયની યોનિમાં ભગવાન આત્મા સ્વયં છે. તેનો આશ્રય લે તો ચાર ઈન્દ્રિયની યોનિમાં નહીં જવું પડે. પણ અવર્ણસ્વભાવ પર્યાયમાં પ્રગટી જશે.

**પ્રશ્ન ૪૩—શું મનુષ્ય હોવા છતાં 'નારકી' કહી શકાય?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે, જે જીવ મનુષ્યભવ હોવા છતાં સપ્તવ્યસનોનો પાંચ પાપોરૂપી તીવ્ર અશુભભાવોના સેવનમાં મગ્ન છે, તે તે સમયે નારકી જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. જો તીવ્ર અશુભભાવોના સમયે આયુબંધ થઈ ગયો તો નારકયોનિમાં જવું પડશે. જ્યાં એક-એક સમય કરીને નિરંતર પરસ્પર એક-બીજાથી ક્રોધ કરતાં-કરતાં વચન પ્રહાર, શસ્ત્ર પ્રહાર, કાયા પ્રહાર આદિ કષ્ટ આપે છે અને સહે છે. ત્યાં ખાવા માટે કાંઈ જ મળતું નથી, તેથી નિરંતર અતિ વ્યાકુળ રહે છે.

**પ્રશ્ન ૪૪—કોઈ કહે, અમારે નારકી ન બનવું પડે, તેનો શું ઉપાય છે?**

**ઉત્તર** —શુભાશુભભાવ રહિત આત્માનો ત્રિકાળી સ્વભાવ છે, જેનો આશ્રય તમે લેશો તો નારકીયોનિમાં નહીં જવું પડે, પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરીને મોક્ષના પથિક બની જશો.

**પ્રશ્ન ૪૫—શું મનુષ્યભવ હોવા છતાં 'તિર્યંચ' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. મનુષ્યભવ હોવા છતાં જે જીવ માયા અર્થાત્ છળ-કપટ કરે છે, તે જીવ તે સમયે તિર્યંચ જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. માયા-કપટના ભાવ સમયે જો આયુબંધ થઈ ગયો તો તિર્યંચયોનિમાં જવું પડશે. જ્યાં નિરંતર છળ-કપટમાં પાગલ થઈ જશે.

**પ્રશ્ન ૪૬—કોઈ કહે, અમારે તિર્યંચ યોનિમાં ન જવું પડે તે માટે શું કરવું?**

**ઉત્તર** —છળ-કપટ રહિત તારો સ્વભાવ છે. તેનો આશ્રય લે તો તિર્યંચ યોનિમાં નહીં જવું પડે. પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી ક્રમે મોક્ષ પ્રાપ્ત થશે.

**પ્રશ્ન ૪૭—શું મનુષ્ય હોવા છતાં 'દેવ' કહી શકાય છે?**

**ઉત્તર** —હાં, કહી શકાય છે. જે જીવ મનુષ્યભવ હોવા છતાં પોતાના આત્માના અનુભવ વિના, શુક્લલેશ્યા વિગેરે શુભભાવ કરે છે, તે સમયે દેવ જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે અને આવા શુભભાવ સમયે આયુબંધ થઈ ગયો તો સમ્યક્‌ત્વરહિત દેવ-યોનિમાં જવું પડશે. જ્યાં નિરંતર આકુળતાનું સેવન કરી, દુઃખી થાય છે.

**પ્રશ્ન ૪૮—કોઈ કહે ભાઈ! સમ્યક્ત્વરહિત દેવની પર્યાય અમને ન મળે તેનો શું ઉપાય છે?**

**ઉત્તર** —શુભભાવ રહિત આત્માનો સ્વભાવ છે, તેનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ થઈને, ક્રમથી વૃદ્ધિ કરીને, પૂર્ણ પરમાત્મદશાની પ્રાપ્તિ થઈ જશે.

**પ્રશ્ન ૪૯—મનુષ્ય હોવા છતાં 'મનુષ્યભવ'નો ભાવ શું છે?**

**ઉત્તર** —જે જીવ મનુષ્યભવ હોવા છતાં મંદકષાયરૂપી ક્યારેક શુભભાવ, ક્યારેક અશુભભાવ કરે છે. તે સમયે મનુષ્ય જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે. જો આવા ભાવ સમયે આયુબંધ થઈ ગયો તો ફરીને મનુષ્યયોનિમાં જન્મવું પડશે. 'જ્યાં બાળપણે જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરૂણી રત રહ્યો, અર્ધમૃતક સમ બુઢાપો, કૈસે રૂપ લખે આપનો?'' આમ જ જીવન વીતી જાય છે.

**પ્રશ્ન ૫૦—કોઈ કહે, અમે શું કરીએ તો મનુષ્યગતિનો અભાવ થઈને મોક્ષની પ્રાપ્તિ થાય?**

**ઉત્તર** —એકમાત્ર નિજ ત્રિકાળી ભગવાન આત્માનો આશ્રય લે તો પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈને પછી ક્ષાયોપશમિક-ક્ષાયિક સમ્યક્ત્વપૂર્વક શ્રાવકદશા, મુનિદશા, શ્રેણીદશા, અરહંત અને સિદ્ધની દશાની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન ૫૧—સાપ વિ. પર્યાયોના આધારથી ચાર વાત કઈ વિચારવી જોઈએ?**

**ઉત્તર** —(૧) શું મનુષ્યભવ છતાં સાપ કહી શકાય છે?

(૨) આ જીવ મનુષ્યથી સાપ કેમ બને છે? (૩) સાપ ન બનવું પડે તેનો ઉપાય શું છે? (૪) સ્વભાવનો આશ્રય કેવી રીતે લેવો?

**પ્રશ્ન ૫૨—ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતાના વિષયમાં જિન-જિનવર અને જિનવરવૃષભનો શો આદેશ છે?**

**ઉત્તર** —હે ભવ્ય! એકમાત્ર નિજ પરમપારિણામિકભાવના આશ્રયથી જ સમ્યગ્દર્શન, શ્રાવકદશા, મુનિદશા, શ્રેણિદશા, અરહંતદશા અને સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે. કોઈ પરપદાર્થના આશ્રયથી અથવા વિકારીભાવોના આશ્રયે ધર્મની પ્રાપ્તિ વિ. ક્યારેય નથી થતી. આ જિન-જિનવર અને જિનવરવૃષભોનો આદેશ-ઉપદેશ જિનવાણીમાં આપ્યો છે.

# 3 પ્રતિક્રમણ, આલોચના અને પ્રત્યાખ્યાનનું સ્વરૂપ

**પ્રશ્ન ૧—કુંદકુંદ ભગવાને નિયમસારજીમાં પ્રતિક્રમણનું સ્વરૂપ કેવું બતાવ્યું છે?**

**ઉત્તર —**

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.

હું માર્ગણા સ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.

હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.

હું રાગ-દ્વેષ ન મોહ નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.

હું ક્રોધ નહિ, નહિ માન, તેમજ લોભ-માયા છું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.

મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.

આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;
તે કારણે બસ ધ્યાન ઉત્તમ—અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.

**પ્રશ્ન ૨—પ્રતિક્રમણ કોને કહે છે?**

**ઉત્તર** —स्वास्थानात् यत्परस्थानं, प्रमादस्य वशाद्गतः ।
भयोऽप्यागमनं तत्र प्रतिक्रमणमुच्यते ।।

અર્થાત્, પ્રમાદને વશ થઈને સ્વસ્થાન (નિજ ત્રિકાળી સ્વભાવ)ને છોડીને, પરસ્થાનમાં (મોહ-રાગ-દ્વેષ ભાવોમાં) ગયેલ (નિજ આત્માને) ત્યાંથી પોતાના સ્થાનમાં લાવવો, તેને પ્રતિક્રમણ કહે છે.

**પ્રશ્ન ૩—ભગવાન કુંદકુંદે સમયસારમાં પ્રતિક્રમણ કોને કહે છે?**

**ઉત્તર** —

શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,
તેથી નિવર્તે આત્મને, તે આત્મા પ્રતિક્રમણ છે. ૩૮૩

અર્થાત્, પૂર્વે લાગેલ દોષોથી આત્માને નિવૃત્ત કરવો તે પ્રતિક્રમણ છે, માટે નિશ્ચયથી (વિચાર કરવાથી), જે આત્મા ભૂતકાળના કર્મોથી પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધા કરે છે અને અનુભવ કરે છે, તે આત્મા સ્વયં જ પ્રતિક્રમણ છે.

**પ્રશ્ન ૪—પ્રતિક્રમણના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે. દ્રવ્ય અને ભાવ પ્રતિક્રમણ.

**પ્રશ્ન ૫—દ્રવ્ય પ્રતિક્રમણ કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં ભૂતકાળના સંયોગોને જ્ઞેયરૂપ જાણવા, તે દ્રવ્યપ્રતિક્રમણ છે. જેમકે—દિલ્હીમાં વસેલ જ્ઞાનીને સમ્મેદશિખર, ગિરનાર, જ્ઞાની-ધ્યાનીઓના વિચાર આવવા, સંયોગોને જ્ઞેયરૂપ જાણવા તે દ્રવ્ય પ્રતિક્રમણ છે.

**પ્રશ્ન ૬—ભાવપ્રતિક્રમણ કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં ભૂતકાળના શુભાશુભભાવોને જ્ઞેયરૂપથી

જ્ઞાનમાં લેવા, તે ભાવપ્રતિક્રમણ છે. જેમકે—દિલ્હીમાં વસતા જ્ઞાનીને સમ્મેદશિખર અને ગિરનારમાં થયેલ શુભાશુભભાવોની યાદ આવવા પર, શુભાશુભભાવોને જ્ઞેયરૂપ જાણવા, તે ભાવપ્રતિક્રમણ છે.

**પ્રશ્ન ૭—અપ્રતિક્રમણ કોને કહે છે?**

**ઉત્તર** —પ્રમાદને વશ થઈને, સ્વસ્થાનને છોડીને પરસ્થાનના ગયા બાદ, ફરીથી પોતાના સ્થાનમાં પાછા ન આવવું, તેને અપ્રતિક્રમણ કહે છે.

**પ્રશ્ન ૮—શ્રી કુંદકુંદભગવાને સમયસાર ગાથા ૨૮૩ થી ૨૮૫ સુધીમાં અપ્રતિક્રમણ કોને કહ્યું છે?**

**ઉત્તર** —અતીતકાળમાં જે જે દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મને ગ્રહણ કર્યા હતા, તેમને વર્તમાનમાં સારા સમજવા, તેના સંસ્કાર રહેવા, તેના પ્રતિ મમત્વ રહેવું, તે અપ્રતિક્રમણ છે.

**પ્રશ્ન ૯—અપ્રતિક્રમણના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—દ્રવ્ય તેમજ ભાવ-અપ્રતિક્રમણ.

**પ્રશ્ન ૧૦—દ્રવ્ય અપ્રતિક્રમણ કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાન સમયમાં ભૂતકાળના સંયોગોને ઈષ્ટ-અનિષ્ટ માનવા, તે દ્રવ્ય અપ્રતિક્રમણ છે. જેમકે—દિલ્હીમાં બેઠેલ કોઈ જીવ વિચાર કરે કે સમ્મેદશિખર, ગિરનારમાં જ્ઞાનીઓનો સંયોગ મને સદૈવ બની રહે અને અનિષ્ટ સંયોગ ક્યારેય ન રહે આ દ્રવ્ય પ્રતિક્રમણ છે.

**પ્રશ્ન ૧૧—ભાવ અપ્રતિક્રમણ કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં ભૂતકાળના શુભાશુભભાવોને ઈષ્ટ-અનિષ્ટ માનવા ભાવ અપ્રતિક્રમણ છે. જેમકે—દિલ્હીમાં બેસી રહેલ કોઈ જીવ સમ્મેદશિખર અને ગિરનારમાં કરેલ શુભાશુભભાવોમાં,

અશુભભાવ જરા પણ ન થાય અને શુભભાવોને રાખી મૂકવાનો ભાવ આ ભાવ અપ્રતિક્રમણ છે. (સમયસાર કળશ ૨૨૬)

**પ્રશ્ન ૧૨—પ્રતિક્રમણનું શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —અનાદિકાળથી અજ્ઞાની ભૂતકાળની પરવસ્તુઓને અને શુભાશુભભાવોનું સ્મરણ કરીને, તેમને ઈષ્ટ-અનિષ્ટ માનીને મિથ્યાત્વની પુષ્ટિ કરી રહ્યો હતો, તેને સદ્‌ગુરુ બોધે છે કે હે જીવ! ભૂતકાળ સંબંધી દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી દૃષ્ટિ ઉઠાવીને, એકમાત્ર પોતાના ભૂતાર્થ સ્વભાવ પર દૃષ્ટિ સ્થાપ, તો જ્ઞેય-જ્ઞાયકપણું પ્રગટીને, અપૂર્વ આત્મિક શાંતિ પ્રાપ્ત થશે.

**પ્રશ્ન ૧૩—કુંદકુંદસ્વામીએ આલોચનાનું સ્વરૂપ નિયમસારમાં કેવું બતાવ્યું છે?**

**ઉત્તર** —

તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,
નોકર્મ કર્મ—વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.
સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,
તે જીવ છે આલોચના-જિનવર વૃષભ ઉપદેશ છે. ૧૦૯.
છે કર્મતરૂમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
સ્વાધીન તે સમભાવ-નિજ પરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.

**પ્રશ્ન ૧૪—આલોચના કોને કહે છે?**

**ઉત્તર** —નિજ સ્વરૂપની (પરમપારિણામિકભાવની) મર્યાદામાં રહીને જ્ઞાન કરવું, આલોચના છે.

**પ્રશ્ન ૧૫—ભગવત્ કુંદકુંદને સમયસારમાં આલોચના કોને કહી છે?**

**ઉત્તર** —શુભ અને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,
તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.

અર્થાત્ વર્તમાન દોષથી આત્માને પૃથક્ કરવો તે આલોચના છે, માટે નિશ્ચયથી વિચાર કરીને જે આત્મા, વર્તમાનકાળના દ્રવ્યકર્મ નોકર્મ અને ભાવકર્મોથી સ્વયંને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવ કરે છે, તે આત્મા પોતે જ આલોચના છે.

**પ્રશ્ન ૧૬—આલોચનાના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—દ્રવ્ય અને ભાવ—આલોચના.

**પ્રશ્ન ૧૭—દ્રવ્ય આલોચના કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં વર્તમાનના સંયોગસંબંધ જ્ઞેયરૂપ જ્ઞાનમાં આવવો તે દ્રવ્ય આલોચના છે. જેમકે—સમ્મેદશિખરમાં બેસીને વર્તમાનના સંયોગ સંબંધને (નંદીશ્વરદ્વીપ રચના, ૨૪ ટૂંકો, જ્ઞાનીઓને) જ્ઞેયરૂપ જ્ઞાનમાં લેવો, તે દ્રવ્ય આલોચના છે.

**પ્રશ્ન ૧૮—ભાવ આલોચના કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં થતા શુભાશુભભાવોને જ્ઞેયરૂપ જ્ઞાનમાં લેવા તે ભાવઆલોચના છે. જેમકે—સમ્મેદશિખરમાં બેસીને વર્તમાનમાં થવાવાળા શુભાશુભભાવોને જ્ઞેયરૂપ જ્ઞાનમાં લેવા તે ભાવ-આલોચના છે.

**પ્રશ્ન ૧૯—અનાલોચના કોને કહે છે?**

**ઉત્તર** —પોતાના સ્વરૂપની મર્યાદામાં રહીને નહીં જાણવું, તે અનાલોચના છે.

**પ્રશ્ન ૨૦—ભગવાન કુંદકુંદે સમયસારમાં અનાલોચના કોને કહી છે?**

**ઉત્તર** —વર્તમાનકાળમાં જે દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મને ગ્રહણ કર્યા છે, તેને વર્તમાનમાં સારા (શુભ, ઈષ્ટ) સમજવા, તેમના સંસ્કાર રહેવા, તેના પ્રતિ મમત્વ રાખવું, અનાલોચના છે.

**પ્રશ્ન ૨૧—અનાલોચનાના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે. દ્રવ્ય અને ભાવ અનાલોચના.

**પ્રશ્ન ૨૨—દ્રવ્ય અનાલોચના કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં વર્તમાનના સંયોગ સંબંધોને ઈષ્ટ-અનિષ્ટ માનવા, દ્રવ્ય આલોચના છે. જેમકે—ગિરનાર પર બેઠા બેઠા ત્યાંના સંયોગો, સંબંધોની (ચોથી—પાંચમી ટૂંકની) ચાહના કરવી અને ખરાબ સંયોગો-સંબંધોની ચાહના ન કરવી. તે દ્રવ્ય અનાલોચના છે.

**પ્રશ્ન ૨૩—ભાવ અનાલોચના કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં, વર્તમાનના શુભાશુભભાવોને ઈષ્ટ-અનિષ્ટ માનવા ભાવ અનાલોચના છે. જેમકે—ગિરનાર પર્વત પર બેસીને વર્તમાનમાં દયા-દાન-પૂજા-અણુવ્રત-મહાવ્રતાદિ ભાવોને ઈષ્ટ માનવા અને અનિષ્ટભાવ જરા પણ ન આવે, તે ભાવ અનાલોચના છે. (સમયસારજી કળશ-૨૨૭)

**પ્રશ્ન ૨૪—વર્તમાનમાં અમને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો સંયોગ મળ્યો, શુભાશુભભાવનો અવસર મળ્યો—શું તેને પણ અમે સારા ન માનીયે?**

**ઉત્તર** —વાસ્તવમાં એકમાત્ર નિજ ભૂતાર્થ આત્મા જ આશ્રય કરવા યોગ્ય છે. સ્વભાવના આશ્રયથી શુદ્ધ વીતરાગદશા પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. જ્ઞાનીઓને ભૂમિકા અનુસાર જે રાગ થાય છે, તેને જ્ઞાની હેય-જ્ઞેય જાણે છે, પરંતુ અજ્ઞાની અનાદિથી એક-એક સમયે-સમયે વર્તમાનમાં દેવ-ગુરુ-શાસ્ત્રના સંયોગોને, વર્તમાનના શુભભાવોને સારા માનીને પાગલ થઈ રહ્યો છે અને તેમને મોક્ષમાર્ગ માને છે, આચાર્ય ભગવાન કહે છે કે નિજ આત્માનો અનુભવ ન હોવાથી શુભ ભલો, અશુભ ખરાબ આ માન્યતા અનંત સંસારનું કારણ છે અને મહાન પાપ છે.

**પ્રશ્ન ૨૫—કુંદકુંદ ભગવાને પ્રત્યાખ્યાનનું સ્વરૂપ નિયમસારમાં કેવું બતાવ્યું છે?**

**ઉત્તર —**

પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,
જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.
કેવલદશા, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાન સ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૬.
નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે-જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૭.
પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધ વિરહિત જીવ જે,
છું તે જ હું-ત્યમ ભાવતો, તેમાં જ સ્થિરતા કરે. ૯૮.
તુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન ચરિતમાં આતમા,
પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.
મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાન લક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગ લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.

**પ્રશ્ન ૨૬—પ્રત્યાખ્યાન કોને કહે છે?**

**ઉત્તર** —આત્માની જેવી પ્રસિદ્ધિ છે, તેવી જ તેની મર્યાદામાં (સ્વભાવ-સન્મુખ) રહેવું, તેને પ્રત્યાખ્યાન કહે છે.

**પ્રશ્ન ૨૭—ભગવાન કુંદકુંદ 'સમયસાર'માં પ્રત્યાખ્યાન કોને કહે છે?**

**ઉત્તર** —શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,
તેથી નિવર્તન જે કરે, તે આત્મા પચખાણ છે. ૩૮૪

અર્થાત્ ભવિષ્યમાં દોષ લાગવાનો ત્યાગ કરવો, તે પ્રત્યાખ્યાન છે, માટે નિશ્ચયથી વિચાર કરી, જે આત્મા, ભવિષ્ય-કાળનાં દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મોથી પોતાને ભિન્ન જાણે છે,

શ્રદ્ધે છે અને અનુભૂતિ કરે છે, તે આત્મા સ્વયં જ પ્રત્યાખ્યાન છે.

**પ્રશ્ન ૨૮—શ્રી સમયસાર ગાથા-૩૪-૩૫માં 'જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે' એમ કેમ કહ્યું છે?**

**ઉત્તર —**

"સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે." ૩૪.

"આ પારકું એમ જાણીને, પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે." ૩૫.

અર્થાત્ જેનાથી 'પોતા સિવાય સર્વ પદાર્થો પર છે' એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે, તેને પ્રત્યાખ્યાન, જ્ઞાન જ છે—એમ નિયમથી જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા જ પ્રત્યાખ્યાન છે. બીજું કાંઈ નહીં. ૩૪. જેમકે લોકમાં કોઈ પુરુષ પરવસ્તુને 'આ પરવસ્તુ છે'—આમ જાણે તો પરવસ્તુનો ત્યાગ કરે છે, તે પ્રમાણે જ્ઞાની પુરુષ સમસ્ત પરદ્રવ્યોના ભાવોને 'આ પરભાવ છે'—આ જાણીને છોડે છે.

**પ્રશ્ન ૨૯—સમયસાર કળશટીકામાં, કળશ-૨૯માં પંડિત રાજમલજીએ પ્રત્યાખ્યાન કોને કહ્યું છે?**

**ઉત્તર** —જેવી રીતે કોઈ પુરુષે, ધોબીના ઘરથી પોતાના વસ્ત્રને બદલે બીજાનું વસ્ત્ર આવી જતાં, અજાણતા તેને પહેરીને પોતાનું જાણ્યું, હવે તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો, તેણે કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું છે, પુનઃ કહ્યું કે મારું જ છે.'—આ સાંભળતા તે પુરુષે ચિન્હ જોયું અને જાણ્યું કે મારું ચિહ્ન તો વસ્ત્ર પર જ નથી. તેથી નિશ્ચયથી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે. તેને આવી પ્રતીતિ ઘટે છે. કારણ કે સ્વામીત્વપણું છૂટી ગયું છે. બસ આ જ પ્રકારે અનાદિકાળથી જીવ મિથ્યાદૃષ્ટિ છે. માટે કર્મજનિત જે શરીર, સુખ-દુઃખ, રાગ-દ્વેષ

વિ. વિભાવ પર્યાયો, તેઓને પોતાના જ જાણે છે અને તે રૂપે પ્રવર્તે છે, હેય-ઉપાદેય-જ્ઞેયને નથી જાણતો, સદ્ગુરુનો ઉપદેશ સાંભળ્યો કે હે ભવ્ય! જે શરીર, સુખ-દુઃખ, રાગ-દ્વેષ-મોહ જેઓને તું પોતાના જાણે છે અને તેમાં જ તું મગ્ન છો, તે બધાયે તારા નથી. તું તો જ્ઞાન-દર્શનધારી શુદ્ધચિદ્રૂપ છો. આવો નિશ્ચય જે સમયે થયો તે સમયે સકળ દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મનો, ત્યાગ છે. યાદ રહે—શરીર, સુખ-દુઃખ, જે હતા તેવા જ છે, (ફક્ત) પરિણામોથી ત્યાગ છે. કારણ કે સ્વામીપણું છૂટી ગયું છે. આનું નામ 'જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે. જુઓ! જ્ઞાન ઉપજ્યું કે તે મારા નથી, પછી શું તેને છોડવા પડે છે? અરે ભાઈ! નહીં, પરંતુ છૂટી જ જાય છે.

**પ્રશ્ન ૩૦—પ્રત્યાખ્યાનના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—દ્રવ્ય અને ભાવ પ્રત્યાખ્યાન.

**પ્રશ્ન ૩૧—દ્રવ્યપ્રત્યાખ્યાન કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં જેવો સંયોગ સંબંધ છે, ભવિષ્ય માટે પણ આવો જ સંયોગ સંબંધ બની રહે—આવો ભાવ ન થવો, જો આવા સંયોગ આવે તો જ્ઞેયરૂપથી આવે, આ દ્રવ્ય-પ્રત્યાખ્યાન છે જેમકે વર્તમાનમાં સદ્દેવ-ગુરુ-ધર્મનો સંયોગ સંબંધ છે. આગામી કાળમાં આવો જ (સંયોગ) બની રહે—એવો ભાવ ન થવો, પરંતુ જો આવો (સંયોગ) બની રહે તો જ્ઞેયરૂપથી જ્ઞાનમાં આવે, તે દ્રવ્ય પ્રત્યાખ્યાન છે.

**પ્રશ્ન ૩૨—ભાવપ્રત્યાખ્યાન કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાન શુભભાવોને આગામી કાળમાં બનાવી રાખવાનો ભાવ અને અશુભભાવ ન આવે, એવો ભાવ ભવિષ્યને માટે ન આવે અથવા આવે તો તેને જ્ઞેયરૂપ જ્ઞાનમાં લેવો—આ ભાવ પ્રત્યાખ્યાન છે.

જેમકે—વર્તમાનમાં સમ્મેદશિખરમાં શુભભાવ આવે છે. અશુભભાવ નથી આવતા. ભવિષ્યને માટે શુભાશુભભાવો, જ્ઞેયરૂપ જ્ઞાનમાં ભાસવા, તે ભાવ પ્રત્યાખ્યાન છે.

**પ્રશ્ન ૩૩—અપ્રત્યાખ્યાન કોને કહે છે?**

**ઉત્તર** —આત્માની જેવી પ્રસિદ્ધિ છે, તેની સન્મુખ ન રહેતા, તેની મર્યાદાનું ઉલ્લંઘન કરવું, તે અપ્રત્યાખ્યાન છે.

**પ્રશ્ન ૩૪—સમયસાર ગાથા ૨૮૩ થી ૨૮૫માં અપ્રત્યાખ્યાન કોને કહ્યાં છે?**

**ઉત્તર** —આગામી કાળ સંબંધી દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મોની ઈચ્છા રાખવી, મમત્વ રાખવું—તે જ અપ્રત્યાખ્યાન છે. એમ કહ્યું છે.

**પ્રશ્ન ૩૫—અપ્રત્યાખ્યાનના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—દ્રવ્ય તેમજ ભાવ-અપ્રત્યાખ્યાન.

**પ્રશ્ન ૩૬—દ્રવ્ય અપ્રત્યાખ્યાન કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં દ્રવ્યકર્મ-નોકર્મનો જેવો સંબંધ છે, તેવો જ સંબંધ ભવિષ્યમાં પણ બનાવી રાખવાનો ભાવ, દ્રવ્ય અપ્રત્યાખ્યાન છે. જેમકે—વર્તમાનમાં સત્‌દેવ-ગુરુ-ધર્મનો સંયોગ, આગામી કાળમાં પણ એવો ને એવો જ બની રહે—એવો ભાવ દ્રવ્યઅપ્રત્યાખ્યાન છે.

**પ્રશ્ન ૩૭—ભાવ અપ્રત્યાખ્યાન કોને કહે છે?**

**ઉત્તર** —વર્તમાનમાં જેવા શુભભાવ છે, અશુભભાવ નથી, ભવિષ્યકાળમાં આવા જ શુભભાવ બની રહે તો સારું, તેને ભાવઅપ્રત્યાખ્યાન કહે છે. જેમકે—વર્તમાન સમ્મેદશિખરમાં રહેતાં, શુભભાવ તો આવે છે અને અશુભભાવ જરા પણ નથી આવતા, ભવિષ્યમાં પણ આવા શુભભાવો બની રહે તેવો ભાવ, તે

ભાવઅપ્રત્યાખ્યાન છે. (સમયસાર કળશ-૨૮૮)

**પ્રશ્ન ૩૮—વર્તમાનમાં જે શુભ સંયોગરૂપ સંબંધ છે અને શુભભાવ પણ છે, તેને ભવિષ્યમાં પણ એવા જ ભાવ બની રહે તેનો તમે નિષેધ કેમ કર્યો છે?**

**ઉત્તર** —વર્તમાનમાં સારા સંયોગો છે, શુભભાવ છે, તેવા જ ભવિષ્યમાં પણ ચાલુ રહે. તેનો અર્થ કે તું સંસારમાં જ ભ્રમણ કર્યા કરે. અરે ભાઈ! આવા ભાવ અનંત સંસારનું કારણ છે. માટે એકમાત્ર પરમ પારિણામિક ભાવરૂપ પોતાના આત્માનો આશ્રય લઈને ધર્મની પ્રતીતિ કરવી—તે જ સુખનો ઉપાય છે.

**પ્રશ્ન ૩૯—ભગવાન કુંદકુંદ અને અમૃતચંદ્રાચાર્યને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણ, આલોચના-અનાલોચના, પ્રત્યાખ્યાન-અપ્રત્યાખ્યાનનું સ્વરૂપ કઈ કઈ ગાથામાં તથા ટીકામાં વર્ણવ્યું છે?**

**ઉત્તર** —(૧) સમયસારજીમાં ગાથા ૨૮૩ થી ૨૮૫ સુધી અપ્રતિક્રમણાદિનું સ્વરૂપ સમજાવ્યું છે. (૨) સમયસારજી ગાથા ૩૦૬-૩૦૭માં પ્રતિક્રમણ, ગાથા ૩૮૩ થી ૩૮૯ સુધી પ્રતિક્રમણ-આલોચના વિ.નું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. (૩) સમયસાર ગાથા ૨૧૫માં 'જ્ઞાનીને ત્રિકાળ સંબંધી પરિગ્રહ નથી'—એ બતાવ્યું છે. (પાત્ર જીવોને અનુરોધ છે કે તે ગાથાઓ તથા ટીકાનો સૂક્ષ્મતાથી અધ્યયન કરવું)

**પ્રશ્ન ૪૦—શું નિયમસારજીમાં પ્રતિક્રમણાદિનું સ્વરૂપ બતાવ્યું છે?**

**ઉત્તર** —(૧) નિયમસાર ગાથા ૩૮ થી ૫૦ સુધીમાં કોના આશ્રયે પ્રતિક્રમણાદિ ઉત્પન્ન થાય છે તે બતાવ્યું છે.

(૨) ગાથા ૭૭ થી ૧૫૮માં પ્રતિક્રમણ વિ. નિશ્ચયચારિત્રનું વર્ણન છે.

(૩) નિયમસાર, ગાથા ૧૧૯ની ટીકા તથા ફૂટનોટમાં જણાવ્યું છે કે 'માત્ર પરમપારિણામિક ભાવનું—શુદ્ધાત્મ દ્રવ્ય સામાન્યનું'—આલંબન લેવું જોઈએ. તેનું આલંબન લેવાવાળો ભાવ જ (વીતરાગી ભાવ જ) મહાવ્રતનું સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત વિગેરે બધુ જ છે. (આત્મ-સ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપ પ્રતિ સંમુખતા, આત્મસ્વરૂપની પ્રત્યે ઝુકાવ, આત્મસ્વરૂપનું ધ્યાન, પરમપારિણામિકભાવની ભાવના, હું શુદ્ધ આત્મ સામાન્ય છું—એવી પરિણતિ—આ બધાનો એક જ અર્થ છે.

**પ્રશ્ન ૪૧—શ્રી સમયસારજીમાં વિષકુંભ કોને કહ્યો છે?**

**ઉત્તર —**

પ્રતિક્રમણ ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા—એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.

**પ્રશ્ન ૪૨—શ્રી સમયસારજીમાં અમૃતકુંભ કોને કહ્યા છે?**

**ઉત્તર —**

અણપ્રતિક્રમણ, અણ પ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ—અમૃતકુંભ છે. ૩૦૭

# ૪ ભગવાન આત્માની છ બોલોથી સિદ્ધિ

## શ્રી સમયસારજી ગાથા ૩૯૦ થી ૪૦૪ સુધીનું રહસ્ય

**પ્રશ્ન ૧—ભગવાન આત્મા, પરદ્રવ્યોથી ભિન્ન છે—આની સિદ્ધિ માટે ભગવાન કુંદકુંદને સમયસારજી ગાથા-૩૯૦ થી ૪૦૪ સુધી શું કહ્યું છે?**

**ઉત્તર —**

રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે; ૩૯૦.
રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો—જિન કહે; ૩૯૧.
રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું—જિન કહે; ૩૯૨.
રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કાંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો—જિન કહે; ૩૯૩.
રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી—જિન કહે; ૩૯૪.
રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો—જિન કહે; ૩૯૫.
રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો—જિન કહે; ૩૯૬.

રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું—જિન કહે; ૩૯૭.
રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો—જિન કહે; ૩૯૮.
અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો—જિન કહે; ૩૯૯.
રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો—જિન કહે; ૪૦૦.
આકાશ તે નથી જ્ઞાન, જેથી આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે આકાશ જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે; ૪૦૧.
નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.
રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઈમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.
સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

(આ ગાથાઓ પર પૂજ્ય સદ્‌ગુરુદેવ કાનજીસ્વામીના આધ્યાત્મિક પ્રવચન ‘ભેદવિજ્ઞાનસાર’ નામથી પ્રકાશિત છે, જેનું અધ્યયન અતિ ઉપયોગી છે.)

**પ્રશ્ન ૨—કુંદકુંદાચાર્યે આ ૧૫ ગાથાઓમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —ભગવાન આત્માનો શાસ્ત્ર, શબ્દ, ગુરુના વચન, દિવ્યધ્વનિની સાથે, કોઈ પ્રકારના આકાર સાથે, કાળા, પીળા, લીલા, લાલ, સફેદ રૂપની સાથે, સુગંધ-દુર્ગંધરૂપ ગંધની સાથે ખાટા-મીઠા-કડવા, તૂરા અને તીખા રસની સાથે, હલ્કો-ભારી, ઠંડો, ગરમ, લૂખો-ચીકણો, કઠણ, નરમરૂપ સ્પર્શની સાથે, આઠેય કર્મોની

સાથે, ધર્મ-અધર્મ-આકાશ-કાળની સાથે, કર્મના ઉદયરૂપ અધ્યવસાનની સાથે સંબંધ નથી—એવું અનાદિથી જિનદેવ કહે છે. કારણ કે આત્મા નિરંતર જાણે છે, માટે જ્ઞાયક—એવો જીવ જ્ઞાનવાળો છે અને જ્ઞાન-જ્ઞાયકથી અભિન્ન છે—એમ જાણવું જોઈએ. અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો જોઈએ. જ્ઞાની, જ્ઞાનને જ સમ્યક્દષ્ટિ, સંયમ, અંગ, પૂર્વગત સૂત્ર, પુણ્ય-પાપ, દીક્ષા માને છે.

હકીકત એ છે કે અનાદિ અજ્ઞાનથી ઉત્પન્ન શુભાશુભ ઉપયોગરૂપ પર સમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, તે સ્વસમય પરિણમન સ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમિત કરીને, જે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત થયેલ છે અને જેમાં કોઈ ગ્રહણ-ત્યાગ નથી—એવા સાક્ષાત્ સમયસાર સ્વરૂપ પરમાર્થભૂત, નિશ્ચળ રહેલ, શુદ્ધ પૂર્ણ આત્મદ્રવ્યને દેખવું જોઈએ.

**પ્રશ્ન ૩—આત્મા શું કરે છે?**

**ઉત્તર** —"आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ।।"

અર્થાત્ ચેતન આત્મા ચેતનમાત્ર પરિણામને કરે છે. (સમયસાર કળશ ૬૨) આથી આત્મા સ્વયં ચેતના પરિણામમાત્ર સ્વરૂપ છે. આત્મા પરભાવનો કર્તા છે—એમ માનવું, તે વ્યવહારી જીવનો મોહ (અજ્ઞાન) છે.

**પ્રશ્ન ૪—શું ચેતનપરિણામથી ભિન્ન, અચેતન-પુદ્ગલ પરિણામરૂપ કર્મને જીવ કરે છે?**

**ઉત્તર** —સર્વથા નથી કરતો. ચેતનદ્રવ્ય, જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે, એમ માનવું. તે જ મિથ્યાદષ્ટિ જીવોનું અજ્ઞાન છે.

જ્ઞાનાવરણીય કર્મનો કર્તા જીવ છે, તે કહેવું ઉપચાર છે.

*(સમયસાર કળશ-૨૧૦ તથા ૨૧૪)*

**પ્રશ્ન ૫—આત્માનું કાર્ય જ્ઞાન છે, તે જ્ઞાનનો પરથી કોઈ સંબંધ નથી, આમાં કેટલા બોલ નીકળી શકે છે?**

**ઉત્તર** —હજારો બોલ નીકળી શકે, પરંતુ તે બધાનો છ બોલમાં સમાવેશ કરીએ છીએ—

(૧) જ્ઞાન, અરૂપી છે.

(૨) જ્ઞાનને કાંઈ કાળ વા ક્ષેત્ર, વિઘ્ન નથી કરી શકતું.

(૩) જ્ઞાન અવિકારી છે.

(૪) જ્ઞાન, ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ છે.

(૫) જ્ઞાન, પરનું કાંઈ પણ નથી કરી શકતું.

(૬) જ્ઞાન સર્વ સમાધાનકારક છે.

**પ્રશ્ન ૬—જ્ઞાન અરૂપી છે તે ક્યા પ્રકારે છે?**

**ઉત્તર** —ભગવાન આત્મા અરૂપી છે. તેના ગુણ અરૂપી છે અને તેની પર્યાય અરૂપી છે. અર્થાત્ આત્માને રૂપી પદાર્થો સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી.

**પ્રશ્ન ૭—શું શાસ્ત્રોથી, ભગવાનની દિવ્યધ્વનિથી, ગુરુવાણીથી જ્ઞાન થાય છે?**

**ઉત્તર** —(૧) બિલ્કુલ નહીં, કારણ કે શાસ્ત્ર, દિવ્યધ્વનિ, ગુરુવાણી બધી પુદ્‌ગલની સ્કંધરૂપ પર્યાય છે, તેઓમાં જ્ઞાનત્વ નથી, માટે જે રૂપી છે અને જેનામાં જ્ઞાન નથી—એવા જે શાસ્ત્ર દિવ્યધ્વનિ શબ્દ વિ. અરૂપી જ્ઞાનઘન આત્માને જ્ઞાનનું કારણ બને—એમ બની શકે નહીં, એટલે જ્ઞાન અરૂપી છે—એમ સિદ્ધ થાય છે.

(૨) આ શાસ્ત્ર છે, તેઓ સ્થૂળ-સ્થૂળ સ્કંધ છે તેઓમાં વજન

છે. જુઓ, હજારો પુસ્તકોનું વજન ઉઠાવી ન શકાય, પરંતુ હજારો પુસ્તકોનું (વિચારોનું) જ્ઞાન થવામાં પણ વજન નથી લાગતું. આથી સિદ્ધ થાય છે કે 'જ્ઞાન અરૂપી છે.'

**પ્રશ્ન ૮—શાસ્ત્રોથી, દિવ્યધ્વનિથી, ગુરુના વચનોથી, દ્રવ્યકર્મના ક્ષયોપશમાદિથી અને જ્ઞેયોથી જ્ઞાન થાય છે—એમ શાસ્ત્રોમાં કેમ કહ્યું છે?**

**ઉત્તર** —કહેવા માટે છે, વસ્તુસ્વરૂપ વિચારતા તેમાં કર્તા-કર્મ સંબંધ નથી. વ્યવહારદૃષ્ટિથી જ જીવ તેઓનો કર્તા છે. કારણ કે વ્યાપ્ય-વ્યાપકપણું એક જ દ્રવ્યમાં હોય છે. બે દ્રવ્યમાં કદી પણ નહીં

(કળશ-૨૧૪)

**પ્રશ્ન ૯—જ્યાં બે દ્રવ્યોના કર્તા-કર્મ લખ્યા હોય ત્યાં શું અર્થ સમજવો?**

**ઉત્તર** —જ્યાં પણ બે દ્રવ્યોના કર્તા-કર્મ લખ્યા હોય, ત્યાં ''વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, ખરેખર એમ છે નહીં, કિંતુ નિમિત્તાદિની અપેક્ષાથી આ ઉપચાર કર્યો છે.''—એમ સમજવું જોઈએ.

**પ્રશ્ન ૧૦—જો કોઈ એમ કહે કે અમે તો શાસ્ત્રોથી, દિવ્યધ્વનિથી, ગુરુના વચનોથી, કર્મના ક્ષયાદિથી અને જ્ઞેયોથી જ જ્ઞાન માનશું, તો તેમને માટે જિનવાણીમાં ક્યા નામોથી સંબોધન કર્યું છે?**

**ઉત્તર** —(૧) 'તસ્ય દેશના નાસ્તિ'—વહ જિનવાણી સાંભળવાને લાયક નથી. (પુરુષાર્થસિદ્ધિઉપાય—ગાથા ૬)

(૨) તે પગલે-પગલે છેતરાય છે. (પ્રવચનસાર ગાથા ૫૬)

(૩) જ્ઞેયોથી જ્ઞાન થાય છે. આવી શ્રદ્ધાને મિથ્યાદર્શન, આવા જ્ઞાનને મિથ્યાજ્ઞાન અને આવા આચરણને મિથ્યાચારિત્ર કહે છે.

(સમયસાર ગાથા ૨૭૦)

(૪) પરદ્રવ્યના કર્તૃત્વનો મહા અહંકારરૂપ અજ્ઞાન અંધકાર છે, જેને સુલટવો અત્યંત દુર્નિવાર છે. *(સમયસાર-કલશ)*

**પ્રશ્ન ૧૦—'જ્ઞાન અરૂપી છે' તેથી શું તાત્પર્ય નીકળ્યું?**

**ઉત્તર** —અરે ભાઈ! જેમ જ્ઞાન સાથે પરનો સંબંધ નથી, તેવી જ રીતે સુખ માટે પાંચે ઈન્દ્રિયોના વિષયોનો, સમ્યક્દર્શન માટે દર્શનમોહનીયના ઉપશમનો અને ચારિત્ર માટે બાહ્યક્રિયા તથા શુભભાવોની આવશ્યકતા નથી.

**પ્રશ્ન ૧૨—'જ્ઞાનને કોઈ કાળ કે ક્ષેત્ર, વિઘ્ન નથી કરી શકતું.'—આ કઈ રીતે છે?**

**ઉત્તર** —(અ) જ્ઞાનને કોઈ કાળ વિઘ્ન નથી કરી શકતું. વિચારો—પાંચ મિનિટ પહેલાના સમયનું જ્ઞાન કરવામાં પાંચ મિનિટ લાગે અને પાંચ વર્ષ પહેલાના સમયનું જ્ઞાન કરવામાં પાંચ વર્ષ લાગે—શું આવું હોય છે? નહીં, કારણ કે પાંચ મિનિટ હોય કે પાંચ વર્ષ પહેલાનું જ્ઞાન કરવામાં સમય સમાન જ લાગે છે. આથી નિર્ણય થયો કે—જ્ઞાનને કોઈ કાળ વિઘ્ન કરી શકતું નથી.'

(આ) જ્ઞાનને કોઈ ક્ષેત્ર પણ વિઘ્ન નથી કરી શકતું. વિચારો—જેમકે આપણે દિલ્હીમાં બેઠા છીએ તો દિલ્હીનું જ્ઞાન કરવામાં થોડો સમય તથા દૂરક્ષેત્ર મુંબઈનું જ્ઞાન કરવામાં વધુ સમય લાગે—શું આવું થાય છે? નહીં. કારણ કે ક્ષેત્ર નજીક હોય કે દૂર હોય, બંનેનું જ્ઞાન કરવામાં સરખો જ સમય લાગે છે. બસ, તો નિર્ણય થયો કે 'જ્ઞાનને કોઈ ક્ષેત્ર પણ વિઘ્ન નથી કરી શકતું.' આવું પાત્ર જીવ જાણે છે.

**પ્રશ્ન ૧૩— કોઈ દલીલ કરે કે જ્યાં સીમંધર પ્રભુ છે, ત્યાં ચોથો કાળ અને વિદેહક્ષેત્ર છે, ત્યાંથી મોક્ષ થાય છે અને જ્યાં આપણે રહીએ છીએ, ત્યાં પંચમકાળ છે, ભરતક્ષેત્ર છે, અહીંથી**

**મોક્ષ પ્રાપ્તિ નથી. જુઓ, મોક્ષપ્રાપ્તિ માટે કાળ અને ક્ષેત્ર-બન્નેનું વિઘ્ન નડ્યું, માટે તમારી વાત જૂઠી સાબિત થાય છે?**

**ઉત્તર** —(૧) હે ભાઈ! તૂ ક્યારેક ચોથા કાળે, વિદેહક્ષેત્રમાં હતો કે નહીં? જો હતો તો અમે પૂછીએ છીએ કે તારો મોક્ષ કેમ ન થયો?

(૨) જંબુસ્વામી વિ. પંચમકાળમાં જ મોક્ષ પધાર્યા.

(૩) પૂર્વભવનો કોઈ વેરી દેવ, વિદેહક્ષેત્રના ભાવલિંગી મુનિને અહીં ફેંકે તો તે મુનિ ઉગ્ર પુરુષાર્થ કરીને અહીંથી મોક્ષને પ્રાપ્ત કરે. જો કાળ અને ક્ષેત્ર વિઘ્ન કરતા હોય તો તેમનો મોક્ષ ન થવો જોઈએ. માટે યાદ રાખો, કાળ સારો હોય કે ખરાબ, ક્ષેત્ર અનુકૂળ હોય કે પ્રતિકૂળ, કોઈ પણ જીવને કોઈપણ સમયે ક્ષેત્ર કે કાળ, વિઘ્ન કરી શકતા નથી.

**પ્રશ્ન ૧૪—તો શાસ્ત્રોમાં કેમ લખ્યું છે કે પંચમકાળમાં મોક્ષ નથી થતો?**

**ઉત્તર** —જે જીવ, પંચમકાળમાં ઉત્પન્ન થશે, તે જીવ એટલો તીવ્ર પુરુષાર્થ નહીં કરી શકે કે તે દૃષ્ટિ મોક્ષને છોડીને, મોહ મુક્ત મોક્ષ, જીવનમુક્ત મોક્ષ અને વિદેહ મોક્ષને પ્રાપ્ત કરી શકે—એમ કેવળીના જ્ઞાનમાં આવ્યું છે. આમ તીવ્ર પુરુષાર્થ ન કરી શકવાની અપેક્ષાએ પંચમકાળમાં મોક્ષ નથી થતો, એમ શાસ્ત્રોમાં લખ્યું છે.

**પ્રશ્ન ૧૫—શું મોક્ષ પણ ઘણા પ્રકારે કહી શકાય?**

**ઉત્તર** —હાં, મોક્ષ પાંચ પ્રકારના છે, (૧) શક્તિરૂપ મોક્ષ, (૨) દૃષ્ટિ મોક્ષ, (૩) મોહમુક્ત મોક્ષ, (૪) જીવનમુક્ત મોક્ષ, (૫) વિદેહ મોક્ષ.

**પ્રશ્ન ૧૬—આ પાંચ મોક્ષ ને ગુણસ્થાન અપેક્ષાએ સમજાવો.**

**ઉત્તર** —(૧) શક્તિરૂપ મોક્ષ તો નિગોદથી લઈને સિદ્ધદશા

સુધી પ્રત્યેક જીવ પાસે અનાદિ-અનંત છે.

(૨) દૃષ્ટિમોક્ષ : શક્તિરૂપ મોક્ષનો આશ્રય લેવાથી, ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે.

(૩) શક્તિરૂપ મોક્ષમાં વિશેષ એકાગ્રતા કરવાથી, દૃષ્ટિ મોક્ષના પછી બારમાં ગુણસ્થાનમાં મોહયુક્તદશા પ્રગટ થાય છે.

(૪) જીવનમુક્ત મોક્ષ. તેરમાં તથા ચૌદમા ગુણસ્થાનમાં પ્રગટ થાય છે.

(૫) વિદેહમોક્ષ, ચૌદમા ગુણસ્થાનથી પાર સિદ્ધદશામાં પ્રગટ થાય છે.

**પ્રશ્ન ૧૭—બધામાં મોક્ષ કોના આશ્રયે પ્રગટ થાય છે?**

**ઉત્તર** —(૧) એકમાત્ર શક્તિરૂપ મોક્ષના આશ્રયે જ ચારે પ્રકારનાં મોક્ષ, પર્યાયમાં પ્રગટ થાય છે, માટે શક્તિરૂપ મોક્ષનો આશ્રય લીધા વિના, દૃષ્ટિ મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

(૨) દૃષ્ટિ મોક્ષ પ્રાપ્ત કર્યા વિના મોહમુક્ત મોક્ષની પ્રાપ્તિ નથી થતી.

(૩) મોહમુક્ત મોક્ષ પ્રાપ્ત કર્યા વિના જીવનમુક્ત મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

(૪) જીવનમુક્ત મોક્ષ પ્રાપ્ત કર્યા વિના, વિદેહમોક્ષની પ્રાપ્તિ થતી નથી. આ જિન, જિનવર અને જિનવર વૃષભોએ કહેલ અનાદિ-અનંત નિયમ છે.

**પ્રશ્ન ૧૮—પંચમકાળમાં આ પાંચ મોક્ષમાંથી ક્યા-ક્યા મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે? એવા જીવોના નામ બતાવો, જેમને આની પ્રાપ્તિ થઈ છે?**

**ઉત્તર** —પંચમકાળમાં દૃષ્ટિ મોક્ષ જ પર્યાયમાં પ્રગટ થઈ શકે છે. કારણ કે (૧) શક્તિરૂપ મોક્ષ તો પ્રાણીમાત્રની પાસે છે.

(૨) દષ્ટિમોક્ષ પ્રાપ્ત પંચમકાળમાં કુંદકુંદ ભગવાન, અમૃતચંદ્રાચાર્ય, સમંતભદ્રાચાર્ય, ધરસેનાચાર્ય, રવિષેણાચાર્ય, પં. ટોડરમલજી, પં. રાજમલજી, પં. દીપચંદજી, પં. દૌલતરામજી, પૂજ્ય કાનજીસ્વામી વિ. થયા છે અને બીજા દષ્ટિ મોક્ષ પ્રાપ્ત જીવ વિચરે છે—આવું પાત્ર ભવ્ય જીવ જાણે છે.

**પ્રશ્ન ૧૯—પંચમકાળમાં દષ્ટિમોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે—એવો ક્યા ક્યા શાસ્ત્રોમાં ઉલ્લેખ છે?**

**ઉત્તર** —(૧) ભગવાન કુંદકુંદે 'મોક્ષપાહુડ' ગાથા-૭૭માં કહ્યું છે કે "હમણાં આ પંચમકાળમાં પણ જે મુનિ, સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતાયુક્ત હોય છે, તેઓ આત્માનું ધ્યાન કરી ઈન્દ્રપદ અથવા લૌકાન્તિક દેવ પદને પ્રાપ્ત કરે છે અને ત્યાંથી ચ્યવીને નિર્વાણને પામે છે."

(૨) આચાર્યકલ્પ પં. ટોડરમલજીએ આઠમા અધિકારમાં લખ્યું છે કે "આ કાળ, સાક્ષાત્ મોક્ષ ન હોવાની અપેક્ષાએ નિકૃષ્ટ છે, આત્માનુભવ દ્વારા સમ્યક્ત્વાદિની પ્રાપ્તિની આ કાળમાં મનાઈ નથી, માટે આત્માને જાણવા માટે દ્રવ્યાનુયોગનો અવશ્ય અભ્યાસ કરવો."

(૩) કાર્તિકેયાનુપ્રેક્ષાની 'ધર્માનુપ્રેક્ષા ભાવના'માં ગાથા-૪૮૭ની ટીકામાં લખ્યું છે કે 'આ કાળમાં શુક્લધ્યાન તો નથી, પરંતુ ધર્મધ્યાન હોય છે.' તથા મોક્ષપ્રાભૃતનો હવાલો આપ્યો છે. ધર્મધ્યાન શુદ્ધભાવ છે. આ ધ્યાન ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન સુધી હોય છે

**પ્રશ્ન ૨૦—કોઈ કહે, અમને તો દષ્ટિ મોક્ષવાળા જીવ ક્યાંય દેખાતા નથી?**

**ઉત્તર** —જેમ—સૂર્યનો પ્રકાશ હોવા છતાં ઘુવડને દેખાતો નથી,

તે જ પ્રમાણે અજ્ઞાની મૂઢ જીવોને દૃષ્ટિ મોક્ષવાળા જીવ દેખાતા નથી, તેમાં અમે શું કરીએ?

**પ્રશ્ન ૨૧—ઘણા કહે છે કે પંચમકાળમાં નિશ્ચય-સમ્યક્ત્વ હોય જ નહીં—શું આ વાત બરાબર છે?**

**ઉત્તર** —બિલકુલ જૂઠ છે, કારણ કે 'જ્ઞાનાર્ણવ'માં લખ્યું છે કે—'આ કાળમાં બે-ત્રણ સત્પુરુષ છે, અર્થાત્ થોડા છે.' આથી સિદ્ધ થયું કે પંચમકાળમાં મોક્ષ છે. માટે પાત્ર જીવોએ જાણવું જોઈએ કે જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે, તેનાથી મોક્ષ થાય જ છે. માટે 'જ્ઞાનને કોઈ કાળ કે ક્ષેત્ર, વિઘ્ન નથી કરી શકતું'—આ સિદ્ધ થઈ ગયું.

**પ્રશ્ન ૨૨—'જ્ઞાન, અવિકારી છે'—આ કેવી રીતે છે?**

**ઉત્તર** —જ્ઞાન અવિકારી છે, અર્થાત્ જ્ઞાનમાં વિકાર નથી. જેમકે, દસ દિવસ પહેલા આપણી કોઈની સાથે લડાઈ થઈ ગયી, લડાઈના સમયે આપણે ખૂબ લાલ-પીળા થયા (અર્થાત્ ખૂબ ક્રોધિત થયાં) વિચારો, વર્તમાન સમયમાં લડાઈનું જ્ઞાન તો કરી શકાય છે. પરંતુ લડાઈના સમયે જેવા લાલ-પીળા થઈ રહ્યા હતા., તે હમણા નથી થઈ શકતા અને જ્ઞાન કરવાના સમયે ક્રોધાદિ પણ થવા જોઈએ પરંતુ એવું બનતું નથી. આમ સિદ્ધ થયું કે જ્ઞાનમાં વિકાર નથી.

**પ્રશ્ન ૨૩—'જ્ઞાન અવિકારી છે', તેનું કોઈ બીજું દૃષ્ટાંત આપી સમજાવશો.**

**ઉત્તર** —આજથી પાંચ વર્ષ પહેલા આપણે કોઈને કટુવચન કહ્યા હોય, તો શું આજે તેનું જ્ઞાન કરતા, જ્ઞાનમાં કટુતા આવશે? ક્યારેય નહીં. માટે આ સિદ્ધ થયું કે જ્ઞાન અવિકારી છે.

**પ્રશ્ન ૨૪—શું શુભાશુભ વિકારીભાવ પણ આત્માથી ભિન્ન છે?**

**ઉત્તર** —હાં, ભિન્ન છે. ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધાદિમાં

ઉપયોગ નથી, ક્રોધ ક્રોધમાં જ છે, ઉપયોગમાં નિશ્ચયથી ક્રોધ નથી.

(સમયસાર ગાથા ૧૮૧)

**પ્રશ્ન ૨૫–શુભાશુભભાવ આત્મામાં નથી–એવું ક્યા શાસ્ત્રોમાં કહ્યું છે?**

**ઉત્તર** –(૧) શ્રી સમયસાર ગાથા ૭૧ની ટીકામાં જે 'ક્રોધાદિને તથા આત્માને નિશ્ચયથી એક વસ્તુત્વ નથી.' તથા એમ પણ લખ્યું છે કે "જ્ઞાન થવા સમયે જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે, તે પ્રકારે ક્રોધાદિ પણ થતા માલૂમ પડતા નથી."

(૨) શ્રી સમયસાર ગાથા ૧૮૧ થી ૧૮૩ સુધીમાં–જેમ દ્રવ્યકર્મ, નોકર્મ આત્માથી ભિન્ન છે, તે પ્રમાણે ભાવકર્મ પણ આત્માથી ભિન્ન છે. ક્રોધાદિમાં અને જ્ઞાનમાં પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે–એમ કહ્યું છે. (૩) શ્રી સમયસાર ગાથા ૨૯૪માં રાગાદિ અને આત્માના નિજનિજ લક્ષણ જાણીને પોતાની પ્રજ્ઞારૂપી છીણીને, પોતાના સ્વભાવ સન્મુખ કરવાથી બંને અલગ-અલગ થઈ જાય છે. આથી સિદ્ધ થાય છે કે 'જ્ઞાન અવિકારી' છે.

(આ માટે શ્રી સમયસાર ગાથા ૭૧, ૧૮૧, ૧૮૨, ૧૮૩ તથા
૨૯૪ની ટીકા, ભાવાર્થ સહિત અભ્યાસ કરવો જોઈએ.)

**પ્રશ્ન ૨૬–ઘણા જીવો, શુભાશુભભાવોથી ધર્મની પ્રાપ્તિ થાય છે. એમ કેમ કહે છે?**

**ઉત્તર** –(૧) શુભભાવોથી ધર્મની પ્રાપ્તિ થાય છે–એમ કોઈ મિથ્યાવાદી માને છે પરંતુ જેમ લસણ ખાવાથી કસ્તૂરીનો ઓડકાર નથી આવતો તેવી રીતે શુભભાવોથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી.

**પ્રશ્ન ૨૭–શુભભાવોને સમયસારમાં કેવા કહ્યા છે?!**

**ઉત્તર** –(૧) પુણ્યભાવને ધર્મનું કારણ માનવાવાળાને શ્રી સમયસાર, ગાથા ૧૫૪માં 'નપુંસક' કહ્યા છે.

(૨) ગાથા ૭૨માં પુણ્યભાવને મળ, મેલ, અપવિત્ર અશુચિ, જડસ્વભાવથી ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા આકુળતાને ઉત્પન્ન કરવાવાળા અને દુઃખના કારણ કહ્યાં છે.

(૩) ગાથા ૭૪માં વિરુદ્ધ સ્વભાવી, અધ્રુવ અનિત્ય, અશરણ, વર્તમાનમાં દુઃખરૂપ અને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ કહ્યાં છે.

(૪) ગાથા ૩૦૬માં વિષકુંભ કર્યા છે.

(૫) શ્રી સમયસાર, ગાથા ૧૫૨માં આત્માના અનુભવ વિનાના વ્રત-તપને બાળવ્રત અને બાળતપ કહ્યાં છે.

**પ્રશ્ન ૨૮—શુભભાવોને છઢાળામાં કેવા કહ્યાં છે?**

**ઉત્તર** —(૧) પાંચમી ઢાળમાં

આસ્રવ દુઃખકાર ઘનેરે, બુધિવંત તિન્હેં નિરવેરે,
જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત્ત દીના,
તિન હી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે.

(૨) છઠ્ઠી ઢાળમાં 'યહ રાગ-આગ દહૈ સદા'—કહ્યું છે.

(૩) બીજી ઢાળમાં "શુભ-અશુભ બંધકે ફળ મંજાર, રતિ-અરતિ કરે નિજપદ વિસાર"—કહ્યાં છે.

(૪) પ્રથમ ઢાળમાં 'જો વિમાનવાસી હૂઁ થાય, સમ્યક્‌દર્શન બિન દુઃખ પાય' કહ્યું છે.

**પ્રશ્ન ૨૯—પ્રવચનસારમાં શુભભાવોને કેવા કહ્યા છે?**

**ઉત્તર** —ગાથા ૧૧ની ટીકામાં 'શુભઉપયોગને હેય' કહ્યો છે. ગાથા-૭૭માં 'પુણ્ય-પાપ'માં જે અંતર સમજે છે, તે ઘોર અપાર સંસારમાં ભ્રમણ કરે છે.'—એમ કહ્યું છે.

**પ્રશ્ન ૩૦—સોલહકારણ પૂજામાં પુણ્યભાવને કેવો કહ્યો છે?**

**ઉત્તર** —'પુણ્ય-પાપ સબ નાશકે, જ્ઞાનભાનુ પરકાશ' તથા મંગલવિધાનમાં 'પુણ્યં સમગ્રમહમેકમના જુહોમિ' અર્થાત્ સમસ્ત પુણ્યને એકાગ્ર ચિત્તથી કેવળજ્ઞાનરૂપ અગ્નિમાં હવન કરું છું. દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજામાં 'શુભ અને અશુભકી જ્વાલાસે, ઝુલસા હૈ મેરા અંતસ્તલ'—એમ કહ્યું છે.

**પ્રશ્ન ૩૧—યોગસારમાં પુણ્યને કેવું કહ્યું છે?**

**ઉત્તર** —દોહા ૭૧માં જ્ઞાની પુણ્યને પાપ જાણે છે—એમ કહ્યું છે.

**પ્રશ્ન ૩૨—પુરુષાર્થસિદ્ધિઉપાયમાં પુણ્યને કેવું કહ્યું છે?**

**ઉત્તર** —ગાથા ૨૨૦માં શુભોપયોગને 'અપરાધ' કહ્યો છે.

**પ્રશ્ન ૩૩—શુભભાવને નપુંસક, અપરાધ વિ. કહેવાનું તાત્પર્ય શું છે?**

**ઉત્તર** —જ્ઞાન અર્થાત્ આત્મા અવિકારી છે. તેની પ્રાપ્તિ કોઈપણ પ્રકારના શુભભાવોથી થઈ શકે નહીં. એકમાત્ર ભૂતાર્થ સ્વભાવનો આશ્રય લઈને નિજાત્માનો અનુભવ કરે તો 'જ્ઞાન અવિકારી' છે—એમ માન્યું.

**પ્રશ્ન ૩૪—'જ્ઞાન ચૈતન્ય ચમત્કારરૂપ છે'—આ કેવી રીતે છે?**

**ઉત્તર** —કેવળજ્ઞાનમાં ત્રિકાળવર્તી બધા પદાર્થોનું સંપૂર્ણ સ્વરૂપ પ્રત્યેક સમયમાં સર્વપ્રકારે એકીસાથે સ્પષ્ટ જ્ઞાત થાય છે—આવી કેવળજ્ઞાનની અચિંત્ય અપાર શક્તિ છે અને પ્રત્યેક આત્મામાં શક્તિરૂપથી એવો જ સ્વભાવ છે—આ અરહંત-સિદ્ધ ભગવાન દર્શાવી રહ્યા છે. આવું જેણે જાણ્યું, માન્યું—ત્યારે જ્ઞાન ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ છે' કહી શકાય છે.

**પ્રશ્ન ૩૫– 'જ્ઞાન ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ છે'–એમ છઢાળામાં ક્યાં જણાવ્યું છે?**

**ઉત્તર** –સકળ દ્રવ્યકે ગુણ અનંત, પરજાય અનંતા।
જાનૈ એકૈ કાળ, પ્રગટ કેવલી ભગવંતા॥
જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ।
ઈહિ પરમામૃત જન્મ-જરા-મૃતિ-રોગ નિવારન॥

આ કારણથી જ્ઞાનને ચૈતન્ય ચમત્કારસ્વરૂપ કહ્યું છે.

(શ્રી પ્રવચનસાર, ગાથા ૨૦૦ની ટીકા)

**પ્રશ્ન ૩૬–'જ્ઞાન ચમત્કાર સ્વરૂપ છે' આ થોડું સ્પષ્ટ સમજાવો.**

**ઉત્તર** –(૧) અનેક પ્રકારની અલગ-અલગ વસ્તુ ક્યારેય ભેગી એકઠી થઈ શકતી નથી. પરંતુ તે બધી વસ્તુઓ જ્ઞાનની એક સમયની પર્યાયમાં એક સાથે જાણી શકાય છે. માટે 'જ્ઞાન ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ છે' એમ કહી શકાય છે.

(૨) ઘણી બધી વસ્તુઓનો ભોગવટો એકીસાથે નથી થઈ શકતો, પરંતુ જ્ઞાન ઘણી વસ્તુઓનો ભોગ એક સમયમાં એકીસાથે કરે, જાણી શકે છે. માટે 'જ્ઞાન ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ છે' એમ કહ્યું છે.

(૩) એક મોટો ઓરડામાં ખુરશી, મેજ, પલંગ વિગેરે અનેક ચીજો પડી છે, તમે તેને એકઠી કરી શકતા નથી. પરંતુ જ્ઞાનમાં એકીસાથે લઈ શકો છો. માટે 'જ્ઞાન ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ છે' કહેવામાં આવે છે.

(૪) થાળીમાં ૫૦ ચીજોનો એકીસાથે ભોગ ન થઈ શકે કે, પરંતુ જ્ઞાનમાં એકીસાથે ભોગ કરી શકાય છે, માટે જ્ઞાન 'ચૈતન્ય-ચમત્કાર સ્વરૂપ છે.' કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૭—જીવને પરવસ્તુનું વિસ્મય કેમ આવે છે?**

**ઉત્તર** —ચારે ગતિમાં ભમીને નિગોદમાં જવાની તૈયારી છે. માટે અજ્ઞાનીઓને પરવસ્તુનું વિસ્મય આવે છે.

**પ્રશ્ન ૩૮—પરવસ્તુનું વિસ્મય અજ્ઞાની ક્યા ક્યા પ્રકારે કરે છે—તેના દૃષ્ટાંત આપીને સમજાવો.**

**ઉત્તર** —(૧) કોઈને ભૂત-વ્યંતર આવે તો તે બધા નમસ્કાર કરવા પહોંચી જાય છે, કારણ કે અજ્ઞાનીને તેની મહિમા છે, માટે પરવસ્તુનો મહિમા આવે છે, પણ આત્માનો મહિમા આવતો નથી.

(૨) રશિયાએ વગર ડ્રાઈવરનું રોકેટ છોડ્યું, તેનું વિસ્મય અજ્ઞાનીને આવે છે. પરંતુ જ્ઞાન કરવાવાળો સ્વયં જ્ઞાન સ્વરૂપ છે તેનું (પોતાના આત્માનું) વિસ્મય નથી આવતું, કારણ પરની મહિમા છે.

(૩) અજ્ઞાની ૨૪ કલાક નવ પ્રકારના પક્ષોમાં પાગલ થઈ રહ્યો છે, કારણ કે તે અનાદિથી એક-એક સમય કરીને, પરના વિસ્મયમાં પાગલ છે.

**પ્રશ્ન ૩૯—પરનું વિસ્મયપણું કેમ મટે?**

**ઉત્તર** —જ્યાં સુધી વિસ્મય કરવાવાળાનું વિસ્મય ન આવે ત્યાં સુધી પરવસ્તુનું વિસ્મયપણું નથી મટતું, માટે પાત્ર જીવને પોતાના આત્માનું વિસ્મય લાગવું જોઈએ.

**પ્રશ્ન ૪૦—પોતાના આત્માનું વિસ્મય લાવવાનો ઉપાય શું છે?**

**ઉત્તર** —જ્યાં સુધી સાચા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય અર્થાત્ જ્યાં સુધી પોતાનું વિસ્મય ન આવે, ત્યાં સુધી આ બધાને (નં. ૧ થી ૪) અનુક્રમથી જ અંગીકાર કરવા.

(૧) પ્રથમ તો પરીક્ષા દ્વારા કુદેવ, કુગુરુ અને કુધર્મની

માન્યતા છોડીને અરિહંત દેવાદિકનું શ્રદ્ધાન કરવું જોઈએ, જેથી ગૃહીત મિથ્યાત્વ છૂટે.

(૨) પછી જિનમતમાં કહેલ છ દ્રવ્ય સાતતત્ત્વ, હેય-ઉપાદેય-જ્ઞેય, ત્યાગવાયોગ્ય મિથ્યાદર્શનાદિકનું સ્વરૂપ અને ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિકનું સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન, ઉપાદેય, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, છ કારક, ચાર અભાવ અને છ સામાન્યગુણ વગેરેના નામ-લક્ષણાદિ શીખવા જોઈએ. કારણ કે આના અભ્યાસથી તત્ત્વ-શ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે.

(૩) પછી જેના વડે સ્વ-પરની ભિન્નતા ભાસે, તેવા વિચાર કરવા જોઈએ, કારણ કે તેના અભ્યાસ વડે ભેદવિજ્ઞાન થાય છે.

(૪) ત્યારબાદ, એક સ્વમાં સ્વપણું સ્થાપવા માટે સ્વરૂપનો વિચાર કર્યા કરવો જોઈએ, કારણ કે આ અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે અનુક્રમથી અંગીકાર કરીને, પછી તેમાંથી કોઈ વખતે દેવાદિકના વિચારમાં, ક્યારેક સ્વ-પરના વિચારમાં તથા ક્યારે આત્મવિચારમાં ઉપયોગ લગાવવો જોઈએ....જીવ પુરુષાર્થ ચાલુ રાખે તો તે ક્રમથી તેને સમ્યક્દર્શનની પ્રાપ્તિ અર્થાત્ નિજ આત્માનું વિસ્મય આવી જાય છે.

**પ્રશ્ન ૪૧—મોક્ષમાર્ગમાં વિઘ્ન કરવાવાળા કુદેવાદિકની શું ઓળખ છે?**

**ઉત્તર** —(૧) શરીરની ક્રિયાથી, કર્મના ક્ષયાદિથી, 'શુભભાવ'થી, ધર્મની પ્રાપ્તિ થાય છે.

(૨) નિમિત્ત મળે તો કલ્યાણ થાય.

(૩) દયા, દાન, પૂજા, યાત્રા, અણુવ્રત, મહાવ્રતાદિકના

શુભભાવોથી મોક્ષ થાય છે—વિ. કથન કરવાવાળા કુદેવાદિક છે.

જે એકમાત્ર પોતાના આત્માના આશ્રયથી જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે—આવો બોધ આપનારા સાચા દેવાદિક છે. આ સાચા નિમિત્તથી પોતાનો આશ્રય લે તો 'જ્ઞાન ચૈતન્ય-ચમત્કાર સ્વરૂપ છે' માન્યું કહેવાશે.

**પ્રશ્ન ૪૨—'જ્ઞાન પરનું કાંઈ નથી કરી શકતું'—આ કેવી રીતે છે?**

**ઉત્તર** —એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી, તેને પરિણમાવી શકતું નથી, પ્રેરણા આપી શકતું નથી, લાભ-હાનિ નથી કરી શકતું, તેના પર પ્રભાવ પાડી શકતું નથી, તેની સહાયતા કે ઉપકાર કરી શકતું નથી. તેને મારી કે જીવાડી શકતું નથી—આવી પ્રત્યેક દ્રવ્ય-ગુણ-પર્યાયની સંપૂર્ણ સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પુકારી પુકારીને કરી રહ્યા છે. કારણ કે જગતમાં છએ દ્રવ્ય નિત્ય સ્થિર રહીને પ્રતિ સમય પોતાની અવસ્થાનો ઉત્પાદ-વ્યય કરે છે. આજ પ્રમાણે અનંત જડ અને ચેતનદ્રવ્ય એક-બીજાથી સ્વતંત્ર છે. માટે વાસ્તવમાં કોઈનો નાશ નથી થતો, કોઈ નવું ઉત્પન્ન થતું નથી અને ન તો બીજા તેમની રક્ષા કરી શકે છે, માટે જ્ઞાન પરનું કાંઈપણ ક્યારે પણ કરી શકતું નથી.

**પ્રશ્ન ૪૩—'જ્ઞાન પરનું કાંઈ કરી શકતું નથી'—આ દૃષ્ટાંતથી સમજાવો.**

**ઉત્તર** —(૧) શરીરની બાળ અવસ્થા પછી, કુમાર અવસ્થા આવે છે. પછી યુવા અવસ્થા અને પછી પ્રૌઢ અવસ્થા. પ્રૌઢ અવસ્થા વખતે બાળ, કુમાર અવસ્થાનું જ્ઞાન એક સાથે થઈ શકે છે, પરંતુ આત્મા આ બધી અવસ્થાઓને એકીસાથે લાવી શકતો નથી. કારણ કે 'જ્ઞાન પરનું કાંઈ કરી શકતું નથી.'

(૨) શરીરની નિરોગ અવસ્થા કે રોગી અવસ્થા હોય, આત્મા એક સમયે બીજી અવસ્થાનું જ્ઞાન કરી શકે છે. પરંતુ બીજી અવસ્થાને લાગી શકતો નથી, કારણ કે 'જ્ઞાન પરનું કાંઈ કરી શકતો નથી.'

(૩) એક ક્ષેત્રાવગાહીરૂપથી રહેવાવાળા આ શરીરની એક અવસ્થાના સમયે, બીજી અવસ્થાનું જ્ઞાન, આત્મા કરી શકે છે, પરંતુ આત્મા અવસ્થાઓને લાવી કે બદલી શકતો નથી, તો પછી અત્યંત ભિન્ન પરક્ષેત્રમાં રહેવાવાળા પદાર્થોની કોઈ પણ અવસ્થા આત્મા લાવી શકે, બદલી શકે—આવું ત્રિકાળમાં બની શકતું નથી, કારણ કે 'જ્ઞાન, પરનું કાંઈપણ કરી શકતું નથી.'

(૪) તાવ આવ્યો, ઉધરસ થઈ, ક્ષયરોગ થયો, ઘડપણ આવ્યું, વાળ સફેદ થઈ ગયા, મોં સાપ જેવું થઈ ગયું, મળ વિસર્જન થઈ જાય, ગુમડા થઈ જાય, છોકરો મરી જાય, માલ ચોરી થઈ જાય, આગ લાગી જાય—આત્મા આ બધાનું જ્ઞાન કરી શકે છે, પરંતુ તેમાં ફેરફાર કરી શકતો નથી.

**પ્રશ્ન ૪૪—તમે ભલે કહો કે જીવ, પરદ્રવ્યનું કાંઈ કરી શકતા નથી, પરંતુ અમે પ્રત્યક્ષ જોઈએ છીએ કે અમે ભાવ કર્યો તો હાથ ઊંચો થયો, અને ચાલવાનો ભાવ કર્યો તો ચાલ્યા, અમે ભાવ કર્યા તો શબ્દ નીકળ્યા, આ વાત કેવી રીતે છે?**

**ઉત્તર** —અજ્ઞાનીને મિથ્યાત્વરૂપી કમળો થયો છે, માટે તેને જિનેન્દ્ર ભગવાનથી વિરુદ્ધ જ દેખાય છે. અચ્છા ભાઈ! તમારા વિચારમાં જીવ, શરીરાદિ પરનું કાર્ય કરી શકે છે. અને તને પૂછીએ છીએ—'જુઓ! આ હાથ સીધો હતો હવે વાંકો થઈ ગયો, આ અમે કર્યું. હવે તમે આ હાથને પાછળની તરફ વાળી દો. ત્યારે તે કહે છે કે એવું ન થઈ શકે. કારણ કે શરીરનો એવો સ્વભાવ નથી—તો યાદ રાખો! હાથ વાંકો પણ પોતાના સ્વભાવથી જ થયો છે, જીવથી નહીં.

(૧) વાળ સફેદ થયા, તમે તો ઈચ્છતા નથી—તો કરી દ્યો કાળા!

(૨) શરીરનો રંગ કાળો છે, તમે ઈચ્છતા નથી—તો કરી દ્યો તેને ગોરું.

(૩) શરીરમાં તાવ છે, તમે ઈચ્છતા નથી—તો કરી દ્યો તાવ દૂર!

(૪) બહેરા છો, તમે ઈચ્છતા નથી—તો કરી દ્યો બહેરાશ ઠીક!

(૫) આંધળા છો તો તમે ઈચ્છતા નથી—તો કરી દ્યો આંખ ઠીક!

(૬) શરદી-ઉધરસ થઈ ગયા, તમે ઈચ્છતા નથી—તો કરી દ્યો ઠીક!

(૭) ગુમડું થયું, તમે ઈચ્છતા નથી—કરી દ્યો ઠીક!

(૮) તાવ આવી ગયો, તમે ઈચ્છતા નથી—કરી દ્યો ઠીક!

(૯) ઘડપણ આવી ગયું, તમે ઈચ્છતા નથી—કરી દ્યો ઠીક!

(૧૦) ધન સૌ ઈચ્છે છે. કેમ નથી પ્રાપ્ત કરી શકતા—લાવી દ્યો તમે!

(૧૧) મિષ્ટાન ખાધુ, બની વિષ્ટા, તમે તો લોહી ઈચ્છો છો—બનાવી દ્યો!

(૧૨) પગ કપાઈ ગયો, તમે ઈચ્છતા નથી—જોડી દ્યો!

યાદ રહે—શરીરમાં તાવ, ખાંસી, ગુમડું, કાળું, ગોરું, આ પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન છે. તે પોતાના સ્વભાવથી સ્વયં બદલે છે. કારણ કે પ્રત્યેક દ્રવ્ય કાયમ રહીને પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે—એવો વસ્તુસ્વભાવ છે.

(અ) અનાદિકાળથી આજ સુધી અનંત શરીર ધારણ કર્યા, પરંતુ એક રજકણ પર પોતાનો થયો નહીં.

(આ) કેવળી ભગવાને અનંત ચતુષ્ટય પ્રકાશ્યા છે, તેઓ તે સમયે ચાર અઘાતિકર્મ અને ઔદારિક શરીરનો અભાવ નથી કરી

શકતા! જ્યારે તેના ભક્ત કહેવાતા અજ્ઞાની લોકો એમ કહે કે અમે કરી શકીએ છીએ, તે મોટું આશ્ચર્ય (અજ્ઞાન?) છે!

(ઈ) અજ્ઞાનીને એમ લાગે છે કે શરીરાદિનું કાર્ય હું કરી શકું છું. જેમ ચાલતી ટ્રેનમાં બહાર જોવાથી ઝાડ ચાલતા દેખાય છે.

**પ્રશ્ન ૪૫—આત્મા પરનું કાંઈ નથી કરી શકતો, એવું સમયસારમાં ક્યાં લખ્યું છે?**

**ઉત્તર** —(૧)नास्ति सर्वोऽपि संबंधः पर द्रव्यात्मत्वयोः ।
कर्तृकर्मत्व संबंधाभावे तत्कर्तृता कुतः ।।२००।।

અર્થાત્ પરદ્રવ્ય અને આત્મતત્ત્વનો (કાંઈપણ) સંબંધ નથી. તો પછી તેમને કર્તા-કર્મસંબંધ કેવી રીતે હોઈ શકે? જો કર્તા-કર્મ સંબંધ નથી ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તૃત્વ કેવી રીતે હોઈ શકે?

(૨) કળશ ૧૯૯માં 'જે અજ્ઞાન અંધકારથી આચ્છાદિત થઈને આત્માને પરનો કર્તા માને છે, તે ભલે મોક્ષનો ઈચ્છુક છે તો પણ લૌકિકજનોની જેમ તેનો પણ મોક્ષ નથી થતો' તથા કળશ ૨૦૧માં 'વ્યવહારથી મોહિત થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે લૌકિકજન હોય કે મુનિજન હોય—મિથ્યાદૃષ્ટિ જ છે.'

(૩) શ્રી સમયસાર ગાથા ૩૦૮ થી ૩૧૧ સુધીમાં ફરમાવ્યું છે કે 'સમસ્ત દ્રવ્યોના પરિણામ જુદા જુદા, બધા દ્રવ્ય પોત-પોતાના પરિણામોના કર્તા છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તા-કર્મ સંબંધ નથી, માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે. પોતાના પરિણામ કર્મ છે. તે જ પ્રમાણે અજીવ પોતાના પરિણામનો જ કર્તા છે. પોતાના પરિણામ તે કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામનો અકર્તા છે.

(૪) અજ્ઞાની જન જ વ્યવહાર વિમૂઢ હોવાથી, પરદ્રવ્યને આવું જોતા માને છે કે 'આ મારું છે.'

(સમયસાર-ગાથા ૩૨૪ થી ૩૨૭ની ટીકામાંથી)

(૫) આ જગતમાં અજ્ઞાની જીવોનો ‘પરદ્રવ્યનો હું કર્તા છું’ એમ પરદ્રવ્યના કર્તૃત્વનો મહા અહંકારરૂપ અજ્ઞાન અંધકાર જે અત્યંત દુર્નિવાર છે, તે અનાદિ સંસારમાં ચાલતો આવ્યો છે.

(સમયસાર કળશ-૫૫)

(૬) બે દ્રવ્યોની ક્રિયાઓને એક દ્રવ્ય કરે છે—આમ માનવું જિનેન્દ્ર ભગવાનનો મત નથી. (સમયસાર ગાથા-૮૫નો ભાવાર્થ)

(૭) શ્રી સમયસાર, કળશ ૫૧ થી ૫૫ સુધી આ કહ્યું છે—

અર્થ —જે પરિણમે છે તે કર્તા છે, (પરિણમનવાળાના) જે પરિણામ છે તે કર્મ છે અને જે પરિણતિ છે, તે ક્રિયા છે. આ ત્રણેય, વસ્તુરૂપથી ભિન્ન નથી. ૫૧.

વસ્તુ એક જ સદા પરિણમે છે. એકનો જ સદા પરિણામ થાય છે, (અર્થાત્ એક અવસ્થામાં અન્ય અવસ્થા એકની જ છે) અને એક જ પરિણતિ-ક્રિયા થાય છે, કારણ કે અનેકરૂપ હોવા છતાં પણ એક જ વસ્તુ છે, ભેદ નથી. ૫૨.

બે દ્રવ્ય એક થઈને પરિણમતા નથી, બે દ્રવ્યોના એક પરિણામ નથી હોતા અને બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા નથી હોતી. કારણ કે જે અનેક દ્રવ્ય છે, તે સદા અનેક જ છે, તેઓ બદલાઈને એક નથી થઈ જતા. ૫૩.

એક દ્રવ્યના બે કર્તા નથી હોતા અને એક દ્રવ્યના બે કર્મ નથી હોતા અને એક દ્રવ્યની બે ક્રિયાઓ નથી હોતી. કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ નથી થતું. ૫૪.

આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોનું ‘પરદ્રવ્યને હું જાણું છું’ એવું પરદ્રવ્યના કર્તૃત્વનો મહા અહંકારરૂપ અજ્ઞાનાન્ધકાર—જે અત્યંત દુર્નિવાર છે તે અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કે અહો! પરમાર્થનયનો અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું

ગ્રહણ કરવાથી જો એકવાર પણ નાશ પામે તો જ્ઞાનઘન આત્માને પુનઃ બંધ કેવી રીતે થઈ શકે? (જીવ જ્ઞાનઘન છે, માટે યથાર્થજ્ઞાન થયા બાદ જ્ઞાન ક્યાં જઈ શકે છે? ન જ જઈ શકે અને જ્યારે જ્ઞાન નથી જતું તો પછી અજ્ઞાનથી બંધ કેમ થઈ શકે છે? ક્યારેય નહીં.) ૫૫.

(૮) આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સમસ્ત સંબંધનો જ નિષેધ કરવામાં આવ્યો છે. એકબીજાથી ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં કર્તા-કર્મની ઘટના બનતી નથી. માટે એવું (સમ્યક્) શ્રદ્ધાન કરો કે કોઈ કોઈનો કર્તા-હર્તા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું અકર્તા જ છે.

**પ્રશ્ન ૪૬—એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી, આ પ્રમાણે ક્યાંય મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે?**

**ઉત્તર** —"અનાદિ નિધન વસ્તુઓ, ભિન્ન-ભિન્ન પોતાની મર્યાદા સહિત પરિણમે છે, કોઈ કોઈ બીજાને આધીન નથી. કોઈ કોઈના પરિણમવાથી પરિણમે નહીં. તેને પરિણમાવવા ઈચ્છે, તે કોઈ ઉપાય નથી, તે તો મિથ્યાદર્શન જ છે."

(મોક્ષમાર્ગ પ્રકાશક પાનુ-૫૨)

**પ્રશ્ન ૪૭—'જ્ઞાન પરનું કાંઈ નથી કરી શકાતું'—આનું શું રહસ્ય છે?**

**ઉત્તર** —હે આત્મા! તારું કાર્ય માત્ર જ્ઞાતાદૃષ્ટા છે, તું પરમાં જરાપણ હેરાફેરી નથી કરી શકતો—આવું જાણે-માને તો દૃષ્ટિ પોતાના સ્વભાવ પર હોય છે અને પર્યાયમાં ભગવાન બની જાય છે. આ પ્રકારે ધર્મની શરૂઆત વૃદ્ધિ અને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૪૮—'જ્ઞાન, સર્વસમાધાનકારક છે' આ કઈ રીતે છે?**

**ઉત્તર** —જેમ—કોઈ જગ્યા પર પાગલ બેઠો હતો. ત્યાં

અન્યસ્થાનમાં આવીને મનુષ્ય, ઘોજા અને ધનાદિક ઉતર્યા, તે સર્વને આ પાગલ પોતાના માનવા લાગ્યો. પરંતુ તે બધા પોત-પોતાને આધીન છે, આથી કોઈ આવે, કોઈ જાવે અને કાંઈ અનેકરૂપથી પરિણમે છે. આ બધાની ક્રિયા પોત-પોતાને આધીન છે. છતાં પણ તે તેને પોતાને આધીન માનીને પાગલ થાય છે. હવે કોઈ ભલા માનવીએ તેને કહ્યું—તું તો અલગ છે અને આ બધા અલગ છે, તેઓ સાથે તારો કોઈ સંબંધ નથી. તે પાગલની સમજમાં આ વાત આવતા જ તે ખૂબ રાજી થયો. તે જ પ્રકારે આ જીવ, જ્યાં શરીર ધારણ કરે છે, ત્યાં બીજા અન્ય સ્થાનથી આવીને પુત્ર, ઘોડા, ધનાદિક સ્વયં પ્રાપ્ત થાય છે. તો આ જીવ તેમને પોતાના માને છે, પરંતુ આ બધા પોત-પોતાને આધીન હોવાથી, કોઈ આવે, કોઈ જાય અને કોઈ અનેક અવસ્થારૂપે પરિણમે છે. શું આ તેને આધીન છે? વાસ્તવમાં તેને આધીન નથી તો પણ અજ્ઞાની જીવ તેમને પોતાને આધીન માનીને ખેદ-ભિન્ન થાય છે. આ સમયે સદ્‌ગુરુદેવે કહ્યું કે—"તું તો અમૂર્તિક પ્રદેશોનો પૂંજ, પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક, અનાદિ-નિધન વસ્તુ છે તથા શરીર, મૂર્તિક પુદ્‌ગલદ્રવ્યોનો પિંડ પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોથી રહિત, નવો જ જેનો સંયોગ થયો છે, એવા આ શરીરાદિ પુદ્‌ગલ કે જે તારાથી પર છે, તેની સાથે તારે કાંઈ સંબંધ નથી." આટલું સાંભળીને જ સર્વસમાધાન થઈ ગયું, અર્થાત્ શાંતિની પ્રાપ્તિ થઈ ગઈ માટે "જ્ઞાન સર્વ સમાધાનકારક છે" કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૪૯—"જ્ઞાન સર્વસમાધાનકારક છે"—તેને જરા સ્પષ્ટ કરો?**

**ઉત્તર** —અજ્ઞાની જીવ રાગાદિ ભાવો દ્વારા સર્વ દ્રવ્યોને અન્ય પ્રકારથી પરિણમાવાની ઈચ્છા કરે છે. પરંતુ આ બધા દ્રવ્ય, જીવની ઈચ્છાને આધીન નથી પરિણમતા, માટે અજ્ઞાનીને આકુળતા થાય

છે. જો જીવની ઈચ્છાનુસાર બધા જ કાર્ય થાય, અન્યથા ન થાય તો જ નિરાકુળતા રહે. ત્યારે સદ્‌ગુરુદેવે કહ્યું—"આવું તો થઈ જ ન શકે, કારણ કે કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ દ્રવ્યને આધીન નથી, માટે સમ્યક્ અભિપ્રાય દ્વારા સ્વસન્મુખ થવાથી જ રાગાદિભાવ દૂર થઈને નિરાકુળતા થાય છે." આવું સાંભળતા જ સર્વ સમાધાન થઈ ગયું અને પરમાં કર્તા-ભોક્તાની ખોટી બુદ્ધિનો અભાવ થઈ ગયો. માટે કહી શકાય કે 'જ્ઞાન સર્વ સમાધાનકારક છે'

**પ્રશ્ન ૫૦—કોઈ લૌકિક દૃષ્ટાંતથી 'જ્ઞાન સર્વ સમાધાનકારક છે'—તે સમજાવો.**

**ઉત્તર** —એક શેઠ જેની ઉંમર ૮૦ વર્ષની હતી, તેને એક જ પુત્ર શ્યામસુંદર હતો. તેની પાસે ૧૦ લાખ રૂપિયા નગદ હતા. શેઠે શ્યામસુંદરને બોલાવીને કહ્યું—જો બેટા શ્યામસુંદર! આપણી પાસે ૧૦ લાખ રૂપિયા રોકડાં છે, ઉપરાંત ઝવેરાત-દુકાન-મકાન પણ છે. તું પૂરી ઉંમર કાંઈ ન કરો તો પણ આ રૂપિયા સમાપ્ત નહીં થાય. પરંતુ યાદ રાખ કે તું કોઈપણ પ્રકારનો ધંધો કરીશ નહીં. પુત્રને પિતાની સામે તો હાં કરી, પરંતુ પછી વિચાર કર્યો કે આ પૈસા પિતાજીના છે, મારે પોતે પણ કાંઈ કમાણી કરવી જોઈએ. આવો વિચાર કરી સટ્ટાનું કામ કર્યું.તેમાં તરત જ ૫ લાખ રૂપિયાનું નુકશાન થઈ ગયું. હવે રૂપિયા તો આપવા જ પડે, જો ન આપું તો સાત દિવસ પછી દેવાળા સંબંધી કરાર આપશે. ચાર દિવસ જેમ-તેમ વીત્યાં. પાંચમા દિવસે શ્યામસુંદરે પોતાના પિતાના મિત્રને કહ્યું—ચાચાજી, પિતાજીએ ના કરવા છતાં મેં સટ્ટાનું કામ કર્યું, તેમાં પાંચ લાખ રૂપિયાની ખોટ ગઈ. પિતાજીને ખબર પડશે તો તેઓ મને મારશે તથા ઘરમાંથી પણ કાઢી મૂકશે. હવે તમે કૃપા કરીને પિતાજી પાસેથી રૂપિયા અપાવો. તે મિત્રે તેના પિતા પાસે જઈ બધી વાત કરી, સાંભળીને શેઠ તો અત્યંત ગુસ્સામાં આવીને કહ્યું કે 'મેં

તેને વેપાર કરવાની મનાઈ ફરમાવી હતી, છતાં વેપાર કર્યો? હું તેને પાંચ લાખ રૂપિયા નહીં આપું, ભલે તે પકડાઈ જાય, મરી જાય! હું તેનું મોઢું પણ જોવા માગતો નથી.' મિત્રે કહ્યું—કાલે ૧૨ વાગ્યા સુધીમાં પાંચ લાખ રૂપિયા ન આપ્યા તો શ્યામસુંદર ઝેર ખાઈને મરી જશે. પછી સમજાવીને કહ્યું કે 'જરા વિચારો! તમારી ઉંમર ૮૦ વર્ષની થઈ ગઈ છે. હવે બે-ચાર વર્ષ જીવશો. પરલોકમાં પૈસા સાથે તો આવે નહીં. બધા રૂપિયા તમારે તો તેને જ દેવાના હતા. તેમાંથી પાંચ લાખ રૂપિયા ખોટ કરી તો તેમાં તમારું શું ગયું? તેના ગયા પછી શેઠને આ વાત ગળે ઉતરી ગઈ. સર્વ સમાધાન થઈ ગયું, આકુળતા મટી ગઈ. આથી સિદ્ધ થયું કે 'જ્ઞાન સર્વ સમાધાનકારક છે.'

**પ્રશ્ન ૫૧—આ છ બોલોથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —શરીર, ધન, સુખ-દુ:ખ અથવા શત્રુ-મિત્રજન—આ બધા જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો જ્ઞાનાત્મક, દર્શનરૂપ, ઈન્દ્રિયો વિના બધાને જાણવાવાળો મહા પદાર્થ, જ્ઞેય-પર્યાયોના ગ્રહણ-ત્યાગ ન કરવાથી અચળ અને જ્ઞેય-પરદ્રવ્યોનું આલંબન ન લેવાથી નિરાલંબ છે, માટે ભગવાન આત્મા એક છે, એક હોવાથી શુદ્ધ છે, શુદ્ધ હોવાથી ધ્રુવ છે, ધ્રુવ હોવાથી એકમાત્ર તે જ ઉપલબ્ધ કરવા યોગ્ય છે—આવા શ્રદ્ધા, જ્ઞાન અને અનુભૂતિ થવા, તે જ જ્ઞાનના છ બોલને જણાવાનું તાત્પર્ય છે. (પ્રવચનસાર-ગાથા ૧૯૨ થી ૧૯૬ સુધીનો સાર)

## ૫

## શ્રી સમયસાર ગાથા ૧૪ તથા કળશ ૧૦નું રહસ્ય

# શુદ્ધનયનું સ્વરૂપ

**પ્રશ્ન ૧—શુદ્ધનયનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —આદિ અંત પૂરન-સુભાવ-સંયુક્ત હૈ,
પર સ્વરૂપ પર-જોગ કલ્પના મુક્ત હૈ.
સદા એક રસ પ્રગટ કહી હૈ જૈન મેં,
શુદ્ધનયાતમ વસ્તુ વિરાજૈ બૈન મેં.

અર્થાત્, જીવ નિગોદથી લઈને સિદ્ધદશા સુધી પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે અને પરદ્રવ્યોની કલ્પનાથી રહિત છે. સદૈવ એક ચૈતન્યરસથી સંપન્ન—આવા શુદ્ધનયની અપેક્ષા જિનવાણીમાં કહી છે. આવા ત્રિકાલી એકરૂપનો અનુભવ થયો, ત્યારે શુદ્ધનયનો પતો લાગ્યો. પોતાને પોતાના અનુભવ થયા વિના શુદ્ધનયનું જ્ઞાન અજ્ઞાન છે.

(૧) બુધજનજી કહે છે કે
'જો નિગોદમેં સો હી મુઝમેં, સોહી મોક્ષ મંઝાર,
નિશ્ચય ભેદ કુછ ભી નાહીં, ભેદ ગિનૈ સંસાર.

(૨) આ વાત શ્રી નિયમસારમાં કહી છે કે જેવા સિદ્ધ આત્મા છે તેવા જ સંસારી જીવ છે, જેથી (તે સંસારી જીવ, સિદ્ધાત્માઓની ભાંતિ) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે.
(નિયમસાર ગાથા-૪૭)

જે પ્રમાણે લોકાગ્રમાં સિદ્ધ ભગવંત અશરીરી અવિનાશી અતીન્દ્રિય નિર્મળ અને વિશુદ્ધાત્મા છે, તે પ્રમાણે સંસારમાં સર્વ જીવ જાણવા. (નિયમસાર-ગાથા ૪૮)

**પ્રશ્ન ૨—દસમાં કળશમાં 'શુદ્ધનય'ને કેવો બતાવ્યો છે?**

**ઉત્તર —**

आत्मस्वभावं परभाव भिन्नमापूर्णमाद्यंत विमुक्तमेकम् ।
विलोनसंकल्प-विकल्पजालं प्रकाशयन् शुद्धनयोभ्युदेति ।।१०।।

અર્થાત્, શુદ્ધનય આત્મસ્વભાવને પ્રગટ કરતો ઉદય પામે છે.

(૧) તે શુદ્ધનય કેવો છે? (પરભાવ ભિન્નમ્) પરદ્રવ્યો અને પરભાવોથી ભિન્ન છે.

(૨) અને કેવો છે? (આપૂર્ણમ્) આત્મસ્વભાવ સમસ્તરૂપથી પૂર્ણ છે.

(૩) અને કેવો છે? (આદ્યન્ત વિમુક્તં) આદિ અને અંતથી રહિત, અર્થાત્ અનાદિ-અનંત છે.

(૪) અને કેવો છે? (એકં) એક છે.

(૫) અને કેવો છે? (વિલીન સંકલ્પ-વિકલ્પ જાલં) સંકલ્પ-વિકલ્પોથી રહિત છે.

**પ્રશ્ન ૩—સમયસાર ગાથા-૧૪માં આ પાંચે બોલ ક્યા નામથી સંબોધિત થયા છે?**

**ઉત્તર —**

અબદ્ધ સ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.

અર્થાત્ (૧) (અબદ્ધસ્પૃષ્ટમ્) બંધ રહિત અને પરના સ્પર્શ રહિત,

(૨) (અનન્ય) અન્ય-અન્યપણાથી રહિત,

(૩) (નિયતમ્) ચળાચળરહિત,

(૪) (અવિશેષમ્) વિશેષ રહિત, અર્થાત્ ભેદ રહિત,

(૫) (અસંયુક્તં) અન્યના સંયોગથી રહિત—એવો બતાવ્યો છે.

**પ્રશ્ન ૪—દસમાં કળશ અને ગાથા-૧૪માં જે પાંચ-પાંચ બોલ છે, તે કઈ-કઈ અપેક્ષાથી છે?**

**ઉત્તર** —(૧) (દ્રવ્ય અપેક્ષા) પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્ન. અબદ્ધસ્પૃષ્ટ, અર્થાત્ બંધ રહિત, પરના સ્પર્શ રહિત—એવો શુદ્ધનય છે.

(૨) (ક્ષેત્ર અપેક્ષા) આપૂર્ણ અર્થાત્ સમસ્તરૂપથી પૂર્ણ, અનન્ય અર્થાત્ અન્ય-અન્યપણાથી રહિત—એવો શુદ્ધનય છે.

(૩) (કાળ અપેક્ષા) અનાદિ-અનંત, નિયત અર્થાત્ ચળાચળતા રહિત—એવો શુદ્ધનય છે.

(૪) (ભાવ અપેક્ષા) એક, એટલે અભેદ. અવિશેષ, એટલે વિશેષરહિત—એવો શુદ્ધનય છે.

(૫) (ભવ અપેક્ષા) સંકલ્પ-વિકલ્પ જાળોથી રહિત, અસંયુક્ત, અર્થાત્ અન્યના સંયોગ રહિત—એવો શુદ્ધનય છે.

જે ભવ્યજીવ આવા પાંચ ભાવરૂપથી એક પોતાના આત્માને દેખે છે (જાણે છે), તે મોક્ષલક્ષ્મીનો નાથ બની જાય છે.

**પ્રશ્ન ૫—દ્રવ્ય અપેક્ષાથી આત્મા અબદ્ધ-અસ્પૃષ્ટ, તેમજ પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્ન છે. તેનું શું રહસ્ય છે, દૃષ્ટાંતથી સમજાવો.**

**ઉત્તર** —જેમ કમલિનીનું પત્ર, જળમાં ડૂબેલું છે, તેનો જળથી સ્પર્શરૂપ અવસ્થાથી અનુભવ કરવાથી, જળસ્પર્શ અવસ્થા ભૂતાર્થ છે, સત્યાર્થ છે, તે સમયે કમલિનીપત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવાથી જળથી સ્પર્શરૂપદશા અભૂતાર્થ છે-અસત્યાર્થ છે,

તે પ્રમાણે—આત્માનો અનાદિ પુદ્ગલકર્મથી બદ્ધ-સ્પર્શરૂપ અવસ્થાથી અનુભવ કરવા પર બદ્ધ-સ્પર્શપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તે સમયે પુદ્ગલથી કિંચિત્ માત્ર પણ બદ્ધસ્પર્શ ન થવા યોગ્ય આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરવાથી બદ્ધ સ્પર્શતા અભૂતાર્થ—અસત્યાર્થ છે.

તાત્પર્ય આ છે કે આત્મા કર્મોથી બંધાયેલ—સ્પર્શાયેલ છે, તે જ સમયે સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવતા કર્મથી બંધાયેલ કે સ્પર્શાયેલ નથી—આવું જાણીને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે તો આઠે કર્મનો અભાવ થઈને 'स हि मुक्त एव' બની જાય છે.

**પ્રશ્ન ૬—શું કર્મોથી સંબંધ હોવા છતાં અબદ્ધ-સ્પૃષ્ટ આત્માનો અનુભવ થઈ શકે છે? અને તેનું ફળ શું છે?**

**ઉત્તર** —હાં, થઈ શકે છે, કારણ કે કર્મોનો સંબંધ અભૂતાર્થ છે અને ભગવાન આત્મા, ભૂતાર્થ છે. ભગવાન અમૃતચંદ્રે આ જ વાત આમાં (દસમો કળશ અને સમયસારજી ગાથા ૧૪) બતાવી છે અને ફળ (આત્માના અનુભવનું ફળ) આઠે કર્મોનો અભાવ બતાવ્યું છે.

**પ્રશ્ન ૭—સમ્યગ્દર્શન થતાં જ આઠે કર્મોનો અભાવ કેવી રીતે થઈ જાય છે?**

**ઉત્તર** —(૧) જીવ, અજ્ઞાનદશામાં પોતાના સ્વરૂપની અસાવધાની રાખતો હતો તેમાં મોહનીયકર્મનો ઉદય નિમિત્ત થતો હતો, હવે સ્વરૂપ અનુભવ થવાથી, સ્વરૂપ સાવધાની વર્તે છે, આનાથી મોહનીયકર્મનો અભાવ થઈ ગયો.

(૨) સ્વરૂપની અસાવધાની હોવાથી અજ્ઞાની જીવ, પોતાનું જ્ઞાન પર તરફ વાળતો હતો, તેમાં જ્ઞાનાવરણીય કર્મ નિમિત્ત થતું હતું. હવે પોતાનું જ્ઞાન પોતાની તરફ લગાવવાથી જ્ઞાનાવરણીય કર્મનો અભાવ થઈ ગયો.

(૩) સ્વરૂપની અસાવધાની હોવાથી અજ્ઞાની જીવ પોતાનું દર્શન પર તરફ વાળતો હતો, તેમાં દર્શનાવરણીયકર્મ નિમિત્ત થતું હતું, હવે પોતાનું દર્શન પોતા તરફ વાળવાથી દર્શનાવરણીય કર્મનો અભાવ થઈ ગયો.

(૪) સ્વરૂપની અસાવધાની હોવાથી અજ્ઞાની જીવ પોતાનું વીર્ય પર તરફ વાળતો હતો, તેમાં અંતરાયકર્મ નિમિત્ત થતું હતું. હવે પોતાનું વીર્ય પોતા તરફ લગાવવાથી અંતરાયકર્મનો અભાવ થઈ ગયો.

(૫) પરની તરફ ઝુકવાથી અજ્ઞાની જીવને પરનો સંયોગ થતો હતો આમાં નામકર્મનો ઉદય નિમિત્ત થતો હતો, હવે પર તરફ ઝુકાવ ન હોવાથી નામકર્મનો અભાવ થઈ ગયો.

(૬) જ્યાં શરીર હોય ત્યાં ઉંચ-નીચકુળમાં ઉત્પત્તિ થતી હતી, જેમાં ગોત્રકર્મનો ઉદય નિમિત્ત હતો, હવે ઉંચ-નીચપણાથી રહિત જ્ઞાયકસ્વભાવની તરફ ઝુકાવ હોવાથી ગોત્રકર્મનો અભાવ થઈ ગયો.

(૭) જ્યાં શરીર હોય છે, ત્યાં બહારની આકુળતા-પ્રતિકૂળતા રોગ-નિરોગ વિગેરે હોય છે, તેમાં વેદનીયકર્મનો ઉદય નિમિત્ત હોય છે, હવે શરીરની અનુકૂળ-પ્રતિકૂળતા વિ.નો ભાવ ન હોવાથી વેદનીયકર્મનો અભાવ થઈ ગયો.

(૮) અજ્ઞાનદશામાં ભવનો ભાવ, જીવે કર્યો હોવાથી આયુબંધ થતો હતો, હવે ભવના ભાવનો અભાવ થવાથી આયુનો અભાવ થઈ ગયો.

આ અપેક્ષાથી સમ્યક્દર્શન થતાં જ આઠે કર્મોનો અભાવ થઈ ગયો, માટે અબદ્ધસ્પૃષ્ટાદિરૂપ પોતાના એક ભગવાનનો આશ્રય કરીને, શાંતિની પ્રાપ્તિ કરવી તે જ ભવ્યજીવનું પરમ કર્તવ્ય છે.

**પ્રશ્ન ૮—ક્ષેત્ર અપેક્ષાથી આત્મા અનન્ય તેમજ સમસ્ત પ્રકારે પૂર્ણ છે—તેનું શું રહસ્ય છે, દૃષ્ટાંત આપીને સમજાવો?**

**ઉત્તર** —માટીનું ઢાંકણું, ઘડો, ઝારી... વિ. પર્યાયોથી અનુભવ કરવાથી અન્યત્વ, ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તે જ સમય સર્વ પર્યાયભેદોથી કિંચિત્ માત્ર પણ ભેદરૂપ ન હોવાથી એક માટીના સ્વભાવની સમીપ અનુભવ કરવાથી અન્યત્વ અભૂતાર્થ છે—અસત્યાર્થ છે. તે પ્રમાણે આત્માના નારક વિ. પર્યાયોના અન્ય-અન્યરૂપથી અન્યત્વ, ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તે જ સમય સર્વ પર્યાયભેદોથી કિંચિત્ માત્ર ભેદરૂપ ન થવાવાળા એક ચૈતન્ય-ચમત્કાર અસંખ્યાત્ પ્રદેશી આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરવાથી અન્યત્વ અભૂતાર્થ છે—અસત્યાર્થ છે. તાત્પર્ય ગતિ સંબંધી શરીર હોવાથી, શરીરસંબંધી નામકર્માદિ ઉદયાદિ થવાથી અને ગતિસંબંધી ભાવ થવા છતાં ગતિરહિત સ્વભાવ એકરૂપ પડ્યો છે, તેની તરફ દૃષ્ટિ કરતાં જ ચારે ગતિઓનો અભાવ થઈને પંચમગતિની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૯—શું શરીર, કર્માદિ અને ભાવકર્મ હોવા છતાં પણ આત્માનો અનુભવ થઈ શકે છે? તેનું ફળ શું છે?**

**ઉત્તર** —હાં થઈ શકે છે. કારણ કે ગતિસંબંધી શરીર, કર્મનો ઉદય અને ગતિસંબંધી ભાવ અભૂતાર્થ છે અને ભગવાન આત્માનો ગતિ રહિત સ્વભાવ ભૂતાર્થ છે. ભગવાન અમૃતચંદ્રાચાર્યે આ વાત બીજા બોલમાં સમજાવી છે. અને તેનું ફળ, ચારે ગતિઓના અભાવરૂપ મોક્ષની પ્રાપ્તિ બતાવ્યું છે. માટે શરીર, કર્મ અને શરીરસંબંધી ભાવોથી રહિત અગતિસ્વભાવ પર દૃષ્ટિ કરીને પાત્ર જીવોએ પોતાનું કલ્યાણ તુરંત કરી લેવું જોઈએ.

**પ્રશ્ન ૧૦—શું આત્માનુભવ થતાં જ ચારે ગતિઓના અભાવરૂપ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે?**

**ઉત્તર** —હાં, થઈ જાય છે. જેમ—પુત્રીનો સંબંધ પાકો કરવા બાદ વિવાહ નથી થયાં છતાં પણ વિવાહ થઈ ગયા કહેવામાં આવે છે. તે પ્રમાણે સમ્યક્દર્શન થતાં જ, એક-બે ભવ હોવા છતાં જ્ઞાનીની દૃષ્ટિ અગતિસ્વભાવ પર હોવાથી, ચારે ગતિના અભાવરૂપ મોક્ષની પ્રાપ્તિ કહેવામાં આવે છે. ખરેખર તો જ્યાં સુધી સમ્યક્દર્શન નથી, ત્યાં સુધી ચાર ગતિરૂપ નિગોદ છે અને સમ્યક્દર્શન થતાં જ ચાર ગતિના અભાવરૂપ મોક્ષ છે, કારણ કે ચારગતિઓના ભાવનું ફળ અંતે નિગોદ છે અને અગતિરૂપ સ્વભાવના લક્ષે મોક્ષ છે.

**પ્રશ્ન ૧૧—મોક્ષ કેટલા પ્રકારનાં છે?**

**ઉત્તર** —પાંચ પ્રકારના છે. (૧) શક્તિરૂપ મોક્ષ, (૨) દૃષ્ટિ મોક્ષ, (૩) મોહયુક્ત મોક્ષ (૪) જીવનમુક્ત મોક્ષ, (૫) વિદેહ મોક્ષ.

(અ) શક્તિરૂપ મોક્ષના આશ્રયથી જ દૃષ્ટિમોક્ષની પ્રાપ્તિ થાય છે.

(આ) દૃષ્ટિમોક્ષ પ્રાપ્ત થયા બાદ, મોહયુક્ત મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(ઇ) મોહયુક્ત મોક્ષ પ્રાપ્ત થયા બાદ જીવનમુક્ત મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(ઈ) જીવનમુક્ત મોક્ષ પ્રાપ્ત થયા બાદ જ વિદેહમોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ અનાદિ-અનંત નિયમ છે.

**પ્રશ્ન ૧૨—કાળ અપેક્ષાએ આત્મા નિયત, અનાદિ-અનંત છે. તેનું રહસ્ય શું છે? દૃષ્ટાંત આપીને સમજાવો.**

**ઉત્તર** —જેમ સમુદ્રની વૃદ્ધિ-હાનિરૂપ અવસ્થાથી અનુભવ

કરવાથી અનિયતતા, ભૂતાર્થ-સત્યાર્થ છે, તે જ સમયે નિત્ય-સ્થિર સમુદ્ર સ્વભાવની નજીક થઈને અનુભવ કરતાં, અનિયતતા અભૂતાર્થ-અસત્યાર્થ છે તે જ પ્રકારે આત્માના વૃદ્ધિ-હાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતતા ભૂતાર્થ-સત્યાર્થ છે, તે જ સમયે નિત્ય-સ્થિર આત્મસ્વભાવની નજીક જઈને અનુભવ કરતાં અનિયતતા, અભૂતાર્થ, અસત્યાર્થ છે. તાત્પર્ય આ છે કે આત્માની પર્યાયમાં હાનિ-વૃદ્ધિ થવા છતાં પણ, હાનિ-વૃદ્ધિ રહિત એકરૂપ સ્વભાવ પૃથક્ રહેલો છે, તેની તરફ દૃષ્ટિ કરતાં પંચ પરાવર્તનરૂપ સંસારનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન ૧૩—શું પર્યાયમાં હાનિ-વૃદ્ધિ થવા છતાં પણ પંચપરાવર્તનરૂપ સંસારનો અભાવ થઈ શકે છે અને તેનું ફળ શું છે?**

**ઉત્તર** —હાં, થઈ શકે છે, કારણ કે પર્યાયમાં હાનિવૃદ્ધિપણું અભૂતાર્થ છે અને સ્વભાવ, ભૂતાર્થ છે. આચાર્ય અમૃતચંદ્રે ત્રીજા બોલમાં આજ વાત બતાવી છે અને હાનિ-વૃદ્ધિ રહિત સ્વભાવના આશ્રયનું ફળ, પંચપરાવર્તનનો અભાવ બતાવ્યું છે.

**પ્રશ્ન ૧૪—પંચ પરાવર્તનનું સ્વરૂપ સંક્ષેપમાં શું છે?**

**ઉત્તર** —(૧) જીવને વિકારી અવસ્થામાં કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલોની સાથે જે સંબંધ થાય છે, તેને દ્રવ્ય પરાવર્તન કહે છે. આ જીવે લોકાકાશમાં જેટલા પુદ્‌ગલ છે, તેમને અનંતવાર ગ્રહણ કર્યા અને છોડ્યાં પરંતુ ‘હું ભગવાન આત્મા છું’—એવું ન સમજ્યો—આથી દ્રવ્ય પરાવર્તન કરવું પડ્યું.

(૨) જીવની વિકારી અવસ્થામાં આકાશના ક્ષેત્રની સાથે થવાવાળા સંબંધને ક્ષેત્ર પરાવર્તન કહે છે. આ જીવ સંપૂર્ણ લોકાકાશના ક્ષેત્રોમાં અનંતવાર જન્મ્યો અને મર્યો, પરંતુ ‘હું

ભગવાન આત્મા છું'—એમ અનુભવ ન કર્યો, આથી ક્ષેત્ર પરાવર્તન કરવા પડ્યા.

(૩) ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં એવો કોઈ કાળ નથી જ્યારે આ જીવ અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય, પરંતુ "હું ભગવાન આત્મા છું"—એમ અનુભવ ન કર્યો. આથી કાળ પરાવર્તન કરવું પડ્યું

(૪) મિથ્યાત્વ સહ નરકાદિમાં જઘન્ય આયુવાળા ભવથી લઈને નવમી ગ્રૈવેયક સુધી ભવોની સ્થિતિને આ જીવે અનંતવાર પ્રાપ્ત કરી અને છોડી પરંતુ 'હું ભગવાન આત્મા છું' આવો અનુભવ ન કર્યો, આથી ભવ પરાવર્તન કરવા પડ્યા.

(૫) અશુભભાવથી લઈને શુક્લલેશ્યા સુધીના ભાવ આ જીવે અનંતવાર કર્યા અને છોડ્યા, પરંતુ 'હું ભગવાન આત્મા છું'—એવો અનુભવ ન કર્યો, આથી ભાવ પરાવર્તન કરવા પડ્યા. જો એકવાર હાનિ-વૃદ્ધિ રહિત સ્વભાવની દૃષ્ટિ કરી લ્યે તો તે જ સમયે પંચ પરાવર્તનનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન ૧૫—પંચ પરાવર્તનના વિષયમાં પરમાત્મપ્રકાશ ગાથા ૭૭માં શું વર્ણન આવ્યું છે?**

**ઉત્તર** —આ જીવ, મિથ્યાત્વ પરિણામથી શુદ્ધાત્માના અનુભવથી વિપરીત અનેક પ્રકારના કર્મોને બાંધે છે, જે કારણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપી પંચ પ્રકારના સંસારમાં ભટકવું થાય છે.

(૧) દ્રવ્યપરાવર્તન – એવું કોઈ શરીર નથી, જે આ જીવે ધારણ ન કર્યું હોય.

(૨) ક્ષેત્રપરાવર્તન – એવું કોઈ ક્ષેત્ર નથી, જ્યાં જન્મ-મરણ ન થયા હોય.

(૩) કાળપરાવર્તન – એવો કોઈ કાળ નથી કે જેમાં આ જીવે જન્મ-મરણ ન કર્યા હોય.

(૪) ભવપરાવર્તન – એવો કોઈ ભવ નથી, જે આ જીવે ધારણ ન કર્યો હોય.

(૫) ભાવપરાવર્તન – એવો કોઈ અશુદ્ધભાવ નથી, જે આ આત્માએ ન કર્યો હોય, આ રીતે અનંત પરાવર્તન કર્યા છે—એમ બનાવ્યું.

**પ્રશ્ન ૧૬—જો મનુષ્યભવમાં જ્યાં સત્-દેવ-ગુરુ-ધર્મનો સંબંધ થયો છે. ત્યાં જીવ પોતાનું કલ્યાણ ન કરે, વ્યર્થ કોલાહલમાં લાગી રહે તો શું થશે?**

**ઉત્તર** —ચારે ગતિઓમાં ભમીને નિગોદમાં ચાલ્યો જશે.

**પ્રશ્ન ૧૭—'મનુષ્યભવમાં સાચો દિગંબરધર્મ મળવા છતાં પણ વ્રતાદિકમાં જ લાભ માનતો રહેશે તો નિગોદ જવું પડશે'—આ ક્યા લખ્યું છે?**

**ઉત્તર** —(૧) જ્યાં સુધી લોઢું ગરમ છે, ત્યાં સુધી તેને ટીપી લ્યો, ઘડી લ્યો, આ કહેવત અનુસાર આ મનુષ્યભવમાં જલ્દી આત્મસ્વરૂપને સમજી લ્યો, નહીંતર થોડા જ સમયમાં ત્રસકાળ પૂરો થઈ જશે અને એકેન્દ્રિય નિગોદ પર્યાય થશે અને તેમાં અનંતકાળ સુધી રહેવું થશે, માટે આ મનુષ્યભવમાં જ પાત્ર જીવોએ આત્માનું સત્ય સ્વરૂપ સમજીને, સમ્યક્દર્શનાદિની પ્રાપ્તિ કરી લેવી જોઈએ. કારણ કે આચાર્યકલ્પ પં. ટોડરમલજીએ કહ્યું છે કે 'જો આ પ્રસંગે પણ તત્ત્વનિર્ણય કરવાનો પુરુષાર્થ ન કરે, પ્રમાદથી કાળ ગુમાવે—અથવા મંદરાગાદિ સહિત વિષય-કષાયોંના કાર્યોમાં જ પ્રવર્તે વા વ્યવહારધર્મ કાર્યોમાં પ્રવર્તે, તો અવસર ચાલ્યો જશે અને સંસારમાં જ ભ્રમણ થશે....'આ સમયે મોક્ષમાર્ગમાં પ્રવર્તન નહીં કરે, તો

કિંચિત્ વિશુદ્ધિ મેળવ્યા બાદ તીવ્ર ઉદય આવતા પર નિગોદાદિ પર્યાયને પ્રાપ્ત કરશે, માટે અવસર ચૂકવા જેવો નથી. હવે સર્વ પ્રકારથી અવસર આવ્યો છે—આવો અવસર પ્રાપ્ત કઠણ છે માટે શ્રીગુરુ દયાળુ થઈને મોક્ષમાર્ગનો ઉપદેશ આપી રહ્યા છે, તેમાં ભવ્ય જીવોએ પ્રવૃત્તિ કરવી યોગ્ય છે.'' *(મોક્ષમાર્ગપ્રકાશક)*

**પ્રશ્ન ૧૮—ભાવ અપેક્ષાએ આત્મા અવિશેષ—એક છે—તેનું શું રહસ્ય છે. દૃષ્ટાંત આપીને સમજાવો.**

**ઉત્તર** —જેમ સોનાનું ચીકણાપણું, પીળાપણું, ભારેપણું વિગેરે ગુણરૂપ ભેદોથી અનુભવ કરવાથી વિશેષતા ભૂતાર્થ છે—સત્યાર્થ છે તે જ સમયે જેમાં સર્વ વિશેષ વિલય થઈ ગયા છે—એવા સ્વર્ણ સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવાથી વિશેષતા અભૂતાર્થ છે—અસત્યાર્થ છે, તે જ પ્રમાણે આત્માના જ્ઞાન-દર્શન વિ. ગુણરૂપ ભેદોથી અનુભવ કરવાથી વિશેષતા ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તે જ સમયે જેમાં બધા વિશેષ વિલય થઈ ગયા છે—એવા આત્મ-સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવાથી વિશેષતા અભૂતાર્થ છે—સત્યાર્થ છે, તાત્પર્ય આ છે કે આત્મામાં ગુણભેદ, સંજ્ઞા, સંખ્યા, લક્ષણ પ્રયોજન વિ.ની અપેક્ષાથી છે. પ્રદેશભેદથી નથી. આત્મામાં ગુણભેદ હોવા છતાં પણ તું અભેદ ભગવાન જ્ઞાયક સ્વભાવી છો—એમ જાણીને અભેદ સ્વભાવનો આશ્રય લે તો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાય અને યોગનો અભાવ થઈને શાંતિની પ્રાપ્તિ થઈ જશે.

**પ્રશ્ન ૧૯—શું ગુણભેદ હોવા છતાં પણ સંસારના પાંચ કારણોનો અભાવ થઈ શકે છે અને તેનું ફળ શું છે?**

**ઉત્તર** —હાં, થઈ શકે છે. કારણ કે ગુણભેદ, અભૂતાર્થ છે અને ભગવાન આત્મા અભેદ ભૂતાર્થ છે. અમૃતચંદ્રાચાર્યે ચોથા બોલમાં આ જ વાત સમજાવી છે કે તું અભેદ સ્વભાવની દૃષ્ટિ કર

તો સંસારના કારણોનો અભાવ થઈને સિદ્ધદશાની પ્રાપ્તિ થઈ જશે.

**પ્રશ્ન ૨૦—સંસારના પાંચ કારણ ક્યા-ક્યા છે, જેનાથી સંસાર પરિભ્રમણ થાય છે?**

**ઉત્તર** —મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ—આ સંસાર પરિભ્રમણના પાંચ કારણ છે.

**પ્રશ્ન ૨૧—મિથ્યાત્વ શું છે?**

**ઉત્તર** —મિથ્યાત્વ અનાદિથી એક-એક સમય કરીને અજ્ઞાનીની મિથ્યાત્વદશા છે. સંપૂર્ણ દુઃખોનું મૂળકારણ મિથ્યાત્વ છે. જીવનું જેવું શ્રદ્ધાન છે, તેવું પદાર્થનું સ્વરૂપ નથી અને જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું તે ન માને, તે મિથ્યાદર્શન છે. અજ્ઞાની જીવ સ્વ અને શરીરને એવું માને છે, કોઈ સમયે પોતાને પાતળો જાણે, તાવવાળો જાણે, કડક, નરમ, ગોરો વિ. માને છે. આ મિથ્યાદર્શન છે.

**પ્રશ્ન ૨૨—મિથ્યાદર્શનને પં. ટોડરમલજીએ ક્યા દૃષ્ટાંત અને સિદ્ધાંત વડે સમજાવ્યું છે?**

**ઉત્તર** —(અ) (૧) જેમ—પાગલને કોઈએ વસ્ત્ર પહેરાવ્યું. તે પાગલ તે વસ્ત્રને પોતાનું અંગ જાણીને, પોતાને અને વસ્ત્રને એક માને છે. તે પ્રમાણે આ જીવને કર્મોદયથી શરીર સંબંધ થયો. આ જીવ શરીરને પોતાનું અંગ માનીને પોતાને તથા શરીરને એક માને છે.

(૨) જેમ—તે વસ્ત્ર પહેરેલ (મનુષ્યને) તે આધીન હોવાથી ક્યારેક તે ફાડે છે, ક્યારેક તે જોડે છે, ક્યારેક ખોસે છે. ક્યારેક નવું પહેરે છે—વિ. ચરિત્ર કરે છે, તે જ પ્રમાણે શરીર, કર્મને આધીન (નિમિત્તથી) ક્યારેક કૃશ થાય છે, ક્યારેક સ્થૂળ થાય છે, ક્યારેક નષ્ટ થાય છે, ક્યારેક નવું ઉપજે છે. વિગેરે ચરિત્ર થાય છે.

(૩) જેમ—તે પાગલ તે તે પોતાને આધીન માને છે, તેની

પરાધીન ક્રિયા થાય છે, તેનાથી તે સદા ખેદખિન્ન થાય છે, તે જ પ્રકારે આ જીવ, તેને પોતાને આધીન માને છે, તેની પરાધીન ક્રિયા થાય છે, તેનાથી તે મહા ખેદ ખિન્ન થાય છે.

(આ) જેમ-જ્યાં તે પાગલ બેઠો હતો, ત્યાં બીજેથી મનુષ્ય, ઘોડા અને ધનાદિક આવ્યા, તે બધાને તે પાગલ પોતાના માનવા લાગ્યો તેઓ સર્વ પોત-પોતાના આધીન છે, આથી કોઈ આવે, કોઈ જાવે અને કોઈ અનેક અવસ્થારૂપથી પરિણમન કરે છે, આમ સૌની ક્રિયા પોત-પોતાને આધીન હોવા છતાં તે પાગલ પોતાને આધીન માનીને ક્યારેક ખુશી તો ક્યારેક ખેદખિન્ન થાય છે, તે જ પ્રમાણે આ જીવ જ્યાં શરીર ધારણ કરે છે, ત્યાં કોઈ અન્ય સ્થળથી પુત્ર ઘોડા, ધનાદિક સ્વયં પ્રાપ્ત થાય છે. આ જીવ તે બધાને પોતાના માને છે, તેઓ સૌ પોત-પોતાને આધીન હોવાથી કોઈ આવે છે, કોઈ જાય છે અને અનેક અવસ્થારૂપ પરિણમે છે. શું તેઓ તેને આધીન છે? તેઓ જીવને આધીન નથી તો પણ આ જીવ, તેમને પોતાને આધીન માનીને ખેદખિન્ન થાય છે, આ બધું મિથ્યાદર્શન છે.

(મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન ૨૩—આ જીવ સ્વયં જે પ્રકારે છે, તે પ્રકારે પોતાને નથી માનતો, અને જેવો નથી, તેવો માને છે, આ મિથ્યાદર્શન છે—તેને વધુ સ્પષ્ટ કરો.**

**ઉત્તર** —જીવ સ્વયં (૧) અમૂર્તિક પ્રદેશોનો પુંજ, (૨) પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક, (૩) અનાદિ-નિધન, (૪) વસ્તુ સ્વ છે તથા (૧) શરીર, મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યોનો પીંડ, (૨) પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોથી રહિત (૩) નવીન જ જેનો સંયોગ થયો છે, (૪) એવા આ શરીરાદિક પુદ્‌ગલ પર છે. આ બંનેનો સંયોગરૂપ મનુષ્ય, તિર્યંચાદિ અનેક પ્રકારની અવસ્થાઓ થાય છે. મૂઢ જીવ તેમાં પોતાપણું માને છે. સ્વ અને પરનો વિવેક ન હોવાથી આ મિથ્યાદર્શન છે.

**પ્રશ્ન ૨૪—મિથ્યાદર્શનનો થોડો પરિચય આપો?**

**ઉત્તર** —(૧) નવ પ્રકારના પક્ષોમાં પોતાપણાની બુદ્ધિ

(૨) સ્વ-પરની એકત્વબુદ્ધિ,

(૩) શુભભાવોથી ધર્મ થાય છે—એવી બુદ્ધિ,

(૪) જ્ઞેયથી જ્ઞાન થવું માનવું,

(૫) શુભાશુભભાવોના ગ્રહણ-ત્યાગરૂપ બુદ્ધિ,

(૬) પોતાને નરકાદિરૂપ માનવાની બુદ્ધિ,

(૭) પરમાં ઈષ્ટ-અનિષ્ટની બુદ્ધિ,

(૮) મનુષ્ય-તિર્યંતો પ્રતિ કરૂણાભાવ... વિ. માન્યતાઓ, મિથ્યાદર્શનના ચિહ્ન છે.

**પ્રશ્ન ૨૫—મિથ્યાત્વની ઓળખ શા માટે કરાવી છે?**

**ઉત્તર** —મિથ્યાત્વનું સ્વરૂપ જાણીને ભવ્ય જીવોએ મિથ્યાત્વ તજવું જોઈએ, કારણ કે બધા પ્રકારના બંધનું મૂળકારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ નષ્ટ થયા વિના અવિરતિ વિ. દૂર નથી થતા. માટે પ્રધાન જ મિથ્યાત્વને છોડવું જોઈએ.

**પ્રશ્ન ૨૬—અવિરતિ કોને કહે છે?**

**ઉત્તર** —(૧) ચારિત્રસંબંધી નિર્વિકાર સ્વસંવેદનથી વિપરીત અવ્રત પરિણામરૂપ વિકારને અવિરતિ કહે છે. (૨) પાંચ ઈન્દ્રિય અને મનના વિલય તેમજ પાંચ સ્થાવર અને ત્રસ હિંસા આ બાર પ્રકારના ત્યાગરૂપ ભાવનું ન હોવું, તે બાર પ્રકારની અવિરતિ છે. જેને અસંયમ પણ કહે છે.

**પ્રશ્ન ૨૭—પ્રમાદ કોને કહે છે?**

**ઉત્તર** —ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોમાં ઉત્સાહ ન હોવો, તે પ્રમાદ છે.

**પ્રશ્ન ૨૮—કષાય કોને કહે છે?**

**ઉત્તર** —(૧) મિથ્યાત્વ તથા ક્રોધાદિરૂપ આત્માની અશુભ પરિણતિને કષાય કહે છે. (૨) કષ્=સંસાર. આય=લાભ. જે ભાવથી સંસારનો લાભ થાય, તે કષાય છે, અર્થાત્ જે આત્માને દુઃખ દે, તેને કષાય કહે છે. કષાય પચ્ચીસ હોય છે.

**પ્રશ્ન ૨૯—યોગ કોને કહે છે?**

**ઉત્તર** —(૧) મન-વચન-કાયના નિમિત્તથી આત્મપ્રદેશોના પરિસ્પંદનને યોગ કહે છે. (૨) આત્માના પ્રદેશોનો કંપ થવો તે યોગ છે. યોગમાં પંદર ભેદ, નિમિત્તની અપેક્ષાથી છે. આત્મામાં યોગ નામનો ગુણ છે. તેનું શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારનું પરિણમન છે.

**પ્રશ્ન ૩૦—શું સમ્યગ્દર્શન થતાં જ સંસારના પાંચ કારણોનો અભાવ થઈ જાય છે?**

**ઉત્તર** —(૧) જેમ, કોઈકે ૯૯૯૯૯ રૂપિયા આપવાના છે તે જો ૯૦૦૦૦ રૂપિયા આપી દે તો ૯૯૯૯ રૂપિયા બાકી રહે છે. ૯૦૦૦૦ આપી દીધા તો બાકી આવી જ જશે. તે પ્રમાણે મિથ્યાત્વનો અભાવ થવો ૯૦,૦૦૦ ચુકવવા બરાબર છે. જ્યાં મિથ્યાત્વનો અભાવ થઈ ગયો. ત્યાં અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના અભાવ થોડા જ કાળમાં જ થઈ જાય છે, માટે સમ્યક્ત્વ થતાં જ સંસારના પાંચ કારણોનો અભાવ જ થઈ જાય છે.

(૨) અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ છે. તેનો અભાવ થઈ જવાથી, અન્યબંધની ગણના કોણ કરે છે? જેમ, વૃક્ષનું મૂળ કપાયા બાદ, લીલા પાનની હયાતિ કેટલો સમય? માટે સમ્યગ્દર્શન થતાં જ જે કાંઈ કચાશ હોય છે તે સહજ મરી જ જાય છે, આથી મિથ્યાત્વનો અભાવ થતાં જ સંસારના પાંચ કારણોનો અભાવ જ થઈ જાય છે.

**પ્રશ્ન ૩૧—ભવ અપેક્ષાથી આત્મા અસંયુક્ત સંકલ્પ-વિકલ્પજાળોથી રહિત છે—તેનું શું રહસ્ય છે? દૃષ્ટાંત આપશો.**

**ઉત્તર** —જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે—એવી ઉષ્ણતાની સાથે સંયુક્તતારૂપ અવસ્થાથી અનુભવ કરવાથી (જળનો) ઉષ્ણતારૂપ સંયુક્તતા, ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તે જ સમયે એકાંત શીતળતારૂપ જલ સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતાની સાથે) સંયુક્તપણું અભૂતાર્થ-અસત્યાર્થ છે, તે પ્રમાણે, કર્મ જેનું નિમિત્ત છે—એવા નહીં સાથે સંયુક્તતારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તતા ભૂતાર્થ છે. સત્યાર્થ છે, તે જ સમયે જે સ્વયં એકાંત જ્ઞાયક જીવસ્વભાવ (પરન્તુ નિમિત્તતા, ભેદથી રહિત, સ્વાશ્રિતરૂપથી સ્થાયી જ્ઞાનસ્વભાવ) છે, તે (ચૈતન્ય-સ્વભાવ)ની નજીક જઈને અનુભવ કરવાથી પર સંયુક્તતા, અભૂતાર્થ છે. અસત્યાર્થ છે. તાત્પર્ય એ છે કે આત્માની પર્યાયમાં મોહ-રાગ-દ્વેષ હોવા છતાં કર્મનું નિમિત્ત હોવા છતાં પણ આત્માનો પરમ પારિણામિકભાવ એકરૂપ રહેલો જ છે. તેની તરફ દૃષ્ટિ કરે તો ઔદયિકભાવોના અભાવરૂપ ઔપશમિકભાવ તથા ધર્મ તો ક્ષાયોપશમિકભાવ પ્રગટ થઈને ક્રમથી પૂર્ણ ક્ષાયિકપણું પ્રગટે છે. આમ જાણીને, શ્રદ્ધીને પોતાના પારિણામિકભાવનો આશ્રય લઈને ક્ષાયિકદશા પ્રગટ કરવી, તેજ પાત્ર જીવનું પ્રથમ પરમ કર્તવ્ય છે.

**પ્રશ્ન ૩૨—શું પર્યાયમાં મોહ-રાગ-દ્વેષ હોવા છતાં, કર્મનું નિમિત્ત હોવા છતાં પણ, ઔદયિકભાવોનો અભાવ થઈ શકે છે? તેનું ફળ શું છે?**

**ઉત્તર** —હાં થઈ શકે છે, કારણ કે પર્યાયમાં મોહ-રાગ-દ્વેષભાવ અભૂતાર્થ છે. અને ભગવાન આત્મા ભૂતાર્થ છે. અમૃતચંદ્રાચાર્યે આ જ વાત આ પાંચમાં બોલમાં સમજાવી છે કે તારી પર્યાયમાં મોહ-રાગ-દ્વેષ હોવા છતાં પણ તું નિજ

પરમપારિણામિકભાવની દૃષ્ટિ કરે તો પૂર્ણ ક્ષાયિકદશા પ્રગટે.

**પ્રશ્ન ૩૩—શ્રી સમયસાર કળશ-૧૦ તથા ગાથા ૧૪માં 'જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ વિ. પાંચ ભાવરૂપ દેખે છે તેને તું શુદ્ધનય જાણ'—આને સમજાવવાનું શું તાત્પર્ય છે!**

**ઉત્તર** —પાંચરૂપથી નહીં, પરંતુ એકરૂપથી જાણે—અનુભવે—સ્થિરતા કરે છે, તેને શુદ્ધનયને જાણ્યો. આ ગાથામાં પાંચ પ્રકારથી કથન કર્યું છે. આચાર્ય ભગવંતને પાત્ર ભવ્યજીવો પ્રતિ કરુણા છે કે કોઈપણ પ્રકારે આ અજ્ઞાનીજીવનું અજ્ઞાન મટીને, ધર્મની પ્રાપ્તિ થાવ. ખરેખર તો પ્રથમ બોલ સમજવાથી જ કલ્યાણ થઈ જવું જોઈએ, જે તેટલાથી ન સમજે, તેને બીજા બોલથી, પછી ત્રીજા બોલથી, પછી ચોથા બોલથી અને પછી પાંચમા બોલથી સમજાવે છે. જો પાત્ર જીવ સમજી જાય તો સ્વયં ભગવાન બની જાય અને જો ન સમજે તો ચારે ગતિઓમાં ભમીને નિગોદ જાય છે. અબદ્ધસ્પૃષ્ટાદિને સમજવાથી મોક્ષનો પથિક બની જાય—આ તાત્પર્ય પાંચ બોલથી છે.

**પ્રશ્ન ૩૪—જે શુદ્ધનયને જાણે છે તેનું ફળ અનાદિથી જિન, જિનવર અને જિનવરવૃષભોએ શું-શું બતાવ્યું છે?**

**ઉત્તર** —(૧) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ—આ સંસાર પરિભ્રમણના પાંચ કારણોનો અભાવ થઈને મોક્ષના પથિક બની જાય છે. (૨) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પરાવર્તનનો અભાવ થઈને ક્રમથી સિદ્ધદશાની પ્રાપ્તિ, તેનું ફળ છે. (૩) પંચ પરમેષ્ઠીઓમાં તેની ગણતરી થવા લાગે છે. (૪) ચારે ગતિનો અભાવ થઈને, પંચમગતિ-મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે. (૫) ઔદયિકાદિ ભાવોથી દૃષ્ટિ હટીને પરમપારિણામિક ભાવનું મહત્વ આવી જાય છે. (૬) આઠે કર્મોનો અભાવ થઈ જાય છે. (૭) ગુણસ્થાનમાર્ગણા અને જીવસમાસથી દૃષ્ટિ હટીને, પોતાના

ભગવાનનો પત્તો લાગી જાય છે. (૮) શ્રી સમયસાર ગાથા ૫૦ થી ૮૮ સુધીના ૨૯ બોલોથી દૃષ્ટિ હટી ને પોતાના ભગવાનનો પત્તો લાગી જાય છે. (૯) હું જ્ઞાયક અને લોકાલોક જ્ઞેય છે. એ સમજમાં આવી જાય છે. (૧૦) શુદ્ધનયને જાણતાં જ (અ) સિદ્ધ ભગવાન શું કરે છે અને સિદ્ધદશા શું છે? (આ) અરહંત ભગવાન શું કરે છે અને અરહંતદશા શું છે? (ઇ) આચાર્ય, ઉપાધ્યાય, સાધુ શું કરે છે અને તેમની દશા શું છે? (ઈ) શ્રાવકપણું સમ્યક્દૃષ્ટિપણું શું છે અને શ્રાવક, સમ્યગ્દૃષ્ટિ શું કરે છે? (ઉ) અનાદિથી મિથ્યાદૃષ્ટિ શું કરે છે અને મિથ્યાત્વ શું છે?...વિગેરે બધી વાત સમજાઈ જાય છે. (૧૧) સમસ્ત જિનશાસનનો પત્તો લાગી જાય છે. (૧૨) દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ છે? તેનું સ્વરૂપ શુદ્ધનય જાણવાથી ખબર પડે છે.

માટે હે જીવ! તું એકવાર અનાદિ-અનંત પોતાના શુદ્ધનયનો આશ્રય લે તો સાદિ-શાંતદશા પ્રગટ થઈને, સાદિ-અનંત દશાની પ્રાપ્તિ થઈ જાય છે. આ ૧૦મા કળશ તથા ગાથા ૧૪નું રહસ્ય છે.

## ૬ સમયસાર ગાથા ૩૪૯ થી ૩૮૨ સુધીનું રહસ્ય

# જ્ઞાન અને જ્ઞેયની ભિન્નતા

**પ્રશ્ન ૧—'જ્ઞેયની અનુસાર જ્ઞાન નથી થતું પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે' આ વિષયમાં નાટક-સમયસાર સર્વવિશુદ્ધદ્વાર કાવ્ય-૫૩માં શું બતાવેલ છે?**

**ઉત્તર —**

જ્ઞેયાકાર જ્ઞાનની પરિણતિ, પૈ વહ ગ્યાન જ્ઞેય નહીં હોઈ,
જ્ઞેયરૂપ ષટ્ દરવ ભિન્ન પદ ગ્યાનરૂપ આતમપદ સોઈ,
જાનૈ ભેદ ભાઉ સુ વિચચ્છન, ગુન લચ્છન સમ્યક્ દ્રિગ જોઈ,
મૂરખ કહૈ ગ્યાનમય આકૃતિ, પ્રગટ કલંક લખૈ નહીં કોઈ.

વિશેષ અર્થ : જીવ પદાર્થ જ્ઞાયક છે, જ્ઞાન તેનો ગુણ છે. તે પોતાના જ્ઞાનગુણથી જગતના છએ દ્રવ્યોને જાણે છે અને પોતાને પણ જાણે છે, માટે જગતના બધા જીવ-અજીવ પદાર્થ અને સ્વયં આત્મા જ્ઞેય અને આત્મા સ્વ-પરને જાણવાથી જ્ઞાયક છે. ભાવ આ છે કે આત્મા જ્ઞેય પણ છે અને જ્ઞાયક પણ છે. આત્મા સિવાયના બધા પદાર્થો જ્ઞેય છે. જ્યારે કોઈ જ્ઞેય પદાર્થ, જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે ત્યારે જ્ઞાનની જ્ઞેયાકાર પરિણતિ થાય છે. પરંતુ જ્ઞાન, જ્ઞાન જ રહે છે. જ્ઞેય નથી થઈ જતું અને જ્ઞેય જ્ઞેય જ રહે છે, જ્ઞાન નથી થઈ જતું, કોઈનું કોઈમાં મિલન થતું નથી. જ્ઞેયના સ્વ-ચતુષ્ટય જુદા તથા જ્ઞાયકના સ્વચતુષ્ટય જુદા રહે છે. પરંતુ વિવેકશૂન્ય વૈશેષિક વિ. જ્ઞાનમાં જ્ઞેયની આકૃતિ જોઈને, જ્ઞાનમાં અશુદ્ધતા કરાવે છે, આ મિથ્યા માન્યતા છે.

**પ્રશ્ન ૨—જ્ઞેય અનુસાર જ્ઞાન નથી થતું પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે—આ વિષયમાં શ્રી સમયસાર, ગાથા ૩૭૩ થી ૩૮૨ તથા કળશ ૨૨૨નું શું રહસ્ય છે?**

**ઉત્તર** —જેમ, (૧) દીપકનો સ્વભાવ, ઘટ-પટાદિને પ્રકાશિત કરવાનો છે, તે પ્રમાણે જ્ઞાનનો સ્વભાવ, જ્ઞેયને જાણવાનો છે—આવો વસ્તુસ્વભાવ છે.

(૨) જ્ઞેયને જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર નથી થતો. 'જ્ઞેયોને જાણીને, તેમને સારા-ખરાબ માનીને, આત્મા રાગી-દ્વેષી-વિકારી થાય છે, કે જે અજ્ઞાન છે.

(૩) માટે આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે કે વસ્તુનો સ્વભાવ તો આવો છે. છતાં પણ આ આત્મા અજ્ઞાની થઈને રાગ-દ્વેષરૂપ કેમ પરિણમે છે? પોતાની સ્વાભાવિક ઉદાસીન અવસ્થારૂપ કેમ નથી રહેતો?

(૪) આ પ્રમાણે આચાર્યદેવે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે તે ઉચિત જ છે. કારણ કે જ્ઞાનીઓને જ્યાં સુધી શુભરાગ છે, ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી જોઈને કરૂણા તથા આશ્ચર્ય ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩—શ્રી સમયસાર ગાથા ૩૫૬ થી ૩૬૫ સુધીનો સાર શું છે?**

**ઉત્તર** —(૧) જેને સમ્યક્‌જ્ઞાન થઈ જાય છે, તે જાણે છે કે આત્મા ખરેખર પોતાની જ્ઞાન પર્યાયને જાણે છે અને પરજ્ઞેય તો જ્ઞાનને નિમિત્ત માત્ર છે. 'પરજ્ઞેયને જાણ્યું'—આવું કથન વ્યવહાર છે.

(૨) જો પરમાર્થદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા, પરને જાણે છે, તે મિથ્યા છે, કારણ કે આમ હોય તો આત્મા અને જ્ઞેય (જ્ઞાન અને જ્ઞેય) બંને એક થઈ જાય. 'જેનું જે હોય, તે તે જ હોય છે'—

આ સિદ્ધાંત છે, માટે ખરેખર જો એમ કહેવામાં આવે કે 'પુદ્‌ગલનું જ્ઞાન છે' તો જ્ઞાન પુદ્‌ગલરૂપ થઈ જશે, આથી એમ સમજવું જોઈએ કે નિમિત્ત સંબંધી પોતાના જ્ઞાનની પર્યાયને આત્મા જાણે છે.

(૩) આત્મા આત્માને જાણે છે, તે પણ સ્વ-સ્વામી અંશ છે, આવા ભેદથી પણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. કારણ કે લક્ષણથી લક્ષ્યનું જ્ઞાન કરાવવું, આ પણ ભેદ છે. જ્યાં સુધી ભેદમાં રહેશે, ત્યાં સુધી સમ્યક્‌દર્શનાદિની પ્રાપ્તિ નહીં થાય, આથી 'જ્ઞાયક, જ્ઞાયક જ છે'—આ નિશ્ચય છે.

**પ્રશ્ન ૪—શ્રી સમયસાર, ગાથા ૩૫૬ થી ૩૬૫ની ટીકામાં શ્રી અમૃતચંદ્રસૂરિએ છ વખત કઈ વાત બતાવી છે.**

**ઉત્તર** —'એક દ્રવ્યનું, અન્ય દ્રવ્યરૂપમાં સંક્રમણ થવાનો નિષેધ કર્યો છે.' આ વાત છવાર બતાવી છે.

**પ્રશ્ન ૫—શ્રી સમયસાર કલશ ૨૧૪નો સાર શું છે?**

**ઉત્તર** —કોઈ આશંકા કરે છે કે જૈન સિદ્ધાંતમાં પણ એમ કહ્યું છે કે જીવ, જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મને કરે છે—ભોગવે છે, તેનું સમાધાન એમ છે કે જૂઠા વ્યવહારથી કહ્યું છે. દ્રવ્યના સ્વરૂપનો વિચાર કરતાં, પરદ્રવ્યનો કર્તા જીવ નથી, આથી આ સમજવું જોઈએ કે પરદ્રવ્યરૂપ જ્ઞેયપદાર્થ પોતાના ભાવથી પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવરૂપ પરિણમે છે તેઓ એકબીજાનું પરસ્પર કાંઈ નથી કરી સકતા, માટે વ્યવહારથી જ કહેવાય છે કે 'જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે', નિશ્ચયથી તો જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે.

**પ્રશ્ન ૬—આ વિષય પર શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૩-૧૭૪માં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —બંને ગાથાઓમાં નીચે પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર છે.

***પ્રશ્ન —આત્મા અમૂર્તિક હોવા છતાં પણ તે મૂર્તિક કર્મપુદ્ગલો સાથે કેવી રીતે બંધને પામે છે?***

**ઉત્તર —**આત્મા અમૂર્તિક હોવા છતાં પણ, તે મૂર્તિક પદાર્થોને કેવી રીતે જાણે છે? જેમ તે મૂર્તિક પદાર્થોને જાણે છે, તે પ્રમાણે મૂર્તિક કર્મ પુદ્ગલોની સાથે બંધાય છે.

***પ્રશ્ન —શાસ્ત્રોમાં આવે છે તે ''વાસ્તવમાં અરૂપી આત્માનો રૂપી પદાર્થોની સાથે કોઈ સંબંધ ન હોવા છતાં પણ, અરૂપી આત્માનો રૂપી પદાર્થ સાથે સંબંધ હોવાનો વ્યવહાર પણ વિરોધને પ્રાપ્ત નથી થતો.'' આને સ્પષ્ટ કરીને સમજાવો?***

**ઉત્તર —**(અ) જ્યાં આ કહેવામાં આવે છે કે 'આત્મા, મૂર્તિક પદાર્થોને જાણે છે' ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્માના મૂર્તિક પદાર્થો સાથે કોઈ સંબંધ નથી, તેનો તો માત્ર તે મૂર્તિક પદાર્થના આકારે થવાવાળા જ્ઞાન સાથે જ સંબંધ છે અને તે પદાર્થના જ્ઞાન સાથેના સંબંધને કારણે જ 'અમૂર્તિક આત્મા મૂર્તિક પદાર્થને જાણે છે'—આવો અમૂર્તિક-મૂર્તિકનો સંબંધરૂપ વ્યવહાર સિદ્ધ થાય છે, તે પ્રમાણે એમ કહેવામાં આવે છે કે 'અમૂર્તિક આત્માનો મૂર્તિક કર્મ પુદ્ગલો સાથે બંધ છે.' ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્માનો, મૂર્તિક કર્મ પુદ્ગલોની સાથે કોઈ સંબંધ નથી. આત્માના તો કર્મ પુદ્ગલ જેમાં નિમિત્ત છે, એવા રાગ-દ્વેષાદિભાવો સાથે જ સંબંધ (બંધ) છે અને તે કર્મ-નિમિત્તક રાગ-દ્વેષાદિ ભાવો સાથે સંબંધ હોવાથી જ 'આ આત્માનો મૂર્તિક કર્મ-પુદ્ગલોની સાથે બંધ છે'—આવો અમૂર્તિક-મૂર્તિકનો બંધરૂપ વ્યવહાર સિદ્ધ થાય છે.

(આ) મનુષ્યને સ્ત્રી-પુત્ર-ધનાદિની સાથે ખરેખર કોઈ સંબંધ નથી, તેઓ તે મનુષ્યથી સર્વથા ભિન્ન છે. તથાપિ સ્ત્રી-પુત્ર-ધનાદિકના પ્રતિ રાગ કરવાવાવાળા મનુષ્યને રાગનું બંધન હોવાથી અને તે રાગમાં સ્ત્રી-પુત્ર-ધનાદિક નિમિત્ત હોવાથી વ્યવહારથી આ

અવશ્ય કહી શકાય કે 'આ મનુષ્યને સ્ત્રી-પુત્ર-ધનાદિકનું બંધન છે, તે પ્રમાણે આત્માને કર્મ-પુદ્ગલો સાથે ખરેખર કોઈ સંબંધ નથી, તેઓ આત્માથી સર્વથા ભિન્ન છે. તથાપિ રાગ-દ્વેષાદિભાવ કરવાવાળા આત્માને રાગ-દ્વેષ વિ. ભાવોનું બંધન હોવાથી અને તે ભાવોમાં કર્મ-પુદ્ગલ નિમિત્ત હોવાથી વ્યવહારથી જરૂર એમ કહી શકાય કે 'આ આત્માને કર્મ પુદ્ગલોનું બંધન છે.

(પ્રવચનસાર ગાથા-૧૭૪નો ભાવાર્થ)

**પ્રશ્ન ૭—આ નિશ્ચય-વ્યવહાર બતાવવાથી શું લાભ થયો?**

**ઉત્તર** —(૧) આત્માને જ્ઞાન પર્યાયની સાથે સંબંધ છે, જ્ઞેય પદાર્થો સાથે સંબંધ નથી—આ વાત યથાર્થ છે. (૨) અજ્ઞાની આત્માનો પણ રાગ-દ્વેષ વિ. ભાવોથી સંબંધ છે, દ્રવ્યકર્મ-નોકર્મની સાથે સર્વથા સંબંધ નથી—આ વાત યથાર્થ છે. (૩) સુખ-દુઃખનો સંબંધ સુખ-દુઃખ પર્યાયથી છે, પદાર્થોની સાથે સંબંધ નથી—આ વાત યથાર્થ છે. (૪) સમ્યક્દર્શનનો સંબંધ આત્માના શ્રદ્ધાગુણથી છે, દેવ-ગુરુ-શાસ્ત્રથી, દર્શનમોહનીય ઉપશમાદિથી સર્વથા સંબંધ નથી—આ વાત યથાર્થ છે. (૫) કેવળજ્ઞાનનો સંબંધ જ્ઞાનગુણથી છે, વજ્રવૃષભનારાચ સંહનન, ચોથો કાળ, કેવળજ્ઞાનાવરણીય કર્મના અભાવથી સર્વથા સંબંધ નથી—આ વાત યથાર્થ છે. તાત્પર્ય એ છે કે 'નિશ્ચયથી પરની સાથે આત્માનો કારકતાનો સંબંધ નથી કે જે શુદ્ધાત્મ સ્વભાવની પ્રાપ્તિને માટે બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતાથી જીવ વ્યર્થ જ પરતંત્ર—દુઃખી થઈને આકુલિત થાય છે.

(પ્રવચનસાર ગાથા ૧૬ની ટીકામાંથી)

**પ્રશ્ન ૮—શાસ્ત્રોમાં આવે છે કે જીવ, જ્ઞાનાવરણીય વિ. કર્મરૂપ પુદ્ગલપિંડનો કર્તા છે—તો ત્યાં શું સમજવું?**

**ઉત્તર** —કહેવા માટે તો છે, વસ્તુ સ્વરૂપ વિચારવાથી પરનો

કર્તા નથી કારણ કે વ્યવહારદૃષ્ટિથી જ કહેવા માટે સત્ય છે, વસ્તુ સ્વરૂપ વિચારતા તે મિથ્યા છે.

**પ્રશ્ન ૯—શાસ્ત્રોમાં વ્યવહાર કથન કઈ રીતે હોય છે? જિનવાણીમાં તે માટે ક્યા દૃષ્ટાંત આપેલ છે?**

**ઉત્તર** —(૧) જેમ, હાથીના દાંત બહાર દેખાડવાના અલગ છે અને અંદર ચાવવાના અલગ છે, તેવી જ રીતે જૈન ઋષિ, મુનિ અને આચાર્યોના રચેલ સિદ્ધાંત શાસ્ત્ર, સૂત્ર અને પુરાણાદિ છે તેઓ તો હાથીના બહારના દાંતો સમાન સમજવા તથા ભીતરના યથાર્થ આશય જેનો જે તે જાણે છે આ દૃષ્ટાંત એમ સૂચિત કરે છે કે શાસ્ત્રોમાં અનેક ઉપચાર કથન છે. તેનો આશય પકડીને (સમજીને) પરમાર્થ અર્થ લેવો. જો શબ્દોને પકડવામાં આવે તો શાસ્ત્રનો આશય સમજવામાં નહીં આવે.

(૨) એક શાહુકારે પુત્રને પરદેશ મોકલ્યો. કેટલાયે દિવસો બાદ તેના પુત્રની વહુ બોલી 'હું વિધવા થઈ ગઈ' ત્યારે શેઠે પુત્રને લખ્યું—'બેટા! તારી વહુ તો વિધવા થઈ ગઈ છે.' ત્યારે પુત્ર શોક કરવા લાગ્યો. કોઈના પૂછવા પર કહે છે કે 'મારી સ્ત્રી વિધવા થઈ ગઈ છે.' આ સાંભળીને તે બોલ્યો—'તું તો પ્રત્યક્ષ જીવિત છો, પછી તારી સ્ત્રી વિધવા કેવી રીતે થઈ ગઈ? ત્યારે શેઠ પુત્ર કહે છે—તમે કહ્યું તે તો સાચું છે, પરંતુ પિતાજીનો પત્ર આવ્યો છે, તેને જૂઠું કેમ માનું!' આ દૃષ્ટાંત સૂચવે છે કે અજ્ઞાની શાસ્ત્રનો આશય જાણતો નથી અને કહે છે કે 'શાસ્ત્રમાં કર્મના ઉદયથી-નિમિત્તથી લાભ-હાનિ થાય છે—એમ લખ્યું છે, તે જૂઠું છે?' જ્ઞાની કહે છે 'ભાઈ! શાસ્ત્રકારનો આશય એ છે કે આત્મા સ્વયં હાજર છે અને તેની પરિણતિ કર્મના ઉદયથી વા નિમિત્તથી થાય છે—એવું માનવું તો 'મારી હયાતીમાં મારી સ્ત્રી વિધવા થઈ ગઈ'—એમ કહીને જોર-

જોરથી રુદન બરાબર છે. શાસ્ત્રના તે વાક્યો તો ઉપચારમાત્ર કર્મની અવસ્થાનું તથા નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે.

(૩) વ્યવહાર અભૂતાર્થ છે. સત્ય સ્વરૂપનું નિરૂપણ નથી કરતો, કોઈ અપેક્ષા ઉપચારથી અન્યથા નિરૂપણ કરે છે તથા શુદ્ધનય જે નિશ્ચય છે, તે ભૂતાર્થ છે, જેવું વસ્તુનું સ્વરૂપ છે, તેવું નિરૂપણ કરે છે, માટે નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું—આમ શાસ્ત્રમાં ફરમાન છે.

**પ્રશ્ન ૧૦—જ્ઞેયના અનુસાર જ્ઞાન નથી થતું, પરંતુ ઉઘાડના અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે—આ દૃષ્ટાંતથી સમજાવો.**

**ઉત્તર** —એક શિકારી હતો. તેને ત્રણ પત્નીઓ હતી. એકે કહ્યું—'મને તૃષા લાગી છે, પાણી લાવો.' બીજીએ કહ્યું—'બેસવા માટે મૃગચર્મ લાવો' ત્રીજીએ કહ્યું 'મને ગીત સંભળાવો'. શિકારીએ ત્રણેને એક જ ઉત્તર આપ્યો 'સરો નાત્થી' આ પ્રાકૃતનો શબ્દ છે. તે શબ્દથી ત્રણેનો આશય પૂરો થઈ ગયો. પહેલી સમજી – 'સરઃ ન અસ્તિ' તળાવ નથી. પાણી ક્યાંથી લાવું? બીજી સમજી 'શર ન અસ્તિ' બાણ નથી તો મૃગચર્મ ક્યાંથી લાવું? ત્રીજી સમજી 'સ્વર ન અસ્તિ' મારો સ્વર ઠીક નથી, ગાયન કેવી રીતે સંભળાવું? વિચારો! શું શબ્દથી જ્ઞાન થયું? પરંતુ ત્રણેને પોત-પોતાના જ્ઞાનના ઉઘાડના કારણે જ્ઞાન થયું. જો શબ્દથી જ્ઞાન થાત તો ત્રણેને એક સરખું જ્ઞાન થવું જોઈએ, પણ ન થયું, માટે સિદ્ધ થયું કે શબ્દથી જ્ઞાન નહીં, જ્ઞાન જ્ઞાનથી થાય છે. માટે જ્ઞેય અનુસાર નહીં, પણ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞાન થાય છે, જ્ઞેય જાણવામાં આવે છે.

**પ્રશ્ન ૧૧—જ્ઞેય અનુસાર જ્ઞાન નથી થતું પરંતુ જ્ઞાનના ઉઘાડ**

**અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે—આ માટે બીજું દૃષ્ટાંત આપી સમજાવો.**

**ઉત્તર** —તીર્થંકર ભગવાનને ઓમ ગર્જનારૂપ દિવ્યધ્વનિ ખરે છે. સમવસરણમાં બાર પ્રકારની સભા હોય છે. શું બધા જીવોને એકસરખું જ્ઞાન થાય છે? નહીં, ખરેખર તો જે જીવને જેટલો ઉઘાડ હોય તેટલો ભગવાનની દિવ્યધ્વનિ પર આરોપ આવે છે. માટે એ સિદ્ધ થયું કે જ્ઞેય અનુસાર જ્ઞાન નથી થતું, પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેયને જાણે છે.

**પ્રશ્ન ૧૨—ભગવાન મહાવીરની વાણી સાંભળીને ગૌતમ ગણધરે અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી, છતાં તમે કહો છે કે જ્ઞેયથી જ્ઞાન નથી થતું?**

**ઉત્તર** —ગૌતમ ગણધરને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન હતું તે દિવ્યધ્વનિથી પ્રગટ્યું નહોતું, કારણ કે જો દિવ્યધ્વનિથી પ્રગટે તો ત્યાંના બધા જીવોને થવું જોઈએ, તે તો થયું નહીં, માટે જ્ઞેયથી જ્ઞાન નથી થતું, પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેયને જાણે છે.

**પ્રશ્ન ૧૩—જ્ઞેયની અનુસાર જ્ઞાન નથી થતું, પરંતુ જ્ઞાનના ઉઘાડને કારણે જ્ઞેય જાણવામાં આવે છે, તે ત્રીજા દૃષ્ટાંતથી સમજાવો.**

**ઉત્તર** —તમારી સામે કેરી છે, જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ચારે એક સાથે છે. જે સમયે તમે રંગનું જ્ઞાન કરો છો, તે સમયે સ્પર્શ, રસાદિનું જ્ઞાન નથી હોતું. જ્યારે રસનું જ્ઞાન કરો છો, તે સમયે સ્પર્શ-ગંધાદિનું જ્ઞાન નથી. જો કેરીથી જ્ઞાન થતું હોય તો સ્પર્શાદિ ચારેનું જ્ઞાન એક સાથે થવું જોઈએ, તે બનતું નથી. આમ સિદ્ધ થયું કે જ્ઞેય અનુસાર જ્ઞાન નથી થતું, પણ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે.

**પ્રશ્ન ૧૪—શું પાંચ ઇન્દ્રિયો તથા તનથી પણ જ્ઞાન નથી થતું?**

**ઉત્તર** —બિલકુલ નહીં, કારણ કે આ બધી પુદ્ગલ સ્કંધોની પર્યાયો છે, જેમાં જ્ઞાન નથી. જેમાં સ્વયં જ્ઞાન નથી, તે જ્ઞાનનું કારણ કેવી રીતે બની શકે? ક્યારેય નહીં. આમ સિદ્ધ થયું—સંયોગથી જ્ઞાન નથી થતું, પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર સંયોગ જાણવામાં આવે છે.

**પ્રશ્ન ૧૫—જ્ઞેય અનુસાર નહીં, પણ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે. ચોથું દૃષ્ટાંત આપીને સમજાવો.**

**ઉત્તર** —સામે બાગ છે. બાગમાં પાણી પાયુ. જુઓ, ઝાડના જ્ઞાનનો ઉઘાડ માત્ર સ્પર્શનો જ છે. પાણીમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ બધું છે. પરંતુ ઝાડને રસ-ગંધ-વર્ણાદિનું જ્ઞાન નથી. આથી સિદ્ધ થાય છે કે જ્ઞેય અનુસાર જ્ઞાન નથી થતું પરંતુ જ્ઞાનના ઉઘાડની અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે.

**પ્રશ્ન ૧૬—સામે લોકાલોક છે, આપણને જ્ઞાન કેમ નથી થતું? કેવળીને કેમ થાય છે?**

**ઉત્તર** —કેવળીને પોતાના જ્ઞાનના ઉઘાડને કારણે જ જ્ઞાન થાય છે, લોકાલોકને કારણે નહીં. જો લોકાલોકને કારણે જ્ઞાન થાય તો આપણને પણ તેનું જ્ઞાન થવું જોઈએ, આથી સિદ્ધ થયું કે જ્ઞેય અનુસાર નહીં, પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેય જણાય છે.

**પ્રશ્ન ૧૭—જ્ઞેયના અનુસાર નહીં, જ્ઞાનના ઉઘાડને કારણે જ્ઞેય જાણવામાં આવે છે પાંચમું દૃષ્ટાંત આપીને સમજાવો.**

**ઉત્તર** —સામે માણસ ઊંઘી રહ્યો છે. તેને જોઈને બીજો માણસ કહે છે કે જુઓ! તેના મસ્તક પર કેટલા મચ્છર ઉડી રહ્યા છે (જ્યારે વાસ્તવમાં તો) તે તેના લાંબા-લાંબા વાળ છે અને જ્ઞાન કર્યું મચ્છરોનું! જો જ્ઞેય અનુસાર જ્ઞાન થતું હોય તો વાળનું જ્ઞાન

થવું જોઈએ, મચ્છરોનું નહીં, આથી સિદ્ધ થયું કે જ્ઞેય અનુસાર નહીં પણ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેય જણાય છે.

**પ્રશ્ન ૧૮—જ્ઞેય અનુસાર નહીં, જ્ઞાનના ઉઘાડને કારણે જ્ઞેય જાણવામાં આવે છે. છઠ્ઠું ઉદાહરણ આપીને સમજાવો.**

**ઉત્તર** —રાત્રિના સમયે, લાકડીને ભૂત માની લીધું અને ડરથી દુઃખી થાય છે. જો જ્ઞેય અનુસાર જ્ઞાન થયું હોત તો લાકડીને ભૂત ન માનત. આમ સિદ્ધ થયું કે અનુસાર નહીં જ્ઞાનના ઉઘાડને કારણે જ્ઞેય જણાય છે.

**પ્રશ્ન ૧૯—જ્ઞેય અનુસાર નહીં, જ્ઞાનના ઉઘાડને કારણે જ્ઞેય જાણવામાં આવે છે—કોઈ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરો.**

**ઉત્તર** —કોલેજમાં શિક્ષક ઘણા વિદ્યાર્થીઓને એકસાથે એક સરખો પાઠ શીખવે છે. શું બધા વિદ્યાર્થીઓને એક સરખું જ્ઞાન થાય છે, ક્યારેય નહીં. આથી એ સિદ્ધ છે કે જ્ઞેય અનુસાર નહીં, પણ જ્ઞાનના ઉઘાડ અનુસાર જણાય છે.

**પ્રશ્ન ૨૦—આ સિદ્ધાંતમાં શું રહસ્ય છે?**

**ઉત્તર** —જેમ, આત્મામાં અનંતગુણો છે, તે પ્રત્યેક ગુણનો તેની પર્યાય સાથે સંબંધ કહો, પરંતુ પર સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી. કારણ કે વિશ્વમાં જીવ અનંત, પુદ્ગલ અનંતાનંત, ધર્મ-અધર્મ તથા આકાશ, એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાલાણુ છે. પ્રત્યેક દ્રવ્યમાં અનંતા અનંત ગુણો છે. પ્રત્યેક ગુણ અનાદિ-અનંત કાયમ રહીને, પોત-પોતાની પ્રયોજનભૂત ક્રિયા કરે છે, સ્વયં બદલતા રહે છે—આવો વસ્તુ સ્વભાવ છે. આ વાત જેના જ્ઞાનમાં આવી જાય તો અનંત સંસારનો અભાવ થઈને મોક્ષલક્ષ્મીનો નાથ બની જાય. જ્ઞેય અનુસાર જ્ઞાન નથી થતું. પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞેય જાણવામાં આવે છે—આ તેનું રહસ્ય છે.

**પ્રશ્ન ૨૧—જ્ઞેય-જ્ઞાયકના સંબંધમાં શ્રી સમયસાર કળશ ૨૧૬નો ભાવ શું છે?**

**ઉત્તર** —ખરેખર કોઈ દ્રવ્યનો સ્વભાવ, કોઈ બીજા દ્રવ્યરૂપ નથી હોતો તો જેમ ચાંદની, પૃથ્વીને ઉજ્જવલ કરે છે, પરંતુ પૃથ્વી ચાંદનીની કિંચિત્ માત્ર પણ નથી થતી, તે પ્રમાણે જ્ઞાન, જ્ઞેયને જાણે છે, પરંતુ જ્ઞેય, જ્ઞાનનું કિંચિત્‌માત્ર પણ નથી થતું. આત્માનો જ્ઞાન સ્વભાવ છે. માટે જ્ઞાનની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે. પરંતુ જ્ઞાનમાં જ્ઞેયનો પ્રવેશ નથી થતો.

**પ્રશ્ન ૨૨—જ્ઞેય-જ્ઞાયક સંબંધમાં શ્રી સમયસાર કળશ ૨૧૫માં શું સમજાવ્યું છે?**

**ઉત્તર** —જેણે શુદ્ધદ્રવ્યના ભાવમાં બુદ્ધિને લગાવી છે અને જે તત્ત્વનો અનુભવ કરે છે તે પુરુષને એક દ્રવ્યમાં કોઈ પણ બીજું દ્રવ્ય રહેલું કદાપિ ભાસતું નથી. જ્ઞાન, જ્ઞેય જાણે છે, તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. જ્યારે આમ જ છે, તો પછી લોકો જ્ઞાનને અન્ય જ્ઞેયની સાથે સ્પર્શ નહીં હોવાની માન્યતાથી આકુળબુદ્ધિવાળા થઈને શુદ્ધસ્વરૂપથી કેમ ચ્યુત થાય છે? અર્થાત્ આત્માએ દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મનો સ્પર્શ જ કર્યો નથી. તો હું પરનો કર્તા-ભોક્તા છું—આ બુદ્ધિ ક્યાંથી આવી? અજ્ઞાનથી આવી છે. માટે હે ભવ્ય! તારું તારાથી બહાર કિંચિત્ પણ નથી. જરા પોતાની અંદર જો. અપૂર્વ શાંતિનું વેદન થશે. તાત્પર્ય આ છે કે જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે. તથાપિ સમસ્ત જ્ઞેયથી ભિન્ન છે. આવું ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી બધા જાણે છે.

**પ્રશ્ન ૨૩—જ્ઞેય-જ્ઞાયક સંબંધને સમજવા માટે ક્યા શાસ્ત્રની કઈ કઈ ગાથાઓ-ટીકાઓ વાંચવી જોઈએ?**

**ઉત્તર** —(૧) શ્રી સમયસાર ગાથા ૩૫૬ થી ૩૬૫ સુધી તથા

ગાથા ૩૭૩ થી ૩૮૨ સુધી ટીકા સહિત અને કળશ ૨૧૪ થી ૨૨૨ સુધી વાંચવી જોઈએ. (૨) શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૩ થી ૧૭૪ સુધી ટીકા સહિત વાંચવી જોઈએ.

**પ્રશ્ન ૨૪—જ્ઞેય-જ્ઞાયક દોહરા સંભળાવો!**

**ઉત્તર —**

'સકલ વસ્તુ જગમેં અસહાઈ, વસ્તુ વસ્તુસોં મિલે ન કાંઈ,
જીવ વસ્તુ જાનૈ જગ જેતી, સો ભિન્ન રહે સબ સેતી,
શુદ્ધ દરબ અનુભવ કરે, શુદ્ધ દૃષ્ટિ ઘટ માંહિ,
તાતૈં સમકિતવંત નર, સહ ઉચ્છેદક નાંહિ.

તથા

સકલ જ્ઞેય જ્ઞાયક તદપિ, નિજાનંદ રસ લીન,
સો જિનેન્દ્ર જયવંત નિત, અરિ રજ રહસ વિહીન.

## ૭

### શ્રી સમયસાર ગાથા ૩૧ સુધીનું રહસ્ય

# તીર્થંકરદેવની નિશ્ચય સ્તુતિ

**પ્રશ્ન ૧—જિતેન્દ્રિય કોને કહે છે?**

**ઉત્તર** —જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિકજાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ, ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

અર્થાત્ જે ઈન્દ્રિયોને જીતીને, જ્ઞાનસ્વભાવ દ્વારા અન્ય દ્રવ્યથી અધિક (ભિન્ન) આત્માને જાણે છે, (અનુભવે છે), તેમને જે નિશ્ચયનયમાં સ્થિત સાધુ છે, તેઓ વાસ્તવમાં જિતેન્દ્રિય કહે છે.

**પ્રશ્ન ૨—તીર્થંકરની નિશ્ચય સ્તુતિ શું છે?**

**ઉત્તર** —જેનાથી તરાય છે, એવા સમ્યગ્દર્શન-ત્રાન-ચારિત્ર આ તીર્થ પોતામાં જ છે. 'કર' અર્થાત્ પ્રગટ કરે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના આત્મામાં પ્રગટ થાય, તે તીર્થંકરની નિશ્ચય સ્તુતિ છે.

**પ્રશ્ન ૩—નિશ્ચય સ્તુતિની શરૂઆત ક્યારથી થાય છે?**

**ઉત્તર** —ચોથા ગુણસ્થાનથી નિશ્ચયસ્તુતિની શરૂઆત થાય છે.

**પ્રશ્ન ૪—નિશ્ચય સ્તુતિ કેટલા પ્રકારની છે અને તે ક્યા જીવને હોય છે અને તેનું ફળ શું છે?**

**ઉત્તર** —ત્રણ પ્રકારની છે. (૧) ચોથા, પાંચમા છઠ્ઠા ગુણસ્થાનમાં જઘન્ય નિશ્ચય સ્તુતિ હોય છે.

(૨) સાતમાથી અગિયારમા ગુણસ્થાન સુધી મધ્યમ નિશ્ચય સ્તુતિ હોય છે.

(૩) સાતમાથી બારમા ગુણસ્થાન સુધી ઉત્તમ નિશ્ચય સ્તુતિ હોય છે અને તેરમું-ચૌદમું ગુણસ્થાન તથા સિદ્ધદશા, નિશ્ચયસ્તુતિનું ફળ છે.

**પ્રશ્ન ૫—અમે મંદિરમાં સ્તુતિ બોલીએ છીએ, અષ્ટ દ્રવ્યથી ભગવાનની પૂજા કરીએ છીએ—શું આ અમારી નિશ્ચય સ્તુતિ નથી?**

**ઉત્તર** —પોતાના આત્માનો અનુભવ કર્યા વિના, ચાહે તે દ્રવ્યલિંગી મુનિ હોય, કોઈને પણ નિશ્ચય સ્તુતિ હોઈ શકે નહીં. કારણ કે સ્તુતિનું ઉચ્ચારણ ભાષાવર્ગણાનું કાર્ય છે. હાથ જોડવા, સામગ્રી ચડાવવી વિ. બધું જડનું કાર્ય છે. તેમાં સ્તુતિની વાત જ નથી. પરંતુ જે જીવ એમ માને છે કે હું પાઠ બોલું છું, સામગ્રી ચડાવું છું. આ પરમાં પોતાપણાની બુદ્ધિ મિથ્યાત્વભાવ છે. તે સમયે જેટલો મંદ કષાય છે, તે પાપાનુબંધી પુણ્ય છે. જેમકે—વહુનું ગીત ગાવાથી પતાશા મળે, વહુ મળે નહીં, તે પ્રમાણે પુણ્યથી સંયોગ મળે છે, મોક્ષમાર્ગ અને મોક્ષ નથી મળતો. અજ્ઞાની પુણ્યના સંયોગમાં પાગલ છે, તે પરંપરા નિગોદનું કારણ છે. ખરેખર અજ્ઞાનીની સ્તુતિ-પૂજા વિ. બધુ રાગની સ્તુતિ-પૂજા છે, મોહ ભજન છે. જે સંસાર માટે કાર્યકારી છે.

**પ્રશ્ન ૬—અજ્ઞાનીની સ્તુતિ-પૂજા વગેરે મોહ ભજન છે, સંસાર માટે કાર્યકારી છે, મોક્ષ અને મોક્ષમાર્ગ માટે કાર્યકારી નથી—એવું ક્યાં લખ્યું છે?**

**ઉત્તર** —

“તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગ હેતુ ધર્મને, નહીં કર્મક્ષયના હેતુને. ૨૭૫.

ટીકા — અભવ્ય જીવ નિત્ય કર્મફળચેતનારૂપ વસ્તુનું શ્રદ્ધાન કરે છે. કિંતુ નિત્ય જ્ઞાનચેતનામાત્ર વસ્તુની શ્રદ્ધા નથી કરતો, કારણ

કે તે સદા (સ્વ-પરના) ભેદવિજ્ઞાનને યોગ્ય નથી. માટે તે કર્મોથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મની શ્રદ્ધા નથી કરતો. (કિંતુ) ભોગના નિમિત્તરૂપ શુભકર્મમાત્ર અભૂતાર્થધર્મની જ શ્રદ્ધા કરે છે. એટલે તે અભૂતાર્થધર્મની જ શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્ર તે પ્રાપ્ત કરે છે, પરંતુ ક્યારેય કર્મોથી મુક્તિ નથી પામતો. માટે તેને ભૂતાર્થધર્મના શ્રદ્ધાનનો અભાવ હોવાથી (યથાર્થ) શ્રદ્ધાન પણ નથી. આ પ્રમાણે ચારે અનુયોગોમાં કહ્યું છે. (સમયસાર ગાથા ૨૭૫)

**પ્રશ્ન ૭—નિશ્ચયસ્તુતિ કેવી રીતે પ્રગટ થાય?**

**ઉત્તર** —જિનેન્દ્ર ભગવાને કહ્યા અનુસાર તત્ત્વનો અભ્યાસ કરીને સમ્યક્દર્શન પ્રગટ કરે, ત્યારે નિશ્ચયસ્તુતિ પ્રગટ થાય છે.

**પ્રશ્ન ૮—વર્તમાનમાં જેટલા દિગંબર ધર્મી આત્માના અનુભવ વિના સ્તુતિ, પૂજા, સામાયિક કરે છે અને તે કરતા-કરતા મોક્ષમાર્ગ પ્રગટ થઈ જશે—એમ માને છે—શું તેઓ બધા પાગલ જ છે?**

**ઉત્તર** —જેમ કોઈ દિલ્હી જવા માટે કલકત્તાની સડક પર ચાલે તો ક્યારેય પણ દિલ્હી નથી પહોંચી શકતો, તે જ પ્રમાણે પોતાના આત્માનો અનુભવ થયા વિના સ્તુતિ, પૂજા, સામાયિક, મહાવ્રતાદિ કરીને મરી પણ જાય તો પણ તેને મોક્ષમાર્ગ ક્યારેય પ્રગટ નથી થતો. ચાર ગતિ ફરીને નિગોદ પહોંચી જાય છે. જેમ—એકના અંક વિના, મીંડાની કિંમત નથી હોતી, તે જ પ્રમાણે આત્માનું ભાન થયા વિના દિગંબર ધર્મીઓની પૂજા, સ્તુતિ વિ. બધુ અરણ્યરુદન છે. માટે આત્માને સમજ્યા વિના (અનુભવ્યા વિના) વ્રતાદિ કરવાવાળા બધા પાગલ જ છે. કારણ કે કુંદકુંદ ભગવાને સમયસાર ગાથા ૧૫૩માં કહ્યું છે—વ્રત અને નિયમોને ધારણ કરવા છતાં પણ તથા શીલ, તપ કરવા છતાં જે પરમાર્થથી બાહ્ય છે,

અર્થાત્ આત્મ-અનુભવજ્ઞાનથી રહિત છે, તેઓ નિર્વાણને પ્રાપ્ત નથી થતા.

**પ્રશ્ન ૯—શ્રી કુંદકુંદ ભગવાને સમયસાર, ગાથા ૩૧માં નિશ્ચય સ્તુતિ કોને કહે છે?**

**ઉત્તર** —મૂળ ગાથામાં, ઈન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ દ્વારા અન્ય દ્રવ્યથી અધિક (જુદા) આત્માને જાણે છે (અનુભવે છે), તેમને જે નિશ્ચયનયમાં સ્થિત સાધુ છે, તેઓ વાસ્તવમાં જિતેન્દ્રિય (નિશ્ચયસ્તુતિ) કહે છે.

**પ્રશ્ન ૧૦—પોતાના આત્માને અન્યદ્રવ્યોથી અધિક (ભિન્ન) જાણે છે, આના પરથી કેટલા બોલ નીકળે છે?**

**ઉત્તર** —ચાર બોલ નીકળે છે : (૧) જ્યારે પોતાના આત્માને દ્રવ્ય કહ્યું, તો અન્ય બધા, અદ્રવ્ય છે.

(૨) જ્યારે પોતાના આત્માને જીવ કહ્યો, તો અન્ય બધા અજીવ છે.

(૩) જ્યારે પોતાના આત્માને અતીન્દ્રિય કહ્યો, તો અન્ય બધા ઈન્દ્રિય છે.

(૪) જ્યારે પોતાના આત્માને જ્ઞાયક કહ્યો, ત્યારે અન્ય બધા જ્ઞેય છે, અર્થાત્ પોતાના આત્માને જ્યારે દ્રવ્ય, જીવ, અતીન્દ્રિય અને જ્ઞાયક કહ્યો, ત્યારે તેની અપેક્ષા અન્ય બધા દ્રવ્ય-અદ્રવ્ય, અજીવ ઈન્દ્રિય અને જ્ઞેય છે.

**પ્રશ્ન ૧૧—ઇન્દ્રિય શબ્દથી ભગવાન અમૃતચંદ્રાચાર્યે કેટલા બોલ કહ્યા છે?**

**ઉત્તર** —ત્રણ બોલ કહ્યા છે (૧) દ્રવ્યેન્દ્રિય (૨) ભાવેન્દ્રિય (ખંડખંડ જ્ઞાન), (૩) ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થ (શાસ્ત્રપાઠ, દિવ્યધ્વનિ સાંભળવી, પૂજા-પાઠ વિ.)

**પ્રશ્ન ૧૨—અમૃતચંદ્રાચાર્યે દ્રવ્યેન્દ્રિયોને જીતવી કોને કહ્યું છે?**

**ઉત્તર** —(૧) અંતરંગમાં, (૨) પ્રગટ અતિસૂક્ષ્મ, (૩) ચૈતન્યસ્વભાવી નિજ ભગવાન આત્માને, (૪) બહિરંગમાં, (૫) પ્રગટ અતિસ્થૂળ (૬) જડસ્વભાવી જડઈન્દ્રિયોથી, (૭) નિર્મળ, (૮) ભેદાભ્યાસની (૯) પ્રવીણતા દ્વારા સર્વથા અલગ કર્યો, તેને દ્રવ્યેન્દ્રિયોને જીતી કહેવાય. આ પ્રમાણે નવ બોલ આવ્યા છે. જડઈન્દ્રિયોથી જ્ઞાયકને ભિન્નરૂપથી અનુભવ કરવો, તે દ્રવ્યેન્દ્રિયને જીતવું થયું.

**પ્રશ્ન ૧૩—અજ્ઞાની દ્રવ્યેન્દ્રિયોનું જીતવું કોને માને છે?**

**ઉત્તર** —આંખ ફોડવી, કાનમાં રૂથી બંધ કરવું, મોઢું બંધ કરવું વિગેરેને દ્રવ્યેન્દ્રિયોને જીતી કહે છે. આ બધી જડની ક્રિયાને પોતાની માને તો તે અનંત સંસારનું કારણ છે.

**પ્રશ્ન ૧૪—અમૃતચંદ્રાચાર્યે 'ભાવેન્દ્રિયો'નું જીતવું કોને કહ્યું છે?**

**ઉત્તર** —કર્ણ ભાવેન્દ્રિય, શબ્દને જાણે છે. તે પ્રમાણે પ્રત્યેક ઈન્દ્રિય પોતપોતાના વિલય દ્વારા જ્ઞાનને ખંડ-ખંડરૂપ જાણે છે. તે ભાવેન્દ્રિય, ખંડખંડજ્ઞાન, ક્ષાયોપશમિકરૂપ છે. ભાવેન્દ્રિયોની સામે પોતાનો અખંડ જ્ઞાયક સ્વભાવ છે. પાત્ર જીવ એમ જાણે કે ક્ષાયોપશમિક ખંડ-ખંડજ્ઞાન જેટલો મારો સ્વભાવ નથી પરંતુ અખંડ જ્ઞાન, મારો સ્વભાવ છે—આ પ્રમાણે અનુભવ-જ્ઞાન-આચરણ કરે તો તે ભાવેન્દ્રિયોનું જીતવું કહ્યું છે. અખંડ જ્ઞાયકસ્વભાવ દ્વારા ભાવેન્દ્રિયોને સર્વથા પોતાથી ભિન્ન અનુભવ કરવો તે ભાવેન્દ્રિયનું જીતવું છે.

**પ્રશ્ન ૧૫—રાગ-દ્વેષવાળામાં તથા ભગવાનમાં શું અંતર છે?**

**ઉત્તર** —(૧) રાગ-દ્વેષવાળાની વાણી ખંડ-ખંડરૂપ હોય છે,

ભગવાનની વાણી અખંડ હોય છે.

(૨) રાગી ક્રમથી જાણે છે, ભગવાન યુગપત્ (એકીસાથે) પરિપૂર્ણ જાણે છે.

(૩) રાગી મન દ્વારા વિચારે છે, પૂર્ણજ્ઞાની ભગવાનને વિચાર કરવો પડતો નથી. (કેવળજ્ઞાનમાં પૂર્ણ જ્ઞેય જણાય છે.)

(૪) રાગીના પગ આગળ-પાછળ પડે છે, ભગવાન ડગલું ભરતા નથી.

(૫) રાગીને અલ્પક્ષાયોપશમિક જ્ઞાન છે, ભગવાનને પૂર્ણ ક્ષાયિકજ્ઞાન (કેવળજ્ઞાન) છે.

(૬) રાગી ક્ષાયોપશમજ્ઞાનમાં પૂર્ણ જ્ઞેય નથી આવતું, ભગવાનને સંપૂર્ણ લોકાલોક જ્ઞેય છે.

(૭) રાગી આંખો પટપટાવે છે, ભગવાનની આંખો પલકારા નથી મારતી.

**પ્રશ્ન ૧૬—'ભાવેન્દ્રિયનું જીતવું' ક્યા ગુણસ્થાનથી શરૂ થાય છે?**

**ઉત્તર** —ચોથા ગુણસ્થાનમાં પોતાનો જ્ઞાયક અખંડ સ્વભાવ અનુભવમાં આવી જાય છે, ત્યારથી ખંડ-ખંડ ક્ષાયોપશમિક જ્ઞાન સમાપ્ત થઈ જાય છે. કારણ કે અખંડ સ્વભાવ પર દૃષ્ટિ આવવાથી તેના જ્ઞાનને પણ અખંડ કહી શકાય છે.

**પ્રશ્ન ૧૭—અમૃતચંદ્રાચાર્યને 'ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોને જીતવા' કોને કહ્યા છે?**

**ઉત્તર** —ભગવાનની વાણી, શાસ્ત્રાદિ ભાવેન્દ્રિય દ્વારા ગ્રહણ કરવામાં આવે તે ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થ છે. તેઓ સંગરૂપ છે અને ભગવાન આત્મા અસંગ સ્વભાવી છે. પાત્ર જીવ એમ જાણે કે

ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થ તો સંગરૂપ છે, પરંતુ મારો અસંગસ્વભાવ એકરૂપ છે—આમ જાણીને, અસંગ સ્વભાવનો આશ્રય-જ્ઞાન-આચરણ વર્તે, તેને ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું કહે છે.

**પ્રશ્ન ૧૮—ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોના ગ્રાહ્ય-ગ્રાહકના જ્ઞાનનું અસંગપણું ક્યારે કહી શકાય છે?**

**ઉત્તર** —(૧) જે કોઈ ઇન્દ્રિયોના વિષય છે તથા રાગાદિ છે, તેઓ બધા જાણવાયોગ્ય પરજ્ઞેય છે. તેઓ (પરજ્ઞેય) ગ્રાહ્ય છે અને તે બધાને જાણવાવાળી જ્ઞાનપર્યાય, તે ગ્રાહક છે ખરેખર તો પરજ્ઞેય અને જ્ઞાનની પર્યાય સર્વથા ભિન્ન છે. પરંતુ જ્યાં સુધી ગ્રાહક—એવી જે જ્ઞાનની પર્યાય, પરજ્ઞેયોને ગ્રાહ્ય બનાવે છે, ત્યાં સુધી અજ્ઞાનીને બંનેનો (પરજ્ઞેય અને જ્ઞાનપર્યાયનો) એકપણે અનુભવ થાય છે.

(૨) જ્યારે ગ્રાહક એવી જે જ્ઞાનની પર્યાય, પરજ્ઞેયોની તરફથી હટીને સ્વજ્ઞેય એવું જે નિજ ચૈતન્યતત્ત્વ, તેને ગ્રાહ્ય બનાવે છે, ત્યારે પોતાની ચૈતન્યશક્તિનું અસંગપણું અનુભવમાં આવે છે. આ જ ઇન્દ્રિયોના વિષયોને જીતવું છે, માટે જ્ઞાનની પર્યાય જે ગ્રાહક છે, તે પોતાના પારિણામિકભાવને ગ્રાહ્ય બનાવે છે. ત્યારે સાચા ગ્રાહક-ગ્રાહ્યપણાનું અસંગપણું દૃષ્ટિમાં આવે છે.

**પ્રશ્ન ૧૯—જ્ઞાનનો સ્વભાવ કેવો છે?**

**ઉત્તર** —જ્ઞાન સમસ્ત પદાર્થોને જાણવા છતાં પણ તે રૂપે નથી થતું અને તે બધા પદાર્થોથી ભિન્ન જ રહે છે. સમસ્ત વિશ્વને જાણવા છતાં તેનાથી અલિપ્ત રહીને, વિશ્વની ઉપર તરતા રહેવું, આ જ્ઞાનનો સ્વભાવ છે.

**પ્રશ્ન ૨૦—દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થ, આ ત્રણેમાંથી પ્રથમ કોને જીતવા જોઈએ?**

**ઉત્તર** —અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવી, અખંડ, અસંગ આત્માનો આશ્રય લેતા જ ત્રણે એક સાથે જીતાય છે, કથન કરવામાં ક્રમ પડે છે. અરે ભાઈ! પોતાના સ્વભાવનો આશ્રય લે તો બધા ઝઘડા સમાપ્ત થઈ જાય અને નિજ ભગવાનનો પત્તો લાગશે. પોતાને પોતાના અનુભવ વિના, ત્રણકાળ-ત્રણલોકમાં 'આને જીતવા એવો' ઉપચાર પણ લાગુ પડતો નથી.

**પ્રશ્ન ૨૧—સ્તુતિ કેટલા પ્રકારે છે?**

**ઉત્તર** —સ્તુતિ તો એક જ પ્રકારની છે. પરંતુ તેનું કથન પાંચ પ્રકારથી છે. જે જીવ પોતાના શક્તિરૂપ ચૈતન્ય સ્વભાવ જે 'શક્તિરૂપ સ્તુતિ' છે તેનો આશ્રય લે છે તો એકદેશ ભાવસ્તુતિ જે સંવર-નિર્જરારૂપ છે તેની પ્રાપ્તિ થાય છે. પૂર્ણભાવ સ્તુતિની પ્રાપ્તિ ન થવાથી, ભૂમિકાને અનુસાર જે રાગ છે, તે દ્રવ્યસ્તુતિ છે અને દ્રવ્યસ્તુતિનો જડસ્તુતિની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**પ્રશ્ન ૨૨—તીર્થંકરની નિશ્ચયસ્તુતિમાં (૧) સાત તત્ત્વ-નવ પદાર્થ, (૨) ચાર કાળ, (૩) ઔપશમિકાદિ પાંચ ભાવ, (૪) દેવ-ગુરુ-ધર્મ (૫) હેય-ઉપાદેય-જ્ઞેય, (૬) સુખદાયક-દુઃખદાયક, (૭) સંયોગાદિ પાંચ બોલ લગાવીને બતાવો. જેથી સ્પષ્ટરૂપથી સમજમાં આવે?**

**ઉત્તર** —શક્તિરૂપ સ્તુતિ (૧) જીવતત્ત્વ-પદાર્થ, (૨) અનાદિ-અનંત કાળ, (૩) પરમપારિણામિકભાવ, (૪) ધર્મસ્વરૂપ શુદ્ધાત્મા, (૫) આશ્રય યોગ્ય પરમ ઉપાદેય, (૬) પરમસુખદાયક તથા (૭) સ્વભાવ ત્રિકાળી છે.

**એકદેશ ભાવ સ્તુતિ—** (૧) સંવર-નિર્જરા તત્ત્વ/પદાર્થ (૨) સાદિ-સાન્તકાળ (૩) ઔપશમિક, ધર્મનો ક્ષાયોપશમિક તથા સમ્યગ્દર્શનની અપેક્ષા ક્ષાયિકભાવ, (૪) ગુરુ, (૫) પ્રગટ

કરવાયોગ્ય એકદેશ ઉપાદેય, (૬) સુખદાયક તથા (૭) સ્વભાવનું સાધન છે.

**દ્રવ્યસ્તુતિ** – (૧) આસ્રવ, બંધ, પુણ્ય-પાપ તત્ત્વ-પદાર્થ, (૨) અનાદિ સાન્તકાળ, (૩) ઔદયિકભાવ, (૪) દેવ-ગુરુ-ધર્મમાંથી કોઈ નહીં, (૫) હેય, (૬) દુઃખદાયક તથા (૭) સંયોગીભાવ છે.

**જડસ્તુતિ** – (૧) અજીવતત્ત્વ-પદાર્થ (૨) અનાદિ-અનંતકાળ, (૩) ઔપશમિક આદિ પાંચ ભાવોમાંથી કોઈ ભાવ નહીં. (૪) દેવ-ગુરુ-ધર્મમાંથી કોઈ નહીં. (૫) જ્ઞેય (૬) ન સુખદાયક, ન દુઃખદાયક (૭) સંયોગ છે.

**પૂર્ણભાવસ્તુતિ** : (૧) મોક્ષતત્ત્વ/પદાર્થ, (૨) સાદિ-સાંતકાળ, (૩) ક્ષાયિકભાવ (૪) દેવ, (૫) પૂર્ણ પ્રગટ કરવાયોગ્ય, (૬) પૂર્ણ સુખદાયક (૭) સિદ્ધત્વ છે.

**પ્રશ્ન ૨૩—શું નિજ આત્માનુભૂતિ વિના સ્તુતિ થઈ શકે છે?**

**ઉત્તર** —ક્યારેય પણ નથી થઈ શકતી. જેમ—જેને હીરા, માણેક, ઝવેરાતની ઓળખ હોય અને લેવડ-દેવડ જાણતો હોય તે જ હીરાની દુકાન પર બેસી શકે છે, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ સ્તુતિ નથી કરી શકતો.

**પ્રશ્ન ૨૪—જે જીવ સાંસારિક પ્રયોજન માટે ભક્તિ-પૂજાદિ કરે છે શું તે કાંઈ કાર્યકારી છે?**

**ઉત્તર** —(૧) ભક્તિ-પૂજાદિ, સંસારભ્રમણને માટે કાર્યકારી છે. આચાર્યકલ્પ પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશમાં લખ્યું છે કે ‘જે જીવ, કપટ કરીને આજીવિકા અર્થે વા લડાઈ અર્થે વા કોઈ વિષય-કષાય સંબંધી પ્રયોજન વિચારી જૈની થાય છે, તે તો પાપી જ છે. અતી તીવ્ર કષાય થતા આવી બુદ્ધિ સૂઝે છે તેનું સૂલટવું પણ

કઠિન છે, કારણ કે જૈનધર્મ સંસારના નાશ અર્થે સેવીએ છીએ, પણ જે સાંસારિક પ્રયોજન સાધવા ઇચ્છે, તે તો મોટો અન્યાય કરે છે. તેથી તે તો મિથ્યાદૃષ્ટિ જ છે. માટે સાંસારિક પ્રયોજનને માટે જે ધર્મ સાધે છે, તે પાપી પણ છે. અને મિથ્યાદૃષ્ટિ તો છે જ.

(મોક્ષમાર્ગપ્રકાશક, પાનું ૨૧૯)

**પ્રશ્ન ૨૫—ભક્તિ વિ. શુભભાવોના વિષયમાં મોક્ષમાર્ગ-પ્રકાશકમાં શું શું બતાવ્યું છે?**

**ઉત્તર** —(૧) જે જીવ પ્રથમથી જ સાંસારિક પ્રયોજન સહ ભક્તિ કરે છે, તેને તો પાપનો જ અભિપ્રાય થયો. "....પરંતુ ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે માટે મોક્ષનું કારણ નથી. યથાર્થતાની અપેક્ષાએ તો જ્ઞાનીને સાચી ભક્તિ છે, અજ્ઞાનીને નહીં.

(મોક્ષમાર્ગપ્રકાશક પાનું ૨૧૨)

(૨) સાંસારિક પ્રયોજનના હેતુથી અરહંતાદિકની ભક્તિ કરવાથી તીવ્ર કષાય હોવાને કારણે, પાપબંધ જ થાય છે.

(મોક્ષમાર્ગપ્રકાશક પાનું ૮)

(૩) કેટલાય પુરુષોએ પુત્રાદિકની પ્રાપ્તિ માટે અથવા રોગ-કષ્ટાદિક દૂર કરવા માટે ચૈત્યાલય, પૂજનાદિ કાર્ય કર્યા, સ્તોત્રાદિ કર્યા, નમસ્કાર મંત્ર જાપ કર્યો, પરંતુ આમ કરવાથી તો નિઃકાંક્ષિત ગુણનો અભાવ થાય છે. નિદાનબંધ નામનું આર્તધ્યાન થાય છે, પાપનું જ પ્રયોજન અંતરંગમાં છે. માટે પાપનો જ બંધ થાય છે.

(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૭૪)

(૪) ..... બાહ્યમાં અણુવ્રત-મહાવ્રતાદિ સાધે છે, પરંતુ અંતરંગ પરિણામ નહીં હોતા અને સ્વર્ગાદિકની વાંછાથી સાધે છે, તો આ પ્રકારે સાધવાથી તો પાપબંધ થાય છે, માટે પાત્ર જીવોએ

સાંસારિક પ્રયોજનના અર્થી થવું યોગ્ય નથી.

(મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૨૪૨)

**પ્રશ્ન ૨૬—ભાવસ્તુતિ, દ્રવ્યસ્તુતિ અને જડસ્તુતિ શું છે?**

**ઉત્તર** —(૧) ભાવસ્તુતિ નિર્વિકલ્પદશા છે, (૨) દ્રવ્યસ્તુતિ પુણ્યબંધનું કારણ છે અને (૩) જડસ્તુતિ પુણ્ય-પાપના ધર્મનું કારણ નથી. માત્ર જ્ઞાનનું જ્ઞેય છે.

# ૮ મુનિરાજનું સ્વરૂપ

**પ્રશ્ન ૧—જિનાગમમાં મુનિરાજનું સ્વરૂપ શું બતાવ્યું છે?**

**ઉત્તર** —શ્રી નિયમસારજીમાં કહ્યું છે કે—

નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,
ચૌવિધ આરાધન વિષે, નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.

અર્થાત્‌, સમસ્ત વ્યાપારથી રહિત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપરૂપ ચાર આરાધનામાં સદા રક્ત, નિર્ગ્રંથ અને નિર્મોહ—આવા સાધુ હોય છે.

શ્રી રત્નકરંડશ્રાવકાચારમાં કહ્યું છે કે—

विषयाशावशातीतो निरारंभोऽपरिग्रह ।
ज्ञानध्यान तपोरक्तस्तपस्वी स प्रशस्यते ।।१०।।

અર્થાત્‌ પાંચ ઈન્દ્રિયોના વિષયોની આશાથી રહિત આરંભ-પરિગ્રહ રહિત, જ્ઞાન-ધ્યાન-તપમાં લીન તે સાધુ પ્રશંસાયોગ્ય છે.

આ જ ગ્રંથના ૧૧મા શ્લોકમાં લખ્યું છે કેવા છે દિગંબર યતિ? સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર વિગેરે ગુણોના નિધાન છે અને કેવા છે? નથી અંતરંગ કે બહિરંગ પરિગ્રહ જેમને, એવા મઠ-મકાન-ઉપાશ્રય-આશ્રમાદિ રહિત એકાકી અથવા ગુરુજનોના ચરણોની સાથે ક્યારેક વનમાં, ક્યારેક પર્વતની નિર્જન ગુફામાં, ક્યારેક ઘોર જંગલમાં, ક્યારે નદી કિનારે નિયમરહિત છે નિત્ય વિહાર જેમનો અસંયમી ગૃહસ્થોના સંગરહિત, આત્માની વિશુદ્ધતા જે પરમ વીતરાગનું સાધન કરતા થકા અને લૌકિકજનકૃત પૂજા-સ્તવન પ્રશંસાદિને નહીં ઈચ્છતા, પરલોકમાં દેવલોકાદિકના

ભોગોને તથા ઈન્દ્ર, અહમિન્દ્રના ઐશ્વર્યને રાગરૂપી અંગારાથી તપ્ત મહાન આતાપ ઉપજાવવાવાળી તૃષ્ણાને બાંધવાવાળી જાણીને પરમ અતીન્દ્રિય આકુલતા રહિત આત્મિક સુખને સુખ જાણીને દેહાદિકમાં મમત્વ રહિત આત્મકાર્ય સાધે છે

**પ્રશ્ન ૨—આચાર્યકલ્પ પં. ટોડરમલજીને સામાન્યરૂપથી સાધુનું સ્વરૂપ શું બતાવ્યું છે?**

**ઉત્તર** —જે વિરાગી થઈને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને શુદ્ધોપયોગરૂપે મુનિધર્મ અંગીકાર કરીને, અંતરંગમાં શુદ્ધોપયોગના દ્વારા પોતાને પોતારૂપ અનુભવે છે. પોતાના ઉપયોગને બહુ ભમાવતા નથી. જેમને કદાચિત્ મંદરાગના ઉદયમાં શુભોપયોગ પણ હોય છે, પરંતુ તેને પણ હેય માને છે. તીવ્ર કષાયનો અભાવ હોવાથી અશુભોપયોગનું તો અસ્તિત્વ જ રહેતું નથી, એવા મુનિરાજ જ સાચા સાધુ છે. (મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૩)

**પ્રશ્ન ૩—મુનિરાજ શેના ભોક્તા છે?**

**ઉત્તર** —મુનિરાજ અતીન્દ્રિય આનંદના જ ભોક્તા હોય છે.

**પ્રશ્ન ૪—મુનિ નગ્ન જ કેમ હોવા જોઈએ?**

**ઉત્તર** —અનાદિકાળથી આજ સુધી કોઈપણ સંસારી જીવ, સ્પર્શન ઈન્દ્રિય વિના ન રહ્યા, વિચારો, એક તરફ સ્પર્શન ઈન્દ્રિય છે, બીજા તરફ અતીન્દ્રિય આત્મા છે. સ્પર્શનઈન્દ્રિયને જીત્યા વિના, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ નથી થઈ શકતી, માટે સ્પર્શનઈન્દ્રિયને જીતવી જોઈએ. તેને જીત્યા વિના, મુનિ નથી થઈ શકતા, માટે મુનિ નગ્ન જ હોવા જોઈએ.

**પ્રશ્ન ૫—અખંડ આત્માની પ્રાપ્તિવાળા મુનિ નગ્ન કેમ હોવા જોઈએ?**

**ઉત્તર** —રસના, નાક, ચક્ષુ અને કર્ણ. આ ચાર ઈન્દ્રિયો ખંડ-

ખંડરૂપ છે. જુઓ, સાંભળવું હોય તો કાનથી થાય છે. દેખવું આંખોથી થાય છે. સૂંઘવું નાકથી થાય છે. ચાખવું રસનાથી થાય છે. માટે આ ચાર ઈન્દ્રિયો ખંડ-ખંડરૂપ છે અને સ્પર્શનેન્દ્રિય સંપૂર્ણ શરીરમાં અખંડ છે, આથી અખંડ સ્પર્શનઈન્દ્રિયને જીત્યા વિના, અખંડ આત્માની પ્રાપ્તિ થઈ શકતી નથી, માટે અખંડ આત્માની પ્રાપ્તિ કરવાવાળા મુનિ નગ્ન જ હોય છે.

**પ્રશ્ન ૬—લોકમાં એવું કેમ કહેવાય છે કે રસનાઇન્દ્રિયને જીતવી કઠણ છે, જ્યારે લોકોત્તરમાર્ગમાં કહેવાય છે કે સ્પર્શન ઇન્દ્રિય જીતવી મુશ્કેલ છે—એવું કેમ?**

**ઉત્તર** — કાન બે, કામ એક સાંભળવાનું થાય છે. આંખ બે, કામ એક દેખવાનું થાય છે. નાકના છિદ્રો બે, કામ એક સૂંઘવાનું થાય છે. જીભ એક, કામ બે થાય છે, એક બોલવું, બીજું ચાખવું. આમ કર્ણ, ચક્ષુ અને ઘ્રાણ બે-બે છે અને કામ એક-એક છે. પરંતુ રસના એક, કામ બે છે. આ પ્રમાણે જીભનું ચારગણું કામ થયું. માટે લૌકિકમાં કહેવામાં આવે છે કે જીભને જીતવી મુશ્કેલ છે.

નગ્ન શરીરવાળાને વિકાર થતા બધાને ખબર પડી જાય છે, માટે વિકારને જીતવાવાળા મુનિ, નગ્ન જ હોવા જોઈએ, માટે લોકોત્તર માર્ગમાં સ્પર્શન ઈન્દ્રિયને જીતવી કઠિન કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૭—જીભ આપણને શું બોધ આપે છે?**

**ઉત્તર** —જીભ અંદર અંધેરી ગુફામાં રહેલી છે. તેના ઉપર બત્રીસ તીખા દાંત પોલીસની જેમ ઊભા છે, ઉપર બે હોઠ બારણા સમાન છે—જીભ આવી પ્રતિકૂળ અવસ્થામાં પડેલી છે તો પણ પોતાના સ્વભાવને નથી છોડતી અને ચાખવાયોગ્ય પદાર્થ, કડવો હોય કે સ્વાદિષ્ટ હોય તો પણ તે તેનો સ્વાદ લઈ લે છે. તે જ પ્રમાણે હે આત્મા! તારે પણ જીભની માફક, પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને

પ્રતિકૂળ વા અનુકૂળ સંયોગ મળવા છતાં પણ ન છોડવો જોઈએ. જીભ પાત્ર જીવને આ બોધ આપે છે.

**પ્રશ્ન ૮—વિશેષરૂપથી બંધનુ નિમિત્તકારણ કોણ છે?**

**ઉત્તર** —પુદ્‌ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ—આ ચાર વિશેષ ગુણ છે. આમાં રસની પાંચ પર્યાય, ગંધની બે પર્યાય, વર્ણની પાંચ પર્યાય, સ્પર્શની આઠ પર્યાય છે. આ આઠમાંથી સ્નિગ્ધ અને રૂક્ષને છોડીને, બાકીની છ પર્યાયોને કારણે તો સ્કંધરૂપ બંધ થતો જ નથી, માત્ર સ્નિગ્ધ અને રૂક્ષ પર્યાયોને કારણે પરમાણુઓમાં પરસ્પર બંધ થાય છે, તેમ જ આઠ કર્મોમાંથી ચાર અઘાતિકર્મ તો બંધના કારણ નથી. જ્ઞાનાવરણી, દર્શનાવરણી અને અંતરાયનો જેટલો ઉઘાડ છે તે પણ બંધનું કારણ નથી. માત્ર મોહનીયકર્મ જ બંધનું નિમિત્તકારણ છે અને તેમાંથી વિશેષરૂપથી દર્શનમોહનીયકર્મ, મુખ્ય નિમિત્ત કારણ છે.

**પ્રશ્ન ૯—મોહનીય કર્મ બંધ-નિમિત્તકારણ છે—તેમાં તમે શું બતાવવા માંગો છો?**

**ઉત્તર** —જેમ પરમાણુમાં સ્નિગ્ધ-રુક્ષને કારણે બંધ થાય છે, તે પ્રમાણે આત્મામાં રાગ-દ્વેષ જ બંધનું કારણ છે. રાગ-દ્વેષને જીતવાનું ત્યારે થશે, જ્યારે સ્પર્શનેન્દ્રિયને જીતવામાં આવે. માટે મુનિ નગ્ન જ હોવા જોઈએ.

**પ્રશ્ન ૧૦—દીપક શું શીખ આપે છે?**

**ઉત્તર** —જેમ જ્યાં સુધી દીપકમાં તેલ રહે છે, ત્યાં સુધી તે બળ્યા કરે છે, તે પ્રમાણે જ્યાં સુધી જીવમાં મોહ રહેશે, ત્યાં સુધી તે ઘાંચીના બળદની માફક ચારે ગતિઓમાં જન્મ-મરણના દુઃખ ભોગવશે, આથી મુનિ રાગ-દ્વેષ-મોહ રહિત હોય છે માટે મુનિ નગ્ન જ હોવા જોઈએ.

**પ્રશ્ન ૧૧—જીભ આપણને હજી વધુ શીખ શું આપે છે?**

**ઉત્તર** —જેમ હાથ પર ચીકાશ લાગી જાય તો સાબુથી ધોવાઈ જાય, જીભ કેટલાય ચીકણા પદાર્થ ખાય, તેને સાબુ તથા પાણીની જરૂર નથી કારણ કે જીભનો સ્વભાવ લૂખો છે. જીભ પોતાના લૂખા સ્વભાવને કારણે ચીકાશને તોડ્યા વિના રહેતી નથી, તે જ પ્રમાણે જે જીવ પોતાના ત્રિકાળી જ્ઞાયક ભગવાનનો આશ્રય લે છે. તેને રાગ-દ્વેષ ઉત્પન્ન જ નથી થતા. ત્યારે વ્યવહારથી કહેવામાં આવે છે કે આણે રાગ-દ્વેષને છોડ્યા છે. મુનિને પોતાનો આશ્રય જ વર્તે છે, માટે વીતરાગી મુનિ નગ્ન જ હોય છે.

**પ્રશ્ન ૧૨—શું મુનિને નગ્ન જોવાથી વિકાર ઉત્પન્ન થાય છે?**

**ઉત્તર** —બિલકુલ નહીં, જેમ નાનું બાળક નગ્ન છે. જો તે રાજમહેલમાં ચાલ્યો જાય તો રાણીઓ તેને પ્યાર કરે છે અને તેમને કોઈ વિકાર ઉત્પન્ન થતો નથી. જો યુવાન વિષયાસક્ત પુરુષ મહેલમાં ચાલ્યો જાય તો તેનું મસ્તક કાપી નાખવામાં આવે છે. તે જ પ્રમાણે મુનિને સ્વયં વિકાર ઉત્પન્ન નથી થતો એટલું જ નહીં, બલ્કે વીતરાગી મુનિને જોઈને કોઈને પણ વિકાર ઉત્પન્ન થતો નથી. કારણ કે મુનિની નગ્નતા નિર્દોષતાનું સૂચક છે—પ્રતિક છે, માટે મુનિરાજ તો નગ્ન જ હોય છે.

**પ્રશ્ન ૧૩—વીતરાગી મુનિને ભૂમિકાનુસાર કેવો-કેવો રાગ હેયબુદ્ધિ હોય છે, સ્પષ્ટ સમજાવો.**

**ઉત્તર** —મુનિને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન સંબંધી ક્રોધાદિના અભાવરૂપ શુદ્ધિ તો નિરંતર વર્તે છે, જે શુદ્ધિ છે તે વીતરાગતારૂપ છે, તેને સકળચારિત્ર કહે છે. જ્યારે છઠ્ઠે ગુણસ્થાને આવે છે ત્યારે હેયબુદ્ધિથી અઠ્ઠાવીસ મૂળગુણોનું પાલન, બાવીસ પરિષહોનું સહન, બારપ્રકારના તપ, ક્યારેક અધ્યયનાદિક

બાહ્ય ધર્મક્રિયાઓમાં પ્રવર્તે છે. ક્યારેક આહાર-વિહારાદિ ક્રિયાઓ થાય છે. તેમની દૃષ્ટિ તો એક પોતાના ત્રિકાળી ભગવાન પર હોય છે, અપ્રમત્ત કે પ્રમત્તદશા પર પણ દૃષ્ટિ નથી હોતી, વનખંડાદિમાં વાસ કરે છે. ઉદ્દિષ્ટ આહારાદિકનું તેમને ગ્રહણ નથી હોતું. મુનિપદ છે તે યથાજાતરૂપ સદૃશ છે, જેવું જન્મ થતાં હતું, તેવું નગ્ન છે. પીંછી-કમંડળ સિવાય તેમની પાસે તૃણમાત્ર પણ પરિગ્રહ નથી હોતો. આવા જૈનમુનિને કષાયની ત્રણ ચોકડીના અભાવરૂપ શુદ્ધિની સાથે રાગ હેયબુદ્ધિથી હોય છે. તેઓ તેને કરતા નથી.

**પ્રશ્ન ૧૪—શું ભાવલિંગીમુનિને છઠ્ઠા ગુણસ્થાનમાં ઉદ્દિષ્ટ આહારાદિનો વિકલ્પ પણ નથી આવતો?—આ વાત દૃષ્ટાંતથી સમજાવો.**

**ઉત્તર** —(૧) રામચંદ્ર, લક્ષ્મણ, સીતાએ જંગલમાં પોતાના હાથથી બનેલા માટીના વાસણોમાં આહાર બનાવ્યો, બીજી તરફ મુનિ આહારના નિમિત્ત નિયમ લઈને ચાલે છે કે રાજકુમાર હોય, જંગલમાં હોય, પોતાના હાથે માટીના વાસણ બનાવ્યા હોય અને પોતે આહાર બનાવ્યો હોય તો અમે આહાર લઈએ. આહાર બનાવ્યા બાદ રામચંદ્ર, લક્ષ્મણ, સીતા આહાર સંબંધી વિચારે છે. આકાશમાર્ગે મુનિને આવતા જોઈને કહે છે—"હે સ્વામી! પધારો! પધારો! અમે માટીના વાસણમાં આહાર બનાવ્યો છે." જુઓ! આવો જ સહજ સ્વતઃ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે.

(૨) એક મુનિ બે માસના ઉપવાસ બાદ, આહાર નિમિત્ત નિયમ લઈને નીકળે છે કે કેળાનું શાક હોય, જેમાં મીઠું, મરચું ન હોય તો અમે આહાર લઈએ. બીજી બાજુ એક ગરીબ શ્રાવિકા એક બાગમાં ગઈ. ત્યાં માળીએ કેળાનું ઝુમખું આપ્યું. શ્રાવિકાએ ઘરે આવીને કેળાનું શાક બનાવ્યું. બનાવ્યા બાદ સામેથી મુનિરાજ દેખાયા, તો પડગાહના માટે તૈયાર થઈને કહે છે 'હે સ્વામી!

પધારો! પધારો! મેં કેળાનું શાક બનાવ્યું છે, નથી મીઠું કે નથી મરચું, જુઓ આહાર થઈ ગયો. શ્રાવક પોતાને નિમિત્ત શુદ્ધ આહાર બનાવે, ત્યારે મુનિઓને આવવાનો યોગ હોય તો સહજરૂપથી સ્વયંસ્વતઃ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બની જાય છે, બનાવવો પડતો નથી. કદાપિ મુનિ આહાર માટે પધારે અને તેમને સંશય થઈ જાય કે આ શ્રાવકે આહાર અમારા માટે બનાવ્યો છે તો તેઓ આહાર નથી લેતા, પાછા વળી જાય છે, કારણ કે તેમને ઉદ્દિષ્ટ આહારનો ત્યાગ છે. જો ઉદ્દિષ્ટ આહારનો વિકલ્પ પણ આવી જાય તો તે મુનિ જ નથી!

**પ્રશ્ન ૧૫—ભાવલિંગી મુનિને કેવો ભાવ આવે તો મુનિપણું નથી રહેતું?**

**ઉત્તર** —(૧) ભાવલિંગી મુનિને અષ્ટદ્રવ્યથી પૂજનનો ભાવ આવી જાય તો મુનિપણું નથી રહેતું.

(૨) એક મુનિ રસ્તામાં જઈ રહ્યા હતા. રસ્તામાં તૃષાથી મરતા મનુષ્યને જોયો, જોઈને મુનિને વિચાર આવ્યો કે 'હું તેને પાણી આપી દઉં, તો આ બચી જાય, પરંતુ ભગવાનની આજ્ઞા નથી.' આવો ભાવ મુનિને આવ્યો તે વિષે જિનવાણીમાં આવ્યું છે કે તે મુનિ નથી. ગુલામમાર્ગી છે. કારણ કે મુનિ સ્વયં આ પ્રમાણે પાણી લેતા નથી તો દેવાનો ભાવ પણ ભાવલિંગી મુનિને નથી આવતો, પરંતુ શ્રાવકને પાણી આપવાનો ભાવ ન આવે તો તે શ્રાવક નથી.

(૩) બે મુનિ છે, એક ધ્યાનમાં બેઠા છે, બીજા આહાર નિમિત્તે જઈ રહ્યા છે. સામેથી એક ક્રૂર સિંહ ધ્યાનસ્થ મુનિ પર હુમલો કરે છે. બીજા મુનિમાં એટલી તાકાત છે કે તે સિંહનો કાન પકડીને બેસાડી દે, તોપણ ભાવલિંગી મુનિને તેમને બચાવવાનો ભાવ નહીં આવે. જો બચાવવાનો ભાવ આવે તો મુનિપણું નષ્ટ થઈ જાય.

(૪) મુનિની પાસે પીંછી-કમંડળ સિવાય બીજું કાંઈ નથી હોતું. શાસ્ત્ર પણ કોઈ શ્રાવકે આપ્યું હોય તો વાંચીને ત્યાં જ છોડી દે છે. મુનિને કોઈએ શાસ્ત્ર આપ્યું અને હજી વાંચ્યું ન હોય—તે સમયે કોઈ શ્રાવક તેમની પાસે શાસ્ત્ર માગે તો ભાવલિંગી મુનિ તરત આપી દેશે. જો મનાઈ કરે અથવા આપવાનો ભાવ ન આવે તો મુનિપણું નષ્ટ થઈ જાય.

(૫) પીંછી-કમંડળ સિવાય તૃણમાત્ર પરિગ્રહ મુનિ નથી રાખતા—જો રાખે તો નિગોદ જાય છે.

**પ્રશ્ન ૧૬—શ્રી બ્રહ્મવિલાસ પૃષ્ઠ ૨૭૮માં શું કહ્યું છે કે ‘ભરતક્ષેત્ર, પંચમ સમય, સાધુ પરિગ્રહવંત, કોટિ સાત અરુ અર્ધ સબ, નરકહીં જાય પરંત.**

**ઉત્તર** —મુનિનામ રાખીને ગ્રંથમાળા ચલાવે, મંદિર બનાવવાનું, મંદિરની પ્રતિષ્ઠા કરાવવાનું કાર્ય, ચેલા-ચેલીઓથી પોતાને મોટા માને, હીટર લગાવે, ઘડી, ચશ્મા વિ. પાસે રાખે, શહેરોમાં રહે, શ્રાવકોને બળદની જેમ હાંકે, દાતાની સ્તુતિ કરીને દાનાદિ ગ્રહણ કરે, વસ્ત્રોમાં આસક્ત હોય, પરિગ્રહ ગ્રહણ કરવાવાળા હોય, યાચના સહિત હોય, અધઃકર્મદોષોમાં રત હોય, યંત્ર-મંત્ર-તંત્રાદિ કરતા હોય, ગૃહસ્થોના બાળકોને પ્રસન્ન કરતા હોય , સમાચાર આપે, મંત્ર-ઔષધિ, જ્યોતિષાદિ કાર્ય બતાવવા તથા કરવું-કરાવવું-અનુમોદન કરાયેલું ભોજન ગ્રહવું...વિ કાર્યોમાં મગ્ન રહે છે તથા શુભભાવોથી મોક્ષમાર્ગ અને મોક્ષ થાય છે. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે. વ્યવહાર-કથનોને સાચા માનવા, અનુમોદવા... વિ. પ્રવૃત્તિવાળા આવા ભરતક્ષેત્રથી પાંચમાં કાળમાં સાડા સાત કરોડ મુનિ નરકગામી થશે—એવું બ્રહ્મવિલાસનું તાત્પર્ય છે, કારણ કે શાસ્ત્રમાં કૃત-કારિત અનુમોદનાનું એક સરખું ફળ ભાખ્યું છે.

**પ્રશ્ન ૧૭—જેમ બ્રહ્મવિલાસમાં કહ્યું છે—એવું શું કઈ બીજે પણ આચાર્યોએ કહ્યું છે?**

**ઉત્તર** —"धरये पंचमकाला, जिनवर लिंग धार सव्वेसिं।
साढ़े सात करोडम्, जाइये निगोद मज्झमी ।।"

મારોઠથી પ્રકાશિત શુદ્ધ શ્રાવકધર્મપ્રકાશ પૃષ્ઠ ૩૫૮માં આ શ્લોક છે.

**પ્રશ્ન ૧૮—શું આજકાલ સાચા મુનિ-ક્ષુલ્લક જોવામાં આવતા નથી?**

**ઉત્તર** —હાં ભાઈ! પંચમકાળમાં હમણાં ભાવલિંગી મુનિશ્વર, અર્જિકા, ક્ષુલ્લકનો સમાગમ જોવામાં આવતો નથી.

**પ્રશ્ન ૧૯—ઉક્ત કથનોનો આધાર, શાસ્ત્રનું નામ આપીને આપશો.**

**ઉત્તર** —શ્રી રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૧૧૭ના અર્થમાં લખ્યું છે કે "અને આ પંચમકાળમાં વીતરાગી ભાવલિંગી સાધુ જ કોઈ વિરલા દેશાંતરમાં રહેલા છે. પાત્રનો લાભ થવો ચોથા કાળમાં જ મોટા ભાગ્યથી થતો હતો. ત્યારે આ ક્ષેત્રમાં પાત્ર તો બહુ હતા. હવે આ દુષમકાળમાં યથાર્થ ધર્મના ધારક પાત્ર ક્યાંય જોવામાં આવતા નથી. ધર્મરહિત અજ્ઞાની, લોભી ઘણા વિચરે છે, તે અપાત્ર છે. આ કાળમાં ધર્મની પ્રાપ્તિ સહ ગૃહસ્થ જિનધર્મના ધારક શ્રદ્ધાની ક્યાંક-ક્યાંક જોવા મળે છે. જે વીતરાગધર્મ તેનું શ્રવણ કરી, કુધર્મની આરાધના દૂરથી જ ત્યાગીને, નિત્ય જ અહિંસાધર્મના ધરવાવાળા, જિન વચનામૃત પાન કરવાવાળા, શીલવાન સંતોષી તપસ્વી જ પાત્ર છે. અન્ય વેશધારી ઘણા વિચરે છે, જેઓમાં મુનિ-શ્રાવકધર્મનું, સત્ય સમ્યક્દર્શનાદિકનું જ્ઞાન જ નથી, તે કેવી રીતે પાત્રપણું પામે? મિથ્યાદર્શનના ભાવ કરીને આત્મજ્ઞાન રહિત લોભી

થઈ, જગતમાં ધનાદિકના, સ્વાદિષ્ટ આહારદાનના ઈચ્છુક થઈ, ઘણા વિચરે છે, તે બધા અપાત્ર છે. તેને પાત્રદાન થવું અતિ દુર્લભ છે. અહીં એટલું વિશેષ જાણવું, જે આ કળિકાળ છે તેમાં ભાવલિંગી મુનિશ્વર તથા અર્જિકા, ક્ષુલ્લકનો સમાગમ તો છે જ નહીં.''

**પ્રશ્ન ૨૦—પીંછી-કમંડલ સિવાય તૃણમાત્ર પણ પરિગ્રહ રાખે તો તે નિગોદમાં જાય છે—આવું ક્યાંક આચાર્ય કુંદકુંદે કહ્યું છે?**

**ઉત્તર** —શ્રી સૂત્રપાહુડ, શ્લોક ૧૮માં કહ્યું છે કે—

''जय जाय रुव सरियो तिलतुसमित्तगं गहदि अत्थेसु ।
जह लेह अप्प-बहुयं, तो त्तो पुण जाइ णिग्गोयं ।।१७।।''

અર્થાત્ મુનિપદ છે, તે યથાજાતરૂપ સદશ છે, જેવું જન્મે હોય છે, તેવું નગ્ન છે. તે મુનિ ધન, વસ્ત્રાદિક વસ્તુઓમાં તલના ફોતરા જેટલું પણ ગ્રહણ નથી કરતા. જે કદાચિત્ અલ્પ વા ઘણી વસ્તુ ગ્રહણ કરે તો તેથી નિગોદ જાય છે.

**પ્રશ્ન ૨૧—શ્રી સૂત્રપાહુડ, ગાથા ૧૮નો ભાવાર્થ શું છે?**

**ઉત્તર** —ગૃહસ્થપણામાં અતિ પરિગ્રહ રાખીને કાંઈક પ્રમાણ કરે, તો પણ સ્વર્ગ-મોક્ષનો અધિકારી થાય છે અને મુનિપણામાં કિંચિત્ તલ-તુષ માત્ર પરિગ્રહ અંગીકાર કરવાથી પણ નિગોદગામી થાય છે. માટે ઉંચું નામ રાખીને નીચી પ્રવૃત્તિ યોગ્ય નથી. જુઓ, હુંડાવસર્પિણીકાળમાં આ કળિકાળ ચાલી રહ્યો છે. તેના દોષથી જિનમતમાં મુનિનું સ્વરૂપ તો એવું છે, જ્યાં બાહ્યાભ્યંતર પરિગ્રહનો લગાવ નથી. કેવળ પોતાના આત્માનો પોતારૂપ અનુભવ કરે છે, શુભાશુભભાવોથી ઉદાસીન રહે છે. અને જ્યારે વિષય-કષાયાસક્ત જીવ મુનિપદ ધારણ કરે છે, ત્યાં સર્વ સાવદ્યના ત્યાગી થઈને પંચમહાવ્રતાદિક અંગીકાર કરે છે. ભોજનાદિમાં લોલુપી રહે છે. પોતાની પ્રવૃત્તિ વધારવા માટે ઉદ્યમી રહે છે. તો કેટલા તો ધનાદિ

પણ રાખે છે, હિંસાદિક કરે છે તથા વિવિધ આરંભ કરે છે. પરંતુ થોડો અપરિગ્રહ રાખવાનું ફળ નિગોદ કહ્યું છે. તો આવા પાપોનું ફળ તો અનંત સંસાર હોય જ હોય!

(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૭૭)

**પ્રશ્ન ૨૨—જે મુનિ આવું કરે છે, શું તેને મુનિ નહીં માનવા જોઈએ?**

**ઉત્તર** —લોકોની અજ્ઞાનતા જુઓ, કોઈ નાની પ્રતિજ્ઞા ભંગ કરે તેને તો પાપી કહે છે અને મોટી પ્રતિજ્ઞા ભંગ કરતા જોવા છતાં તેમને ગુરુ માને છે, તેમનું મુનિવત્, સન્માનાદિ કરે છે. વળી શાસ્ત્રમાં તો કૃત-કારિત-અનુમોદનાનું ફળ એક જ કહ્યું છે, માટે તેઓ બધા નિગોદને પાત્ર છે. (મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૭૯)

**પ્રશ્ન ૨૩—મુનિપદ લેવાનો ક્રમ શું છે?**

**ઉત્તર** —પહેલા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે, પછી ઉદાસીન (શુદ્ધ) પરિણામ થાય છે, પરિષહાદિ સહન કરવાની શક્તિ મેળવે છે, ત્યારે સ્વયંમેવ મુનિ થવા ઇચ્છે છે અને ત્યારે શ્રીગુરુ મુનિધર્મ અંગીકાર કરાવે છે. (મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૭૯)

**પ્રશ્ન ૨૪—વર્તમાનમાં કેવી વિપરીતતા છે?**

**ઉત્તર** —તત્ત્વજ્ઞાન રહિત વિષય-કષાયાસક્ત જીવોને માયાથી અથવા લોભ બતાવીને મુનિપદ આપવું, અન્યથા પ્રવૃત્તિ કરવી, તે મોટો અન્યાય છે. અરે હાય! હાય! આ જગત, રાજાથી રહિત છે, કોઈ બીજું પૂછવાવાળું નથી. (મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૭૯ તથા ૧૮૧)

**પ્રશ્ન ૨૫—જૈન શાસ્ત્રોમાં વર્તમાન કેવળીનો તો અભાવ કહ્યો છે, મુનિનો તો નથી કહ્યો ને?**

**ઉત્તર** —એમ તો નથી કહ્યું કે આ દેશોમાં સદ્‌ભાવ રહેશે પરંતુ ભરતક્ષેત્રમાં કહ્યું છે, પણ ભરતક્ષેત્ર ખૂબ મોટું છે. ક્યાંક...

સદ્ભાવ હશે, માટે અભાવ નથી કહ્યો. જો તમે રહો છો તે ક્ષેત્રમાં સદ્ભાવ માનશો, તો જ્યાં આવા ગુરુ પણ નહીં મળે, ત્યાં જશો ત્યારે કોને ગુરુ માનશો? જેમ હંસોનો સદ્ભાવ વર્તમાનમાં કહ્યો છે, પરંતુ હંસ દેખાતા નથી તો બીજા પક્ષીને હંસ તો ન માની લેવાય, તે જ પ્રમાણમાં વર્તમાનમાં મુનિનો સદ્ભાવ કહ્યો છે, પરંતુ મુનિ દેખાતા નથી, તો અન્યને તો મુનિ માની ન શકાય.

(મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૮૯)

**પ્રશ્ન ૨૬—હવે શ્રાવક પણ જેવા સંભવે, તેવા નથી, તો જેવા શ્રાવક, તેવા મુનિ, એમ માનવું ઠીક છે?**

**ઉત્તર** —શ્રાવક સંજ્ઞા તો શાસ્ત્રમાં સર્વ ગૃહસ્થ જૈનીઓની છે. શ્રેણિક પણ અસંયમી હતા, તેને ઉત્તરપુરાણમાં શ્રાવકોત્સવ કહ્યા છે. બાર સભાઓમાં શ્રાવક કહ્યા, ત્યાં સર્વ વ્રતધારી નહોતા. જો સર્વ વ્રતધારી હોત તો અસંયમી મનુષ્યોની અલગ સંખ્યા કહી હોત તે તો કહી નથી. માટે ગૃહસ્થ જૈન, શ્રાવક નામ પ્રાપ્ત કરે છે. અને મુનિસંજ્ઞા તો નિર્ગ્રંથના સિવાય ક્યાંય કહી નથી. શ્રાવકના આઠ મૂળગુણ છે. માટે મદ્ય, માંસ, મધુ, પાંચ ઉદંબરાદિ ફળોનું ભક્ષણ શ્રાવકોને નથી, માટે કોઈ પ્રકારથી શ્રાવકપણું તો સંભવે છે, પરંતુ મુનિના અઠ્ઠાવીસ મૂળગુણ છે, તે વેષધારીમાં જોવામાં આવતા નથી. માટે મુનિપણું કોઈ પ્રકારે સંભવતું નથી.(મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૮૬)

**પ્રશ્ન ૨૭—જિનલિંગી થઈને અન્યથા પ્રવર્તે તો શું ફળ આવે?**

**ઉત્તર** —આદિનાથજીની સાથે ચાર હજાર રાજા, દીક્ષા લઈને પછી ભ્રષ્ટ થયા, ત્યારે તેમને દેવ આવીને કહેવા લાગ્યા — 'જિનલિંગી થઈને અન્યથા વર્તશો તો અમે દંડ આપીશું. જિનલિંગ છોડીને જે તમારી ઇચ્છા હોય તે તમે જાણો.' માટે જિનલિંગી કહેવડાવીને અન્યથા પ્રવર્તે તો તેઓ દંડયોગ્ય છે. વંદનાદિ યોગ્ય

કેમ હોય? હવે વધુ શું કહીએ? જિનમતમાં કુવેષ ધારણ કરે છે. તેઓ મહાપાપ કરે છે. બીજા જીવ જે તેઓની સેવા-સુશ્રુષા વિ. કરે છે. તેઓ પણ પાપી બને છે. કારણ કે 'પદ્મપુરાણ'માં લખ્યું છે કે 'શ્રેષ્ઠી ધર્માત્માએ ચારણ મુનિઓને ભ્રમથી ભ્રષ્ટ જાણીને આહાર ન આપ્યો, હવે જે પ્રત્યક્ષ ભ્રષ્ટ છે તેમને દાનાદિ આપવું કેવી રીતે સંભવે! અર્થાત્ ક્યારેય નહીં.' (મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૮૬)

**પ્રશ્ન ૨૮—અમારા અંતરંગમાં શ્રદ્ધાન તો સાચું છે પરંતુ બાહ્ય લજ્જાદિથી શિષ્ટાચાર કરીએ છીએ, તો ફળ તો અંતરંગનું મળશે?**

**ઉત્તર** —શ્રી દર્શનપાહુડ, શ્લોક ૧૩માં લજ્જાદિથી વંદનાદિકનો નિષેધ બતાવ્યો છે. કોઈ જબરદસ્તી મસ્તક ઝુકાવીને હાથ જોડાવે તો આ સંભવ છે કે તમારે અંતરંગ નહોતું, પરંતુ તમે જ માનાદિકથી નમસ્કાર કરો ત્યાં અંતરંગ કેવી રીતે ના કહે? જેમ—કોઈ અંતરંગમાં તો માંસને ખરાબ જાણે, પરંતુ રાજાદિકને સારું લગાડવા માટે માંસ ભક્ષણ કરે તો તેને વ્રતી કેમ મનાય? તે પ્રમાણે અંતરંગમાં કુગુરુ સેવનને ખરાબ માને પરંતુ તેમને તથા લોકોને સારું લગાડવા માટે સેવન કરે, તેને શ્રદ્ધાવંત કેમ કહેવાય? માટે બાહ્યત્યાગ કરવાથી જ અંતરંગ ત્યાગ સંભવે છે. માટે જે શ્રદ્ધાળુ જીવ છે, તેમણે કોઈપણ પ્રકારથી કુગુરુઓની સેવા-સુશ્રુષા વિગેરે કરવી યોગ્ય નથી. (મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૮૭)

**પ્રશ્ન ૨૯—જે રીતે રાજાદિકને કરીએ છીએ તે પ્રમાણે તેમને કરીએ શું નુકશાન છે?**

**ઉત્તર** —રાજાદિક ધર્મપદ્ધતિમાં નથી, ગુરુનું સેવન ધર્મપદ્ધતિમાં છે. રાજાદિકનું સેવન લોભાદિકથી થાય છે, ત્યાં ચારિત્રમોહનીયનો ઉદય જ સંભવે છે. પરંતુ ગુરુના સ્થાન પર, કુગુરુનું સેવન કર્યું ત્યાં તત્ત્વશ્રદ્ધાનના નિમિત્તકારણ ગુરુ હતા,

તેમનાથી આ પ્રતિકૂળ થયું તો લજ્જાદિકથી જેણે નિમિત્તકારણમાં વિપરીતતા ઉત્પન્ન કરી તેના ઉપાદાન કાર્યભૂત તત્ત્વશ્રદ્ધાનમાં દૃઢતા કેવી રીતે સંભવે? માટે કુગુરુના સેવનમાં દર્શનમોહનો ઉદય છે. માટે પાત્ર જીવોએ મુનિનું લક્ષણ જાણીને જ તેમને માનવા જોઈએ.

(મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૮૭)

**પ્રશ્ન ૩૦—મુનિ શબ્દ કોને-કોને લાગુ પડે છે?**

**ઉત્તર** —'મુનિ' શબ્દ ચોથે ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી લાગુ પડે છે. અર્થાત્ ચોથેથી બારમા ગુણસ્થાન સુધી સર્વ 'મુનિ' નામથી સંબોધન કરી શકાય છે.

**પ્રશ્ન ૩૧—'મુનિ'નો અર્થ અસંયત સમ્યક્દૃષ્ટિ વિગેરે તમે ક્યાંથી કર્યો છે?**

**ઉત્તર** —અરે ભાઈ! (૧) શ્રી સમયસાર કળશટીકામાં કળશ ૧૦૪માં 'एते तत्र निरताः अमृतं विदन्ति' (एते) વિદ્યમાન જે સમ્યક્દૃષ્ટિ મુનિશ્વર (तत्र) શુદ્ધ સ્વરૂપના અનુભવમાં (निरताः) મગ્ન છે, તેઓ (परमं अमृतं) સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને (विदंति) આસ્વાદે છે."

(૨) કળશ ૧૫૨માં 'ततमुनि कर्मणा नो बध्यते (तत्) તે કારણથી (मुनि) શુદ્ધ સ્વરૂપના અનુભવે વિરાજમાન સમ્યક્દૃષ્ટિ જીવ (कर्मणा) જ્ઞાનાવરણાદિકર્મથી (ना बध्यते)' નથી બંધાતા.

(૩) કળશ ૧૮૬ મા 'अनपराध मुनि न बध्येत' (अनपराधः) કર્મના ઉદયના ભાવને આત્મામાં જાણીને નથી અનુભવતા, એવા છે કે જે (मुनिः) પરદ્રવ્યથી વિરક્ત સમ્યક્દૃષ્ટિ જીવ (न बध्येत) જ્ઞાનાવરણાદિ કર્મપિંડના દ્વારા બંધને પામતા નથી.

(૪) કળશ ૧૮૦માં 'अतः मुनि परम शुद्धता व्रजति च अचिरात् मुचयते' (अतः) આ કારણથી (मुनिः) સમ્યક્દૃષ્ટિ જીવ (परम शुद्धता

व्रजति) શુદ્ધોપયોગરૂપે પરિણમે છે (च) એવો થઈને (अचिरात्-मुच्यते) તે કાળે કર્મબંધથી મુક્ત થાય છે.

આ ચાર કળશોમાં સમ્યક્દૃષ્ટિને 'મુનિ' કહ્યા છે. આથી ચોથે ગુણસ્થાનથી લઈને બારમા સુધી બધા મુનિ કહેવાય છે. પરંતુ સાતમાથી બારમા ગુણસ્થાન સુધી ઉત્તમ મુનિ, પાંચમા ગુણસ્થાનથી મધ્યમ મુનિ અને ચોથાથી અસંયત સમ્યક્દૃષ્ટિ, જઘન્ય મુનિ કહેવાય છે.

**પ્રશ્ન ૩૨—મુનિ અપ્રમત્ત અને પ્રમત્તદશાથી પતિત થાય તો શું થાય છે જરા દૃષ્ટાંત આપીને સમજાવો?**

**ઉત્તર** —જેમ, સર્કસમાં બે હિંચકા હોય છે તેમના પર એક છોકરી ક્યારેક આ હિંચકા પર અને ક્યારેક તે હિંચકા પર ઝડપથી આવ-જા કરે છે. (ઝુલે છે) તેની નીચે સર્કસવાળા જાળી બિછાવે છે, જેથી તે ગબડી જાય તો ચોટ ન લાગે. પહેલાં તો તે ગબડતી જ નથી, પરંતુ જો ગબડી જાય તો વધુ જુસ્સા સહ તત્કાળ હિંચકે ચડી જાય છે, અને જો તે જાળી પર પડી રહે છે તો તે તે સર્કસની બહાર કરી દેવામાં આવે છે. તે પ્રમાણે ભાવલિંગી મુનીશ્વર, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે. પહેલાં તો પડતા નથી અને પોતાના પરિપૂર્ણ સ્વભાવનો આશ્રય વધારીને સિદ્ધદશાને પ્રાપ્ત કરી લે છે અને જો પડી જાય તો ઉગ્ર પુરુષાર્થ વધારીને ફરી ચડી જાય છે. જો પડી જાય તો કોઈ પાંચમે-ચોથે ગુણસ્થાને આવી જાય છે, કોઈ મિથ્યાદૃષ્ટિ પણ બની જાય છે.

**પ્રશ્ન ૩૩—મુનિ પડી જાય તો ઘણા મુનિ સર્વાર્થસિદ્ધિમાં તેત્રીસ સાગરની આયુપર્યંત રહે છે, તે તો ઠીક છે ને?**

**ઉત્તર** —જેમ એક લાંચખોર હેડમાસ્તરે એક ચોથી ધોરણના વિદ્યાર્થીની લાંચ લઈને તેને સાતમા ધોરણમાં મૂક્યો. લાંચ ન

લેવાવાળા સ્કૂલ ઈસ્પેક્ટરે તેની પરીક્ષા લીધી અને તેને સાતમા ધોરણના પ્રશ્નો પૂછ્યા, તે જવાબ ન આપી શક્યો. પછી છઠ્ઠી કક્ષાના પ્રશ્નો પૂછ્યા તે બતાવી ન શક્યો. પછી પાંચમા ધોરણના પ્રશ્નો પૂછ્યા, તેના પણ તે જવાબ ન આપી શક્યો. પછી ચોથા ધોરણના પ્રશ્નો પૂછ્યા તો તેના જવાબ આપ્યા. ત્યારે ઈસ્પેક્ટરે દંડસ્વરૂપ દસ વર્ષ તેને ચોથા ધોરણમાં રહેવાની સજા કરી. શું તે છોકરાને દસ વર્ષ સુધી તે ધોરણમાં રહેવાનો આનંદ આવશે? ક્યારેય નહીં. તે પ્રમાણે ભાવલિંગી મુનીશ્વર સાતમા ગુણસ્થાને આનંદની લહેરનો અતીન્દ્રિય રસપીવે છે અને તેમની આયુષ્ય પૂર્ણ થવાથી વિગ્રહગતિમાં ચોથા ગુણસ્થાને આવી જાય છે અને પછી સર્વાર્થસિદ્ધિમાં તેત્રીસ સાગર સુધી ચોથે ગુણસ્થાન રહેવું થાય છે–શું તેઓ આનંદ માનતા હશે? બિલકુલ નહીં.

**પ્રશ્ન ૩૪–સાચા અને જૂઠા મુનિના સ્વરૂપને સુગમતાથી શી રીતે જાણી શકાય?**

**ઉત્તર** –શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, છઠ્ઠા અધિકારમાં પંડિતજીએ આ વિષય ખૂબ જ સ્પષ્ટ કર્યો છે, ત્યાંથી સારી રીતે વાંચીને જાણી લેવો.

**પ્રશ્ન ૩૫–નિયમસારમાં શ્રીકુંદકુંદદેવે શું આદેશ આપ્યો છે?**

**ઉત્તર** –

"કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!
કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો" ૧૫૪

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!
તે કારણે નિજ પર સમય સહવાદ પરિકર્તવ્ય છે. ૧૫૬

નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજન સંગ છોડી જ્ઞાન નિધિને ભોગવે. ૧૫૭

અર્થાત્ જો થઈ શકે તો અહો! ધ્યાનમય પ્રતિક્રમણાદિ કર, જો તું શક્તિવિહિન હોય તો ત્યાંસુધી શ્રદ્ધાન જ કર્તવ્ય છે. ૧૫૪

વિધવિધ પ્રકારના જીવ છે, વિધવિધ પ્રકારનાં કર્મ છે, વિધવિધ પ્રકારની લબ્ધિ છે, માટે સ્વધર્મી કે પરધર્મી સાથે વચનવિવાદ વર્જવા યોગ્ય છે. ૧૫૬.

જેમ, કોઈ એક (દરિદ્ર મનુષ્ય) નિધિને પામીને પોતાના વતનમાં (ગુપ્તરૂપથી) રહીને તેના ફળ ભોગવે છે. તે પ્રમાણે જ્ઞાનીજન, પરજનોના સમૂહને છોડીને જ્ઞાનનિધિને ભોગવે છે. ૧૫૭

૯

श्री સમયસાર ગાથા ૧૬૦નું રહસ્ય

# ધર્મની પ્રાપ્તિ માટે

**પ્રશ્ન ૧—શ્રી સમયસાર, પુણ્ય-પાપ અધિકારની ગાથા ૧૬૦મા 'તારો સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવ છે'—આમ કહેવાનું પ્રયોજન શું છે?**

**ઉત્તર** —'તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

અર્થાત્ તે આત્મા સ્વભાવથી સર્વને જાણવા-દેખવાવાળો છે તથાપિ પોતાના કર્મમળથી વ્યાપ્ત થતો થકો, સંસારને પ્રાપ્ત થકો, તે બધા પ્રકારથી બધાને જાણતો નથી.

**પ્રશ્ન ૨—પુણ્ય-પાપ અધિકારમાં સર્વજ્ઞ અને સર્વદર્શીની વાત શા માટે લીધી છે?**

**ઉત્તર** —(૧) જ્યાં સુધી જીવને પુણ્ય-પાપની રુચિ રહેશે, ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી થતું અને (૨) પર્યાયમાં જ્યાં સુધી પુણ્યભાવ રહેશે ત્યાં સુધી સર્વજ્ઞ-સર્વદર્શી નથી થઈ શકાતું—આ બતાવવા માટે પુણ્ય-પાપ અધિકારમાં સર્વજ્ઞ સર્વદર્શીની વાત કરી છે.

**પ્રશ્ન ૩—ક્યા જીવને સમ્યક્દર્શનની પ્રાપ્તિ નથી થતી?**

**ઉત્તર** —(૧) જે જીવ માને છે કે દયા-દાન-પૂજા-અણુવ્રત-મહાવ્રતાદિ વિકારીભાવોથી ધર્મની પ્રાપ્તિ થાય છે.

(૨) સંસાર અવસ્થામાં શુભભાવ કાંઈ તો મદદ કરે જ છે.

(૩) શુભભાવ કરતા કરતા ધર્મની પ્રાપ્તિ થઈ જશે—વિ. માન્યતાવાળા અર્થાત્ પુણ્યની રુચિવાળા છે તેને ક્યારે પણ સમ્યક્દર્શન પ્રાપ્ત થતું નથી.

**પ્રશ્ન ૪—ગાથા ૧૬૦માંથી બે બોલ ક્યા નીકળે છે?**

**ઉત્તર** —(૧) જ્યાં સુધી જીવને પરલક્ષી જ્ઞાન અને પુણ્યની મીઠાશ રહેશે, ત્યાંસુધી તેને સર્વજ્ઞ અને સર્વદર્શીની શ્રદ્ધા નહીં થઈ શકે, અર્થાત્ જ્યાં સુધી જીવને પરલક્ષી જ્ઞાનના ઉઘાડની રુચિ, પુણ્યભાવ-પુણ્યકર્મ અને પુણ્યની સામગ્રીની રુચિ રહેશે, ત્યાં સુધી તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહીં થાય. અને

(૨) જ્યાં સુધી પર્યાયમાં પુણ્ય—પાપનો ભાવ રહેશે, ત્યાંસુધી સર્વજ્ઞ અને સર્વદર્શી નહીં બની શકે.

**પ્રશ્ન ૫—શું આત્મહિત સાધવાને માટે મોક્ષમાર્ગમાં પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્યની સામગ્રી તથા પરલક્ષી જ્ઞાનના ઉઘાડની કિંચિત્ માત્ર કિંમત નથી?**

**ઉત્તર** —ખરેખર સમ્યગ્દર્શનની પ્રાપ્તિની માટે, શ્રેણી માંડવાને માટે, સિદ્ધદશાની પ્રાપ્તિની માટે પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્યની સામગ્રી તથા પરલક્ષી જ્ઞાનના ઉઘાડની કિંચિત્માત્ર જરૂરિયાત નથી, એકમાત્ર હું અખંડ ત્રિકાળી પરમપારિણામિકભાવરૂપ છું—આવા અનુભવ અને જ્ઞાનની જ આવશ્યકતા છે.

**પ્રશ્ન ૬— શું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાને માટે પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્યની સામગ્રી તથા પરલક્ષી જ્ઞાનના ઉઘાડની કિંચિત્ પણ જરૂરિયાત નથી?**

**ઉત્તર** —નથી, વિચારો! ચારગતિના ચાર જીવ છે.

(૧) સાતમી નરકનો નારકી, જ્યાં પ્રતિકૂળ સંયોગો ભરેલા છે.

(૨) નવ ગ્રૈવેયકનો મિથ્યાદષ્ટિદેવ જ્યાં અનુકૂળ સંયોગો ભરેલા છે.

(૩) સ્વયંભૂરમણ સમુદ્રનો મગરમચ્છ/તિર્યંચ, જે પાણીમાં જ રહે છે.

(૪) મોટા રાજા અથવા મનુષ્ય જે રત્નજડિત સિંહાસન પર બેઠેલો છે

આ પ્રકારે ચારે ગતિના જીવોના પુણ્ય-પાપના સંયોગોમાં મોટું અંતર છે. નારકી તથા દેવને કુમતિ આદિ ત્રણ જ્ઞાનનો ઉઘાડ છે અને મનુષ્ય-તિર્યંચને કુમતિ આદિ બે જ્ઞાનનો ઉઘાડ છે.

ચારે ગતિના ચારે જીવોને માનો કે ૮ વાગ્યેને ૧ મિનિટ પર સમ્યગ્દર્શન થવાનું છે તો આઠ વાગે સમ્યગ્દર્શનને યોગ્ય આત્મસન્મુખતારૂપ શુભભાવ સમાન હોય છે કારણ કે ચારે જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, ત્યારે કરણલબ્ધિના ત્રીજા ભેદ અનિવૃત્તિકરણનો અભાવ કરીને જ થાય છે, આ પ્રકારે ચારે ગતિના જીવોના સંયોગોમાં તથા જ્ઞાનના ઉઘાડમાં મોટું અંતર હોવા છતાં પણ, આત્મસન્મુખતારૂપ પરિણામ સમાન હોય છે, આથી સમ્યક્ત્વ પ્રાપ્તિમાં બાહ્ય સંયોગ બાધક—સાધક નથી થતા. જીવ એક માત્ર પોતાના ત્રિકાળી સ્વભાવનો આશ્રય લે તો તુરંત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે—એવું જાણીને સંયોગ અને સંયોગીભાવોની રુચિનો ત્યાગ કરીને, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ.

**પ્રશ્ન ૭—શું શ્રેણી માંડવાને માટે પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્યની સામગ્રી તથા પરલક્ષી જ્ઞાનના ઉઘાડની કિંચિત્ જરૂરિયાત નથી ?**

**ઉત્તર** —નથી. વિચારો! ચાર ભાવલિંગી મુનિ છે.

(૧) પહેલા મુનિને મતિ-શ્રુતજ્ઞાનનો અલ્પ ઉઘાડ છે અને મુનિપદવી છે.

(૨) બીજા મુનિને મતિ-શ્રુત-અવધિજ્ઞાનનો ઉઘાડ છે અને ઉપાધ્યાય પદવી છે.

(૩) ત્રીજા મુનિને મતિ-શ્રુત-મનઃપર્યયજ્ઞાનનો ઉઘાડ છે અને કોઈ પદવી નથી.

(૪) ચોથા મુનિને મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયજ્ઞાનનો ઉઘાડ છે અને આચાર્યપદવી છે.

વિચારો– ચારે ભાવલિંગી મુનિ છે, જ્ઞાનનો ઉઘાડ ઓછો વધારે હોવા છતાં પણ આ ચારેય મુનિ એકી જ સાથે શ્રેણી માંડે તો નવમા ગુણસ્થાનમાં શુદ્ધિ ચારેય મુનિઓને સમાન જ હોય છે. તો તે જ્ઞાનનો ઉઘાડ અને પદવી શું કાર્યકારી રહ્યા? કાંઈપણ નહીં. એક માત્ર પોતાના ત્રિકાળી સ્વભાવની એકાગ્રતા જ શ્રેણીને માટે કાર્યકારી છે.

(અ) જેમ કે શિવભૂતિ મુનિને જ્ઞાનનો અલ્પ ઉઘાડ હોવા છતાં પણ આત્મામાં સ્થિરતા કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

(આ) બીજી તરફ અવધિજ્ઞાન-મનઃપર્યયજ્ઞાનમાં ઉપયોગ હોય તો શ્રેણી નથી માંડી શકાતી. આનાથી સિદ્ધ થયું કે શ્રેણી માંડવામાં પણ પરલક્ષી જ્ઞાનના ઉઘાડની, પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્ય સામગ્રીની કિંચિત્માત્ર જરૂરીયાત નથી. એક માત્ર આત્મામાં જ એકાગ્રતા જ જરૂરી છે.

**પ્રશ્ન ૮–શું સિદ્ધદશા પ્રાપ્ત કરવાને માટે પણ પુણ્યકર્મ-પુણ્યભાવ, પુણ્યની સામગ્રી તથા પરલક્ષીજ્ઞાનનો ઉઘાડની કિંચિત્ માત્ર જરૂરિયાત નથી?**

**ઉત્તર** –નથી. વિચારો. સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની છે. તેની નીચે ૨૫ લાખ યોજન જમીન છે અને ૨૦ લાખ યોજન પાણી છે. ભગવાનની વાણીમાં આવ્યું છે કે સિદ્ધશિલામાં કોઈ જગ્યા સોઈની અણી બરાબર પણ ખાલી નથી કે જ્યાં અનંત સિદ્ધ બિરાજમાન નથી.

આ શંકા થાય છે કે જ્યાં જમીન છે, ત્યાં તો અનંત સિદ્ધ

સમશ્રેણીથી લોકાગ્રમાં બિરાજે છે, આ વાત સમજમાં આવે છે. પરંતુ જ્યાં અનાદિ-અનંત પાણી છે ત્યાં પણ અનંત સિદ્ધ બિરાજે છે, આ વાત સમજવામાં નથી આવતી કારણ કે જીવ મોક્ષમાં જાય છે તે સમશ્રેણીથી જ જાય છે, ત્યાં પાણી જ પાણી છે ત્યાંથી મોક્ષ કેમ થાય?

સમાધાન આ પ્રમાણે છે—કોઈ પૂર્વભવનો વેરી દેવ, ભાવલિંગી મુનિને ઉઠાવીને, જેમ ધોબી કપડા પછાડે છે, એ રીતે ઉઠાવીને સમુદ્રમાં પછાડે છે, તેઓ ત્યાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં ચાલ્યા જાય છે.

જુઓ, બહારના સંયોગ કેવા છે? સિદ્ધદશાને પ્રાપ્ત કરવાને માટે પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્યની સામગ્રી તથા પરલક્ષી જ્ઞાનના ઉઘાડની બિલકુલ જરૂરિયાત નથી.

હે ભવ્ય! તું અનાદિ અનંત ભગવાનરૂપે શક્તિનો પીંડ છે તેના આશ્રયથી જ સમ્યગ્દર્શનાદિ, શ્રેણી અને સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે, પરલક્ષી જ્ઞાનના ઉઘાડથી, પુણ્યભાવ, પુણ્યકર્મ અને પુણ્યની પદવીથી નહીં. આમ જાણીને એકવાર પોતા તરફ દૃષ્ટિ કરે તો તમે સમજમાં આવશે અને કોઈને પૂછવું નહીં પડે.

**પ્રશ્ન ૯—તો પછી પોતાના હિતને માટે શું કરવું?**

**ઉત્તર** —પોતાના કલ્યાણને માટે પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્યની સામગ્રી તથા પરલક્ષીજ્ઞાનના ઉઘાડની રુચિ છોડીને, પોતાના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય લે ત્યારે આત્મામાં ધર્મની શરૂઆત, વૃદ્ધિ તથા પૂર્ણતા થઈ જાય.

## ૧૦ શ્રી પ્રવચનસાર ગાથા ૯૩નું રહસ્ય

# દિવ્યધ્વનિનો સાર

**પ્રશ્ન ૧—'અર્થ' એટલે શું?**

**ઉત્તર** —(૧) અર્થ, અર્થાત્ પ્રયોજન. દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ—આ જ પ્રત્યેક જીવનું પ્રયોજન છે અને બીજું કાંઈપણ નહીં.

(૨) ઉત્કૃષ્ટરૂપથી પોતાના આત્મામાં જોડાણ કરવું તેનું નામ પ્રયોજન છે.

**પ્રશ્ન ૨—પોતાના આત્મામાં ઉત્કૃષ્ટરૂપથી જોડાણ કરવાથી શું થાય છે?**

**ઉત્તર** —પોતાના આત્મામાં ઉત્કૃષ્ટરૂપથી જોડાણ કરવાથી અનાદિકાળથી જે સમયે સમયે ભાવમરણ થઈ રહ્યું છે, તેનો અભાવ થઈને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને, ક્રમશઃ મોક્ષ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૩—અર્થનો બીજો અર્થ શું છે?**

**ઉત્તર** —શ્રી પ્રવચનસાર ગાથા ૯૩માં લખ્યું છે કે

अत्थो खलु दव्वमओ, दव्वाणि गुणप्पगाणि भणिदाणि।
तेहि पुणो पज्जाया, पज्जयमूढ़ा परसमया ।।९३।।

છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,
વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.

અર્થાત્, અર્થ, દ્રવ્ય સ્વરૂપ છે; દ્રવ્યોને ગુણરૂપ કહ્યા છે. દ્રવ્ય અને ગુણોથી પર્યાય થાય છે, પર્યાયમૂઢ જીવ પરસમય છે. જુઓ અહીં અર્થને દ્રવ્યસ્વરૂપ છે એમ કહ્યું છે.

**પ્રશ્ન ૪—શું દ્રવ્ય જ અર્થ છે?**

**ઉત્તર** —શ્રી પ્રવચનસાર ગાથા ૮૭મા દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેને અર્થ નામથી કહ્યાં છે.

**પ્રશ્ન ૫—શ્રી પ્રવચનસારમાં દ્રવ્યને અર્થ કેમ કહ્યું છે?**

**ઉત્તર** —દ્રવ્ય, પોતાના ગુણો અને પર્યાયોને પ્રાપ્ત હોય છે, માટે દ્રવ્યને અર્થ કહ્યું છે.

**પ્રશ્ન ૬—જો દ્રવ્ય, પોતાના ગુણો અને પર્યાયોને પ્રાપ્ત ન કરે, અર્થાત્ બીજાને પ્રાપ્ત કરે તો શું થાય?**

**ઉત્તર** —અનર્થ થઈ જશે. કારણ કે કોઈપણ દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયોને છોડતું નથી. પરંતુ ઉંધી માન્યતાને કારણે અભિપ્રાયમાં અનર્થ થઈ જશે.

**પ્રશ્ન ૭—શ્રી પ્રવચનસારમાં ગુણને અર્થ કેમ કહ્યું છે?**

**ઉત્તર** —ગુણ જે પોતાના આશ્રયભૂત દ્રવ્ય અને પર્યાયોને પ્રાપ્ત હોય છે માટે ગુણને અર્થ કહે છે.

**પ્રશ્ન ૮— જો ગુણ પોતાના આશ્રયભૂત દ્રવ્ય અને પર્યાયને પ્રાપ્ત ન હોય અને બીજા દ્રવ્યો અને પર્યાયોને પ્રાપ્ત હોય તો શું થાય?**

**ઉત્તર** —ખરેખર ગુણ સદાય પોતાના આશ્રયભૂત દ્રવ્ય અને પર્યાયોને જ પ્રાપ્ત હોય છે. બીજાને નહીં. પરંતુ કોઈ એમ કહે કે ગુણ બીજા દ્રવ્ય અને પર્યાયોને પ્રાપ્ત હોય છે તો તેની માન્યતામાં અનર્થ થશે. તે ચારે ગતિમાં ભમીને નિગોદ જશે.

**પ્રશ્ન ૯—શ્રી પ્રવચનસારમાં પર્યાયને અર્થ કેમ કહેલ છે?**

**ઉત્તર** —પર્યાય દ્રવ્ય-ગુણને ક્રમપરિણામથી પ્રાપ્ત કરે છે માટે પર્યાયને અર્થ કહેલ છે.

**પ્રશ્ન ૧૦—જો પર્યાય દ્રવ્ય-ગુણને ક્રમપરિણામથી પ્રાપ્ત ન કરે તો શું થાય?**

**ઉત્તર** —ખરેખર પર્યાય દ્રવ્ય-ગુણોને ક્રમપરિણામથી જ પ્રાપ્ત કરે છે. અન્યને નહીં. પરંતુ કોઈ ઉલટું કહે તો એની માન્યતામાં અનર્થ થઈ જશે.

**પ્રશ્ન ૧૧—દ્રવ્ય-ગુણ-પર્યાયને અર્થ કહ્યા તેથી આપણને શું લાભ છે?**

**ઉત્તર** —પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના ગુણપર્યાયોમાં જ વર્તતું હતું, વર્તી રહે છે અને વર્તી રહેશે—આવું જાણીએ અને માનીએ તો તરત મોહનો અભાવ થઈને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને ક્રમથી મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન ૧૨—પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના ગુણપર્યાયોમાં જ ભૂત-ભવિષ્ય-વર્તમાનમાં વર્તી રહ્યા હતા, વર્તશે, વર્તી રહ્યા છે આ સિદ્ધાંત શાસ્ત્રોમાં ક્યાં-ક્યાં બતાવવામાં આવ્યા છે?**

**ઉત્તર** —(૧) શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પાનું નં. ૫૨માં લખ્યું છે કે 'અનાદિનિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદા લઈને પરિણમે છે, કોઈ કોઈથી પરિણમાવ્યું પરિણમતું નથી અને આવો બીજાને પરિણમાવવાનો ભાવ નિગોદનું કારણ છે.

(૨) શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૨૧૯ લખ્યું છે કે 'સમસ્ત દ્રવ્ય પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સામગ્રીને પ્રાપ્ત કરીને પોતે જ ભાવરૂપે પરિણમે છે તેને કોઈ રોકી શકે નહીં.

(૩) 'तेहिं पुणों पज्जाया' શ્રી પ્રવચનસાર ગાથા ૯૩માં દ્રવ્ય અને ગુણોથી પર્યાયો થાય છે.

(૪) લોકમાં સર્વત્ર જેટલા પદાર્થ છે, તે બધા નિશ્ચયને પ્રાપ્ત હોવાથી સુંદરતાને પ્રાપ્ત હોય છે—તે બધા પદાર્થ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેવાવાળા પોતાના અનંતધર્મોના ચક્રને ચુંબન કરે છે—સ્પર્શ કરે છે, તોપણ તેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી. અત્યંત નજીક એકક્ષેત્રાવગાહરૂપથી રહેલા છે તથાપિ સદાકાળ પોતાના સ્વરૂપથી ચ્યુત નથી થતા, પરરૂપ પરિણમન ન કરવાથી અનંત વ્યક્તિતા નષ્ટ નથી થતી, માટે તેઓ ટંકોત્કીર્ણની જેમ સ્થિર રહે છે અને સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્ય બંનેની હેતુથી તેઓ વિશ્વને સદા ઉપકાર કરે છે અર્થાત્ ટકાવી રાખે છે.

(શ્રી સમયસાર ગાથા-૩ની ટીકામાંથી)

(૫) વસ્તુની માલિક વસ્તુ છે, જે માલિક છે તે કર્તા છે તો માલિકનો માલિક બનીને કેમ નીતિ-ન્યાય ગુમાવે છે?

(૬) શ્રી સમયસાર ગાથા ૧૦૩ તથા ૩૭૨મહા સિદ્ધાંતની ગાથા છે તેમાં પણ તે જ લખ્યું છે. તથા શ્રી સમયસાર કળશ ૨૦૦ તથા ૨૦૧ જુઓ.

(૭) જડ-ચેતનકી સબ પરિણતિ પ્રભુ અપને અપનેમેં હોતી હૈ—આવું પૂજામાં પણ આવ્યું છે.

(૮) અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વગુણ બતાવે છે કે વસ્તુ ધ્રૌવ્ય રહીને પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય કરતી નિરંતર બદલતી રહે છે.

(૯) ભગવાન ઉમાસ્વામીએ 'સત્દ્રવ્યલક્ષણમ્, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્'—આ મહા સિદ્ધાંત બતાવ્યો છે.

**પ્રશ્ન ૧૩—જે જિનેન્દ્ર કથિત આ વસ્તુસ્વરૂપને નથી માનતા, તેને ભગવાને કેવા કહ્યા છે?**

**ઉત્તર —(૧)** શ્રી સમયસાર કળશ ૫૫મા 'મહામોહ અજ્ઞાન અંધકાર છે, તેનું સુલટવું અત્યંત કઠિન છે. તથા મિથ્યાદૃષ્ટિ કહ્યા છે.'

(૨) શ્રી પ્રવચનસારમાં 'પદપદ પર છેતરાય છે' 'તેઓ દેશનાને પાત્ર નથી'—આમ કહ્યું છે.

(૩) શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાયમાં 'તસ્યદેશના નાસ્તિ' કહ્યું છે.

**પ્રશ્ન ૧૪—જે પર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે કોને યાદ રાખીએ તો સંસારનો અભાવ થઈને મોક્ષની પ્રાપ્તિ થાય?**

**ઉત્તર** —શ્રી પ્રવચનસારનું 'तेहि पुणो पज्जाया' અર્થાત્ દ્રવ્ય અને ગુણોથી પર્યાયો થાય છે, પરથી નહીં. આમ જાણે તો સંસારનો અભાવ થઈ મોક્ષની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન ૧૫—(૧) સમયસારથી જ્ઞાન થયું, (૨) દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ થયું, (૩) તેણે ગાળ આપી તો ગુસ્સો આવ્યો, (૪) જીવ વિકાર કરે તો નવો કર્મબંધ થાય છે, (૫) દિવ્યધ્વનિથી જ્ઞાન થાય છે, (૬) જ્ઞેયનો જાણવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે—વગેરે કથનોમાં 'तेहि पुणो पज्जाया'નું સાચું જ્ઞાન ક્યારે થાય?**

**ઉત્તર** —જેમકે **સમયસારથી જ્ઞાન થયું** -'तेहि पुणो पज्जाया' તેનાથી સમજાય છે કે જ્ઞાન આત્માના જ્ઞાનગુણથી થયું, સમયસારથી નહીં. આમ જાણવાથી જ્ઞાન, સુખ, સમ્યગ્દર્શનાદિ પરથી થાય છે—આવી ખોટી બુદ્ધિનો અભાવ થાય તો 'तेहि पुणो पज्जाया'ને જાણ્યું.

**પ્રશ્ન ૧૬—દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે, પછી પર્યાયમાં અશુદ્ધિ ક્યાંથી આવી?**

**ઉત્તર** —દ્રવ્ય-ગુણ તો અનાદિ-અનંત શુદ્ધ છે, તેની પર લક્ષ નહીં કરવાથી પર્યાયમાં અશુદ્ધિ ઉત્પન્ન થાય છે અને પોતાના દ્રવ્ય-ગુણોના અભેદ પિંડ પર લક્ષ કરે તો શુદ્ધપર્યાય પ્રગટ થાય છે, પરથી અથવા દ્રવ્યકર્મોથી (કર્મોના અભાવથી) ઉત્પન્ન નથી થતી.

**પ્રશ્ન ૧૭—**'पज्जयमूढा हि पर समया' **અર્થાત્ પર્યાયમૂઢ, પરસમય છે તેનાથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —જ્યારે આદિનાથ ભગવાને દીક્ષા લીધી તો મારીચે પણ દીક્ષા લીધી. તેણે ભગવાનનો વિરોધ કર્યો. આમ જાણીને અજ્ઞાની દ્વેષ કરે છે. તે મારિચ 'મહાવીરથી પૂર્વના દસમા ભવમાં ભયંકર ક્રૂર સિંહ બન્યો, જેને જોઈને જંગલના જીવો થથરે છે. તેની ક્રૂરતા જોઈને અજ્ઞાનીને દ્વેષ થાય છે, સિંહપર્યાયમાં સમ્યગ્દર્શન થયું તો અજ્ઞાનીને તેના પ્રતિ રાગ આવે છે. ૨૪મા તીર્થંકર થવાથી પૂજ્ય કહેવાયા તો અજ્ઞાનીને શુભરાગ આવે છે.

મારીચને જોઈને સિંહપર્યાયમાં દ્વેષ તથા સિંહપર્યાયમાં સમ્યગ્દર્શન થવાથી રાગ, તેમજ મહાવીર થવાથી અતિ રાગ કર્યો; આમ અજ્ઞાની પર્યાયદૃષ્ટિ હોવાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. મારીચથી લઈ મહાવીરપર્યંત સળંગપણે જુઓ તો મારીચ, દ્વેષને યોગ્ય નથી, સિંહ દ્વેષ અને રાગ કરવાયોગ્ય નથી—આમ જાણે તો રાગ-દ્વેષ ઉત્પન્ન નથી થતા. જ્ઞાનીને સદાય સ્વભાવદૃષ્ટિ જ હોય છે, માટે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી.

**પ્રશ્ન ૧૮—દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિનું દૃષ્ટાંત દઈને સમજાવો.**

**ઉત્તર** —(૧) એક કૂતરો છે તેને કોઢ થયો છે. તેમાંથી ખૂબ દુર્ગંધ આવી રહી છે, અજ્ઞાની તેના પર દ્વેષ કરે છે. કૂતરો મરીને મંદકષાયના કારણે રાણી બને છે. તેને જોઈને અજ્ઞાની રાગ કરે છે.

રાણીએ યુવાનીના નશામાં મદિરાપાન કર્યું અને મરીને નરકમાં ગઈ તો અજ્ઞાની દ્વેષ કરે છે. અજ્ઞાની, માત્ર આ જીવની અવસ્થાને જ લક્ષમાં લે છે તો રાગ-દ્વેષ થાય છે. જો બધી અવસ્થાઓમાં 'આ તે જીવ છે' આ માને તો કોઈના પ્રતિ દ્વેષ અને કોઈના પ્રતિ રાગ નહીં થાય, માત્ર તેઓ બધા જ્ઞાનના જ્ઞેય બનશે. જો ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય અવસ્થામાં નિત્યતાનો વિચાર કરે તો રાગ-દ્વેષ ઉત્પન્ન નથી થતા પરંતુ શાંતિની પ્રાપ્તિ થાય છે.

(૨) એક રાજા હતો. તેનો એક પ્રધાન ખૂબ સમજુ હતો. રાજાએ એકવાર પ્રધાન સહિત બધાને ભોજન પર આમંત્રણ આપ્યું. રાજાએ બધાને પૂછ્યું કે રસોઈ કેવી છે? બધાએ કહ્યું મહારાજ! બહુ જ ઉત્તમ સ્વાદિષ્ટ છે. રાજાએ પ્રધાનને પૂછ્યું, પ્રધાનજી! રસોઈ કેવી છે? પ્રધાને કહ્યું : જેવી હોય છે તેવી છે.

એકવાર પ્રધાન સહિત રાજા ઘોડા પર સવાર થઈ જઈ રહ્યા છે. રસ્તામાં ગંદા નાળાના પાણીને કારણે બહુ દુર્ગંધ આવી રહી હતી. ત્યાંથી નીકળવું પણ કઠિન હતું. રાજાએ કહ્યું પ્રધાનજી ખૂબ દુર્ગંધ આવી રહી છે. પરંતુ પ્રધાને કોઈ ઉત્તર ન આપ્યો. પ્રધાને વિચાર્યું કે રાજા વારેવારે પૂછે છે તો તેને બોધપાઠ આપવો જોઈએ. પ્રધાને ગંદાનાળાનું પાણી લાવીને તેમાં ફટકડી નાખી સાફ કરી તેમાં કેસર વગેરેથી સુગંધિત બનાવ્યું અને બધાને કહ્યું કે રાજા પાણી માગે તો કોઈએ આપવું નહીં, હું જ આપીશ. જમતા સમયે રાજાએ પાણી માગ્યું, તો પ્રધાનજી પોતે પાણી લાવ્યા. રાજા સુગંધિત પાણી પીને દંગ રહી ગયા અને રાજાએ વિચાર્યું કે પ્રધાન આટલું સ્વાદિષ્ટ ભોજન અને સુગંધિત પાણી પીવે છે, માટે પ્રધાને મારી રસોઈને સારી ન બતાવી.

રાજાએ પૂછ્યું આટલું સ્વચ્છ ને સુગંધિત પાણી ક્યાંથી લાવો

છો? પ્રધાને જવાબ આપ્યો : મહારાજ તે ગંદાનાળાનું પાણી જેમાંથી દુર્ગંધ આવે છે તે પાણી મંગાવ્યું હતું. પછી તેને સ્વચ્છ અને સુગંધિત બનાવ્યું છે. પાણીની ભૂત અવસ્થા, વર્તમાનરૂપ સુગંધિત અવસ્થા તથા ભવિષ્યની પેશાબરૂપ અવસ્થાનું લક્ષ છોડીને, માત્ર પુદ્‌ગલની નિત્યતાનો વિચાર કરીએ તો જીવમાં વીતરાગતા આવ્યા વિના રહે જ નહીં.

આથી મારીચ, સિંહ, નંદરાજા, મહાવીરની અવસ્થા જોઈને અજ્ઞાનીને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે અને તેનો તેજ આત્મા છે—એવી નિત્યતા જોઈને વીતરાગતાની પ્રાપ્તિ તરત જ થઈ જાય છે.

અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
તે સર્વ આગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧

નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨

તાત્પર્ય આ છે કે મિથ્યાદૃષ્ટિ માત્ર પર્યાયને જોવે છે અને દુ:ખી થાય છે. જો દુ:ખનો અભાવ કરવો હોય તો સ્વભાવને જુઓ તો શાંતિ આવશે. માટે 'पज्जयमूढ़ा हि परसमया' આમ પ્રવચનસારમાં કહ્યું છે. સ્વભાવદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. માટે પોતાના સ્વભાવનો આશ્રય લેવો પ્રત્યેક પાત્ર જીવનું પરમ કર્તવ્ય છે.

**પ્રશ્ન ૧૯—સુખી થવાનો, જ્ઞાની અને પરમાત્મા બનવાનો ઉપાય, શ્રી સમયસાર ૫૦મા કળશમાં શું બતાવ્યો છે?**

**ઉત્તર** —આ ૫૦મા કળશનું રહસ્ય સમજમાં આવે તો જીવ અને પુદ્‌ગલમાં કર્તા-કર્મભાવ છે એવી ખોટી બુદ્ધિનો અભાવ થતાં જ સુખીપણાનો અને જ્ઞાનીપણાનો અનુભવ થાય છે અને જેમ જેમ પોતામાં લીન થાય છે તેમ તેમ પરમાત્મા બનતો જાય છે.

**પ્રશ્ન ૨૦—આ કળશમાં શું કહ્યું છે.**

**ઉત્તર** —ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात् ।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददवं भेदमुत्पाद्य सद्यः ।।૫૦।।

અર્થાત્ જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે અને પુદ્‌ગલદ્રવ્ય પોતાની તથા પરની પરિણતિને ન જાણતો પ્રવર્તે છે, આ પ્રમાણે તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બંને ભિન્ન દ્રવ્યો હોવાથી), તે બંને પરસ્પર અંતરંગમાં વ્યાપ્ય-વ્યાપકભાવને પ્રાપ્ત થવામાં અસમર્થ છે. જીવ પુદ્‌ગલને કર્તા-કર્મભાવ છે, તેવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને કારણે ત્યાં સુધી ભાસે છે કે જ્યાં સુધી (ભેદજ્ઞાન કરવાવાળી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દયતાથી (ઉગ્રતાથી) જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉત્પન્ન કરીને પ્રકાશિત નથી થતી.

**પ્રશ્ન ૨૧—આ કળશના બોલોમાં શું ઘટિત થાય છે?**

**ઉત્તર** —આ મારો છોકરો છે, હું તેનું પાલન-પોષણ કરું છું પરંતુ મારી આજ્ઞાનું જરાપણ પાલન નથી કરતો. જુઓ શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવનો આ સિદ્ધાંત છે કે, ‘જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે’ આ યાદ આવતા જ શાંતિ ઉપજશે. કારણ કે ‘બધા પદાર્થ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેવાવાળા પોતાના અનંતધર્મોના ચક્રને (સમૂહને) ચુંબન કરે છે—સ્પર્શ કરે છે, તથાપિ તે દ્રવ્ય પરસ્પર એકબીજાને સ્પર્શ નથી કરતા.

તાત્પર્ય આ છે કે સંસારમાં જાતી અપેક્ષા છ દ્રવ્ય છે; તેમનામાં અનંત ગુણો અને પર્યાયો છે. પર્યાય પ્રતિ સમય સમય બદલતી રહે છે. કોઈ સમય એવો નથી કે જે સમયે કોઈપણ દ્રવ્યની

કોઈપણ પર્યાય ન બદલી હોય. જ્યારે કાયમ રહેવા છતાં, પર્યાયનું નિરંતર બદલવું સ્વાભાવિક છે તો હું કોઈનું કાંઈ કરી શકું છું અથવા મારું કોઈ કરે; આ પ્રશ્નને અવકાશ જ રહેતો નથી. નિગોદથી લઈને સિદ્ધ ભગવાન સુધી બધાએ જ્ઞાન જ કર્યું છે, પરંતુ માત્ર મિથ્યાદષ્ટિની માન્યતામાં ફેર છે. માત્ર જ્ઞાન સિવાય જીવ પરમાં કાંઈપણ હેરફેર નથી કરી શકતો. આવો આ મહાસિદ્ધાંત 'જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે'. તેને યથાર્થ સમજીને અંતરમાં પરિણમન કરે તો અપૂર્વ શાંતિ મળશે.

**પ્રશ્ન ૨૨—'જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે' આ વાક્યમાંથી કેટલા બોલ નીકળે છે?**

**ઉત્તર** —પાંચ બોલ નીકળે છે. (૧) જ્ઞાની, (૨) પોતાની પરિણતિ એકદેશ, (૩) પોતાની પરિણતિ પૂર્ણ, (૪) પર, (૫) પર પરિણતિ.

**પ્રશ્ન ૨૩—જ્ઞાની આદિ પાંચ બોલો પર (૧)નવ પદાર્થ, (૨) પાંચ ભાવ, (૩) ચાર કાળ, (૪) દેવ-ગુરુ-ધર્મ, (૫) સંયોગાદિ પાંચ બોલો લગાવો.**

**ઉત્તર —(૧) જ્ઞાની** : (૧) જીવ તત્ત્વ, (૨) પારિણામિક-ભાવ, (૩) અનાદિ અનંત, (૪) પરમ સુખદાયક, (૫) ધર્મસ્વરૂપ આત્મા, (૬) સ્વભાવ ત્રિકાળી છે.

**(૨) પોતાની પરિણતિ એકદેશ** : (૧) સંવર-નિર્જરા તત્ત્વ, (૨) ઔપશમિક, ક્ષાયોપશમિક, સમ્યગ્દર્શનની અપેક્ષા ક્ષાયિકભાવ, (૩) સાદિ-સાંત, (૪) એકદેશ સુખદાયક, (૫) ગુરુ અને સ્વભાવના સાધન છે.

**(૩) પોતાની પરિણતિ પૂર્ણ** : (૧) મોક્ષ તત્ત્વ, (૨)

ક્ષાયિકભાવ, (૩) સાદિ અનંતકાળ, (૪) પૂર્ણ સુખદાયક, (૫) દેવ અને સિદ્ધત્વ છે.

**(૪) પર :** (૧) અજીવતત્ત્વ, (૨) પાંચ ભાવોમાંથી કોઈ ભાવ નહીં, (૩) અનાદિ અનંત, (૪) ન સુખદાયક, ન દુઃખદાયક (૫) દેવ-ગુરુ-ધર્મમાંથી કોઈ નહીં અને સંયોગ છે.

**(૫) પર પરિણતિ :** (૧) આસ્રવ, બંધ, પુણ્ય, પાપ તત્ત્વ, (૨) ઔદયિકભાવ, (૩) અનાદિ સાંત, (૪) દુઃખદાયક, (૫) દેવ-ગુરુ ધર્મમાંથી કોઈ નહીં અને સંયોગીભાવ છે.

**પ્રશ્ન ૨૪—'પુદ્‌ગલ તો પોતાની અને પરની પરિણતિને નહીં જાણતો પ્રવર્તે છે' આ વાક્યમાંથી કેટલા બોલ નીકળે છે?**

**ઉત્તર** —આમાંથી પણ પાંચ બોલ નીકળે છે. (૧) પુદ્‌ગલ, (૨) પોતાની પરિણતિ, (૩) પર, (૪) પર પરિણતિ એકદેશ, (૫) પર પરિણતિ પૂર્ણ.

**પ્રશ્ન ૨૫—પુદ્‌ગલ આદિ પાંચ બોલોમાં સાત તત્ત્વો લગાવીને સમજાવો.**

**ઉત્તર —(૧) પુદ્‌ગલ :** (૧) અજીવ તત્ત્વ, (૨) જીવરૂપ પાંચ ભાવમાંથી કોઈ ભાવ નહીં. (૩) અનાદિ-અનંત (૪) ન સુખદાયક ન દુઃખદાયક (૫) સંયોગ છે.

**(૨) પોતાની પરિણતિ :** (૧) આસ્રવ-બંધ તત્ત્વ એક, (૨) ઔદયિકભાવ, (૩) અનાદિ સાંત, (૪) દુઃખદાયક અને (૫) સંયોગીભાવ છે.

**(૩) પર :** (૧) જીવ તત્ત્વ, (૨) પારિણામિકભાવ, (૩) અનાદિ-અનંત, (૪) પરમ સુખદાયક, (૫) સ્વભાવ ત્રિકાળી.

**(૪) પર પરિણતિ એકદેશ :** (૧) સંવર-નિર્જરા તત્ત્વ, (૨)

ઔપશમિક ધર્મનો ક્ષાયોપશમિક અને સમ્યગ્દર્શનની અપેક્ષા ક્ષાયિકભાવ, (૩) સાદિ સાંત, (૪) એકદેશ સુખદાયક અને (૫) સ્વભાવનું સાધન છે.

**(૫) પર પરિણતિ પૂર્ણ :** (૧) મોક્ષ તત્ત્વ, (૨) ક્ષાયિકભાવ, (૩) સાદિ અનંત, (૪) પરમ સુખદાયક અને સિદ્ધત્વ છે.

**પ્રશ્ન ૨૬—શ્રી સમયસાર ૫૦મા કળશથી શું સાર ગ્રહણ કરવો જોઈએ ?**

**ઉત્તર** —(૧) કોઈ આપણી નિંદા કરે છે કે પ્રશંસા કરે છે;

(૨) કોઈ ગાળ આપે છે, કોઈ મીઠાઈ આપે છે;

(૩) કોઈ ગરદન કાપે છે, કોઈ સ્તુતિ કરે છે;

(૪) ઘરમાં ધન આવે છે અથવા ચોરી થઈ જાય છે;

(૫) શરીર ઠીક રહે છે અથવા ભયાનક બિમારી આવે છે; ઈત્યાદિ જેટલા પણ પ્રશ્ન હોય તો ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવનો સિદ્ધાંત 'જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે' આમ માને તો શાંતિ થશે.

તીર્થંકર-ગણધર આદિ એક જ વાત બતાવે છે. કારણ કે અનંતજ્ઞાનીઓનો એક મત હોય છે અને એક અજ્ઞાનીના અનંત મત હોય છે. સમસ્ત જ્ઞાનીઓનો એક મત છે કે 'સત્‌દ્રવ્યલક્ષણમ્' 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' 'અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતાની મર્યાદા લઈને પરિણમે છે, કોઈ કોઈનું પરિણમાવ્યું પરિણમતું નથી અને બીજાને પરિણમાવવાનો ભાવ નિગોદનું કારણ છે. છઢાળામાં કહ્યું છે કે 'પુદ્‌ગલ-નભ-ધર્મ-અધર્મ-કાલ, ઈનતે ન્યારી હૈ જીવચાલ' 'રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન, તિન હી કો સેવત ગિનત ચૈન' ઈત્યાદિ.

હે આત્મા! તું જીવ છે, તારે કોઈપણ પરદ્રવ્યથી કંઈપણ સંબંધ નથી, પુણ્યભાવથી જો તું પોતાનું ભલું માને છે, તે ઝેર છે– આ બધાથી મોટું મિથ્યાત્વ છે, માટે પુણ્યભાવથી પણ દૃષ્ટિ ઉઠાવ અને પોતાના જ્ઞાતા-દૃષ્ટિ સ્વભાવને જાણ.

**પ્રશ્ન ૨૭—આપણા જીવનમાં કોઈ અનુકૂળ વા પ્રતિકૂળ સંયોગો આવે તો શું કરવું?**

**ઉત્તર** —(૧) ખરેખર કોઈ સંયોગ અનુકૂળ કે પ્રતિકૂળ છે જ નહીં, પોતાની મિથ્યા માન્યતા જ પ્રતિકૂળ છે.

(૨) તમારા જીવનમાં કેવો પણ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવે તે સમયે તમે, અરિહંત અને સિદ્ધ જે કાર્ય કરે છે, તે કાર્ય કરો અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટા બનો તો જ જીવનમાં શાંતિ આવશે. આ જ વાત ૫૦માં કળશમાં છે.

**પ્રશ્ન ૨૮—જ્ઞાનીના કેટલા અર્થ છે અને તેનો શાસ્ત્ર આધાર શું છે?**

**ઉત્તર** —ત્રણ અર્થ છે. જ્યાં જેમ છે તેમ જાણવું. જો કે બીજા નંબરની વાત વિશેષરૂપથી શાસ્ત્રમાં આવે છે.

(૧) 'જેનામાં જ્ઞાન છે તે જ્ઞાની' આ અપેક્ષાથી નિગોદથી લઈને સિદ્ધ સુધી બધા જીવ જ્ઞાની છે.

(૨) 'સમ્યગ્જ્ઞાની, તે જ્ઞાની. અને મિથ્યાજ્ઞાની, તે અજ્ઞાની' આ અપેક્ષાથી ત્રીજા ગુણસ્થાન સુધી અજ્ઞાની અને ચોથાગુણસ્થાનથી લઈને બધા જ્ઞાની છે.

(૩) 'સંપૂર્ણ જ્ઞાની, તે જ્ઞાની અને અપૂર્ણ જ્ઞાનવાળા, તે અજ્ઞાની' આ અપેક્ષાથી ચારજ્ઞાનધારી ગણધર પણ અજ્ઞાની છે; માત્ર અરિહંત-સિદ્ધ જ્ઞાની છે. આ ભેદ બધા શાસ્ત્રોમાં આવે છે. મુખ્યરૂપથી શ્રી સમયસાર ગાથા ૧૭૭-૧૭૮ના ભાવાર્થમાં તથા

ગાથા ૩૨૦ના ભાવાર્થમાં જ્ઞાનીના આ ત્રણ પ્રકારોનું વર્ણન છે.

**પ્રશ્ન ૨૯—શ્રી સમયસાર ૫૦મા કળશમાં બે બોલ શું બતાવે છે?**

**ઉત્તર** —(૧) જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિ જાણતા પ્રવર્તે છે.

(૨) પુદ્‌ગલ પોતાની અને પરની પરિણતિ નહીં જાણતું પ્રવર્તે છે.

**પ્રશ્ન ૩૦—આ બે બોલોમાં શું વાત આવી જાય છે?**

**ઉત્તર** —ભેદવિજ્ઞાનની સંપૂર્ણ વાત આ બે બોલમાં આવી જાય છે.

# ૧૧ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિનો ઉપાય

**પ્રશ્ન ૧—શ્રી સમયસાર ગાથા ૩૮મા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિનો શું ઉપાય બતાવ્યો છે?**

**ઉત્તર —**

હું એક શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે! ૩૮

અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે હું એક છું, શુદ્ધ છું, દર્શનજ્ઞાનમય છું, સદા અરૂપી છું; કાંઈપણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી એ નિશ્ચય છે.

**પ્રશ્ન ૨ —આ ગાથાનું તાત્પર્ય શું છે?**

**ઉત્તર** —(૧) નિગોદથી લઈને દ્રવ્યલિંગી મુનિ સુધી અનાદિકાળથી એકેક સમય કરીને પોતાની ભ્રમબુદ્ધિને કારણે ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઈન્દ્રિયો, મન, વચન, કાયા, ચારગતિઓમાં, આઠ દ્રવ્યકર્મોમાં, નોકર્મમાં (પરવસ્તુઓમાં), ધર્મ, અધર્મ, આકાશ, લોકપ્રમાણ અસંખ્યાત કાલાણુ આદિ દ્રવ્યોમાં તથા પોતાના આત્માને છોડીને અન્ય આત્માઓમાં પોતાપણાની ખોટીબુદ્ધિથી પાગલ થઈ રહ્યો છે. આ હું જ છું, હું તેનો કર્તા છું, આ મારું કાર્ય છે, હું છું તે તેઓ છે અને તેઓ છે તે હું છું વગેરે ભૂત-ભવિષ્ય-વર્તમાન વિકલ્પોમાં પાગલ થવાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો.

(૨) ત્યારે જ્ઞાની (ધર્મી)એ કહ્યું કે હે ભવ્ય! નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મથી તારે કોઈ જ સંબંધ નથી. તું વ્યર્થમાં પાગલ બની રહ્યો છે. તું તો એક શુદ્ધ દર્શનજ્ઞાનમયી સદા અરૂપી ભગવાન આત્મા

છો. આ સાંભળીને પોતાના સ્વભાવની તરફ દૃષ્ટિ કરી તો તેને એવો અનુભવ થયો 'હું ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા છું—આ મારા સ્વસંવેદનથી જ પ્રત્યક્ષ જણાય છે. હું એક છું શુદ્ધ છું, દર્શનજ્ઞાનમયી છું, સદા અરૂપી છું, આ સ્વસંવેદન અનુભવી જ્ઞાની જ જાણે છે, અજ્ઞાનીઓને તેની ખબર નથી. જો જીવ આવો અનુભવ કરે છે તે જીવે પ્રસન્નચિત્તથી ભગવાન આત્માની વાત સાંભળી છે અને તે નિયમથી મોક્ષને પ્રાપ્ત કરે છે. આની મહિમા જ્ઞાની જ જાણે છે અજ્ઞાની નથી જાણતો. આ ૩૮મી ગાથાનું તાત્પર્ય છે.

**પ્રશ્ન ૩—શું કરીએ તો અનાદિકાળનું પાગલપણું સમાપ્ત થાય?**

**ઉત્તર** —(૧) મારા આત્માને છોડીને બાકી અનંત આત્માઓ છે, અનંતાનંત પુદ્‌ગલ છે, ધર્મ, અધર્મ, આકાશ એક-એક છે અને લોક પ્રમાણ અસંખ્યાત કાલાણુ છે. એમની સાથે મારે કોઈપણ પ્રકારનો સંબંધ ન હતો, ન છે અને ન હશે.

(૨) પર્યાયમાં જે શુભાશુભ વિકારીભાવો છે તે એક સમયના છે. શુભાશુભભાવોમાં એકત્વબુદ્ધિ તે સંસાર છે. તે એક સમયનો જ છે. હું સ્વયં અનાદિ-અનંત છું—આમ જાણે તો પાગલપણું મટી જાય છે અને તરત ધર્મ પ્રાપ્તિ થાય છે. પછી જેમ જેમ પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરે છે તેમ તેમ પરિપૂર્ણતાની પ્રાપ્તિ કરી સ્વયં જ્ઞાનઘનરૂપ અમૃતનો પિંડ બની જાય છે.

**પ્રશ્ન ૪—શ્રી સમયસારની ૭૩મી ગાથામાં ધર્મની પ્રાપ્તિનો ઉપાય શું બતાવ્યો છે?**

**ઉત્તર** —

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

ભાવાર્થ – (૧) 'હું એક છું, શુદ્ધ છું મમતારહિત છું, જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું, એવા અભેદ સ્વભાવની તરફ દૃષ્ટિ કરે તો તરત સંસારનો અભાવ અને ધર્મી પ્રાપ્તિ થાય છે.' આ જ એકમાત્ર ઉપાય ક્રોધાદિના ક્ષયનો છે, બીજો ઉપાય નથી.

(૨) શ્રી સમયસાર, કર્તા-કર્મ અધિકારની ૬૯-૭૦ ગાથામાં કહ્યું છેકે અભેદ અનંતગુણોનો આત્મા સાથે તાદાત્મ્યસિદ્ધસંબંધ છે, તેની તરફ દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય છે. દયા-દાન-પૂજા-યાત્રા-મહાવ્રત-અણુવ્રતાદિનો સંયોગસિદ્ધ સંબંધ છે. તેનો પોતાનો માને તો પર્યાયમાં મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રની દૃઢતા થાય છે.

(૩) શુભભાવ, જે સંસારનું કારણ છે, તેને અજ્ઞાની, દિગંબર ધર્મ ધારણ કરવા છતાં પણ મોક્ષનું કારણ માને છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે ગાથા ૭૨-૭૪માં શુભભાવોને અપવિત્ર, ઘૃણાસ્પદ, મળ-મેલસ્મ, જડસ્વભાવી, અનિત્ય, અશરણ, અધ્રુવ, વર્તમાનમાં દુઃખદાયી અને ભવિષ્યમાં પણ દુઃખદાયક કહ્યા છે—એમ જાણે-માને અને હું 'એક શુદ્ધ-મમત્વહીન-જ્ઞાનદર્શનપૂર્ણ છું'—એવા સ્વભાવનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ થાય છે. આ ધર્મની પ્રાપ્તિનો ઉપાય ગાથા ૭૩માં બતાવ્યો છે.

**પ્રશ્ન ૫– શ્રી પ્રવચનસાર, ગાથા ૧૯૨માં ધર્મની પ્રાપ્તિનો શું ઉપાય બતાવ્યો છે ?**

**ઉત્તર – ૧**

એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,<br>
માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ ધ્રુવ છે. ૧૯૨.

ભાવાર્થ (૧-૨) જ્ઞાન-દર્શનથી તન્મયી, પરપદાર્થોથી અતન્મયી છું. (૩) અતીન્દ્રિય મહાપદાર્થ, ઈન્દ્રિયાત્મક બધા પરપદાર્થ છે. (૪) અચલ=ચલાયમાન સર્વજ્ઞેયો, પર્યાયોથી ભિન્ન

છું, કારણ કે તે ચલરૂપ છે. (૫) નિરાલંબ=જ્ઞેયરૂપ બધા પરદ્રવ્યોથી ભિન્ન છું.

**પ્રશ્ન ૬—શ્રી પ્રવચનસાર ગાથા ૧૯૨નું રહસ્ય શું છે?**

**ઉત્તર** —આચાર્ય ભગવંત કહે છે કે હું આત્માને (૧) દર્શનસ્વરૂપ, (૨) જ્ઞાનસ્વરૂપ, (૩) અતીન્દ્રિય મહાપદાર્થ, (૪) અચલ (૫) નિરાલંબ માનું છું, જાણું છું. માટે આત્મા એક છે, એક છે તો શુદ્ધ છે, શુદ્ધ છે તો ધ્રુવ છે, ધ્રુવ છે તો એકમાત્ર જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. લક્ષ્મી, શરીર, સંયોગોમાં સુખ-દુઃખની કલ્પના, શત્રુ-મિત્રપણું આ મૂર્ખતા છે. અજ્ઞાની લક્ષ્મી વિગેરેની પ્રાપ્તિમાં રચ્યો-પચ્યો રહે છે, તે અનંત સંસારનું કારણ છે. તું પોતાને ભૂલીને પાગલ થઈ રહ્યો છે. એકવાર પોતાના ભગવાન આત્માને જો! તને તરત જ શાંતિની પ્રાપ્તિ થશે. માટે હે ભવ્ય! એકવાર જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા માનીને, પોતાના સ્વભાવનો આશ્રય લે તો જે ભગવાને જાણ્યું છે, તેવું જ તું જાણીશ અને એવો અપૂર્વ આનંદ પ્રગટ થશે જેનું વર્ણન થઈ ન શકે.

**પ્રશ્ન ૭—આત્મા ત્રિકાળ શુદ્ધ છે એમ તો અમે જાણીએ છીએ છતાં અમને શાંતિ કેમ નથી?**

**ઉત્તર** —બિલકુલ નથી જાણતો. કારણ કે પોતાના આત્માના અનુભવ વિના આત્મા ત્રિકાળ શુદ્ધ છે—આ જાણવું પોપટ જેવું છે. જુઓ, શ્રી સમયસારની છઠ્ઠી ગાથામાં ભગવાન અમૃતચંદ્રદેવે 'તે સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા શુદ્ધ કહેવાય છે' એમ બતાવ્યું છે.

વાસ્તવમાં અનુભવ થયા પછી જ, હું સંસારમાં એકલો હતો અને મોક્ષમાં પણ એકલો છું એમ પતો લાગી જાય છે; માટે પાત્ર જીવોએ જ્ઞાનીગુરુઓના સત્સંગમાં રહીને, સત્યવાતનો નિર્ણય

કરીને, પોતાનો આશ્રય લઈ ધર્મની પ્રાપ્તિ કરવી જોઈએ.

**પ્રશ્ન ૮—જ્ઞાનીના ઉપદેશથી સાવધાન થયો એવું આપે કહ્યું તો શું દ્રવ્યલિંગી મુનિના ઉપદેશથી ધર્મની પ્રાપ્તિ નથી થતી?**

**ઉત્તર** —વાસ્તવમાં ધર્મની પ્રાપ્તિ, માત્ર આત્માના આશ્રયથી જ થાય છે; ધર્મી-અધર્મીના આશ્રયથી ક્યારેય પણ નહીં. પરંતુ જેમ કોઈને હીરા ઝવેરાતનું કામ શીખવું છે તો તે ઝવેરી પાસે શીખે છે અને કામ શીખ્યા પછી તેની કૃપાથી શીખ્યો—એમ ઉપચારથી કહે છે. એ જ પ્રમાણે જેણે ધર્મી પ્રાપ્તિ કરવી છે, તેણે તે ધર્મની પ્રાપ્તિ થઈ હોય તેની પાસેથી શીખવું જોઈએ. જ્યારે પોતાને અનુભવ થઈ જાય છે, ત્યારે ઉપચારથી આનાથી થયો, એમ બોલવામાં આવે છે. દ્રવ્યલિંગી સાધુ ક્યારેય પણ ધર્મમાં નિમિત્ત નથી થઈ શકતા. શ્રી પ્રવચનસાર ગાથા ૨૭૧મા દ્રવ્યલિંગી મુનિને સંસારતત્ત્વ કહ્યું છે અને તે ધર્મપ્રાપ્તિમાં નિમિત્ત બને તેવું કદી પણ બનતું નથી. ધર્મની પ્રાપ્તિમાં નિમિત્ત, જ્ઞાનીગુરુ જ હોય છે. અજ્ઞાની નથી હોતા. એમ નિમયસાર ગાથા ૫૩માં પણ કહ્યું છે.

**પ્રશ્ન ૯—જ્યારે ધર્મની પ્રાપ્તિ આત્માના આશ્રયથી જ થાય છે, ત્યારે ધર્મી ગુરુ, નિમિત્ત થાય છે એમ શા માટે કહ્યું છે?**

**ઉત્તર** —વાસ્તવમાં કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતાથી જ થયું છે. પરંતુ તે સમયે કોણ નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે. કારણ કે જ્યા ઉપાદાન હોય છે, ત્યાં નિમિત્ત અવશ્ય જ હોય છે. આવો વસ્તુસ્વભાવ છે. જેટલા પણ નિમિત્ત છે તે બધા ધર્મદ્રવ્યની સમાન ઉદાસીન જ છે.

**પ્રશ્ન ૧૦—જ્યારે ઉપાદાનમાં કાર્ય થાય છે, ત્યારે નિમિત્ત હોય જ છે આમ ક્યાં લખ્યું છે?**

**ઉત્તર** —(૧) શ્રી પ્રવચનસાર ગાથા ૯૫મા બતાવ્યું છે કે 'જે

યોગ્ય બહિરંગ સાધનોની હાજરીના સદ્ભાવમાં અનેક અવસ્થાઓ કરે છે'—અહીંયા તાત્પર્ય એ છે કે જ્યાં કાર્ય થાય, ત્યાં ઉચિત નિમિત્ત હોય જ છે. ન હોય એવું બનતું નથી.

(૨) ઉપાદાન નિજ ગુણ જહાં, નિમિત્ત પર હોય,
ભેદજ્ઞાન પ્રમાણ વિધિ, વિરલા બૂઝે કોય.

(પં. બનારસીદાસ કૃત દોહા)

(૩) જ્યાં સાચા કારણરૂપ પુરુષાર્થ કરે, ત્યાં અન્ય નિમિત્ત-કારણ હોય જ છે. આવો વસ્તુસ્વભાવ છે.

**પ્રશ્ન ૧૧—શ્રી સમયસાર ગાથા-૨ માં જીવની સિદ્ધિ કેટલા બોલોથી કરી છે?**

**ઉત્તર** —જીવ કેવો છે?—તેની સિદ્ધિ સાત બોલોથી કરી છે.

(૧) જીવ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્ છે.

(૨) જીવ, ચૈતન્ય સ્વરૂપ છે.

(૩) જીવ, પોતાના અનંત ધર્મોમાં રહે છે.

(૪) જીવ, ગુણ પર્યાયવાન છે.

(૫) જીવ, સ્વ-પરપ્રકાશક છે.

(૬) જીવ, અન્ય દ્રવ્યોથી ભિન્ન અસાધારણ ચેતનાગુણરૂપ છે.

(૭) જીવ, સદા પોતાના સ્વરૂપમાં ટંકોત્કીર્ણ રહે છે. આવા વિશેષોવાળો જે જીવ પદાર્થ છે તેને જ સમય કહે છે.

**પ્રશ્ન ૧૨—શ્રીસમયસારની બીજી ગાથામાં સ્વસમય કોને કહે છે?**

**ઉત્તર** —જ્યારે જીવ પોતાનું સ્વરૂપ ઓળખીને, સ્વ-પરનું ભેદજ્ઞાન કરે છે, ત્યારે જીવ પરથી ભિન્ન પોતાના દર્શન-જ્ઞાન

સ્વભાવમાં નિશ્ચળ પરિણતિરૂપ થયો થકો, પોતામાં સ્થિત થાય છે, તેને સ્વસમય કહે છે.

**પ્રશ્ન ૧૩– શ્રી પ્રવચનસાર ગાથા ૧૧મા શું બતાવ્યું છે?**

**ઉત્તર** –કષાય રહિત શુદ્ધોપયોગ, ધર્મ છે. જે જીવ રાગરહિત પૂર્ણ શુદ્ધોપયોગરૂપ પરિણમે, તે જીવ મોક્ષસુખને પ્રાપ્ત કરે છે અને ધર્મ પરિણતિવાળો તે જ જીવ જો શુભરાગ સહિત હોય તો સ્વર્ગસુખને પ્રાપ્ત કરે છે; મોક્ષને પ્રાપ્ત નથી કરતો. માટે શુભરાગ હેય છે અને શુદ્ધોપયોગ જ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે.

# ૧૨ ધર્મ પ્રાપ્તિને માટે જીવની પાત્રતા

**પ્રશ્ન ૧—ભગવાનની વાણી સાંભળવાની પાત્રતા ક્યારે કહી શકાય છે ?**

**ઉત્તર** —(૧) વૃત્તિને અખંડ કરીને, (૨) પૂજાદિની ચાહના નહીં કરીને, (૩) જેને સંસારનું દુઃખ લાગ્યું હોય, (૪) જિનવચનની પરીક્ષા કરીને તેમાં લાગેલો રહે છે, તે ભગવાનની વાણી સાંભળવાને પાત્ર છે અને તેને આ ભવમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જશે.

**(૧) 'કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ મારગ સાંભળો જિનનો રે'**

પોતાના આત્માની સન્મુખ અખંડ વૃત્તિ કર્યા વિના, વીતરાગી મૂળ માર્ગ સાંભળવાને યોગ્ય નથી થઈ શકતો.

(અ) જેમ એક માણસે બદામમાંથી તેલ કાઢવાનું શરૂ કર્યું. જ્યારે તેલ નીકળવાનો સમય આવ્યો તો જરા ચા પીને આવું પછી આવીને તેલ કાઢીશ. ફરી તેલ નીકળવાનો સમય આવ્યો તો જરા ફલાણું કામ કરી લઉં....આ પ્રમાણે તેને ક્યારેય પણ તેલની પ્રાપ્તિ નહીં થઈ શકે, તે પ્રમાણે શાસ્ત્ર સાંભળતા અન્ય સાંસારિક કામકાજ સંબંધી વિચાર આવે તો ભગવાનની વાણી સાંભળવાને લાયક નથી.

(આ) એકવાર શ્રીમદ્ રાજચંદ્રજીનું પ્રવચન ઘણા માણસ સાંભળી રહ્યા હતા. ત્યાં એક માણસ બીડી પીને આવ્યો, બીડી પીવાથી ગંધ તો આવે છે. તેના બેસતા જ બીજા બીડી પીવાવાળાને બીડી પીવાની તલપ લાગી. તે ઊઠીને તરત બહાર ગયો અને બીડી

પીને પાછો આવીને બેસી ગયો. તે સમયે એક પૈસાની ત્રણ બીડી મળતી હતી. એટલે એક બીડીનું મૂલ્ય એક પાઈ થયું. ત્યારે શ્રીમદ્‌જીએ કહ્યું કે અરે ભાઈ! જો આત્માની કિંમત એક પાઈથી પણ ઓછી માને છે તે ભગવાનની વાણી સાંભળવાને લાયક જ નથી. માટે પ્રથમ નંબરની લાયકાત 'વૃત્તિને અખંડ સન્મુખ કરીને વીતરાગનો મૂળ મારગ સાંભળવો જોઈએ.'

**(૨) નોય પૂજાદિની જો કામના રે,**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

જે જીવ એમ માનીને શાસ્ત્ર સાંભળે છે કે મારી પૂજા તથા પ્રતિષ્ઠા થાઓ, પુણ્યનો બંધ થાઓ અથવા સાંસારિક વાસનાપૂર્તિની ઈચ્છા કરે છે તે વીતરાગી મૂળ માર્ગ સાંભળવાને પણ લાયક નથી. વક્તા કહે આવો શેઠજી! તો તે પોતાની પ્રશંસા સાંભળશે પરંતુ વીતરાગતાની વાત નહીં સાંભળી શકે. વીતરાગતાની રુચિવાળો જૂતા રાખવાની જગ્યામાં પણ બેસીને વીતરાગવાણી સાંભળવામાં પાછો નથી પડતો. જે માન-કીર્તિના ચક્કરમાં છે તે ભગવાનની વાણી સાંભળવાને લાયક નથી.

**(૩) નોય વહાલું અન્તરભવ દુઃખ,**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

(આત્માર્થીને) અંતરમાં કોઈપણ ભવ દુઃખદાયી લાગે અર્થાત્ સુખદાયી ન લાગે, પરંતુ જે જીવને મનુષ્યભવ, દેવભવ સારો લાગે છે તે વીતરાગની વાણી સાંભળવાને લાયક નથી.

**પ્રશ્ન ૨—ચારે ગતિના વિષયમાં શ્રી મોક્ષપાહુડ ગાથા ૧૬માં શું કહ્યું છે?**

**ઉત્તર** —ચારે ગતિના ભાવ દુર્ગતિ છે. 'पर दव्वादो दुग्गइ, सदव्वादो हु सुगई' અર્થાત્ સ્વદ્રવ્યમાં પરિણતિ તે સુગતિ છે.

પરદ્રવ્યમાં પરિણતિ તે દુર્ગતિ છે. જે ભાવથી તીર્થંકર નામકર્મનો બંધ થાય છે, તે ભાવ પણ દુર્ગતિ છે અને જે ભાવથી શુદ્ધોપયોગરૂપ પરિણમન થાય છે તે સુગતિ છે. માટે જેને સંસાર દુઃખમયી લાગે છે, તે જ ભગવાનની વાણી સાંભળવાને લાયક છે.

**(૪) કરી જો જો વચનની તુલના રે, જો જો શોધીને જિન સિદ્ધાંત,**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

આ જીવ સંસારમાં ખૂબ ચતુરાઈથી કામ લે છે. જેમકે બધા વેપારી પોતાના માલને સારો જ બતાવે છે, પરંતુ ખરીદનાર પરીક્ષા કર્યા વગર માલને ખરીદતો નથી. અરે ભાઈ! જ્યાં આત્માનું સર્વસ્વ અર્પણ કરી દેવાનું છે ત્યાં જે ઉપદેશ મળે છે તે મારા કલ્યાણને માટે છે કે નહીં તેની પરીક્ષા નથી કરતો તે વીતરાગી મૂળ માર્ગને સાંભળવાને લાયક નથી. માટે જે ઉપદેશ મળે છે તેની જૈન સિદ્ધાંત સાથે તુલના કરે અને જો તે વિરુદ્ધ હોય તો જિનવચન નથી—એમ જાણીને પાત્ર જીવોએ સત્ય જિનમાર્ગનો જ લાભ લેવો જોઈએ.

**પ્રશ્ન ૩—જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ નથી થઈ, ત્યાં સુધી શું કરવું કે જેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય?**

**ઉત્તર** —(૧) જ્યાં સુધી સાચું તત્ત્વશ્રદ્ધાન ન થાય,

(૨) આ આમ જ છે—એવી પ્રતીતિ સહિત જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ પોતાને ભાસે નહીં,

(૩) જેવી રીતે દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મમાં એકત્વબુદ્ધિ છે તેવી જ કેવળ આત્મામાં અહંબુદ્ધિ ન આવે,

(૪) હિત-અહિતરૂપ પોતાના ભાવોને ન ઓળખે ત્યાં સુધી સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદૃષ્ટિ છે, આ જીવ થોડા જ કાળમાં સમકિતને પ્રાપ્ત કરશે.....કારણ કે તત્ત્વવિચાર રહિત દેવ આદિની પ્રતીતિ કરે, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિ પાળે, તપશ્ચરણ

આદિ કરે, તેને સમ્યક્ત્વ પ્રાપ્તિનો અધિકાર નથી અને તત્ત્વ-વિચારવાળાને આ બધા સિવાય પણ સમ્યક્ત્વનો અધિકારી છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૨૬૦)

**પ્રશ્ન ૪—સુખ પામવા માટે પાંચ બાબતોનો વિચાર શું છે?**

**ઉત્તર** —શ્રીમદ્ રાજચંદ્રજીએ પાંચ બાબતો બતાવી છે.

(૧) અલ્પાયુ, (૨) અનિયતપ્રવૃત્તિ (૩) અસીમ બળવાન અસત્સંગ, (૪) પૂર્વનું ઘણું કરીને અનારાધકત્વ, (૫) બળવીર્યની હીનતા.

**પ્રશ્ન ૫—અલ્પઆયુથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —હે આત્મન્! શરીરનો સંબંધ, અલ્પસમયનો જોવામાં આવે છે. સરેરાશ આયુષ્ય ૬૫ વર્ષનું છે પરંતુ તને પેઢીઓની ચિંતા છે. શું આ તારા માટે ઠીક છે? બધાની ચિંતા કરે છે પરંતુ શું આ બધું તારી સાથે આવશે? વિચાર તો કર.

**પ્રશ્ન ૬—અનિયતપ્રવૃત્તિથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —હે આત્મન્! વિચાર, સાડાત્રણ હાથ તને જમીન જોઈએ. પરંતુ મોટા મોટા મહેલોની ચિંતા છે. અડધો શેર અનાજની જરૂરત છે પરંતુ ચિંતા લાખોની છે અને તેના માટે તું રાત-દિવસ પ્રવૃત્તિ કરે છે શું આ યોગ્ય છે? વિચાર તો કર!

**પ્રશ્ન ૭—અસીમ બળવાન અસત્સંગથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —હે જીવ! વિચાર. જ્યાં જુઓ ત્યાં કામ-ભોગ-બંધનની કથા સાંભળવા મળે છે. આગળ વધીને પુણ્ય કરો, દાન કરો, ઉપવાસ કરો, પ્રતિમા લો તો ભલું થઈ જશે. આ બધી વાતો સાંભળવા મળે છે. અધ્યાત્મની વાત તો સાંભળવા મળતી નથી. હે આત્મા! અનાદિ અનંત કોઈની પણ સાથે તારો કાંઈપણ સંબંધ

નથી. પ્રત્યેક વસ્તુ કાયમ રહીને પરિણમન કરે છે તેવો સ્વભાવ છે. તારું કલ્યાણ પણ તારાથી અને અમંગળ પણ તારાથી જ છે. આવી વાત સાંભળવા મળતી જ નથી, માટે અસીમ બળવાન અસત્સંગ કહ્યો છે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ જે સત્ છે, તેનો સંગ છોડીને માત્ર ક્ષણિકભાવોનો તું સંગ કરે છે, તેનાથી તારું હિત નહીં થાય. વિચાર કરી લે.

**પ્રશ્ન ૮—પૂર્વનું ઘણું કરીને વિરાધકપણું શું છે?**

**ઉત્તર** —હે આત્મા! તેં અનાદિકાળથી પોતાના આત્માની વિરાધના કરી છે. તું આ ભવે વિરાધકપણું મટાડી, આરાધકપણું પ્રગટ કરી શકે છે. કારણ કે પંચમકાળમાં જે જીવ ઉત્પન્ન થાય છે તે બધા મિથ્યાદૃષ્ટિ હોય છે. પરંતુ તેઓ વર્તમાનમાં પુરુષાર્થ કરીને મિથ્યાદર્શનનો નાશ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે. માટે હે ભવ્ય! તું પોતાના આત્માની આરાધના કર અને અનાદિકાળનું વિરાધકપણું મટાડી તો તને સુખની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન ૯—બળવીર્યની હીનતાથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —આ જીવ પોતાની મૂર્ખતાવશ પોતાના વીર્યને સંસારના કાર્યોમાં જોડે છે, જ્યારે કે તેમાં તારું વીર્ય જોડવું વ્યર્થ છે. વાસ્તવમાં જે જીવ પોતાનું વીર્ય આત્મકાર્યમાં નથી જોડતો, તે નપુંસક છે. જેને પુણ્યની તથા પુણ્યફળની ભાવના છે, તે નપુંસક છે સ્વરૂપની રચના કરે તે વીર્ય છે.

**પ્રશ્ન ૧૦—હવે શું કરીએ તો કલ્યાણનો અવકાશ મળે?**

**ઉત્તર** —(૧) આ અવસર ચૂકવા જેવો નથી. હવે બધા પ્રકારથી અવસર આવ્યો છે. આવો અવસર પ્રાપ્ત કરવો દુર્લભ છે. જ્ઞાની ગુરુ કૃપાળુ થઈને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે, તેમાં ભવ્યજીવોએ પ્રવૃત્તિ કરવી જોઈએ.

(૨) જો આ અવસરમાં પણ તત્ત્વનિર્ણયનો પુરુષાર્થ ન કરે, પ્રમાદથી કાળ ગુમાવે, મંદરાગાદિ સહિત વિષયકષાયના કાર્યોમાં જ પ્રવર્તે તો અવસર ચાલ્યો જશે અને સંસારમાં ભ્રમણ કરશે.

(૩) આ જીવને, સાચા દેવ-ગુરુ અને શાસ્ત્રનું પણ નિમિત્ત મળી આવે તો પણ તેના નિશ્ચય ઉપદેશનું શ્રદ્ધાન નથી કરતો, પરંતુ વ્યવહાર શ્રદ્ધાથી અતત્ત્વશ્રદ્ધાની જ બની રહે છે. યાદ રાખો જો તમે પુરુષાર્થ કરશો તો સ્વરૂપની પ્રાપ્તિ કરી શકશો અને જો સમય વ્યર્થ ગુમાવશો તો અવસર ચાલ્યો જશે.

**પ્રશ્ન ૧૧—જીવને ધર્મની પ્રાપ્તિનું પાત્ર ક્યારે કહી શકાય છે?**

**ઉત્તર** —(૧) જગતમાં જે જે વાતો અને વસ્તુઓ મહિમાવંત ગણવામાં આવે છે એવા શોભાયમાન ઘર આદિ આરંભ, અર્થાત્ કષાયોની પ્રવૃત્તિમાં ચતુર,

(૨) અલંકારાદિ પરિગ્રહ અર્થાત્ કષાયની સાથે એકત્વબુદ્ધિ.

(૩) લોકદૃષ્ટિની ચતુરાઈ,

(૪) લોકમાન્ય ધર્મની શ્રદ્ધા અર્થાત્ લોકો જેને ધર્મ કહે તેની શ્રદ્ધા.

જ્યાં સુધી જીવ આ ચારેયને છલોછલ ભરેલો ઝેરનો પ્યાલો ન માને ત્યાં સુધી આત્માનું કિંચિત્માત્ર પણ કલ્યાણ થઈ શકતું નથી. અર્થાત્ જીવને ધર્મ પ્રાપ્તિનું પાત્ર પણ નથી કહી શકાતું.

**પ્રશ્ન ૧૨—'શોભાયમાન ગૃહ આદિ આરંભને સ્પષ્ટ કરો.'**

**ઉત્તર** —શોભાયમાન ગૃહ આદિ આરંભ અર્થાત્ કષાયોની પ્રવૃત્તિનો આરંભ કહે છે. અર્થાત્ કાંઈ કરવું, કરાવવું વિગેરે પ્રવૃત્તિનું નામ આરંભ છે. મોટા મોટા કારખાના ચલાવવા, મોટી-મોટી દુકાન ચલાવવી તે તો અલ્પ આરંભ છે. 'કરું-કરું આ

કષાયની પ્રવૃત્તિ, બધાથી મહાન આરંભ છે. જેમ કોઈ હળાહળ ઝેર પી લે, તો તે બચી શકતો નથી. તે જ પ્રમાણે જે અનાદિકાળથી શુભભાવોની પ્રવૃત્તિને સારી માને છે, તેનું કદી કલ્યાણ નથી થઈ શકતું. કારણ કે આ મિથ્યાત્વ છે જે સાત વ્યસનોથી પણ મહા ભયંકર પાપ છે. માટે જ્યાં સુધી શુભભાવ સારા, અશુભભાવ ખરાબ આ માન્યતા રહે છે ત્યાં સુધી જીવ ધર્મપ્રાપ્તિ કરવાનું પાત્ર કહી શકાતું નથી.

**પ્રશ્ન ૧૩—'અલંકારાદિ પરિગ્રહને સ્પષ્ટ કરો.'**

**ઉત્તર** —અલંકારાદિ પરિગ્રહ અર્થાત્ કષાયોની સાથે એકત્વબુદ્ધિ. લોકમાં કપડા, ધન, ઘરેણા, મોટરગાડી વિગેરેને પરિગ્રહ કહેવાય છે. પરંતુ ખરેખર તો 'ઈચ્છા જ પરિગ્રહ છે' સમસ્ત પ્રકારથી ગ્રહણ કરવામાં આવે એવા દયા-પૂજાના ભાવ હિતકારી કે મદદગાર છે—આ કષાયો સાથેની એકત્વબુદ્ધિ છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિ દયા, દાન, પૂજા, શાસ્ત્ર વાંચવાના ભાવને હિતકારી માને છે. જ્યાં સુધી તેને પ્રત્યક્ષ ઝેરનો પ્યાલો ન જાણે ત્યાં સુધી આત્મકલ્યાણ નથી થઈ શકતું. કારણ કે શુભભાવ પણ આસ્રવ—બંધરૂપ, દુ:ખરૂપ, અપવિત્ર, જડસ્વભાવી છે. જે શુભભાવને સારો માને છે, તેનો સંસાર વધે છે અને તે દુ:ખ ભોગવે છે. આવો જીવ ધર્મને પાત્ર નથી કહેવાતો.

**પ્રશ્ન ૧૪—'લોકદષ્ટિનું વિચક્ષણપણું' તેને સ્પષ્ટ કરો.**

**ઉત્તર** —લોકદષ્ટિનું વિચક્ષણપણું અર્થાત્ લૌકિક ચતુરાઈ. આત્મદષ્ટિમાં નહીં, જ્ઞાનદષ્ટિમાં નહીં પરંતુ લોકદષ્ટિમાં જે ચતુર છે, તે ચતુરપણાને જો પ્રત્યક્ષ હળાહળ ઝેરનો પ્યાલો ન માને ત્યા ંસુધી તે ધર્મ પ્રાપ્ત કરવાને પાત્ર કહેવાતો નથી

(અ) જેમ એક માણસ ૫૦ રૂપિયા લઈને આફ્રિકા ગયો. દસ

વર્ષ બાદ ૫૦ લાખ રૂપિયા કમાઈને ઘરે આવ્યો, તેને સંસાર ચતુર કહેવાય છે. પરંતુ જ્યાં સુધી સંસારની ચતુરાઈને હળાહળ ઝેરનો પ્યાલો ન જાણે ત્યાં સુધી ધર્મ પામવાને પાત્ર નથી.

(આ) જેમ કોઈ ચોર ચોરી કરવાને જઈ રહ્યો હતો. રસ્તામાં કોઈ સુથાર મળ્યો. તેણે કહ્યું મને પણ તમારી સાથે લઈ લ્યો. જ્યારે ચોરી કરવા ગયા ત્યારે સુથારે વિચાર્યું કે હું એવું કામ કરું કે જેથી અહીંનો માલિક મને યાદ રાખે. તેણે કરવતથી દરવાજાના મિજાગરા કાપવા શરૂ કર્યા. પછી અંદર જવા માટે પોતાના પગ અંદર રાખ્યા તો અંદરથી માલિકે તેના પગ ખેંચ્યા અને બહારથી ચોરે તેના પગ ખેંચ્યા. વિચારો, જેમ સુથારને સંસારની ચતુરાઈ દુઃખ આપી ગઈ એ જ પ્રમાણે શુભભાવની સાથે એકત્વની ચતુરાઈ અનંત સંસારનું કારણ છે. હું જાણું છું, સમજું છું—આ શાસ્ત્ર અભિનિવેષ આત્મકલ્યાણ માટે મહાવિઘ્ન કરે છે.

**પ્રશ્ન ૧૫—ગુરુની વાણી સાંભળીને કહે, આ તો હું જાણું છું, તે શું છે?**

**ઉત્તર** —ગણધરદેવ ચારજ્ઞાનના ધારી, જો એક અંતર્મુહૂર્તમાં ૧૨ અંગ તથા ૧૪ પૂર્વની રચના કરે છે તેઓ પણ કેવળીના જ્ઞાનની સામે પોતાના જ્ઞાનને કાંઈપણ ગણતા નથી. ભગવાનની વાણી ૨૪ કલાકમાં ચાર વાર ખરે છે. એકવાર છ ઘડી સુધી દિવ્યદેશના ભવ્ય પ્રાણીઓ માટે નિમિત્ત થાય છે. આ પ્રમાણે ૨૪ કલાકમાં સાડા નવ કલાકથી વધારે સમય સુધી વાણી ખરે છે. તેમાં ગણધરની હાજરી અવશ્ય હોય છે. આપણે કહીએ, આપણે સમજી લીધું—આવું જ્યાં સુધી પરલક્ષીજ્ઞાનનો શાસ્ત્રીય અભિનિવેષ રહે છે ત્યાં સુધી તે ધર્મ પ્રાપ્ત કરવાને પાત્ર નથી કહેવાતો.

(ઈ) હું લોકોના કામ ખૂબ હોશિયારીથી પાર ઉતારી દઉં છું—

જેની આવી બુદ્ધિ રહે છે તે ધર્મ પામવાને પાત્ર નથી.

**પ્રશ્ન ૧૬—'લોકમાન્ય ધર્મનું શ્રદ્ધાવાનપણું'ને સ્પષ્ટ કરો.**

**ઉત્તર** —લોકમાન્ય ધર્મનું શ્રદ્ધાવાનપણું એટલે લોકો જેને ધર્મ કહે. જેમ આ સાત પ્રતિમાધારી છે, આ અગિયાર પ્રતિમાધારી છે. આ ૨૮ મૂળગુણોનું પાલન કરે છે. આ મહિનાઓના ઉપવાસ કરે છે. આ દિવસમાં ત્રણવાર સામાયિક કરે છે. આ કરોડો રૂપિયાનું દાન કરે છે. આ ખૂબ દયાળું છે. આ પોતાની પાસે એક વસ્ત્ર પણ નથી રાખતા. સંસારની દષ્ટિમાં તે મહાત્મા બની જાય છે. જીવ જ્યાં સુધી દષ્ટિમાં આ બધા શુભભાવોને હળાહળ ઝેરનો પ્યાલો ન જાણે ત્યાં સુધી તે ધર્મને પાત્ર નથી.

**પ્રશ્ન ૧૭—જેને અમે ધર્મ માનીએ છીએ આપે તો તે બધી વાતનો નિષેધ કરી દીધો. હવે અમે શું કરીએ?**

**ઉત્તર** —લોકમાં અનાદિકાળથી મિથ્યાદષ્ટિ જીવ, પરલક્ષી જ્ઞાન અને પુણ્યની મીઠાશમાં જ પોતાનું કલ્યાણ માને છે. માટે તે એક-એક સમય કરીને અનાદિથી સંસારનું પાત્ર થઈ રહ્યું છે. તેના કલ્યાણને માટે કહ્યું કે જ્યાં સુધી જીવને પરલક્ષી જ્ઞાન અને પુણ્યની મીઠાશમાં દષ્ટિ રહેશે, ત્યાં સુધી ધર્મ પામવાનો અધિકાર નથી. આ ચારેયમાંથી કોઈપણ પ્રકારની જરાપણ મીઠાશ રહેશે ત્યાં સુધી તેના મિથ્યાત્વનો નાશ નહીં થાય. ચાહે તે દ્રવ્યલિંગી મુનિ કહેવડાવે, તો પણ તે સંસારનું પાત્ર જ બની રહેશે. માટે કહેવામાં આવે છે કે જ્યાં સુધી પરલક્ષી જ્ઞાન અને પુણ્યની મીઠાશ રહેશે, ત્યાં સુધી તેને સર્વજ્ઞ અને સર્વદર્શીની શ્રદ્ધા નહીં થાય અને જ્યાં સુધી પર્યાયમાં શુભભાવ રહેશે, ત્યાં સુધી પર્યાયમાં સર્વજ્ઞ, સર્વદર્શી નહીં બની શકે.

**પ્રશ્ન ૧૮—પરલક્ષી જ્ઞાન અને પુણ્યની મીઠાશથી બચવાનો શું ઉપાય છે?**

**ઉત્તર** —હા છે. પરલક્ષી જ્ઞાન અને શુભભાવોની રુચિ છોડીને એક માત્ર પોતાના વીતરાગી સર્વજ્ઞ સ્વભાવી આત્માની જ રુચિ કરવી, તેનું જ જ્ઞાન કરવું અને તેમાં જ લીનતા કરવી આ એકમાત્ર ઉપાય છે.

**પ્રશ્ન ૧૯—વર્તમાનમાં સર્વજ્ઞદેવ બિરાજમાન નથી, સાચા ગુરુ પણ દષ્ટિમાં નથી આવતા. આવી દશામાં કોની શીખ અને કોની આજ્ઞા માનવી?**

**ઉત્તર** —ભાઈ! વર્તમાનમાં અર્હંત ભગવાન સાક્ષાત્ બિરાજમાન નથી, સાચા ભાવલિંગી મુનિ પણ ઘણું કરીને દષ્ટિમાં નથી આવતા.—આ વાત ઠીક છે. પરંતુ અનાદિથી જે દેવની આજ્ઞા છે, ગુરુની આજ્ઞા છે તેને જ બતાવવાવાળા સમ્યગ્દષ્ટિ જીવ છે. તેમણે વર્તમાનમાં પાત્રજીવોનો ભગવાન અરહંતનો વિરહ ભુલાવી દીધો છે અને પંચમકાળમાં ચોથો કાળ બનાવ્યો છે. આવા સ્વાનુભવી મહાન સમ્યગ્દષ્ટિ જીવ છે. વર્તમાનમાં જે આજ્ઞા દેવની છે, ગુરુની છે, તે જ જ્ઞાની બતાવી રહ્યા છે. માટે નિમિત્તરૂપથી પાત્ર જીવોએ સમ્યગ્દષ્ટિની આજ્ઞા, શીખ અને વિશ્વાસ કરવો જોઈએ.

વાસ્તવમાં વર્તમાનમાં સાક્ષાત્ સરસ્વતીની મૂર્તિ તરીકે સમ્યગ્દષ્ટિ જ જોવામાં આવે છે. માટે જ્ઞાનીઓની શીખ, આજ્ઞા અને વિશ્વાસ કરીને પોતાના આત્માનું કલ્યાણ કરી લેવું તે જ પાત્રજીવનો ધર્મ છે.

**પ્રશ્ન ૨૦—અધ્યાત્મ શૈલીમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ મંગલરૂપ પાઠમાં સાત દિવસને કેવી કેવી રીતે ઉતાર્યા છે.**

**ઉત્તર** —શ્રીમદ્જીએ સોળ વર્ષની ઉંમરમાં મોક્ષમાળા ગ્રંથમાં

૧૦૮ પાઠ લખ્યા છે. તેમાં અંતિમ પાઠ મંગળરૂપ છે. તેમા આ સાત વાર ઉતાર્યા છે.

તપોપધ્યાને રવિરૂપ થાય, વો સાધકર—સોમ રહી સુહાય.
મહાન વે મંગલ પંક્તિ પામે, આવે પીછે વે બુધ કે પ્રણામ. ૧.

નિર્ગ્રંથ જ્ઞાતા-ગુરુ સિદ્ધિદાતા, યા તો સ્વયં-શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા,
ત્રિયોગ વહા કેવલ-મંદ પામે, સ્વરૂપ સિદ્ધે, વિચરી વિરામે. ૨.

**અર્થ : (૧) રવિવાર** : 'તપોપધ્યાને રવિરૂપ થાય' અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મુનિપણા દ્વારા નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક નિજ શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર આલંબનના બળ દ્વારા સ્વરૂપ વિશ્રાંત નિસ્તરંગ ચૈતન્યમાં પ્રતાપવંત રહેવું, શુભાશુભ ઈચ્છાનું સ્વયં ઉત્પન્ન ન થવું, તે ઈચ્છાનિરોધ તપ છે, તે જ સાચું તપ છે. ધર્મધ્યાનમયી તપરૂપ મુનિપણા દ્વારા આ જીવ, ચૈતન્યપ્રકાશમય રવિરૂપ થાય છે.

**(૨) સોમવાર** : (ચંદ્રને સોમ કહે છે) તે સાધીને 'સોમ રહી સુહાય' અર્થાત્ મુનિપણાને સાધીને, ચંદ્ર સમાન શાંત સ્વરૂપમાં સુશોભિત રહે છે.

**(૩) મંગળવાર** : 'મહાન વે—મંગલ પંક્તિ પામે' અર્થાત્ પુણ્ય-પાપરૂપી મળ રહિત અને પવિત્રતા સહિત મહાન્ ઉત્તમ મંગળની પંક્તિને પ્રાપ્ત થાય છે.

**(૪) બુધવાર** : 'આવે પિછે વ બુધ કે પ્રણામ', અર્થાત્ તે બુધજન /જ્ઞાનીઓ દ્વારા વંદનીય હોય છે.

**(૫) ગુરુવાર** : 'નિર્ગ્રંથ જ્ઞાતા, ગુરુ સિદ્ધદાતા' અર્થાત્ આવા ગુરુ નિર્ગ્રંથ છે, સ્વપરના જ્ઞાતા છે અને તે જ સિદ્ધિના દાતા છે.

**(૬) શુક્રવાર** : 'યા તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા', અર્થાત્ તે

સ્વયં પરિપૂર્ણ વીર્ય પ્રગટ કરીને પ્રસિદ્ધ હોય છે. (૧૩મું ગુણસ્થાન છે)

**(૭) શનિવાર** : 'ત્રિયોગ વહાં કેવલ મંદ પામે', અર્થાત્ અહીં ચૌદમું ગુણસ્થાન લેવું છે. જ્યાં ત્રિયોગ કેવળ મંદનો અભાવ થાય છે. મંદ કહો શનિ કહો એક જ વાત છે.

**ફળ** : 'સ્વરૂપસિદ્ધ વિચરી વિરામે', અર્થાત્ ત્યારબાદ જીવ અલ્પકાળમાં સિદ્ધ પરમાત્મા બની જાય છે અને સાદિ અનંતકાળ સુધી લોકાગ્ર સ્થિત નિજ અક્ષય અનંત સુખમાં વિશ્રાંતિ પામે છે.

**પ્રશ્ન ૨૧—આપ કહો છો કે સંસારમાં સુખ નથી, પણ અમને તો લોકો સુખી દેખાય છે.**

**ઉત્તર** — સંસારમાં દુઃખ જ છે સુખ નથી. વિચારો—કોઈ પુણ્યશાળી જીવ છે તેના વિષયમાં વિચારીએ.

(૧) સવારે કેમ ઉઠે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૨) શૌચ કેમ જાય છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૩) હાથ કેમ ધોવે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૪) સ્નાન કેમ કરે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૫) કપડા કેમ પહેરે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૬) મંદિરે કેમ જાય છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૭) મોટરમાં કેમ બેસે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૮) રોટલી કેમ ખાય છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૯) પાણી કેમ પીવે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૧૦) દુકાન પર કેમ જાય છે? ઉત્તર : દુઃખી છીએ માટે.
(૧૧) રૂપિયા કેમ ભેગા કરે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.

(૧૨) આરામ કેમ કરે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.

(૧૩) શાસ્ત્ર કેમ વાંચે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.

(૧૪) દવા કેમ ખાય છે? ઉત્તર : દુઃખી છીએ માટે.

(૧૫) ભોગ કેમ કરે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.

(૧૬) સફર કરે છે? ઉત્તર : દુઃખી છીએ માટે.

આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવ સંસારમાં દુઃખી જ છે.

**પ્રશ્ન ૨૨—અમને ધર્મની પ્રાપ્તિ કેમ નથી થતી.**

**ઉત્તર** —જેનો (આત્માના આશ્રયનો) નંબર રાખવો જોઈએ સૌથી પહેલો, તેનો નંબર છેવટમાં રાખે છે, માટે ધર્મની પ્રાપ્તિ નથી થતી. શ્રીમદ્ રાજચંદ્રજીએ કોઈને પૂછ્યું કે તમે ધર્મ કેમ નથી કરતાં? તેમણે કહ્યું કે સમય નથી મળતો, અમે શું કરીએ?

શ્રીમદે પૂછ્યું – (૧) સૂવાનો સમય મળે છે? હાં. (૨) ફરવાનો સમય મળે છે? હાં. (૩) ખોરાક ખાવાનો સમય મળે છે? હાં. (૪) છાપુ વાંચવાનો સમય મળે છે? હાં. (૫) નામુ જોવાનો સમય મળે છે? હાં. (૬) દુકાનદારીનો સમય મળે છે? હાં.

અરે ભાઈ! તારી આવી માન્યતા છે કે ઉપરના કાર્યો કર્યા વિના હું દુઃખી થઈ જઈશ માટે તે બધા માટે સમય કાઢે છે. આ તો દૃષ્ટાંત છે. તે પ્રમાણે જો તારી સમજમાં આવી જાય કે આત્મધર્મ કર્યા વિના મારે અનંતકાળ સુધી દુઃખ ભોગવવું પડશે તો, 'ધર્મ કરવા માટે મને સમય નથી મળતો'—આવી બહાનાબાજી ક્યારેય નહીં કરો. તાત્પર્ય આ છે કે ધર્મ કરવા માટે સતત પ્રયત્ન કરવો જોઈએ.

# ૧૩ વીતરાગતા-વિજ્ઞાનતાના વિવિધ પ્રશ્નોત્તર

**પ્રશ્ન ૧—શું જીવ મહેનત કરે છે, તો રૂપિયા પૈસા વગેરેનો સંબંધ થાય છે?**

**ઉત્તર** —વર્તમાનમાં જીવ મહેનત કરે છે, તેની સાથે સંયોગ વગેરેનો સંબંધ નથી. 'બધા જીવોના જીવન-મરણ, સુખ-દુઃખ, પોતાના કર્મના નિમિત્તે થાય છે.' જ્યાં એક જીવ, બીજા જીવના આ કાર્યોનો કર્તા થાય તો તે જ મિથ્યા અધ્યવસાય, બંધનું કારણ છે. આથી સંયોગ વિગેરેમાં વર્તમાન ચતુરાઈ કોઈ કાર્યકારી નથી.

**પ્રશ્ન ૨—સંયોગ આદિના સંબંધમાં શ્રી સમયસાર કળશ ૧૬૮માં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —'અજ્ઞાની મનુષ્યોમાં એવી કહેવત છે કે આ જીવે તે જીવને માર્યો, આ જીવે તે જીવને જીવાડ્યો, આ જીવે તે જીવને સુખી કર્યો, આ જીવે તે જીવને દુઃખી કર્યો એમ કહેવત છે. આવી પ્રતીતિ જે જીવને હોય તે જીવ મિથ્યાદૃષ્ટિ છે.—આવું નિઃસંદેહ જાણતા, દગો કાંઈ નથી. આવો જીવ મિથ્યાદૃષ્ટિ કેમ છે? જે જીવે પોતાના વિશુદ્ધ અથવા સંક્લેશરૂપ પરિણામથી, પહેલેથી જ બાંધ્યા છે જે આયુકર્મ અથવા સાતાકર્મ અથવા અશાતાકર્મ, તે કર્મના ઉદયથી તે જીવના મરણ અથવા જીવન અથવા દુઃખ અથવા સુખ થાય છે, આ નિશ્ચય છે. પરંતુ તેનાથી વિપરીત, મેં બીજાનું અથવા બીજો મારું જીવન-મરણ કરે છે, હું બીજાને અને બીજો મને સુખી-દુઃખી કરે છે—વગેરે વિપરીત માન્યતા હોવાના કારણે આ જીવ મિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન ૩—સંયોગ આદિના સંબંધમાં શ્રી સમયસાર કળશ ૧૬૯માં શું લખ્યું છે?**

**ઉત્તર** —'હું દેવ, હું મનુષ્ય, હું તિર્યંચ, હું નારકી, હું સુખી-દુઃખી—આવી કર્મજનિત પર્યાયોમાં છે જે આત્મબુદ્ધિરૂપ મગ્નપણું, તેના દ્વારા કર્મના ઉદયથી જેટલી ક્રિયા થાય છે, તેને હું કરું છું, મેં કર્યા, હું કરીશ આવું અજ્ઞાનને લીધે માને છે. તે જીવ કેવો છે? આત્મઘાતી છે.

**પ્રશ્ન ૪—સંયોગ આદિના સંબંધમાં શ્રી સમયસાર કળશ ૧૭૦માં શું લખ્યું છે?**

**ઉત્તર** —'આ મિથ્યાદષ્ટિજીવના મિથ્યાત્વરૂપ છે જે એવા પરિણામ, કે આ જીવને એ જીવે માર્યો, આ જીવને તે જીવે જીવાડ્યો—આવો ભાવ જ્ઞાનાવરણ આદિ કર્મબંધનું કારણ થાય છે. આવો ભાવ કર્મબંધનું કારણ કેમ છે? એવો ભાવ મિથ્યાત્વભાવરૂપ હોવાથી કર્મબંધનું કારણ છે.'

**પ્રશ્ન ૫—સંયોગ આદિ સંબંધમાં શ્રી સમયસાર કળશ-૧૭૧માં શું લખ્યું છે.**

**ઉત્તર** —'મિથ્યાદષ્ટિ જીવ પોતાને જે રૂપે નથી આસ્વાદતો—એવી પરદ્રવ્યની પર્યાય તથા પોતાના શુભાશુભ વિકલ્પ ત્રિલોકમાં છે જ નહીં. આ પરિણામ કેવા છે? જૂઠા છે, કારણ કે મારું છું કહે છે, જીવાડું છું કહે છે, તથાપિ જીવોનું મરવું કે જીવવું પોતપોતાના કર્મના ઉદયને આધીન છે. તેના પરિણામોને આધીન નથી. તે પોતાના અજ્ઞાનને વશ આવા અનેક જૂઠા વિકલ્પ કરે છે.'

**પ્રશ્ન ૬—સંયોગ આદિના સંબંધમાં શ્રી સમયસાર કળશ-૧૭૨માં શું લખ્યું છે?**

**ઉત્તર** —જે મિથ્યાત્વરૂપ પરિણામને કારણે જીવદ્રવ્ય, પોતાને

હું દેવ, હું મનુષ્ય, હું ક્રોધી, હું માની, હું દુઃખી, હું સુખી ઇત્યાદિરૂપે અનુભવે છે. છતાં આત્મા કેવો છે? કર્મના ઉદયથી થયેલ સમસ્ત પર્યાયોથી જો કે ભિન્ન છે—એવો છે. અજ્ઞાની કર્મના ઉદયરૂપ પર્યાયોને પોતારૂપે અનુભવે છે.

**પ્રશ્ન ૭—સંયોગાદિ સંબંધમાં શ્રી સમયસાર કળશ-૧૭૩માં શું લખ્યું છે?**

**ઉત્તર** —હું મારું, હું જીવાડું, હું દુઃખી કરું, હું સુખી કરું, હું દેવ, હું મનુષ્ય વિગેરે છે જે મિથ્યાત્વરૂપ અસંખ્યાત લોકમાત્ર પરિણામ, જેઓ સમસ્ત હેય છે. પરમેશ્વર કેવળીએ આવું કહ્યું છે.

**પ્રશ્ન ૮—સંયોગાદિ સંબંધમાં શ્રી સમયસાર કળશ-૧૭૪માં શું લખ્યું છે?**

**ઉત્તર** —અહો સ્વામી! અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષ-મોહ વિગેરે અસંખ્યાત લોકમાત્ર વિભાવ પરિણામ, તેઓ જ્ઞાનાવરણ આદિ કર્મબંધના કારણ છે.—એવું કહ્યું, સાંભળ્યું, જાણ્યું, માન્યું. કેવા છે તે ભાવ? શુદ્ધજ્ઞાનચેતના માત્ર છે જે જ્યોતિસ્વરૂપ જીવવસ્તુ, તેનાથી ભિન્ન છે.

**પ્રશ્ન ૯—સંયોગાદિના સંબંધમાં શ્રી સમયસાર કળશ-૧૭૮મા શું લખ્યું છે?**

**ઉત્તર** —'શુદ્ધસ્વરૂપ ઉપાદેય છે, અન્ય સમસ્ત પરદ્રવ્ય હેય છે'.

**પ્રશ્ન ૧૦—સંયોગાદિના સંબંધમાં શ્રી સમયસાર કળશ-૧૬૭માં શું લખ્યું છે?**

**ઉત્તર** —પરદ્રવ્ય સામગ્રીમાં છે જે અભિલાષા, તે કેવળ મિથ્યાત્વરૂપ પરિણામ છે—એમ ગણધરદેવે કહ્યું છે.

**પ્રશ્ન ૧૧—સંયોગાદિના સંબંધમાં લૌકિક દૃષ્ટાંત આપીને સમજાવો.**

**ઉત્તર** —(અ) વર્તમાનમાં એક કસાઈ, હજાર ગાયોને મારે છે. તેના બદલમાં તેને બે હજાર રૂપિયા મળે છે. ગાયોને મારવાનો ભાવ તે પાપભાવ છે. શું પાપભાવથી રૂપિયાની પ્રાપ્તિનો સંયોગસંબંધ થઈ શકે છે? ક્યારેય નહીં.

(આ) ડૉક્ટર એક દેડકો ચીરે છે, તે વડે જ્ઞાનનો ઉઘાડ જોવામાં આવે છે. જો ૧૦૦ દેડકાને ચીરે, તો ઘણા જ્ઞાનનો ઉઘાડ હોવો જોઈએ ને? દેડકા ચીરવાનો ભાવ પાપભાવ છે. શું પાપભાવથી જ્ઞાનનો ઉઘાડ થઈ શકે છે? ક્યારેય નહીં.

(ઈ) એક જીવ સવારથી સાંજ સુધી મહેનત કરે છે, છતાં પણ એકેય પૈસો મળતો નથી અને કોઈ મહેનત ન કરવા છતાં લાખો રૂપિયા કમાય છે—આવું જોવામાં આવે છે. માટે રૂપિયા કમાવવામાં/ ગુમાવવામાં વર્તમાન ચતુરાઈ કાર્યકારી નથી, તે તો પૂર્વમાં પુણ્ય-પાપભાવ કર્યા હતા, તેના ફળસ્વરૂપ સંયોગ જોવામાં આવે છે.

**પ્રશ્ન ૧૨—જીવની ચતુરાઈ શેમાં છે?**

**ઉત્તર** —ખરેખર જીવનું કાર્ય જ્ઞાતા-દૃષ્ટા છે. તે સંયોગ આદિમાં કાંઈપણ ફેરફાર કરી શકે એવો નથી. આવું જાણીને, પોતાના ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને, જ્ઞાતા-દૃષ્ટા બનવું અને સ્વભાવની એકાગ્રતા વડે ધર્મની વૃદ્ધિ અને પૂર્ણતા કરવી તેમાં જ જીવની ચતુરાઈ છે.

**પ્રશ્ન ૧૩—શું બાહ્ય સંયોગ અનુસાર, સુખ-દુઃખ અથવા રાગ-દ્વેષનું માપ છે?**

**ઉત્તર** —નથી. (૧) એક જણ પાસે ૧૦૦ રૂપિયા છે તેણે ૧૦૦૦ની ઇચ્છા કરી તો તેની પાસે ૧૦૦૦ રૂપિયા થઈ ગયા. હવે

તે પોતાને સુખી માને છે. અને બીજા પાસે ૧૦૦૦૦૦ રૂપિયા છે તેના ૧૦૦૦ ઓછા થઈ ગયા તો તે પોતાને દુઃખી માને છે. વિચારો એક જણ પાસે નવાણુ ગણા અધિક રૂપિયા છે તે પોતાને દુઃખી માને છે અને ૧૦૦૦ વાળો પોતાને સુખી માને છે. આનાથી સિદ્ધ થાય છે કે બાહ્ય સંયોગ અનુસાર સુખ-દુઃખનું માપ નથી.

(૨) એકને ૯૯ ડિગ્રી તાવ છે તે વધારે દુઃખી દેખાય છે અને બીજાને ૧૦૫ ડિગ્રી તાવ છે તે શાંત દેખાય છે. વિચારો. જો બાહ્ય સંયોગ અનુસાર સુખ-દુઃખ હોય તો ૧૦૫ ડિગ્રીવાળો વધારે દુઃખી હોવો જોઈએ, પણ તેમ નથી. આનાથી સિદ્ધ થયું કે બાહ્ય સંયોગો અનુસાર રાગ-દ્વેષનું માપ નથી. પરંતુ પરમાં એકત્વબુદ્ધિ જ એકમાત્ર દુઃખનું કારણ છે.

**પ્રશ્ન ૧૪—શું બાહ્ય રાગ-દ્વેષના અનુસાર જ્ઞાની-અજ્ઞાનીનું માપ છે?**

**ઉત્તર** —નથી. કારણ કે (૧) એક દ્રવ્યલિંગી મુનિ છે તેનો કષાય બહુ મંદ છે. તેની પાસે કાંઈ પરિગ્રહ નથી છતાં પણ તે અજ્ઞાની છે, અને

(૨) બીજા જ્ઞાની ચક્રવર્તી છે જે ૯૬૦૦૦ રાણીઓના વૃંદમાં બેઠા છે, ક્યારેક લડાઈ પણ લડે છે તેને બહારમાં તીવ્ર કષાય જોવામાં આવે છે અને બાહ્ય સંયોગ પણ ઘણા જોવામાં આવે છે છતાં પણ તે જ્ઞાની છે. માટે આ સિદ્ધ થયું કે બાહ્ય રાગ-દ્વેષ અનુસાર જ્ઞાની-અજ્ઞાનીનું માપ નથી. આમાંથી બે બોલ નીકળે છે. (૧) બાહ્ય સંયોગ અનુસાર રાગ-દ્વેષનું માપ નથી. (૨) બાહ્ય રાગ-દ્વેષ અનુસાર જ્ઞાની-અજ્ઞાનીનું માપ નથી.

કારણ કે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક અધ્યાય-૨, પાનુ-૪૦માં લખ્યું છે કે પરમકૃષ્ણલેશ્યારૂપ તીવ્ર કષાય હોય ત્યાં પણ અને

શુક્લલેશ્યારૂપ મંદ કષાય હોય ત્યાં પણ નિરંતર અનંતાનુબંધી વિ. ચારે કષાયોનો ઉદય રહે છે, કારણ કે તીવ્ર-મંદની અપેક્ષા અનંતાનુબંધી વગેરે ભેદ નથી.

**પ્રશ્ન ૧૫—શાસ્ત્ર અભ્યાસ શા માટે અને કેવી રીતે કરવો જોઈએ ?**

**ઉત્તર** —એક કારીગરે ત્રણ પુતળી બનાવી. ત્રણેય જોવામાં એક સરખી લાગે છે, તે એમને વેચવા માટે રાજાના દરબારમાં જાય છે. રાજાએ મંત્રીને ત્રણેયનું મૂલ્ય લગાવવા માટે કહ્યું, પરંતુ મંત્રીની સમજમાં ન આવ્યું. ત્રણેય પૂતળીઓની કિંમત બતાવવા માટે મંત્રીએ આઠ દિવસની રજા માગી. એની કિંમત બતાવવા માટે આજે સાત દિવસ પૂરા થઈ ગયા પરંતુ મંત્રીને કાંઈ સમજમાં ન આવ્યું. હવે મંત્રીએ એક સળી એક પૂતળીના કાનમાં નાખી. તે આરપાર નીકળી ગઈ. બીજી પૂતળીના કાનમાં નાખી તે મુખમાંથી બહાર આવી અને ત્રીજી પૂતળીના કાનમાં નાખી તો અંદર ચાલી ગઈ. આ જોઈને મંત્રી ખૂબ પ્રસન્ન થયા.

રાજદરબારમાં આવીને મંત્રીએ ત્રીજી પૂતળીની કિંમત એક લાખ રૂપિયા બતાવી, બાકીની બે પૂતળી માટે એક ફૂટી કોડી પણ નહીં. મંત્રીએ કહ્યું નંબર એક પૂતળીને જે કાંઈ કહેવામાં આવે છે તે બીજા કાનથી કાઢી નાખે છે, બે નંબરની પૂતળી જે કાંઈ સાંભળે છે તે બીજાને સંભળાવી દે છે. જ્યારે ત્રીજા નંબરની પૂતળી જે કાંઈ સાંભળે છે તે પોતામાં પચાવી લે છે. તે પ્રકારે (૧) જે જીવ શાસ્ત્ર વાંચે છે અથવા સાંભળે છે, અહીંયા સાંભળ્યું અને આ બાજું કાઢી નાખ્યું, ખબર જ નથી કે શું સાંભળ્યું કે શું વાંચ્યું માટે તે વ્યર્થ છે.

(૨) જે જીવ શાસ્ત્ર એટલા માટે વાચે છે કે સાંભળે છે કે હું

સાંભળીને બીજાને બતાવું તો લોકો મારો માન આદર કરશે તે પણ વ્યર્થ છે.

(૩) જે જીવ શાસ્ત્ર અભ્યાસ પોતાના કલ્યાણને માટે કરે છે કે સાંભળે છે, પોતાના જીવનમાં ઉતારે છે તે જ ધન્ય છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે, તેવો જ નિર્ણય કરીને મંદકષાય થઈ જાય છે અને વિશેષ પુરુષાર્થ કરે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય છે, માટે શાસ્ત્ર અભ્યાસ હંમેશા પોતાના કલ્યાણ માટે જ કાર્યકારી છે.

**પ્રશ્ન ૧૬—જૈનધર્મનું સેવન શા માટે છે અને શા માટે નથી?**

**ઉત્તર** —જૈનધર્મનું સેવન તો સંસારનાશ કરવા માટે છે, પરંતુ જે જીવ શાસ્ત્ર વાંચીને, સાંભળીને પૂજા કરીને સિદ્ધચક્ર વિગેરેનો પાઠ કરીને રૂપિયા લે છે તે તો પાપી પણ છે અને મિથ્યાદૃષ્ટિ તો છે જ. માટે પાત્ર જીવ, હિંસા આદિથી આજીવિકા આદિ માટે વ્યાપાર વગેરે કરે છે તો ભલે કરે, પરંતુ પૂજા વિગેરે કાર્યોમાં તો આજીવિકાનું પ્રયોજન વિચારવું યોગ્ય નથી. જે જીવ પૈસા લઈને આજીવિકા માટે અર્થ-ધર્મની વાત કરે છે તે પાપી છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પાનુ-૨૧૯)

**પ્રશ્ન ૧૭—વર્તમાનમાં જ્ઞાની જીવ તો દેખાતા નથી તો પછી પૈસા આપીને અમે શાસ્ત્ર અભ્યાસ કરીએ તો શું નુકશાન છે?**

**ઉત્તર** —શ્રદ્ધાન આદિક ગુણોના ધારી વક્તાઓના મુખેથી જ શાસ્ત્ર સાંભળવું. આ પ્રકારના ગુણોના ધારક મુનિ અથવા શ્રાવક સમ્યગ્દષ્ટિ, તેના મુખથી તો શાસ્ત્ર સાંભળવું યોગ્ય છે અને પદ્ધતિ બુદ્ધિથી અથવા શાસ્ત્ર સાંભળવાના લોભથી જેઓ શ્રદ્ધાન આદિક ગુણોથી રહિત, એવા પાપી પુરુષોના મુખથી શાસ્ત્ર સાંભળવું યોગ્ય નથી. કારણ કે જેને શાસ્ત્ર વાંચીને આજીવિકા વિગેરે લૌકિક કાર્ય સાધવાની ઈચ્છા છે, તે આશાવાન યથાર્થ ઉપદેશ આપી શકે જ નહીં.

માટે મિથ્યાદૃષ્ટિ ભલે કોઈપણ હોય, તેનો ઉપદેશ સાંભળવો જોઈએ નહીં. જેમકે લૌકિકમાં પણ જેને જે કાર્ય આવડે છે તે કાર્યને સારી રીતે તે જ કરી શકે છે, બીજો નહીં. તેજ પ્રમાણે સાચા ગુરુગમ વિના શાસ્ત્રોનો અભ્યાસ અનર્થકારી છે. (શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પાનું-૧૭)

**પ્રશ્ન ૧૮—અનાદિકાળની ભૂલ કેવી રીતે મટે?**

**ઉત્તર** —જ્યાં ભૂલ છે ત્યાં ભૂલને જોવી તે જ ભૂલને મટાડવાનો એકમાત્ર ઉપાય છે. (૧) જેમકે મોઢા ઉપર ડાઘ છે ને સામે અરીસો છે. જો ડાઘ મટાડવા માટે આપણે અરીસાને ઘસીએ તો શું મોઢાનો ડાઘ દૂર થશે? ક્યારેય પણ નહીં. તે પ્રમાણે ભૂલ પોતાની પર્યાયમાં છે. તેને દૂર કરવા માટે બીજાના દોષ જુએ તો ક્યારેય ભૂલ દૂર નહીં થાય?

(૨) જેમ સામે અરીસો છે, જો તમારું મોઢું વાંકુ છે તો અરીસામાં વાંકુ દેખાશે તેમાં અરીસાનો કોઈ દોષ નથી. જો આપણે મોઢું વાંકુ જોવા નથી માગતા તો તેનો ઉપાય મોઢાને સીધું કરવાનો છે. એ જ પ્રમાણે દોષ તો પોતામાં છે, જોવે છે કર્મમાં કે પરદ્રવ્યમાં. જો આપણે પોતાના દોષ ટાળવા માગીએ તો પોતાના સ્વભાવનો આશ્રય લેવો.

(૩) જેમ એક સ્ત્રી પાણી ભરવા ગઈ. રસ્તામાં પિત્તળનો ઘડો પડી ગયો અને તેમાં ઘોબો પડી ગયો. હવે જો ઘોબાને સરખો કરવા (બહારથી) ઉપરથી હથોડી મારે તો ઘોબો વધતો જશે. તેને સરખો કરવાનો ઉપાય માત્ર અંદરથી હથોડી મારે તો જ ઠીક થઈ શકે છે. તે જ પ્રમાણે અજ્ઞાની જીવ સુખ-શાંતિ-જ્ઞાન આદિની પ્રાપ્તિ માટે બાહ્યસામગ્રી, વિકારની તરફ દૃષ્ટિ કરે છે તો તેને સુખ-શાંતિ અને જ્ઞાન પ્રાપ્ત નથી થતા. જેમાંથી સુખ-શાંતિ-જ્ઞાન આવે છે તેમાં દૃષ્ટિ કરે તો તેની પ્રાપ્તિ થઈ શકે.

(૪) શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે 'તત્ત્વનિર્ણય ન કરવામાં કોઈ કર્મનો દોષ નથી, તારો જ દોષ છે અને જો પોતાના દોષ કર્માદિ ઉપર લગાડે છે, તો તું સ્વયં મહંત થવા જાય છે, જો જિનઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવ નથી. (મો.મા.પ્ર. પા.-૩૧૨) (મહંત એટલે પ્રતિષ્ઠિત જે દોષ ન કરે એમ લોકો માને છે.)

(૫) જેમ કોઈ પોતાના હાથમાં પત્થર લઈને પોતાનું મસ્તક ફોડે છે તો પત્થરનો શું દોષ? તે જ પ્રમાણે જીવ પોતાના રાગાદિક ભાવોથી પુદ્‌ગલને કર્મરૂપ પરિણમાવીને પોતાનું અહિત કરે તો કર્મનો શું દોષ? (શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પાનું-૯૦)

(૬) શ્રી સમયસાર કળશ-૨૨૦ તથા ૨૨૧માં લખ્યું છે કે જીવનો જ દોષ છે, કર્મ આદિનો નહીં. જે પરનો દોષ જુએ છે તે મોહનદીને ક્યારેય પણ પાર કરી શકતો નથી. માટે હે ભવ્ય પોતાની પર્યાયમાં દોષ પોતાના અપરાધથી છે, બીજા કારણે નહીં આમ જાણીને પોતાના સ્વભાવનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ થાય અને અનાદિની ભૂલ મટે.

**પ્રશ્ન ૧૯—જો કે 'જ્ઞાનથી જ્ઞાન થાય છે તો વાણી સાંભળો, સત્સમાગમ કરો' વિગેરે ઉપદેશ શા માટે આપો છો?!**

**ઉત્તર** —ભગવાનના ગણધર ચારજ્ઞાનધારી હોય છે અને ગણધરની ઉપસ્થિતિ ભગવાનની દેશના સમયે અવશ્ય હોય છે. ભગવાનની દેશના એક દિવસમાં ચાર વાર થાય છે. એકવારની દેશના છ ઘડીની હોય છે. આ પ્રમાણે એક દિવસમાં ૯ કલાકથી વધુ દિવ્યદેશના ધર્મવજીર ગણધર પણ સાંભળે છે. ધર્મવજીર ગણધર અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે છે. આટલા જ્ઞાનના ધણી હોવા છતાં પણ ભગવાનની વાણી સાંભળે છે ત્યારે અલ્પજ્ઞાની અથવા અજ્ઞાનીને માટે તેનો નિષેધ કેમ થઈ શકે? પરંતુ જે જીવ

સ્વચ્છંદી છે, પૂરી વાતનો વિચાર નથી કરતો તે જ એમ કહે છે કે 'જો જ્ઞાનથી જ્ઞાન થાય છો તો વાણી-સત્સમાગમની શું જરૂર છે?' પરંતુ યાદ રાખવું જોઈએ કે જ્યાં સુધી જીવ વિકારરહિત નથી થતો, ત્યાં સુધી અલ્પજ્ઞાનીને વાણી સાંભળવાનો અને સત્સમાગમનો ભાવ આવે જ છે. ત્યારે જે અજ્ઞાની છે તેણે તો નિરંતર સત્સમાગમ આદિ કરવો જ જોઈએ. ઉપદેશ તો હંમેશા આગળ વધવા માટે જ આપવામાં આવે છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાની પણ શ્રવણ કરે છે. જો પોતાના આત્મામાં પૂર્ણ સ્થિરતા કરીને અરિહંત-સિદ્ધ બની જાય છે તથા જે શ્રેણી આરૂઢ છે તેમની વાત અહીં નથી.

**પ્રશ્ન ૨૦—અમે તો ભગવાનની વાણી અનંતવાર સાંભળી છે. ભગવાનની વાણી સામે ગુરુની વાણીની શું કિંમત છે?**

**ઉત્તર** —અજ્ઞાની કહે છે કે મેં અનેકવાર ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી છે. હવે ગુરુની વાણીની મારા ઉપર શું અસર થશે?

(૧) જુઓ ભાઈ! જેમ કે એક રાજા હતો તેની પાસે બહાદુર લડાકુ એક ઉંટ હતું. બીજા રાજાએ તેના રાજ્ય ઉપર ચઢાઈ કરી દીધી. ત્યાંની જમીન રેતીવાળી હતી. ત્યાં ખૂંખાર લડાઈ થઈ. તે બહાદૂર ઊંટે ખૂબ બહાદૂરી બતાવી તેને કારણે બીજો રાજા હારી ગયો. હવે રાજા ઊંટની બહાદૂરીથી ખૂબ પ્રસન્ન થયા અને તેને ઈનામના બદલામાં એક ફરમાન કાઢ્યું કે, ઊંટ પોતાની ઈચ્છાનુસાર કોઈપણ ખેતરમાં જઈને ચરી શકે છે. કોઈ તેને મારે નહીં, નહીંતર દંડ ભરવો પડશે. એકવાર તે ઊંટ લીલાછમ મોટા ખેતરમાં ચરવા લાગ્યો. ત્યાંના માલિકે ઢોલ રાખ્યો હતો જેથી તે વગાડવાથી જાનવર ભાગી જાય અને ખેતર ખરાબ ન કરે. માલિકે ઘણા જાનવરની સાથે ઊંટને ખેતરમાં ચરતું જોઈને ઢોલ વગાડવાનું

શરૂ કર્યું. અવાજ સાંભળીને બધા જાનવર ડરી ગયા પણ ઊંટે ચરવાનું ચાલું રાખ્યું. માલિક જોરજોરથી ઢોલ વગાડતો ઊંટની નજીક ગયો ત્યારે ઊંટે કહ્યું કે મેં તો મોટી મોટી લડાઈ લડી છે અને મોટી મોટી તોપ, બંદૂકોની ગર્જના સાંભળી છે તારી ઢોલરૂપી પીપુડીનો અવાજ સાંભળીને હું નહીં ભાગું.

તે પ્રમાણે (અ) અહીંયા મિથ્યાત્વરૂપી ઊંટ છે. (આ) બંદૂક તોપોની ગર્જનારૂપી ભગવાનની દિવ્યધ્વનિ છે, (ઇ) ઢોલરૂપી પીપુડીની અવાજરૂપે ગુરુની અમૃતમય વાણી છે. મિથ્યાત્વરૂપી ઊંટ કહે છે કે મેં અનંતવાર સમવસરણમાં તોપ-ગોળાની અવાજરૂપી ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી છે, હવે આ તારી ઢોલરૂપી પીપુડીના અવાજરૂપે ગુરુની વાણી મારા માટે કાંઈ જ નથી.

(૨) આ જ રીતે વ્યવહારાભાસના નશામાં નિશ્ચય-વ્યવહારનો અર્થ ન જાણવાવાળા અજ્ઞાની જન બકે છે કે અમે પણ શાસ્ત્ર વાંચ્યા છે, અમે પણ સમયસાર વાંચ્યું છે, ગોમ્મ્ટસારના અભ્યાસી છીએ. તેની સામે ગુરુની વાણી કાંઈ નથી.

(૩) વાસ્તવમાં જ્યાં સુધી જીવ ઉપર મિથ્યાત્વરૂપી ભૂત ચડેલું રહે છે, ત્યાં સુધી તેને ભગવાનની દિવ્યદેશનારૂપી ગુરુની વાણીનું બહુમાન આવતું જ નથી. પાત્રજીવને, જ્યાં સુધી તે પૂર્ણ નથી થઈ જતું ત્યાં સુધી પોતાનાથી મોટા પ્રત્યે આદરનો ભાવ આવે જ છે. તેમની વાણી, સત્સમાગમ અને અપૂર્ણ શુદ્ધ પર્યાયનો એવો જ કોઈ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. શુદ્ધિના સાથે જે અશુદ્ધિ છે તે અશુદ્ધિને અને વાણીને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. શુદ્ધિનો નહીં, તે પ્રગટ રહસ્યનો અનુભવ સમ્યગ્દર્શન થતાં જ થાય છે.

**પ્રશ્ન ૨૧—ચોથા-પાંચમે-છઠ્ઠે ગુણસ્થાનકે જ્ઞાનીઓને કેવો કેવો રાગ આવે છે?**

**ઉત્તર** —(૧) ચોથા ગુણસ્થાનમાં નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રતિ આદરનો ભાવ આવે છે; કુદેવ-કુગુરુ પ્રતિ નથી આવતો.

(૨) પાંચમા ગુણસ્થાનમાં બાર અણુવ્રતાદિનો શુભભાવ તથા છઠ્ઠા ગુણસ્થાનમાં ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ આવે છે. આ ભૂમિકામાં એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે.

**પ્રશ્ન ૨૨—ચંદન શું બોધ આપે છે?**

**ઉત્તર** —જેમ કે—ચંદનને ઘસો તો તે સુગંધ આપે છે, ચંદન પણ કુહાડી મારો તો તે કુહાડીને પણ સુગંધિત બનાવી દે છે. ચંદનને બાળો ત્યારે પણ તે પોતાની સુગંધ છોડતું નથી. તે પ્રકારે હે જીવ! જ્યારે તને ચંદનની જેમ કોઈ ઘસતું નથી, કાપતું નથી અને બાળતું પણ નથી, તો તું પોતાના જ્ઞાતા, દૃષ્ટા સ્વભાવને કેમ છોડે છે? જુઓ, ચંદન ઉપર કેવી-કેવી મુસીબત આવવા છતાં પણ તે પોતાનો સુગંધી સ્વભાવ કદી છોડતો નથી. તે જ પ્રકારે હે આત્મા! તું પોતાના જ્ઞાયકસ્વભાવને સાથે રાખે તો સંસારની કેટલી પણ પ્રતિકૂળતા કેમ ન હો, તને દુઃખી નહીં કરી શકે. ચંદન ઉપર જેવી જેવી મુસીબત આવે છે, તેવી તારી સાથે તો નથી આવતી; માટે તું પોતાના જ્ઞાયકસ્વભાવને ઓળખે તો ચંદનને જાણ્યું કહેવાશે.

**પ્રશ્ન ૨૩—શેરડી શું બોધ આપે છે?**

**ઉત્તર** —જેમ કે શેરડીને ચીચોડામાં પીલવાથી રસ નીકળે છે, રસને ખૂબ ઉકાળીને ગોળ બને છે તે હંમેશા મીઠો જ લાગે છે. એ પ્રમાણે હે આત્મા! તને કોઈ શેરડીની જેમ પીસતું નથી, ઉકાળતું નથી, ત્યારે તું વ્યર્થમાં કેમ આકુળિત થાય છે? માટે હે આત્મા! તું તારા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય લે, તો હંમેશા શેરડીની સમાન મીઠો (અતીન્દ્રિય) જ સ્વાદ આવશે અને ચારે ગતિનું

પરિભ્રમણ મટી જશે. શેરડી હંમેશા આ શિક્ષા આપે છે કે જે પ્રમાણે હું મારો મીઠાશનો સ્વભાવ કેટલી પણ પ્રતિકૂળતા આવવા છતાં છોડતો નથી, તેમ તમે પણ પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને કેટલી પણ પ્રતિકૂળતા આવવા છતાં છોડો નહીં.

**પ્રશ્ન ૨૪—સોનું શું બોધ આપે છે?**

**ઉત્તર** —જેમ કે સોનાને ગાળો તો તે મેલને છોડી દે છે, તે પ્રમાણે હે આત્મા! તને કોઈ સોનાની માફક ગાળતું તો નથી, તપાવતું તો નથી, તો પછી તું કેમ આકુળિત થાય છે? સોનુ સોનીને કહે છે કે

હે હેમકાર, પર દુઃખ વિચારમૂઢ,
કિં માં મુહુઃક્ષિપસિ વાર શતાનિ વન્હૌ।
દગ્ધે પુનર્મયિ ભવન્તિ ગુણાતિરેકો,
લાભઃ પરં ખલુ મુખે તબ ભસ્મ પાતઃ ॥

હે સોની! તું મને વારંવાર અગ્નિમાં કેમ તપાવે છે? તું મને ભલે કેટલીય વાર અગ્નિમાં તપાવ, તેનાથી તો મારી શુદ્ધિની વૃદ્ધિ જ થશે. પરંતુ તારા મોઢામાં રાખની સિવાય કાંઈપણ લાભ નહીં થાય.

સોનાથી આપણને આ બોધ મળે છે કે હે આત્મા! જે પ્રમાણે સોના ઉપર મુસીબતો આવવા છતાં પણ, તે શુદ્ધ જ થતું જાય છે તે જ પ્રમાણે સાંસારિક પ્રતિકૂળતા આવવા છતાં તું પણ, પોતાના સ્વભાવની દૃષ્ટિ કરશે તો તને શુદ્ધોપયોગની જ પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન ૨૫—'બાવન ચંદન' શું બોધ આપે છે?**

**ઉત્તર** —જેમ કે ગરમ ઉકળતા તેલમાં જો નાળિયેર નાખવામાં આવે તો તત્કાળ જ તેના ટુકડે-ટુકડા થઈ જાય છે અને બળીને રાખ થઈ જાય છે. પરંતુ જ્યારે ઉકળતા તેલમાં થોડું પણ બાવન ચંદન

નાખવામાં આવે તો ગરમ તેલ તે જ સમયે ઠંડુ થઈ જાય છે, તે જ પ્રમાણે હે આત્મા! જો તું પોતાના બાવનચંદનરૂપ ત્રિકાળી સ્વભાવનો આશ્રય લે તો ક્ષણભરમાં અનંત સંસારનો તાપ સમાપ્ત થઈ જાય છે. આ જીવ, અનાદિકાળથી એક-એક સમય કરીને સંસારતાપથી દુઃખી થઈને બળી રહ્યો છે, તેને એક સ્વભાવ જ સંસારથી પાર થવા માટે મહામંત્ર છે. બાવનચંદન આ શિક્ષા આપે છે કે મારો એક નાનો ટુકડો પણ આટલા ઉકળતા તેલને શીતળ બનાવી દે છે, તેમ હે આત્મા! શું તું અનાદિકાળના તાપને ક્ષણભરમાં શાંત નથી કરી શકતો? જો આ આત્મા એક ક્ષણને માટે પોતાના સ્વભાવનો આશ્રય લે તો અનાદિના જન્મમરણનો તાપ તરત જ સમાપ્ત થઈ જાય. કહ્યું છે કે

ક્ષણભર નિજ રસ કો પી ચેતન, મિથ્યામલ કો ધો દેતા હૈ,
કાષાયિકભાવ વિનષ્ટ કિયે, નિજ આનંદ અમૃત પીતા હૈ.

**પ્રશ્ન ૨૬—લાકડી શું બોધ આપે છે?**

**ઉત્તર** —એક મનુષ્ય લાકડીને જોઈને કહેવા લાગે છે કે 'હે લાકડી! શું તને ખબર છે કે તારો તો તરવાનો સ્વભાવ છે પરંતુ તું લોખંડનો સાથ કરીશ તો ડૂબી જઈશ' ત્યારે લાકડી જવાબ આપે છે 'હે મનુષ્ય! અમે તરીએ કે ડૂબીએ, તેમાં અમને કોઈપણ સુખ-દુઃખ નથી. માટે તું અમારી ચિંતા શા માટે કરે છે? તારો તરવાનો સ્વભાવ હોવા છતાં પરનો સંગ કરીને સંસારસમુદ્રમાં કેમ ડૂબી રહ્યો છે? કેમ દુઃખી થઈ રહ્યો છે? માટે તું અમારી ચિંતા છોડી, તારા ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને પરથી ભિન્ન જાણીને તેની જ ભાવના કર કે જેનાથી તું સંસારસમુદ્ર પાર કરી સિદ્ધ પરમાત્મા બની જઈશ.' લાકડી આપણને બોધ આપે છે કે જેમ હું મારો સ્વભાવ છોડતી નથી તે પ્રમાણે તમે પણ તમારો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ ક્યારેય પણ ન છોડો.

**પ્રશ્ન ૨૭—'લાકડીનો નાનો ટુકડો' શું બોધ આપે છે?**

**ઉત્તર** —જેમ નદી, નહેર, સમુદ્રમાં લાકડીનો ટુકડો પડ્યો છે ત્યાં કેટલી પણ મોટી તરંગો ઉછળી રહી છે પરંતુ લાકડીનો ટુકડો ક્યારેય પણ ડૂબતો નથી. તે જ પ્રમાણે જો જીવ પોતાના ત્રિકાળી સ્વભાવનો આશ્રય લે છે તો સંસારમાં કેટલીય પ્રતિકૂળતા કેમ ન હોય તેને ડગાવી શકતી નથી. એ દર સમયે કુંદન જ રહેશે. લાકડીનો નાનો ટુકડો આપણને બોધ આપે છે કે મારા ઉપર લાખો તુફાન આવવા છતાં હું મારો તરવાનો સ્વભાવ નથી છોડતો, તે જ પ્રમાણે હે આત્મા! તારે પણ તારા જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને પ્રતિકૂળ સંયોગ અને વિકારીભાવ થવા છતાં પણ ક્યારેય સ્વભાવમાંથી ચલિત ન થવું.

**પ્રશ્ન ૨૮—'લીલા નાળિયેર'થી શું બોધ મળે છે?**

**ઉત્તર** —તમે લીલા નાળિયેરને ખાઓ તો તમને મીઠો-મીઠો જ સ્વાદ આવે છે. તે જ રીતે આત્મા સંપૂર્ણ અમૃતના નાળિયેર જેવો જ છે, તેનો અનુભવ કરવાથી અમરત્વની પ્રાપ્તિ થઈ જાય છે. લીલું નાળિયેર આપણને બોધ આપે છે કે જેમ હું બધી તરફથી મીઠાશથી ભરેલો છું, તે જ રીતે હે આત્મા! તું દરેક સમયે જ્ઞાયક સ્વભાવી જ રહેલો છે અને રહેશે.

**પ્રશ્ન ૨૯—'ચંદનનો ઇચ્છુક પુરુષ'થી શું બોધ મળે છે?**

**ઉત્તર** —જેમ ચંદનનો ઈચ્છુક પુરુષ જ્યારે ચંદન લેવા જંગલમાં જાય છે તો તે પોતાની સાથે ગરુડ અથવા મોરને લઈ જાય છે. તેનો હુંકાર સાંભળતાં જ ચંદનને વીંટળાયેલા અજગર તથા સાપ ભાગી જાય છે. જો ચંદનનો ઈચ્છુક પુરુષ ગરુડ અથવા મોરને ન લઈ આવે, તો ચંદનને પ્રાપ્ત નથી કરી શકતો. તે જ પ્રમાણે અનાદિકાળથી મિથ્યાત્વરૂપી અજગર અને રાગ-દ્વેષરૂપી સાપ,

ચંદન સમાન શીતળ આત્માની ઉપર વીંટળાયેલા છે. જો આ જીવ પોતાના જ્ઞાયકસ્વભાવનો ટંકાર કરે, તો મિથ્યાત્વ, રાગ-દ્વેષરૂપી અજગર અને સાપ તે બધા સ્વયં ભાગી જાય છે.

ચંદનના ઈચ્છુક પુરુષના દૃષ્ટાંતથી આ બોધ મળે છે કે જેમ ચંદનનો ઈચ્છુક પુરુષ પોતાની પાસે ગરુડ અથવા મોરને રાખે છે તો તુરત ચંદનને પ્રાપ્ત કરી લે છે. તે જ પ્રમાણે મોક્ષના ઈચ્છુક પુરુષ પોતાની સાથે પોતાના જ્ઞાયકસ્વભાવી આત્માને રાખે છે, તો મિથ્યાત્વ, રાગ-દ્વેષ ક્યારેય પણ થતા નથી.

**પ્રશ્ન ૩૦—'કાદવમાં પડેલું સોનું' શું બોધ આપે છે?**

**ઉત્તર** —જેમ કાદવમાં સોનું પડેલું હોય છતાં તેને ક્યારેય કાટ નથી લાગતો, તે જ પ્રમાણે જે જીવ પોતાના જ્ઞાયકસ્વભાવી આત્માનો અનુભવ કરી લે તો સંસારની કોઈપણ તાકાત તેને સંસારની ચાર ગતિરૂપ કાદવમાં નથી ફસાવી શકતી. આનાથી આ બોધ મળે છે કે જેમ કાદવમાં પડેલા સોનાને કાટ નથી લાગતો તે જ પ્રમાણે જેને પોતાના સ્વભાવનો સ્વાનુભવ થઈ ગયો છે તે સમ્યગ્દષ્ટિ છે, ગૃહસ્થ છે તેને મિથ્યાત્વરૂપી ભૂત ક્યારેય વળગતું નથી.

**પ્રશ્ન ૩૨—'સાપ અને નોળિયો' આપણને શું બોધ આપે છે?**

**ઉત્તર** —સાપ અને નોળિયો એકબીજાના દુશ્મન છે, જ્યારે નોળિયો સાપની સાથે લડાઈ કરે છે, તો જંગલમાં એક નોળવેલ નામની જડીબૂટ્ટી થાય છે, તેની પાસે રહીને નોળિયો સાપની સાથે લડાઈ કરે છે. કારણ કે જો લડાઈમાં સાંપ ડંસ મારે તો તે નોળવેલ સૂંઘવાથી તેનું વિષ દૂર થઈ જાય છે, ત્યારે કોઈપણ સંયોગમાં નોળિયો સાપને મારી નાખે છે. તે જ પ્રમાણે આ આખો સંસાર સર્પ જેવો છે તથા પુરુષાર્થ કરનાર જીવ નોળિયા સમાન છે. જે પોતાના

જ્ઞાયકસ્વભાવને નથી જાણતો અને સંયોગ તથા રાગ-દ્વેષમાં અટવાયેલો રહે છે તે બુદ્ધિનું નામ સંસાર છે. સંસાર સાપની સમાન છે. એની જ્યારે પુરુષાર્થ કરવાવાળા જીવ સાથે લડાઈ ચાલતી હોય છે, ત્યારે આ જીવ પોતાના ત્રિકાળી અવિનાશી આત્મામાં એકત્વબુદ્ધિ કરે છે તો અનાદિકાળની સંસારબુદ્ધિ દૂર થઈ જાય છે. કહ્યું છે કે—

સર્પ રૂપ સંસાર હૈ, નૌલ રૂપ નર જાન,
સંત બૂટી સંયોગ તેં, હોત અહિં વિષહાણ.

આ સંસાર સર્પરૂપ છે અને નોળિયારૂપ પુરુષાર્થ કરવાવાળો જીવ છે. જ્યારે આ જીવ સંસારના વિષયભોગોની અનુકૂળતા તથા પ્રતિકૂળતામાં બળે છે, ત્યારે તેની સંતરૂપી જડીબુટીથી, સર્પરૂપી જે મિથ્યાત્વ છે, તેનો નાશ થઈ જાય છે. આ જીવ અનાદિકાળથી દુઃખી થઈ રહ્યો છે, તેનું કારણ કેવળ આ જ છે કે તેને સંતરૂપી બુટી મળી નથી. સંતરૂપી બુટી જે પોતાનો સ્વભાવ જ છે, તે ચાર ગતિમાં ભ્રમણ કરવા દેતી નથી. તેનું જાણપણું ન હોવાથી તે દુઃખી છે. જેણે પોતાની સંતરૂપી બુટી (જ્ઞાયકસ્વભાવી)નું અનુભવજ્ઞાન થાય છે, પછી તે ક્યારેય આકુળિત નથી થતો. સાપ અને નોળિયાના દૃષ્ટાંતથી આ બોધ મળે છે કે જો પોતાના જ્ઞાયકસ્વભાવરૂપી બુટીનો આશ્રય લે છે તો આ સંસારમાં ક્યારેય પણ પરિભ્રમણ નથી કરવું પડતું. કારણ કે આત્મા સંયોગ, સંયોગીભાવોથી અને ભેદરૂપ વ્યવહારથી ભિન્ન છે.

**પ્રશ્ન ૩૩—જે જીવ પોતાના જ્ઞાયકસ્વભાવરૂપ સંતબુટીનો આશ્રય લે છે તો તેને શું પ્રગટે છે તથા શેનો અભાવ થાય છે?**

**ઉત્તર** —(૧) ચાર ગતિઓથી ભિન્ન અને વિલક્ષણ એવી પાંચમી ગતિ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૨) પંચ પરમેષ્ઠીમાં તેનું નામ આવે છે.

(૩) પંચમ પરમપારિણામિકભાવનું મહત્ત્વ આવી જાય છે.

(૪) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પરાવર્તનરૂપ સંસારનો અભાવ થઈ જાય છે.

(૫) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ કર્મબંધનના કારણ છે, તેનો પણ અભાવ થઈ જાય. છે.

**પ્રશ્ન ૩૪—કર્મના ઉદયનો શું અર્થ છે?**

**ઉત્તર** —ઉદયનો અર્થ પ્રગટ છે. જે કર્મ સત્તામાં પડેલું હતું તે ઉદયમાં આવ્યું, અર્થાત્ જે ઉદયમાં આવે છે તે એમ પ્રગટ કરે છે કે હું જઈ રહ્યો છું, કર્મ સજ્જન છે, તે કહે છે કે હું જાઉં છું તું ભવિષ્યમાં આવી ઉંધાઈ નહીં કરતો. નહીં તો મારે આવવું પડશે. પરંતુ અજ્ઞાની જીવ કર્મના ઉદયમાં રાગભાવ કરીને પોતાનું જીવન ખોઈ બેસે છે. જેવી રીતે આપણા ઘરે કોઈ મહેમાન આવે તો તેની પૂછપરછ ન કરીએ તો તે જલદીથી ચાલ્યા જાય છે, વાસ્તવમાં જ્યારે જીવ પાગલપણું કરે છે તો તે સમયે કર્મનો ઉદય નિમિત્ત છે. નિમિત્ત વિકાર નથી કરાવતું પરંતુ જીવ વિકાર કરે તો ત્યાં કોણ હાજર હતું તેનું જ્ઞાન કરાવે છે.

**પ્રશ્ન ૩૫—ગોમ્મટસાર વિગેરે શાસ્ત્રોમાં જ્ઞાનાવરણીય કર્મનો ઉદય જ્ઞાનને પ્રગટ થવા દેતું નથી. કર્મના ઉદયથી જીવ ભ્રમણ કરે છે—શું આ અસત્ય લખ્યું છે?**

**ઉત્તર** —શાસ્ત્રોમાં જે લખ્યું છે તે જ સત્ય છે, પરંતુ એ કથનનું શું તાત્પર્ય છે તે અજ્ઞાની નથી જાણતો.

જુઓ ભાઈ, કોઈ વકીલનું કાર્ય કરે છે તેમાં બીજો કોઈ માણસ દખલ નથી આપતો, કોઈ ડૉક્ટર ડૉક્ટરી કરે છે તો તેમાં

અન્ય કોઈ દખલ નથી દેતું. કહેવાનું તાત્પર્ય એ છે કે જે જેનો વેપાર કરે છે, જાણે છે તેમાં બીજા વેપારવાળો દખલ નથી કરતો પરંતુ લોકોત્તરમાર્ગમાં પણ આપણે એવું કરીએ કે જે આગમના અનુભવી જ્ઞાતા હોય તેનાથી પ્રથમ ધર્મશ્રવણ કરીએ, નિર્ણય કરીએ તો આપણે પણ કોઈપણ શાસ્ત્રને વાંચી શકીએ. તો હવે દૃષ્ટિ ઠીક થવાથી વીતરાગતા જ પ્રગટ થાય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવ લોકોત્તરમાર્ગમાં પોતાની બુદ્ધિ લગાવે છે, પરંતુ તેનું રહસ્ય ન જાણવાથી ધર્મની પ્રાપ્તિ નથી થતી. મોક્ષમાર્ગપ્રકાશકમાં લખ્યું છે કે દિગંબર જૈન અનુયાયી, નિરંતર શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, ભગવાનની આજ્ઞા માને છે તોપણ મિથ્યાત્વનો અભાવ નથી થતો. જિનાગમમાં જે નિશ્ચય તથા વ્યવહારરૂપ વર્ણન છે, તેની ખબર ન હોવાથી તે સંસારનું પાત્ર જ બની રહે છે. જેને હજી એમ પણ ખબર નથી કે હું કોણ છું, મારું શું કાર્ય છે, હું ક્યાંથી આવ્યો છું અને વાંચી લીધું ગોમ્મટસાર. અજ્ઞાની કહે છે કે કર્મને કારણે જીવ ભ્રમણ કરે છે. આ રીતે, જિનાગમના અર્થનો અનર્થ કરે છે. માટે હે ભાઈ! જેમ લૌકિક કાર્યમાં જેની આપણને ખબર નથી તેમાં આપણે દખલ નથી દેતા અને જેને તેની ખબર છે તેની વાત માનીએ છીએ. તે જ પ્રકારે લોકોત્તરમાર્ગમાં પણ શ્રીગુરુથી વિનયપૂર્વક નિશ્ચય તથા વ્યવહારનું રહસ્ય જાણીને પોતાના આત્માનો આશ્રય લે તો ભલું થાય જ.

**પ્રશ્ન ૩૬—રાગાદિને પુદ્‌ગલ શા માટે કહ્યા છે?**

**ઉત્તર** —(૧) જેમ પુત્ર માતાનો છે પરંતુ લગ્ન થયા બાદ વહુનો કહેવાય છે એ જ પ્રમાણે રાગાદિક પુદ્‌ગલના નિમિત્તે થાય છે, માટે રાગાદિને પુદ્‌ગલ કહ્યા છે.

(૨) જેમાં મળવું અને છૂટા પડવું હોય તેને પુદ્‌ગલ કહે છે,

તે જ પ્રમાણે રાગાદિક આવીને ચાલ્યા જાય છે; માટે રાગાદિને પુદ્‌ગલ કહ્યા છે.

(૩) રાગ આદિ આત્માના સ્વભાવમાં વિઘ્નકારક છે, આથી રાગાદિને આત્મસ્વભાવથી વિપરીત હોવાથી પુદ્‌ગલ કહ્યા છે.

(૪) જાણે તે ચેતન અને ન જાણે તે અચેતન. હવે રાગાદિ પોતાને પણ નથી જાણતા અને પરને પણ નથી જાણતા. માટે, રાગાદિ અચેતન હોવાથી તેને પુદ્‌ગલ કહ્યા છે.

(૫) જે ચાલ્યું જાય છે તે પોતાનું નથી. રાગાદિ આત્મામાંથી ચાલ્યા જાય છે, માટે રાગાદિને પુદ્‌ગલ કહ્યા છે.

યાદ રહે, રાગાદિ અજ્ઞાની જીવની પર્યાયમાં હોય છે. જો તે સ્વભાવનો આશ્રય લઈને તેને દૂર કરે તો રાગાદિ પુદ્‌ગલના છે, તેમ કહેવું સાર્થક છે.

**પ્રશ્ન ૩૭—તમે રાગાદિને પુદ્‌ગલ કહ્યા, શું રાગાદિમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ જોવામાં આવે છે?**

**ઉત્તર** —ના, રાગાદિમાં સ્પર્શ આદિ નથી, પરંતુ તેઓ જડ છે. વાસ્તવમાં રાગાદિ ન જીવના છે અને ન પુદ્‌ગલના છે. એ કહેવત છે કે રાગાદિ જીવની પાસે ગયા. તમે અમને તમારામાં મેળવી દો. જીવે કહ્યું કે શું તમારામાં ચેતનપણું છે? તો તેઓ ત્યાંથી ભાગી ગયા. પછી રાગાદિ પુદ્‌ગલ પાસે ગયા. તમે અમને તમારામાં મેળવી દ્યો. ત્યારે પુદ્‌ગલે કહ્યું શું તમારા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે? તો તેઓ ત્યાંથી પણ ભાગી ગયા. અર્થાત્ ત્રિશંકુની જેમ રાગાદિ વચમાં જ લટકી રહે છે.

**પ્રશ્ન ૩૮—પરવસ્તુથી આત્માનો કોઈ સંબંધ નથી અને આત્મા પરવસ્તુના ગ્રહણ-ત્યાગથી રહિત છે, તો આત્મા રાગાદિકને ગ્રહણ તો ન કરે પરંતુ છોડી તો શકે છે ને?**

**ઉત્તર** —બિલકુલ નહીં. (૧) જેમ જે સમયે પુત્ર ઉત્પન્ન થયો એ જ સમયે તે મરી શકે છે? નહીં. તે જ પ્રમાણે જે સમયે રાગાદિ ઉત્પન્ન થયા તે સમયે તેનો અભાવ નથી થઈ શકતો. ભૂતકાળનો રાગ છે જ નહીં. તે તો સમાપ્ત થઈ ગયો છો. ભવિષ્યકાળનો રાગ આવ્યો જ નથી, તો તેને શું છોડવો? આથી આત્મા ભૂત, ભવિષ્ય, વર્તમાનના રાગનો ત્યાગ કરી શકતો નથી.

(૨) અજ્ઞાની કહે છે કે જ્યારે રાગ આવશે ત્યારે હું તેનો અભાવ કરી દઈશ. પરંતુ તે રાગ છદ્મસ્થના જ્ઞાનમાં અસંખ્યાત સમય પછી આવે છે. તો જે રાગ તે છોડવા માગે છે તે તો અસંખ્યાતવાર સ્વયં બદલાઈ ગયેલો હશે. અર્થાત્ તે રાગનો તો વ્યય થઈ ગયો તો તે કોને છોડશે?

(૩) અજ્ઞાની કહે છે જ્યારે રાગની પર્યાય ઉત્પન્ન થશે હું તેનો અભાવ કરી દઈશ. પરંતુ જ્યારે એક રાગની પર્યાય પકડમાં આવશે ત્યારે તેને કેવળજ્ઞાન હોવું જોઈએ. અને કેવળજ્ઞાન થયા પહેલા બારમાં ગુણસ્થાનમાં રાગાદિનો સર્વથા અભાવ જ થઈ જાય છે. આથી રાગનો ત્યાગ કરવો નથી પડતો.

**પ્રશ્ન ૩૯—શાસ્ત્રમાં લખ્યું છે કે રાગાદિનો ત્યાગ કરવો, તો શું તે અસત્ય લખ્યું છે?**

**ઉત્તર** —નહીં, અસત્ય નથી લખ્યું. તે નિમિત્તની અપેક્ષાએ કથન કર્યું છે. જેમ કોઈને તાવ આવ્યો, ડૉક્ટરે દવા આપી તો તે ઉતરી ગયો. ખરેખર તાવ આવ્યો જ નહીં તેને જ તાવ ઉતરી ગયો એમ બોલવામાં આવે છે, તે જ પ્રમાણે જીવે પોતાના ત્રિકાળી સ્વભાવનો આશ્રય લીધો તો રાગ-દ્વેષ ઉત્પન્ન જ ન થયા તો રાગ-દ્વેષને દૂર કર્યા એવું વ્યવહારથી કથન કરવામાં આવે છે. કારણ કે સ્વભાવનો આશ્રય લેવો, અશુદ્ધપર્યાયનો વ્યય અને શુદ્ધ પર્યાયની ઉત્પત્તિ તેનો સમય એક જ છે.

**પ્રશ્ન ૪૦—સાકાર-નિરાકારનો ક્યા ક્યા અર્થમાં પ્રયોગ થાય છે ?**

**ઉત્તર** —બે અર્થમાં. (૧) દર્શન ઉપયોગને નિરાકાર ઉપયોગ કહે છે. કારણ કે દર્શન પદાર્થોને અભેદરૂપથી દેખે છે.

(૨) જ્ઞાન ઉપયોગને સાકાર ઉપયોગ કહે છે. કારણ કે જ્ઞાન પદાર્થોને ભિન્ન-ભિન્ન જાણે છે.

(અ) ઈન્દ્રિયગમ્ય ન હોવાથી આત્માને નિરાકાર કહે છે.

(બ) પ્રદેશત્વગુણને કારણે આત્માને સાકાર કહે છે.

**પ્રશ્ન ૪૧—સવિકલ્પ અને નિર્વિકલ્પનો પ્રયોગ ક્યા ક્યા અર્થમાં થાય છે ?**

**ઉત્તર** —બે અર્થમાં. (૧) બુદ્ધિપૂર્વક રાગ અવસ્થાને સવિકલ્પ અવસ્થા કહે છે.

(૨) અબુદ્ધિપૂર્વક રાગ સહિત પરંતુ બુદ્ધિપૂર્વક રાગ રહિત અવસ્થાને નિર્વિકલ્પ અવસ્થા કહે છે.

(૩) જ્ઞાનમાં પદાર્થ ભિન્ન-ભિન્ન જાણવામાં આવે છે માટે જ્ઞાનને સવિકલ્પ કહે છે.

(૪) દર્શનમાં પદાર્થ અભેદરૂપથી દેખવામાં આવે છે માટે દર્શનને નિર્વિકલ્પ કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૪૨—સામાન્ય અને વિશેષનો પ્રયોગ ક્યા ક્યા અર્થમાં થાય છે ?**

**ઉત્તર** —ચાર અર્થમાં. (૧) દર્શનને સામાન્ય કહે છે (દર્શનઉપયોગ)

(૨) જ્ઞાનને વિશેષ કહે છે. (જ્ઞાનોપયોગ)

(અ) સંક્ષેપમાં થોડું બોલવાનો અર્થ સામાન્ય કહેવાય. જેમકે

ભાઈ, થોડામાં વર્ણન કરો.

(બ) વિસ્તારપૂર્વક અર્થમાં કથન કરવું તેને વિશેષ કહે છે.

જ્યારે દ્રવ્યને સામાન્ય કહીએ છીએ ત્યારે ગુણને વિશેષ કહેવાય. જ્યારે ગુણને સામાન્ય કહીએ તો પર્યાયને વિશેષ કહેવાય.

**પ્રશ્ન ૪૩—ભેદ-અભેદનો પ્રયોગ ક્યા ક્યા અર્થમાં કરવામાં આવે છે?**

**ઉત્તર** —બે અર્થમાં. (૧) એક વસ્તુને બીજી વસ્તુથી ભેદ કરીને જાણવું તેને ભેદ કહે છે.

(૨) ભેદ પાડ્યા વિના જોવું તેને અભેદ કહે છે.

(અ) ગુણ-પર્યાયને ભેદ કહે છે. (બ) દ્રવ્યને અભેદ કહે છે.

**પ્રશ્ન ૪૪—અજ્ઞાનીને રાગ-દ્વેષ કેમ ઉત્પન્ન થાય છે?**

**ઉત્તર** —(૧) સંસારના પદાર્થોનું પોતાના ભાવ અનુસાર પરિણમન થવા પર રાગ ઉત્પન્ન થાય છે.

(૨) સંસારના પદાર્થોનું પોતાના ભાવ અનુસાર પરિણમન ન થવાથી દ્વેષ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૪૫—અજ્ઞાનીના રાગ-દ્વેષનો અભાવ કેવી રીતે થાય?**

**ઉત્તર** —જિનેન્દ્ર કથિત વિશ્વવ્યવસ્થાને માનવાથી તથા નિમિત્તરૂપથી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાથી જ રાગ-દ્વેષનો અભાવ થઈ શકે છે.

**પ્રશ્ન ૪૬—હુંડાવસર્પિણી કાળમાં અછેરા ક્યા ક્યા છે?**

**ઉત્તર** —(૧) તીર્થંકરને પુત્રી થવી. (૨) ચક્રવર્તીનું પરાજિત થવું. (૩) ૬૩ શલાકા પુરુષને બદલે ૬૦ની સંખ્યા થવી.

**પ્રશ્ન ૪૭—સ્મરણ, વિસ્મરણ અને મરણનું શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —(૧) જેનું કરવું જોઈએ નિરંતર સ્મરણ તેનું કરીએ છીએ વિસ્મરણ, એટલા માટે નથી મટતું ભયંકર ભાવમરણ.

(૨) જેનું કરવું જોઈએ વિસ્મરણ, તેનું કરે છે સ્મરણ માટે નથી મટતું ભયંકર ભાવમરણ.

**પ્રશ્ન ૪૮—'જીવો અને જીવવા દો' નો અર્થ સમજાવો.**

**ઉત્તર** —(૧) પોતાના ચૈતન્યપ્રાણથી સદાકાળ જીવે તેનું 'જીવો'થી તાત્પર્ય છે.

(૨) બીજો જીવ પણ સદાકાળ પોતાના ચૈતન્યપ્રાણથી જીવે તેનું 'જીવવા દો'થી તાત્પર્ય છે.

**પ્રશ્ન ૪૯—દૃષ્ટિવંતને ભવ અને ભવનો ભાવ કેમ નથી?**

**ઉત્તર** —જેમ સ્વભાવમાં ભવ નથી અને ભવનો પણ ભાવ નથી તે પ્રમાણે (તેના) દૃષ્ટિવંતને ભવ નથી અને ભવનો ભાવ પણ નથી.

**પ્રશ્ન ૫૦—જીવને લોકાગ્ર જવામાં એક સમયથી વધારે સમય લાગે તો શું દોષ છે?**

**ઉત્તર** —જ્યારે જીવ સંપૂર્ણ શુદ્ધ થઈ જાય છે ત્યારે તેમનામાં સંપૂર્ણ શક્તિ પ્રગટ થઈ જાય છે. જો લોકાગ્ર જવામાં એક સમયથી વધારે સમય લાગે તો જીવની પૂર્ણ શક્તિ પ્રગટ નથી થઈ એમ કહી શકાય. પરંતુ પર્યાયમાં તો પૂર્ણ શક્તિ પ્રગટ થઈ ગઈ છે માટે લોકાગ્ર જવામાં એક સમય જ લાગે છે.

**પ્રશ્ન ૫૧—છેદો અને છેદોપસ્થાપના કોને કહે છે?**

**ઉત્તર** —પોતાના સ્વરૂપની રમણતાથી ચ્યુત થઈને, શ્રદ્ધાસહિત પ્રમાદને વશ થવું તેને છેદ કહે છે. તે પ્રમાદને હટાવીને પોતાના સ્વરૂપમાં આવવું તેને છેદોપસ્થાપના કહે છે. જેમ સાતમા

ગુણસ્થાનવાળા મુનિરાજ જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે અઠ્યાવીસ મૂળગુણ પાળવાનો ભાવ આવે છે તેનું નામ જ છેદ છે અને તે વૃત્તિને તોડીને સાતમાં ગુણસ્થાનમાં જવું તે છેદોપસ્થાપના છે.

**પ્રશ્ન ૫૨—હિંસા અને મહાનહિંસા શું છે?**

**ઉત્તર** —(૧) રાગાદિની ઉત્પત્તિ થવી તે હિંસા છે. (૨) રાગાદિભાવોમાં ધર્મ માનવો તે મહાન હિંસા છે.

**પ્રશ્ન ૫૩—અહિંસા અને અહિંસાની સાચી સમજ શું છે?**

**ઉત્તર** —(૧) રાગાદિકની અનુત્પત્તિ તે અહિંસા છે.

(૨) રાગાદિકમાં ધર્મ ન માનવો, તે જ અહિંસાની સાચી સમજ છે.

**પ્રશ્ન ૫૪—સંસારનો અભાવ અને મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય?**

**ઉત્તર** —પરિવર્તનશીલ સંસારમાં, અપરિવર્તનશીલ પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય લે તો અપરિવર્તનશીલ મોક્ષની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન ૫૫—સામાન્યના આશ્રયથી શું થાય છે? અને વિશેષના આશ્રયથી શું થાય છે?**

**ઉત્તર** —પોતાના સામાન્ય સ્વભાવનો આશ્રય લેવાથી, પોતાને વિશેષમાં સંવર, નિર્જરા અને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને પોતાના વિશેષનો આશ્રય લે તો પોતાના વિશેષમાં આસ્રવ-બંધની વૃદ્ધિ થઈ નિગોદની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૫૬—'મારે દુઃખ મટાવીને સુખ પ્રાપ્ત કરવું છે'—આ વાક્ય પર સાત તત્ત્વ લગાવો.**

**ઉત્તર** —મારે=જીવ, દુઃખ=આસ્રવ-બંધ, મટાડીને=સંવર-

નિર્જરા-મોક્ષ=સુખ પ્રાપ્ત કરવું છે.

**પ્રશ્ન ૫૭—'સમજ્યા તે સમાયા'નું શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —જે પોતામાં સમાઈ જાય છે તે સમજ્યો અને સમજવાવાળાને બહારની પ્રસિદ્ધિની આવશ્યકતા નથી.

**પ્રશ્ન ૫૮—મિથ્યાત્વ શું છે?**

**ઉત્તર** —પર્યાયનું લક્ષ કરવાવાળા છદ્મસ્થ જીવને પર્યાયી(દ્રવ્ય)નું લક્ષ ન હોવું તે જ મિથ્યાત્વ છે.

**પ્રશ્ન ૫૯—શું પર્યાયનું જ્ઞાન કરવું તે મિથ્યાત્વ છે?**

**ઉત્તર** —પર્યાયનું જ્ઞાન કરવું તે મિથ્યાત્વ નથી પરંતુ પર્યાયનો આશ્રય કરવો તે મિથ્યાત્વ છે.

**પ્રશ્ન ૬૦—'આપ્ત' કોને કહે છે?**

**ઉત્તર** —વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશીને 'આપ્ત' કહે છે.

**પ્રશ્ન ૬૧—જે વીતરાગ હોય તે સર્વજ્ઞ છે કે નહીં?**

**ઉત્તર** — ૧૧માં તથા ૧૨માં ગુણસ્થાનમાં વીતરાગ છે પણ સર્વજ્ઞ નથી.

**પ્રશ્ન ૬૨—સર્વજ્ઞ છે તે વીતરાગ છે કે નહીં?**

**ઉત્તર** —નિયમથી છે. કારણ કે ૧૩મા ગુણસ્થાને સર્વજ્ઞ છે અને તે ૧૨મે ગુણસ્થાનમાં વીતરાગ થઈ જાય છે.

**પ્રશ્ન ૬૩—પૂર્ણ આપ્તપણું નિયમથી કોને હોય છે?**

**ઉત્તર** —તીર્થંકરને જ હોય છે. કારણ કે તેમની દિવ્યધ્વનિ નિયમથી ખરે છે.

**પ્રશ્ન ૬૪—તીર્થંકર પદનો બંધ તીર્થંકરને માટે કાર્યકારી છે કે ભવ્યજીવોને માટે કાર્યકારી છે?**

**ઉત્તર** —તીર્થંકર પદનો બંધ જે જીવ પ્રાપ્ત કરે છે તેનો ફાયદો ન તો સ્વયં તીર્થંકરને થાય છે અને ન ભવ્યજીવને પાર થવા માટે છે. કારણ કે તીર્થંકર પ્રકૃતિ તો એક વિશિષ્ટ પુણ્ય પ્રકૃતિ છે.

**પ્રશ્ન ૬૫—તીર્થંકરનો બંધ તીર્થંકર થવાવાળા જીવને માટે કેમ કાર્યકારી નથી?**

**ઉત્તર** —(૧) જેમ મહાવીર ભગવાનના જીવને નંદરાજાના ભવમાં તીર્થંકર નામકર્મનો બંધ થયો, જેથી તેમના ત્રણ ભવ વધી ગયા. જો તેઓ તે સમયે વિશેષ સ્થિરતા કરીને પોતાનામાં પૂર્ણ લીન થઈ જાત તો તે જ ભવે મોક્ષ થઈ જાત.

(૨) તીર્થંકર પ્રકૃતિનો ઉદય ૧૩માં ગુણસ્થાનમાં આવે છે તો વિચારો તીર્થંકર પદનો બંધ તીર્થંકરને માટે શું કાર્યકારી છે? કાંઈપણ નહીં. કારણ કે તેમને જે સમવસરણાદિ ઋદ્ધિની પ્રાપ્તિ થઈ છે તે તો તેમના જ્ઞાનનું જ્ઞેય બને છે.

**પ્રશ્ન ૬૬—શું ભવ્યજીવોને પાર કરાવવાને માટે પણ તીર્થંકરપદ કાર્યકારી નથી?**

**ઉત્તર** —નથી. કારણ કે કોઈ જીવ ભગવાનના સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળી રહ્યો છે. જો એનો ઉપયોગ દિવ્યધ્વનિની તરફ રહે તો તે ધર્મ પ્રાપ્ત નથી કરી શકતો. માટે તીર્થંકરપદથી પણ દૃષ્ટિને ઉઠાવો. એકમાત્ર પોતાના સ્વભાવનો આશ્રય લ્યો તો જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન ૬૭—આત્મામાં બંધનું નિમિત્તકારણ કોણ છે અને કોણ નથી?**

**ઉત્તર** —(૧) કર્મ આઠ છે, તેમાંથી અઘાતિકર્મ તો બંધના કારણ નથી. કારણ કે અઘાતિને કારણે સંયોગ મળે છે.

(૨) ઘાતિયામાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને

અંતરાયનો ક્ષયોપશમ કોઈને કોઈ અંશમાં સર્વ સંસારીજીવોને પ્રગટ છે. તે ત્રણેની હીન કે અધિક અવસ્થા પણ બંધનું કારણ નથી. જ્ઞાન-દર્શન-વીર્યનો જેટલો ઉઘાડ છે, તે પણ બંધનું કારણ નથી. કારણ કે તે સ્વભાવનો અંશ છે. જો સ્વભાવ બંધનું કારણ હોય તો સ્વભાવ ત્રિકાળ છે. માટે પણ બંધ પણ ત્રિકાળ થઈ જશે. તેથી જેટલો ઉઘાડ છે તે પણ બંધનું કારણ નથી.

(૩) હવે રહ્યો મોહનીય. તેમાં પણ વિશેષ બંધનું કારણ દર્શનમોહનીયનો ઉદય છે અને ચારિત્રમોહનીયના ઉદયથી જે રાગ-દ્વેષ થાય છે તે પણ બંધના કારણ છે. આ પ્રમાણે માત્ર મોહનીય કર્મ જ બંધનું નિમિત્તકારણ છે.

**પ્રશ્ન ૬૮—પાંચ ભાવોમાંથી બંધનું કારણ કોણ છે?**

**ઉત્તર** —પાંચ ભાવોમાંથી માત્ર ઔદયિકભાવ જ બંધનું કારણ છે. પરંતુ સર્વ ઔદયિકભાવ પણ બંધના કારણ નથી. પણ મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ—આ ચાર બંધના કારણ છે.

(શ્રી ષટ્ખંડાગમ, ધવલા ભાગ-૭, પાનુ-૧)

**પ્રશ્ન ૬૯—પુદ્ગલોમાં બંધ કેવી રીતે થાય છે અને તે શું બતાવે છે?**

**ઉત્તર** —પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ બધા જોવામાં આવે છે. તેમાંથી પણ સ્પર્શને છોડીને બાકીના ગુણોની પર્યાયને કારણે બંધ થતો જ નથી. સ્પર્શગુણની આઠ પર્યાયો છે. આ આઠ પર્યાયમાંથી માત્ર સ્નિગ્ધ અને રુક્ષ બે પર્યાયોમાં જ બંધ થાય છે. (જેમ કે પુદ્ગલમાં સ્નિગ્ધ-રુક્ષના કારણે બંધ થાય છે તેવી જ રીતે જીવમાં રાગ-દ્વેષને કારણે બંધ થાય છે.

**પ્રશ્ન ૭૦—આ જીવ સુવર્ણ અક્ષરોમાં સ્વયં નિગોદની ટિકિટ ઉપર સહી શા માટે કર્યો છે?**

**ઉત્તર** —ઈન્ગ્લેન્ડમાં જે સમયે ચાર્લ્સ ૪થો રાજા હતો, તે સમયે ત્યાંની પાર્લામેન્ટે ચાર્લ્સને માટે ફાંસીનો પ્રસ્તાવ પાસ કર્યો અને ચાર્લ્સની પાસે સહી કરવા માટે મોકલી આપ્યો. ત્યાં આગળ તે સમયે એવો જ નિયમ હતો કે પાર્લામેન્ટ દ્વારા પાસ થવા છતાં જ્યાં સુધી રાજાની સહી ન થાય ત્યાં સુધી તે પાસ માનવામાં ન આવે. જુઓ તે સમયે રાજાએ પોતાની ફાંસી પર પોતે સહી કરી. તે જ પ્રમાણે અનાદિકાળથી મોહરૂપી પાગલપણને કારણે આ અજ્ઞાની જીવ ક્ષણ-ક્ષણમાં ભાવમરણ કરી રહ્યો છે. સંસારમાં તેનો કોઈ સાથે કોઈ જ સંબંધ નથી. પરંતુ તે અજ્ઞાની જીવ જ્યાં પણ જાય છે ત્યાં-ત્યાં આ મારું, આ તારું કર્યા કરે છે. કોઈ પદાર્થને ઈષ્ટ માને છે તો કોઈને અનિષ્ટ માને છે. જ્યારે કોઈપણ ઈષ્ટ કે અનિષ્ટ નથી. તે કારણે આ જીવ ભાવમરણ કરી રહ્યો છે અને નિગોદનું પાત્ર બની રહ્યો છે.

**પ્રશ્ન ૭૧—રાગ-દ્વેષની ઉત્પત્તિનું શું કારણ છે?**

**ઉત્તર** —સ્વઆત્મતત્ત્વથી છૂટીને, પરદ્રવ્યનું લક્ષ કરવું તે જ રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ છે અને પુદ્‌ગલકર્મોનું આત્મપ્રદેશોમાં સ્થિત થવું તે નિમિત્તકારણ છે.

દરેક કાર્યના બે કારણ હોય છે. (૧) ઉપાદાન કારણ અને (૨) નિમિત્તકારણ.

(૧) ઉપાદાનકારણ : પોતાના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય ન લેવો અર્થાત્ તેનાથી ખસી જવું. વાસ્તવમાં આત્મસ્વભાવથી ભ્રષ્ટ થવું તે જ રાગ-દ્વેષની ઉત્પત્તિનું ઉપાદાનકારણ છે. જ્યારે ઉપાદાન કારણ હોય છે, તે સમયે નિમિત્તરૂપે મોહનીયકર્મનો ઉદય હોય જ છે.—આવો સહજ જ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે.

(૨) રાગ-દ્વેષની ઉત્પત્તિમાં અનાદિકાળથી એક-એક સમય કરીને નિમિત્તકારણ મોહનીયકર્મ છે.

**પ્રશ્ન ૭૨— રાગ-દ્વેષના અભાવમાં ઉપાદાન અને નિમિત્ત કારણ શું છે?**

**ઉત્તર** —મોહનીયકર્મનો અભાવ તે નિમિત્તકારણ છે અને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય તે ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન ૭૩—સાધક જીવને રાગ-દ્વેષની ઉત્પત્તિમાં શું કારણ છે?**

**ઉત્તર** —ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનમાં પોતપોતાની ભૂમિકા અનુસાર શુદ્ધ પરિણતિ તો નિરંતર રહે જ છે. શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય તો સોએ સો ટકા પૂરેપૂરી છે, પરંતુ સાધકને ચારિત્રગુણની એક સમયની પર્યાયમાં બે ધારા ચાલે છે, (૧) શુદ્ધ, (૨) અશુદ્ધ. તેની ઓળખાણ જ્ઞાનીઓને છે, અજ્ઞાનીઓને નથી.

શુદ્ધપરિણતિરૂપ જેટલી સ્થિરતા હોય છે, તે તો રાગ-દ્વેષના અભાવરૂપ વર્તે છે અને જેટલા તેઓ પોતામાંથી ચ્યૂત થાય છે, તે રાગ-દ્વેષની ઉત્પત્તિનું મૂળ કારણ છે.

**પ્રશ્ન ૭૪—શું વૈભાવિક શક્તિને રાગ-દ્વેષની ઉત્પત્તિમાં ઉપાદાનકારણ કહી શકાય છે?**

**ઉત્તર** —નહીં. વૈભાવિક શક્તિ ગુણ છે. જો તે રાગ-દ્વેષનું ઉપાદાનકારણ હોય તો સિદ્ધોમાં પણ રાગ-દ્વેષ હોવો જોઈએ. માટે વૈભાવિક શક્તિ રાગ-દ્વેષનું ઉપાદાનકારણ હોઈ શકે નહીં.

**પ્રશ્ન ૭૫—તો પછી રાગ-દ્વેષનો વાસ્તવિક ઉપાદાનકારણ શું છે?**

**ઉત્તર** —જે રાગ-દ્વેષના અભાવનું ઉપાદાનકારણ છે, વાસ્તવમાં એનાથી વિપરીત રાગ-દ્વેષની ઉત્પત્તિનું ઉપાદાનકારણ

છે. રાગ-દ્વેષના અભાવનું ઉપાદાનકારણ નિજ ત્રિકાળી સ્વભાવનો આશ્રય લેવો તે છે. એ જ પ્રમાણે રાગ-દ્વેષની ઉત્પત્તિનું ઉપાદાનકારણ પોતાના ત્રિકાળી સ્વભાવનો આશ્રય ન કરવો.

**પ્રશ્ન ૭૬– રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ, સ્વભાવનો આશ્રય ન કરવો તે છે તો તેનો કોઈ શાસ્ત્ર આધાર છે?**

**ઉત્તર** –(૧) આત્મામાં રાગાદિક ઉત્પન્ન થાય છે, તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે. નિશ્ચયથી વિચાર કરવામાં આવે, જે અન્ય દ્રવ્ય (દ્રવ્યકર્મ) રાગાદિકને ઉત્પન્ન કરવાવાળા નથી; અન્ય દ્રવ્ય તેનું નિમિત્તમાત્ર છે. કારણ કે અન્ય દ્રવ્યને, અન્ય દ્રવ્ય, ગુણ-પર્યાય ઉત્પન્ન નથી કરતું તેવો નિયમ છે. જે એમ માને છે કે પરદ્રવ્ય જ મને રાગાદિક ઉત્પન્ન કરાવે છે, તેઓ નયવિભાગને સમજ્યા નથી, તેથી મિથ્યાદૃષ્ટિ છે. આ રાગાદિક જો કે જીવના સત્ત્વમાં ઉત્પન્ન થાય છે, પરદ્રવ્ય નિમિત્તમાત્ર છે એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

(શ્રી સમયસાર ગાથા-૩૭૨ની ભાવાર્થ)

(૨) પરમાર્થથી આત્મા પોતાના પરિણામસ્વરૂપ એવા ભાવકર્મનો જ કર્તા છે, પરમાર્થથી પુદ્‌ગલ પોતાના પરિણામસ્વરૂપ એવા તે દ્રવ્યકર્મનો જ કર્તા છે. પરંતુ આત્માના ભાવકર્મનો નહીં.

(શ્રી પ્રવચનસાર ગાથા ૧૨૨ની ટીકામાંથી)

**પ્રશ્ન ૭૭–સંપૂર્ણ સુખી થવાનો ઉપાય શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં શું બતાવ્યો છે.**

**ઉત્તર** –વસ્તુસ્વરૂપને સમજવાથી આકુળતા મળશે, અન્ય કોઈ ઉપાય નથી. જેમકે કોઈ મડદાને જીવિત માનીને ખવડાવા માંગે, પીવડાવા માંગે અને તે તો ખાય પીએ નહીં તો આની આકુળતા ક્યારેય દૂર થતી નથી. તેનાથી ઉલટું, મડદાને મૃત માને, જીવાડવાથી જીવશે નહીં, ખવડાવાથી ખાશે નહીં, તોજ શાંતિ પ્રાપ્ત

થઈ શકે. તે પ્રમાણે અનાદિનિધન વસ્તુઓ, ભિન્ન-ભિન્ન પોતાની મર્યાદા સહિત પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી, કોઈ બીજાથી પરિણમાવાથી પરિણમશે નહીં.

મિથ્યાદષ્ટિ વિચારે છે કે હું જેમ ચાહું તેવું પદાર્થનું પરિણમન થાય તો સારું. બધા મારા મિત્ર હોય, દુશ્મન ન હોય, બધા મારી પ્રશંસા કરે, નિંદા ન કરે. સંસારમાં હું સૌથી મોટો કહેવડાવું, બધા મારા દાસ રહે, આવી અગણિત ઈચ્છા કરીને દુઃખી થાય છે. માટે તેઓને યથાર્થ સમજવા અને પરિણમન કરાવવાથી બીજારૂપે પરિણમશે નહીં—આમ માનવું જ દુઃખ દૂર કરવાનો ઉપાય છે. ભ્રમજનિત દુઃખ દૂર કરવાનો ઉપાય, ભ્રમ દૂર કરવો તે જ છે. તે ભ્રમ દૂર થવાથી સમ્યક્શ્રદ્ધાન થાય છે, તે સત્ય ઉપાય આકુળતા મટાડવાનો છે, બીજો નહીં.

**પ્રશ્ન ૭૮—કોઈ નિશ્ચયરત્નત્રય બારમાં ગુણસ્થાનમાં અને કોઈ આઠમાં ગુણસ્થાનમાં અને કોઈ તેરમાં ગુણસ્થાનમાં બતાવે છે તો શું આ વાત બરાબર છે?**

**ઉત્તર** —(૧) વાસ્તવમાં નિશ્ચય રત્નત્રયની શરૂઆત ચોથા ગુણસ્થાનથી જ થાય છે. ચોથા ગુણસ્થાનમાં કષાયની એક ચોકડીના અભાવરૂપ, પાંચમામાં બે ચોકડીના અભાવરૂપ, છઠ્ઠામાં ત્રણ ચોકડીના અભાવરૂપ શુદ્ધ અંશ હોય છે, તેટલું જ નિશ્ચયરત્નત્રય હોય છે. તે ક્રમ-ક્રમથી વધે છે. જે જીવ ઉલટું બોલે છે, તેનું કથન મિથ્યા છે, કારણ કે

'अचिरात्-शीघ्र तद्भवे तृतीय भवादौ वा अवश्य नियमतः समयस्य पदार्थस्य-सिद्धान्तशासनस्य वा सारं परमात्मानं टंकोत्कीर्ण स्वभावं विदंति-लभते साक्षात् परमात्मा भवतीती यावत् ।'

જુઓ, નિશ્ચયરત્નત્રયથી એક ભવ, બે ભવ અથવા

ત્રણભવમાં નિર્વાણને પ્રાપ્ત થાય છે. જો ૮, ૧૨, ૧૩માં ગુણસ્થાનમાં નિશ્ચયરત્નત્રય હોય તો બે ભવ અથવા ત્રણભવની વાત ક્યાં રહી? કારણ કે બારમું, તેરમું ગુણસ્થાન હોય તો તે જ ભવે નિયમથી મોક્ષે જાય છે.

(સર્વવિશુદ્ધિ અધિકાર, કળશ-૪૭ ટીકા, શુભચંદ્રાચાર્ય)

(૨) શ્રી નિયમસાર પરમભક્તિ અધિકાર ગાથા-૧૩૪માં લખ્યું છે કે 'જે શ્રાવક તથા શ્રમણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ભક્તિ કરે છે તેને ભગવાને નિર્વાણની ભક્તિ કહી છે'.

**પ્રશ્ન ૭૯—આ જીવ આટલું સાંભળ્યા છતાં પણ કેમ ચેતતો નથી?**

**ઉત્તર** —(૧) જેમ કોઈ મનુષ્ય મોટી મોટી ત્રણ રજાઈ ઓઢીને સૂતો છે, તેને કેટલો પણ માર મારો તે ઊઠતો જ નથી. તે જ પ્રમાણે અનાદિકાળથી આ જીવ મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ત્રણ રજાઈ ઓઢીને સૂઈ રહ્યો છે. તેને સદ્‌ગુરુ કેટલો પણ જગાડે પણ તે જાગતો જ નથી.

(૨) જેમ કે કોઈ પાતળી ચાદર ઓઢીને સૂતો છે તેને જરા હલાવો તો તે તુરત જાગી જશે. તે જ પ્રમાણે પાત્ર જીવને જરા કહો કે તું તો ભગવાન છો તો તુરંત જાગી જાય છે.

**પ્રશ્ન ૮૦—શાસ્ત્રોમાં (૧) સ્ફટિકમણિ, (૨) દીપક અને (૩) દર્પણની ઉપમા આપવા પાછળ આચાર્યોનો શો મર્મ છે?**

**ઉત્તર** —(૧) જિનવાણીમાં સ્ફટિકમણિની ઉપમા ત્યાં આપવામાં આવે છે જ્યાં આત્માનો સ્વભાવ બતાવવો હોય. (૨) દીપકની ઉપમા ત્યાં દેવામાં આવે છે જ્યાં આત્માનો સ્વપરપ્રકાશક સ્વભાવ બતાવવો હોય. (૩) દર્પણની ઉપમા ત્યાં દેવામાં આવે છે જ્યાં જેવું પદાર્થોનું સ્વરૂપ છે તેવું સ્વરૂપ બતાવવા માટે.

**પ્રશ્ન ૮૧—ભાવક-ભાવ્યનો શું શું અર્થ છે?**

**ઉત્તર** —(૧) સમયસાર ગાથા ૩૨-૩૩માં 'ભાવક=કર્મનો ઉદય અને ભાવ્ય=અસ્થિરતા સંબંધી શુભભાવને બતાવ્યો છે.

(૨) શ્રી પ્રવચનસાર ગાથા ૨૪૨માં 'ભાવક=આત્મા અને ભાવ્ય=સમ્યગ્દર્શન આદિ શુદ્ધ પર્યાયને બતાવી છે.

**પ્રશ્ન ૮૨—સોપક્રમ અને નિરુપક્રમ આયુથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —(૧) સોપક્રમ=જે આયુની પૂર્ણતામાં બાહ્યના પ્રતિકૂળ સંયોગ નિમિત્તરૂપે હોય તે સોપક્રમ આયુ કહેવાય છે.

(૩) નિરુપક્રમ=જે આયુની પૂર્ણતામાં બાહ્ય સંયોગ નિમિત્તરૂપે ન હોય તેને નિરુપક્રમ આયુ કહેવાય છે.

**પ્રશ્ન ૮૩—આપ કહો છો કે (૧) કોઈ આત્મા શરીરનું કામ નથી કરી શકતો, (૨) રોટલી ખાવાનું કાર્ય પુદ્ગલનું જ છે આત્માનું નહીં, (૩) કર્મના ઉપશમ આદિ કાર્મણવર્ગણાનું જ કાર્ય છે, જીવ સાથે તેને કોઈ સંબંધ નથી. પરંતુ અમને તો વિપરીત જ દેખાય છે તેનું શું કારણ છે?**

**ઉત્તર** —(૧) જેમ કોઈ કમળાના રોગીને બધી જ વસ્તુ પીળી જ દેખાય છે, તે જ પ્રમાણે અજ્ઞાનીઓને બધી વાતો શાસ્ત્રથી વિરુદ્ધ જ દેખાય છે.

(૩) જેમ તમે ટ્રેનમાં સફર વખતે બહારની તરફ જોતા ઝાડ વગેરે ચાલતા દેખાય છે તો શું ઝાડ ચાલી શકે છે? તમે કહેશો કે ના. તે જ પ્રમાણે અજ્ઞાનીને એવું દેખાય છે કે શરીરના બધા કામ હું કરું છું. પરંતુ જેવી રીતે તમારા જ્ઞાનમાં આવ્યું કે ઝાડ ચાલતા નથી એ જ રીતે જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા માનીને પોતાના સ્વભાવનો આશ્રય લે તો સાચી વાત ધ્યાનમાં આવી જશે.

(૩) 'વાછડાના ઈંડાની સમાન' આત્માએ કર્યું—એમ અજ્ઞાની

માને છે. અજ્ઞાની જીવ કહે છે કે આત્મા પરદ્રવ્યના કાર્યને કરતો દેખાય છે ને? અરે ભાઈ! જ્યારે આત્મા પરદ્રવ્યનું કાંઈ જ નથી કરી શકતો તો તે ક્યાંથી જોયું? ખોટી દષ્ટિથી જોયું કે આત્માએ જડની ક્રિયા કરી. આ જુઓ, હાથમાં લાકડી છે જ્યારે તે ઉંચી થઈ ગઈ તેમાં આત્માએ શું કર્યું? આત્માએ આ જાણ્યું તો ખરું કે લાકડી પહેલા નીચી હતી હવે તે ઊંચી થઈ ગઈ છે. પરંતુ આત્મા લાકડીને ઊંચી કરવામાં સમર્થ નથી. જ્યારે અજ્ઞાની માને છે કે મેં લાકડી ઉંચી કરી. આ વિપરીત માન્યતા છે. માટે યાદ રાખો (ક) એક આત્મા બીજા આત્માનું કાંઈ જ નથી કરી શકતો. (ખ) એક આત્મા જડનું કાંઈ જ નથી કરી શકતો. (ગ) એક પુદ્ગલ બીજા પુદ્ગલનું કાંઈ જ કરી શકતું નથી. (ઘ) એક પુદ્ગલ પણ આત્માનું કાંઈ જ કરી શકે નહીં. આમ માનવું સમ્યગ્જ્ઞાન છે. તેનાથી ઉલટું માનવું તે મહા પાપ મિથ્યાત્વ છે.

(૪) જુઓ! અરિહંત ભગવાનને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ છે. તેઓ આ સમયે ચાર અઘાતિકર્મ અને ઔદારિક શરીરનો અભાવ નથી કરી શકતા અને તેનો ભક્ત કહે છે કે હું કરી શકું છું. કેટલું આશ્ચર્ય છે!

(૫) સિદ્ધ ભગવાન બધાને જાણે છે. કોઈનું કાંઈપણ કરી શકતા નથી. આમ જાણીને પોતાનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ સંભવે છે.

**પ્રશ્ન ૮૪—ત્રેસઠ શલાકા પુરુષ સમ્યગ્દષ્ટિ હોય છે કે મિથ્યાદષ્ટિ?**

**ઉત્તર** —ત્રેસઠ શલાકા પુરુષોને બંધ સમ્યગ્દર્શન થયા પછી જ પડે છે. મિથ્યાદષ્ટિને આમાંથી એકપણ બંધ નથી હોતો.

(૧) ચોવીસ તીર્થંકર તો સમ્યગ્દષ્ટિ જ હોય છે અને તે ભવે

જ મોક્ષ જાય છે.

(૨) ચક્રવર્તી કોઈ મોક્ષે જાય છે, કોઈ સ્વર્ગે જાય છે અને કોઈ સમ્યક્ત્વનો અભાવ કરીને સાતમી નરકે પણ જાય છે.

(૩) નવ બળદેવ બધા સમ્યગ્દષ્ટિ જ હોય છે. કોઈ મોક્ષે અને કોઈ સ્વર્ગે જાય છે.

(૪) નારાયણ અને પ્રતિનારાયણનું સમ્યક્ત્વ નષ્ટ થઈ જાય છે અને તેઓ નિયમથી નરકમાં જાય છે.

**પ્રશ્ન ૮૫—પર્યાપ્તિ કેટલી છે અને તેનાથી શું સિદ્ધ થાય છે?**

**ઉત્તર** —પર્યાપ્તિ છ હોય છે—(૧) આહાર, (૨) શરીર, (૩) ઈન્દ્રિય, (૪) શ્વાસોચ્છ્વાસ, (૫) ભાષા, (૬) મન.

જેમ સંજ્ઞી પંચેન્દ્રિયજીવ, જ્યારે જ્યારે જ્યાં પણ ઉત્પન્ન થાય છે, ત્યાં આ બધી પર્યાપ્તિઓની શરૂઆત એક સાથે થાય છે. પણ પૂર્ણતા ક્રમથી થાય છે. તે જ પ્રમાણે સમ્યગ્દર્શન હોવાથી બધા ગુણોમાં અંશરૂપથી શુદ્ધતા આવી જાય છે. પરંતુ પૂર્ણતા ક્રમથી થાય છે. સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનમાં પૂર્ણ થઈ જાય છે. ચારિત્ર બારમાં ગુણસ્થાનમાં તથા જ્ઞાન-દર્શન-વીર્યની પૂર્ણતા તેરમાં ગુણસ્થાનમાં અને યોગની પૂર્ણતા ચૌદમાં ગુણસ્થાનમાં થાય છે.

**પ્રશ્ન ૮૬—કોઈ કહે છે કે સમ્યગદર્શન થતાં જ પૂર્ણતા થવી જોઈએ, નહીં તો અમે સમ્યગદર્શન થયું તેમ માનતા નથી. શું આ કહેવું ઠીક છે?**

**ઉત્તર** —સમ્યગ્દર્શન થતાં જ જો પૂર્ણતા થઈ જાય તો નીચેનો દોષ આવે છે.

(૧) સમ્યગ્દર્શન થતાં સિદ્ધ થઈ જશે તો કોઈ જીવને જ્ઞાનીના ઉપદેશનું નિમિત્ત નહીં બને, માટે આ માન્યતા મિથ્યા છે.

(૨) શ્રાવકપણું, મુનિપણું, શ્રેણીપણું અને અરિહંતપણું–તેના અભાવનો પ્રસંગ આવશે.

(૩) ગુણસ્થાનના અભાવનો પ્રસંગ આવશે.

(૪) શાસ્ત્રોની રચના જ નહીં થાય, કારણ કે વિશેષરૂપથી શ્રાવકને તથા ભાવલિંગી મુનિઓને શાસ્ત્ર રચવાનો વિકલ્પ હેયબુદ્ધિથી આવે છે માટે સમ્યગ્દર્શન થતાં પૂર્ણતા થવી જોઈએ, આ વાત મિથ્યાદૃષ્ટિની છે. માટે તે અસત્યાર્થ છે.

**પ્રશ્ન ૮૭–'ધ્રુવ ધામની ધૂનરૂપી ધ્યાન, આ ધર્મ છે' આનાથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** –એક માત્ર અનાદિ અનંત જે પરમપારિણામિક ધ્રુવધામ આત્મા છે તેના આશ્રયથી ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે, બીજા કોઈના આશ્રયથી થતી નથી.

(૧) જેમ ઉપર ધ્રુવ તારો છે તેની ચારે તરફ સાત તારા ચક્કર લગાવતા રહે છે, પરંતુ તે ધ્રુવ તારો એક જ જગ્યા પર રહે છે. સમુદ્રમાં આ ધ્રુવતારાના સહારે વહાણની સફર ચાલે છે. તેજ પ્રમાણે આત્મા અનાદિઅનંત ધ્રુવધામ છે. તેના આશ્રયથી ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે. બીજા કોઈના આશ્રયથી નહીં.

(૨) જેમ એક માણસના હાથમાં એક પક્ષી હતું તેણે વૃક્ષ પર બે પક્ષી બેઠેલા જોયા. જોઈને તેણે પોતાના હાથનું પક્ષી છોડી દીધું અને તે બંને પક્ષીને પકડવા દોડ્યો તો તે બંને પણ ઉડી ગયા. ઠીક તે જ પ્રમાણે અનાદિકાળથી અજ્ઞાની પોતાનો જે અનાદિ-અનંત ધ્રુવધામ આત્મા છે તેને છોડી દે છે અને અધ્રુવ એવા સ્ત્રી-પુરુષ-ધનાદિ શુભાશુભભાવો વિગેરેનો આશ્રય કરે છે તો દુઃખી થાય છે. માટે હે આત્મા! જો તારો ધ્રુવધામરૂપી અનાદિઅનંત આત્મા છે તેનો આશ્રય લે અને પરદ્રવ્યોનો વિકારી-અવિકારી પર્યાયોનો

આશ્રય છોડ તો તારું ભલું થશે.

(૩) જેમ એક મજબૂત ખીલામાં ભેસ બાંધી છે, ભેસ જોર મારે છે. લોકો કહે છે કે ભેસ જોરાવર છે, પરંતુ જોર તો તે ખીલાનું છે કે જે હલતો જ નથી. તે જ પ્રમાણે અજ્ઞાની બહારની ક્રિયાનું, શુભભાવોનું જોર જુએ છે પરંતુ જોર તો પોતાના ત્રિકાળી ધ્રુવધામનું છે. માટે પોતાના ધ્રુવધામની ધૂનરૂપી ધ્યાનથી ધર્મ પ્રગટ કરવો જોઈએ.

(૪) એકવાર નાની ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી ધ્રુવનું નાટક જોવા ગયા. નાટકમાં આવે છે કે ધ્રુવ બાળક છે, તે પોતાના પિતાની ગોદમાં બેસવા જઈ રહ્યો છે, તે સમયે તેની અપરમાતાએ ટોક્યો કે તું તેનો પુત્ર છે તો ગોદમાં કેમ જાય છે? તે આ સાંભળીને જંગલમાં ચાલ્યો ગયો અને એવું ધ્યાન લગાવ્યું કે આંખ ઉઠાવીને સામે જોતો જ નથી. ત્યારે સ્વર્ગથી બે અપ્સરાઓ તેને ચળાવવા આવી. તેઓએ ખૂબ હાવ-ભાવ પ્રગટ કર્યા પરંતુ ધ્રુવે તેમની તરફ આંખ ઉઠાવીને જોયું નહીં. ત્યારે તે અપ્સરાઓએ કહ્યું કે હે ધ્રુવ! તું આટલી નાની ઉંમરમાં કેમ ધ્યાન કરે છે ? તું અમારી સાથે ભોગ ભોગવ, આનંદ લે પછી દીક્ષા લેજે. ત્યારે પણ ધ્રુવે પોતાની નજર ઉંચી ન કરી. અપ્સરાઓએ કહ્યું કે હે ધ્રુવ! જરા એકવાર અમારી તરફ નજર ઉઠાવીને તો જો. ત્યારે ધ્રુવે આંખ ખોલીને તેમને કહ્યું કે હે માતા! જો મારે જન્મ લેવો પડે તો હું તારી કૂંખમાં ઉત્પન્ન થઈશ. આ સાંભળીને અપ્સરાઓ નિરાશ થઈને ચાલી ગઈ. તે જ પ્રમાણે આ જીવ અનાદિથી એક-એક સમય કરીને પરની તરફ જોઈને પાગલ થઈ રહ્યો છે. જો એકવાર પણ પોતાના ધ્રુવધામની તરફ દૃષ્ટિ કરે તો તરત ધર્મની પ્રાપ્તિ થાય.

(૫) જેમકે એક માણસે એક લાખ રૂપિયા દાન દઈશ અને

ત્યારબાદ ફરી ગયો તો જે ફરી જાય છે તેનો કોઈ વિશ્વાસ નથી કરતું. તે પ્રમાણે સંસારની બધી પરવસ્તુઓ અને શુભભાવ ફરી જવાવાળા છે. જે તેનો વિશ્વાસ કરે છે તે પસ્તાય છે અને જે ન ફરવાવાળું પોતાનું ધ્રુવધામ છે તેનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ થાય છે.

(૬) ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, ઔપશમિકભાવ અધ્રુવ છે. તેના આશ્રયથી ધર્મની પ્રાપ્તિ નથી થતી અને જે પોતાના પરમપારિણામિક ત્રિકાળી ધ્રુવધામનો આશ્રય લે છે તેને ધર્મની પ્રાપ્તિ થાય છે.

(૭) હે આત્મા! (૧) પરવસ્તુઓથી, (૨) વિકારીભાવોથી, (૩) અપૂર્ણ તથા પૂર્ણ શુદ્ધપર્યાયોથી, કે જે બધી અધ્રુવ છે તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવ અને જે પોતાનો ધ્રુવધામ જ્ઞાયક ભગવાન છે તેનો આશ્રય લે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈને શ્રાવકપણાની, મુનિપણાની, શ્રેણીપણાની, અરિહંતપણાની તથા સિદ્ધપણાની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૮૮—સર્વજ્ઞ છે તેની સિદ્ધિ ક્યા પ્રકારે છે?**

**ઉત્તર** —શ્રી પંચાસ્તિકાય, જયસેનાચાર્ય કૃત ટીકા ગાથા-૨૯માં તથા શ્રી બૃહદ્દ્રવ્યસંગ્રહ ગાથા-૫૦ની ટીકામાં સર્વજ્ઞની સિદ્ધિ કરી છે.

**પ્રશ્ન ૮૯—કોઈ સર્વજ્ઞનો નિષેધ કરવાવાળો કહે છે કે સર્વજ્ઞ છે જ નહીં, કારણ કે જોવામાં નથી આવતા. તેને શાસ્ત્રમાં ક્યા પ્રકારે બોધ આપીને સમજાવે છે?**

**ઉત્તર** —હે ભાઈ! જો તું કહે છે કે સર્વજ્ઞ નથી તો અમે પૂછીએ છીએ કે સર્વજ્ઞ ક્યાં નથી? આ ક્ષેત્રમાં અને આ કાળમાં નથી કે ત્રણકાળમાં અને ત્રણલોકમાં નથી?

(અ) જો તું કહે છે કે 'આ ક્ષેત્રમાં અને આ કાળમાં સર્વજ્ઞ નથી' તો અમે પણ એમ જ માનીએ છીએ.

(આ) જો તું એમ કહે છે કે 'ત્રણકાળ અને ત્રણલોકમાં સર્વજ્ઞ નથી' તો અમે તને પૂછીએ છીએ કે આ તેં કેવી રીતે જાણ્યું? જો ત્રણલોક અને ત્રણકાળમાં સર્વજ્ઞ નથી એમ તે જાણ્યું તો તું જ સર્વજ્ઞ થઈ ગયો. કારણ કે જે ત્રણકાળ ત્રણલોકને જાણે તે જ સર્વજ્ઞ છે. માટે સર્વજ્ઞનો નિષેધ યોગ્ય નથી.

**પ્રશ્ન ૯૦–શ્રી દેવાગમસ્તોત્રમાં શ્રી સમંતભદ્રસ્વામી અને શ્રી મહાવીરસ્વામીની શું વાર્તા છે?**

**ઉત્તર** –(૧) ભગવાન મહાવીરસ્વામીએ સમંતભદ્રાચાર્યને પૂછ્યું કે તું મને ભગવાન એટલા માટે માને છે કે મને દેવતા, ચક્રવર્તી આદિ નમસ્કાર કરે છે?

શ્રી સમંતભદ્રાચાર્યે કહ્યું – નહીં ભગવાન.

(૨) ભગવાને ફરી પૂછ્યું : ચામર, છત્ર વગેરે વિભૂતિ છે, આકાશમાં મારું ગમન થાય છે માટે તું મને ભગવાન માને છે?

શ્રી સમંતભદ્રાચાર્યે કહ્યું : નહીં ભગવાન. આ કારણોથી પણ આપ અમારા મહાન નથી. આવું તો માયાવી ઈન્દ્રજાળમાં પણ જોવામાં આવે છે.

(૩) ભગવાને કહ્યું કે તો પછી તું ભગવાન શા માટે માને છે?

શ્રી સમંતભદ્રાચાર્યે કહ્યું : મારામાં પહેલાં ઘણા દોષ હતા અને જ્ઞાનનો ઉઘાડ પણ ઘણો ઓછો હતો. હવે દોષ ઘણા ઓછા થઈ ગયા છે અને જ્ઞાન પણ વધી ગયું છે. જ્યારે મારા દોષ ઓછા થયા છે તો કોઈ અન્ય પણ દોષ રહિત હોવું જોઈએ અને મારું જ્ઞાન વધ્યું તો અન્ય કોઈ પૂર્ણ જ્ઞાનધારી હોવો જોઈએ. માટે હે પ્રભુ! હું

આપને દોષરહિત, વીતરાગરૂપ અને પૂર્ણ કેવળજ્ઞાની માનું છું. માટે હું આપને નમસ્કાર કરું છું અને આપની વાણી પૂર્વાપર વિરોધ રહિત જ હોય છે. કહ્યું છે.

देवागम, नभोयान, चामरादि विभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते, नातस्त्वपति नो महान ।।१।।

दोषावरणयोर्हानिनिः शेषास्त्यतिशायनात ।
क्वचिद्यथा स्व हेतुभ्यो, बहिरन्तर्मलक्षयः ।।४।।

સામાન્ય અર્થ : હે ભગવાન્! આપ અમારી દૃષ્ટિમાં માત્ર એટલા માટે મહાન નથી કે (૧) આપના દર્શન માટે દેવગણ પધારે છે, (૨) આપનું ગમન આકાશમાં થાય છે, (૩) આપ ચામર, છત્ર આદિ વિભૂતિઓથી વિભૂષિત છો, કારણ કે આ બધા માયાવીમાં પણ જોવામાં આવે છે. ૧.

હે ભગવાન્! આપની મહાનતા તો વીતરાગતા અને સર્વજ્ઞતાને કારણે છે. વીતરાગતા અને સર્વજ્ઞતા અસંભવ નથી. મોહ, રાગ, દ્વેષ આદિ દોષ અને જ્ઞાનાવરણ આદિ આવરણોનો સંપૂર્ણ અભાવ સંભવે છે. કારણ કે તેમની હાનિ ક્રમશઃ જોવામાં આવે છે. જે પ્રમાણે લોકમાં અશુદ્ધ સુવર્ણ પાષાણ આદિમાં અગ્નિ-તાપ આદિથી અંતર્બાહ્ય મલિનતાનો અભાવ થઈને સુવર્ણની શુદ્ધતા થતી જોવામાં આવે છે. તે જ પ્રમાણે શુદ્ધોપયોગરૂપ ધ્યાનાગ્નિના તાપથી કોઈ આત્માને દોષાવરણની હાની થઈને, વીતરાગતા તથા સર્વજ્ઞતા પ્રગટ થવી સંભવે છે. ૪.

હે ભગવાન! આપે એક સમયમાં પ્રત્યેક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવ્યું છે અને તે જ સર્વજ્ઞની નિશાની છે.

**પ્રશ્ન ૯૧—શું મિથ્યાદૃષ્ટિજીવ ભગવાનને ન પૂજી શકે?**

**ઉત્તર** —યથાર્થપણે નથી પૂજી શકતો, કારણ કે મુનિસુવ્રતનાથની સ્તુતિ કરતાં શ્રી સ્વયંભૂસ્તોત્ર શ્લોક ૧૩૯માં લખ્યું છે કે—

‘હે જિન સુર અસુર તુમ્હેં પૂજેં, મિથ્યાત્વી ચિત્ત નહીં તુમ્હેં પૂજેં.’

જે જીવે પોતાના આત્માનો અનુભવ કર્યો છે તેણે જ સર્વજ્ઞને જાણ્યા અને માન્યા છે. કારણકે સર્વજ્ઞ સ્વભાવી આત્માની શ્રદ્ધા કર્યા વિના સર્વજ્ઞ અને સર્વદર્શીની શ્રદ્ધા નથી હોતી માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી ભગવાનને સાચા સ્વરૂપથી માન્યા. તે પહેલા નથી માનતો. હવે શ્રી પ્રવચનસાર ગાથા ૮૦માં કહ્યું છે કે

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

જે જીવે પોતાની વર્તમાન પર્યાયને પોતાના ત્રિકાળી ભગવાનની સન્મુખ કરી તે સમયે તેના મોહનો અભાવ થઈ જાય છે. ત્યારે અરિહંત ભગવાનને જાણ્યા અને માન્યા.

**પ્રશ્ન ૯૨—ઉત્સાહ, આદર, ભાવના અને ફળથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —(૧) જેની રુચિ તેની સાવધાની.

(૨) જેની સાવધાની તેની મુખ્યતા.

(૩) જેની મુખ્યતા તેનો મહિમા.

(૪) જેનો મહિમા તેનો આદર.

(૫) જેનો આદર તેનો ઉત્સાહ.

(૬) જેનો ઉત્સાહ તેની ભાવના.

(૭) જેની ભાવના તેનું ફળ.

(૮) જેનું ફળ તેના જીવનમાં પ્રત્યેક સમયે આવે છે.

તેનાથી એ ખ્યાલમાં આવે છે કે જીવ ક્યાં ઊભો છે અને ક્યાં સાવધાન છે?

**પ્રશ્ન ૯૩—પુદ્‌ગલ કર્મની કઈ અવસ્થા, રાગાદિમાં નિમિત્ત નથી અને કઈ અવસ્થા નિમિત્ત છે?**

**ઉત્તર** —(૧) કર્મ સત્તામાં પડ્યા હોય એ રાગાદિમાં નિમિત્ત નથી.

(૨) કર્મની પ્રકૃતિ પણ રાગાદિમાં નિમિત્ત નથી.

(૩) કર્મના પ્રદેશ પણ રાગાદિમાં નિમિત્ત નથી.

(૪) કર્મની સ્થિતિ પણ રાગાદિમાં નિમિત્ત નથી.

(૫) એક માત્ર જૂના કર્મનો ઉદય (અનુભાગ) રાગાદિમાં નિમિત્ત પડે છે.

**પ્રશ્ન ૯૪—સંયોગોની પૃથક્‌તા, વિભાવની વિપરીતતા અને સ્વભાવનું સામર્થ્યથી ત્રણ બોલ ક્યા નીકળે છે? અને તે જાણવાથી શું લાભ છે?**

**ઉત્તર** —(૧) અનાદિકાળથી આજ સુધી અનંત શરીર ધારણ કર્યા, તેમાંથી એકપણ રજકણ પોતાનું ન થયું.

(૨) અનાદિકાળથી આજસુધી અસંખ્યાત લોકપ્રમાણ વિભાવ કર્યા. પરંતુ તેના તે ભાવ રહેતા નથી, જે પોતાની સાથે ન રહે તે પોતાના છે જ નહીં.

(૩) અખંડ જ્ઞાયકસ્વભાવના સામર્થ્યનું ભાન થાય તો સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ થઈને મોક્ષનો પથિક બને. જે પોતાનું કલ્યાણ ઇચ્છે છે તે પોતાનું ધ્યાન સંયોગ પરથી હટાવે, શુભાશુભ વિકારીભાવરૂપ છે. તેનાથી પણ જીવનું કલ્યાણ નથી. એકમાત્ર

સ્વભાવના સામર્થ્યની તરફ દૃષ્ટિ કરે તો શાંતિ પ્રાપ્ત થાય.

**પ્રશ્ન ૯૫—સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનો વિષય શું છે?**

**ઉત્તર** —'सर्वद्रव्यपर्यायेषु केवलस्य' અર્થાત્ કેવળજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્ય (ગુણો સહિત) અને તેની સર્વ પર્યાયો છે—અર્થાત્ કેવળજ્ઞાન એક સાથે સર્વ પદાર્થોને, તેના સર્વ ગુણોને તથા પર્યાયોને જાણે છે. (શ્રી મોક્ષશાસ્ત્ર, અધ્યાય-૧, સૂત્ર-૨૯)

**પ્રશ્ન ૯૬—અમારી બુદ્ધિ થોડી છે, તો અમને એવી વાત બતાવો કે જેથી અમારું કલ્યાણ થઈ જાય?!**

**ઉત્તર** —જુઓ, ભાઈ! ભગવાન મહાવીરના નિર્વાણોત્સવ ઉપર આપણે બધા લાડુ ચડાવીએ છીએ. માટે તમે લાડુ બનાવવા માટે એક ચતુર બાઈ પાસે ગયા. તો બાઈએ ચૂલા ઉપર કડાઈ રાખી અને પાણી નાખ્યું, તમને કહ્યું સાકર લાવો. ત્યારે તમે સાકરનો ડબ્બો આપ્યો. તેણે કડાઈમાં સાકર નાખી. થોડીવાર પછી ઉભરો આવ્યો તો બાઈએ દૂધ માગ્યું તો તમે દૂધનો લોટો આપ્યો. બાઈએ દૂધ નાખ્યું. ત્યારે તમે કહ્યું કે હે બાઈજી! તમે તો ઘણા હોશિયાર છો. તમે સાકરથી મેલ અલગ કરી દીધો. હવે જરા મીઠાશને પણ અલગ કરી દો. ત્યારે બાઈ કહે છે કે મીઠાશ અલગ નથી કરી શકાતી. તેમ જ પ્રમાણે જેમાં થોડી બુદ્ધિ છે અને પોતાનું કલ્યાણ ઈચ્છે છે તો એક ડબ્બાની જેમ પોતાના આત્મા સિવાય અનંત આત્મા, અનંતાનંત પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ એક-એક તથા લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે તેનાથી દૃષ્ટિ હટાવો.

(૨) સાકરમાં મેલની જેમ હિંસા, જૂઠ વગેરે પાપભાવ છે અને દયા, દાન, પૂજા અણુવ્રત, મહાવ્રતના ભાવ વિગેરે પુણ્યભાવ છે. તેનાથી પણ દૃષ્ટિ હટાવો.

(૩) જેમ સાકરથી મીઠાશ અલગ નથી થઈ શકતી. તે જ

પ્રમાણે અનંતગુણોનો અભેદ પીંડ જે પોતાનો આત્મા છે, તે ઉપર દૃષ્ટિ દેતા જ તુરત કલ્યાણ થાય છે.

**પ્રશ્ન ૯૭—સમ્યગ્દૃષ્ટિ દેવ મનુષ્યના ભવ માટે તડપે છે આ વાત કેવી રીતે છે?**

**ઉત્તર** —એક રાજા હતો તેને પોતાના ધનનું ઘણું અભિમાન હતું. એ ઈચ્છતો હતો કે હું બધાને મારી સંપત્તિ દેખાડું. પરંતુ મોકો નહોતો મળતો. એકવાર ભગવાનનું સમવસરણ આવ્યું તે સમોસરણમાં જાવા માટે રણભેરી વાગી, તેણે વિચાર્યું કે હવે મારી સંપત્તિનું પ્રદર્શન કરવા માટે આ સુંદર મોકો છે. તેણે પોતાની સમસ્ત સંપત્તિ, ફોજ, હાથી વગેરે સજાવીને લોકોને દેખાડવા સમોસરણમાં જવાનો વિચાર કર્યો. તેના વિચારને ઈન્દ્રે જાણી લીધો. હવે ઈન્દ્રે રાજાનું માન ગાળવા માટે મોટા-મોટા હાથી અને હાથીની સૂંઢ ઉપર અપ્સરાઓ નૃત્ય કરે છે એવો ભારે વૈભવ કાઢ્યો કે જે વૈભવ જોઈને રાજાનું માન ગળી ગયું.

ઈન્દ્ર અને રાજા ભગવાનના સમવસરણમાં પહોંચ્યા અને રાજાએ ઈન્દ્રને લલકાર્યો—હે ઈન્દ્રદેવ! તમે દોલત સંબંધી મારા માનને નીચું બતાવ્યું. હવે હું ભગવતી જિનેશ્વરી દીક્ષા લઉં છું. તમારામાં શક્તિ હોય તો આવી જાવ. ત્યારે ઈન્દ્ર કહે છે કે તમે ખૂબ ભાગ્યશાળી છો, કે આવી ભગવતી જિનદીક્ષા લઈ રહ્યા છો. મારા ઈન્દ્રપદથી પણ મનુષ્યભવ વિશેષ દુર્લભ છે કારણ કે હું મનુષ્યભવમાં જ દીક્ષા અંગીકાર કરીને મોક્ષની પ્રાપ્તિ કરી શકું.

ભાઈ, વિચારો! જે જીવ મનુષ્યભવ પ્રાપ્ત કરીને પાંચ ઈન્દ્રિયોમાં જ પોતાનું જીવન ખોઈ બેસે છે, તેમને તો સો-સો વાર ધિક્કાર છે. વાસ્તવમાં બાળકપણું તે સમ્યગ્દર્શન છે, યુવાની તે મુનિપણું છે અને વૃદ્ધાવસ્થા તે કેવળજ્ઞાન છે. તેને બદલે આ જીવ

'બાલપને મેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણી રત રહ્યો, અર્ધમૃતક સમ બૂઢાપનો, કૈસે રૂપ લખૈ અપનૌ'. જો મનુષ્યભવ પ્રાપ્ત કરવા છતાં ધર્મની પ્રાપ્તિ ન કરી તો ત્રસ પર્યાયની સ્થિતિ પૂર્ણ થવાની છે, નિગોદ તૈયાર છે. સાવધાન...સાવધાન!!

**પ્રશ્ન ૯૮—શ્રીમોક્ષમાર્ગપ્રકાશકમાં મનુષ્યભવના વિષયમાં શું લખ્યું છે?**

**ઉત્તર** —એક મનુષ્યપર્યાયમાં કોઈ પોતાનું ભલું થવાનો ઉપાય કરે તો થઈ શકે છે. જેમકે શેરડીની ગાંઠ તથા ઉપરનો ફીક્કો ભાગ ચૂસવાયોગ્ય જ નથી અને વચ્ચેનો ભાગ યોગ્ય ન હોવાથી ચૂસવામાં નથી આવતો. હવે કોઈ સ્વાદનો લોભી તેને બગાડે તો ભલે બગાડે, પરંતુ જો તેને વાવવામાં આવે તો તેના વડે ઘણી શેરડી પ્રાપ્ત થાય અને તેનો સ્વાદ પણ મીઠો આવે. તે જ પ્રમાણે મનુષ્યપર્યાય બાળપણ અને વૃદ્ધાવસ્થા સુખયોગ્ય નથી. અને વચ્ચેની અવસ્થા રોગ-ક્લેશવાળી છે, ત્યાં સુખ મળી શકતું નથી. હવે કોઈ વિષયસુખનો લોભી મનુષ્યભવ બગાડો તો બગાડો, પરંતુ જો તેને તે ધર્મસાધનમાં લગાવે, તો બહુ ઉચ્ચપદને મેળવશે, ત્યાં ખૂબ નિરાકુળ સુખ મેળવશે. માટે, અહીં પોતાનું હિત સાધવું, સુખ હોવાના ભ્રમથી મનુષ્યભવને વૃથા ન ખોવો.

**પ્રશ્ન ૯૯—મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિથી વધુ પુણ્યનો બંધ થાય છે આવું ક્યાં શાસ્ત્રમાં આવે છે અથવા ત્રસ પર્યાયની સ્થિતિ તો બહુ જ થોડી છે, તેને કાકતાલીય ન્યાયવત્ કેમ કહેવામાં આવે છે?**

**ઉત્તર** —(૧) મિથ્યાદૃષ્ટિને સાતાનો ઉત્કૃષ્ટ બંધ ૧૫ કોડાકોડી સાગરોપમનો બંધાય છે. સમ્યગ્દૃષ્ટિને સાતાનો ઉત્કૃષ્ટ બંધ અંતઃકોડાકોડી સાગરોપમનો બંધાય છે. અજ્ઞાની કહે છે જુઓ, મિથ્યાદૃષ્ટિએ જે પુણ્ય બાંધ્યું તે કેટલું લાંબું છે. પરંતુ અજ્ઞાનીને

ખબર નથી કે મિથ્યાદષ્ટિની સ્થિતિ વધી, સંસાર વધ્યો અને સમ્યગ્દષ્ટિની સ્થિતિ ઘટી, અનુભાગ વધ્યો. ત્રસની ઉત્કૃષ્ટ સ્થિતિ કાંઈક અધિક બે હજાર સાગર છે.

(૨) મિથ્યાદષ્ટિના પુણ્યની પંદર કોડાકોડી સાગરોપમની સ્થિતિ ખૂબ વધુ છે, આટલું પુણ્ય ભોગવવાનું સ્થાન છે નહીં. આથી મિથ્યાદષ્ટિ, ત્રસ પર્યાયની સ્થિતિ પૂરી થવા પહેલા શુભનો અભાવ કરીને, અશુભ બાંધીને, એકેન્દ્રિયમાં ચાલ્યો જશે. જેનું દષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે. તે ભગવાને કહેલા વ્રત આદિનું અતિચાર રહિત પાલન કરે છે અને તે શુભભાવ દ્વારા નવમી ગ્રૈવેયક સુધી જાય છે. પરંતુ પછી નિગોદમાં જાય છે. 'જો વિમાનવાસી હું થાય, સમ્યગ્દર્શન બિન દુઃખ પાય, તહઁ તૈ ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ. (છઢાળા ઢાળ-૧) મિથ્યાદષ્ટિને આટલું લાંબુ પુણ્ય ભોગવવાનું સ્થાન નથી.

(૩) સમ્યગ્દષ્ટિને અંતઃકોડાકોડી સાગરોપમનો ઉત્કૃષ્ટ પુણ્યબંધ થાય છે. અંતઃકોડાકોડી સાગરોપમથી ત્રસની સ્થિતિ ઓછી છે, આટલું પુણ્ય ભોગવવાનું સ્થાન નથી. માટે સમ્યગ્દષ્ટિ પુણ્યનો અભાવ કરીને અલ્પકાળમાં જ પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરીને નિયમથી મોક્ષે ચાલ્યા જાય છે.

(૪) હવે, જેને મનુષ્યભવ મળ્યો, દિગંબર ધર્મ મળ્યો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો સમાગમ મળ્યો, આવા સંયોગમાં જે જીવ પોતાના સ્વભાવનો આશ્રય નથી લેતો પરંતુ નિમિત્તથી કાર્ય થાય છે અથવા શુભભાવ કરતાં કરતાં ધર્મની પ્રાપ્તિ થશે એમ માને છે. શુભભાવથી ભલું થશે એમ માને છે તથા આત્મા-આત્મા એમ વાતો કરે છે પરંતુ પોતાનો આશ્રય લેતો નથી. તો સમજી લ્યો તેની ત્રસ પર્યાયની સ્થિતિ પૂરી થવાને આવી છે.

હે ભવ્ય! તું સાવધાન થઈ જા. આવો અવસર મળવો દુર્લભ છે અને સાવધાન ન થયો તો નિગોદ તૈયાર છે. શ્રી મોક્ષમાગ-પ્રકાશક પાનું ૩૨માં લખ્યું છે 'પરિભ્રમણ કરવાનો ઉત્કૃષ્ટકાળ પૃથ્વી આદિ સ્થાવરોમાં અસંખ્યાત કલ્પમાત્ર છે અને બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંત ત્રસમાં સાધિક બે હજાર સાગર છે.' આ પ્રમાણે અધિકાંશ તો એકેન્દ્રિય પર્યાયોને ધારણ કરે છે, અન્યપર્યાયોની પ્રાપ્તિ (ત્રસ પર્યાયોની પ્રાપ્તિ) તો કાકતાલીય ન્યાયવત્ જાણવું,

**પ્રશ્ન ૧૦૦—શું દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થાય છે?**

**ઉત્તર** —નથી થતી. કારણ કે દ્રવ્યકર્મ, નોકર્મ તથા ભાવકર્મથી જ્ઞાનની હાનિ-વૃદ્ધિને સંબંધ નથી.

**(૧) નોકર્મ** — જેમ એક માણસનો પગ કપાઈ ગયો છે, શરીના અંગમાં ખામી થઈ. પરંતુ કપાઈ ગયું—એવું તો જ્ઞાન થયું. કોઈની પાસે ૫૦હજાર રૂપિયા હતા તેમાંથી ૨૫હજાર રૂપિયા ઘટી ગયા. પરંતુ ઘટી ગયા તેટલું જ્ઞાન વધી ગયું. માટે નોકર્મની હાનિથી જ્ઞાન ઘટી જાય છે તે વાત મિથ્યા છે.

**(૨) દ્રવ્યકર્મ—** કોઈ કહે જ્ઞાનાવરણીયના ઉદયથી જ્ઞાન રોકાય છે તો વિચારો. પહેલાં કર્મ સત્તામાં હતું હવે ઉદયમાં આવ્યું એટલું જ્ઞાન વધ્યું, માટે દ્રવ્યકર્મને કારણે જ્ઞાન ઘટે છે અથવા વધે છે એમ છે નહીં.

**(૩) ભાવકર્મ** — ભાવકર્મ તે ચારિત્રગુણના વિભાવરૂપ કાર્ય છે. જ્ઞાન થયું તે જ્ઞાનગુણનું કાર્ય છે, હવે રાગ થયો તથા જ્ઞાન થયું બંનેનો સમય એક છે. જ્ઞાનગુણની પર્યાયે રાગને જાણ્યો તો વિચારો એટલું જ્ઞાન વધ્યું માટે ભાવકર્મને કારણે પણ જ્ઞાનમાં અવરોધ આવતો નથી.

આથી નિશ્ચિત થાય છે આત્માને જ્ઞાન અને સુખ ઉત્પન્ન કરવામાં શરીર આદિ નોકર્મ, પાંચ ઈન્દ્રિયના વિષય, દ્રવ્યકર્મ અને ભાવકર્મ કિંચિત્ પણ કાર્યકારી નથી. માટે જ્યાંથી દૃષ્ટિ ઉઠાવીને પોતાના જ્ઞાયકસ્વભાવની જ દૃષ્ટિ દેવાથી સમ્યગ્જ્ઞાન અને અતિન્દ્રિય સુખ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૧૦૧—સંસાર પરિભ્રમણનો અભાવ કઈ રીતે થાય?**

**ઉત્તર** —(૧) સ્વમાં એકતા, (૨) પરથી ભિન્નતા, (૩) કરો પોતાના આત્મામાં લીનતા, (૪) તો મટી જશે સંસાર પરિભ્રમણની એકતા.

**પ્રશ્ન ૧૦૨—ભૂત શું અને અભૂત શું છે?**

**ઉત્તર** —જેમાં જે હોય તેને તેનું કહેવું તે ભૂત છે અને જે જેમાં ન હોય તેને તેનું કહેવું તે અભૂત છે.

**પ્રશ્ન ૧૦૩—શ્રી કુંદકુંદ ભગવાન શું કહે છે?**

**ઉત્તર** —હું આમ નથી કહેતો, પરંતુ સર્વજ્ઞ ભગવાન આમ ફરમાવે છે.

**પ્રશ્ન ૧૦૪—સર્વજ્ઞ ભગવાન શું કહે છે?**

**ઉત્તર** —જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું મારા જ્ઞાનમાં આવ્યું છે. માટે અમે કહીએ છીએ.

**પ્રશ્ન ૧૦૫—આત્મા, માત્ર શુદ્ધ અથવા અશુદ્ધભાવ જ કરી શકે છે તો પછી અમારે શરીરની ક્રિયા, દાન દેવું, પૂજા કરવી વગેરે ક્રિયા કરવી કે નહીં?**

**ઉત્તર** —જેમ કે વઢવાણમાં એક નદી વહે છે તેમાં ખૂબ સૂક્ષ્મ રેતી હોય છે. હવે અમારે રેતીથી તેલ કાઢવું છે, તે તેલ કાઢવાના મશીનનો ઓર્ડર અમેરિકા કે રશિયામાં આપવો? અરે ભાઈ!

જ્યારે રેતીમાંથી તેલ જ ન નીકળે તો ઓર્ડર દેવાની વાત ક્યાંથી આવી. તે જ પ્રમાણે જ્યારે આત્મા શરીરની ક્રિયા, રૂપિયા-પૈસા દેવાની ક્રિયા કરતો જ નથી. તો અમે કરીએ કે ન કરીએ આ પ્રશ્ન જ ખોટો છે. જીવ તો માત્ર ભાવ જ કરી શકે છે. મિથ્યાદષ્ટિની મર્યાદા વિકારીભાવો સુધી છે, જ્ઞાનીની મર્યાદા શુદ્ધભાવો સુધી છે. પરંતુ દ્રવ્યકર્મ કે નોકર્મની ક્રિયા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ કરી શકતું જ નથી. પછી હું કરું કે ન કરું ? આ પ્રશ્ન મિથ્યાત્વથી ભરેલો છે.

**પ્રશ્ન ૧૦૯—જે એમ કહે છે કે હમણાં તો યુવાવસ્થામાં ગૃહસ્થીની મજા લઈ લઈએ, ઘર અને બાળકોની વ્યવસ્થા કરી દઈએ. ત્યારબાદ ધર્મ કરીશું તો શું આ વાત ઠીક છે?**

**ઉત્તર** —અરે ભાઈ! શું તને ખાતરી છે કે હું આગલા સમય રહીશ કે નહીં? માટે જે તું કહે છે કે ધર્મ પછી કરીશું, તે ક્યારેય પણ ધર્મને પ્રાપ્ત ન કરી શકે. અને આવા વિચારોથી ચાર ગતિમાં ફરીને નિગોદ ચાલ્યો જશે. એક ધોબી, અડદની દાળ, લસણ વગેરે ખાઈને નિર્મળ જળથી ભરેલા તળાવમાં કપડા ધોવા લાગ્યો. તેને તરસ લાગી, તો તે વિચારે છે કે હજી બે જ વસ્ત્ર ધોયા છે, થોડા વધુ ધોઈને પાણી પીવું તો.... પછી તરસ જોરથી લાગી... પાછું આ ધોઈને પાણી પીશ...હવે આ પ્રમાણે સંકલ્પ-વિકલ્પ કરતો રહ્યો અને માથામાં ગરમી ચડી ગઈ, તે વડે બેસુદ્ધ થઈને પાણીમાં પડી ગયો અને ત્યાં જ મરી ગયો.

તે પ્રમાણે નિગોદથી માંડીને દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ મુનિ સુધી બધા સંસારી જીવ વિચારે છે કે આ કર્યા પછી, ગુરુના ઉપદેશ દ્વારા સમ્યગ્જ્ઞાનરૂપી જળ પીને સુખી થઈશ.. આ કર્યા બાદ... આ કર્યા બાદ... એમ કરતાં મરીને ખબર નહીં ક્યાં ચાલ્યો જશે? માટે હે આત્મા! તરત ચેતી જા, વધુ વિલંબ ન કર. માટે પાત્ર જીવે એક

સમયની પણ વાર ન કરતાં, પોતાનું કલ્યાણ તુરંત કરી લેવું જોઈએ.

આ જીવ આ પ્રમાણે મનુષ્ય જન્મ પામીને, વિષયોના લોભમાં પાગલ થઈને, ચારે ગતિઓમાં ભ્રમણ કરીને, નિગોદમાં ચાલ્યો જાય છે. માટે હે ભવ્ય હવે સર્વ પ્રકારે અવસર આવી ગયો છે. ફરી આવો અવસર મળવો દુર્લભ છે. તું પોતાના ભગવાનનો આશ્રય લઈ ધર્મની પ્રાપ્તિ કર, સાવધાન થા, વિલંબ ન કર.

**પ્રશ્ન ૧૦૭—પરિણામોની વિચિત્રતા કેવી છે?**

**ઉત્તર** —જુઓ, પરિણામોની વિચિત્રતા.

(૧) કોઈ જીવ તો અગિયારમાં ગુણસ્થાનમાં ઔપશમિક ચારિત્ર પ્રાપ્ત કરીને, ફરી મિથ્યાદૃષ્ટિ થઈ કિંચિત્ ન્યૂન અર્ધ પુદ્‌ગલપરાવર્તન કાળપર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

(૨) કોઈ જીવ, નિત્યનિગોદથી નિકળીને મનુષ્ય થઈને મિથ્યાત્વ છૂટ્યા પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

(૩) સીતાને રાવણ હરણ કરીને લઈ ગયો. રામચંદ્રજી વૃક્ષોને પૂછે છે કે શું મારી સીતા તમે જોઈ છે?

(૪) એ જ સીતા ઘર પર આવ્યા બાદ લોકોના કહેવાથી કે રાવણના પાસેથી આવી છે, તેમણે સીતાને વનવાસમાં મોકલી આપી.

(૫) અગ્નિ પરીક્ષા બાદ તે જ રામચંદ્ર, સીતાને કહે છે કે ઘરે ચાલો તમને હું પટરાણી બનાવું, પરંતુ સીતા આર્યિકા બની જાય છે.

(૬) હવે સીતાનો જીવ મરીને સોળમાં સ્વર્ગમાં દેવ થાય છે. રામચંદ્ર જિનેશ્વરી દીક્ષા ગ્રહણ કરે છે, સીતાનો જીવ સ્વર્ગથી આવીને સીતાનું રૂપ બનાવીને રામચંદ્રજીને ચલાયમાન કરવાનો પ્રયત્ન કરે છે.

અરે ભાઈ! જુઓ તો પરિણામોની વિચિત્રતા!! આવું જાણીને પોતાના પરિણામ બગડે તેનો ભય રાખવો અને તેને સુધારવાનો ઉપાય કરવો. કહ્યું પણ છે ને–જીવનકે પરિણામનિકી યહ, અતિ વિચિત્રતા દેખહુ જ્ઞાની.

**પ્રશ્ન ૧૦૮–કેવળ શ્રુતજ્ઞાનમાં જ નય કેમ પડે છે?**

**ઉત્તર** –શ્રુતજ્ઞાન, વિચારકજ્ઞાન છે. શ્રુતજ્ઞાનમાં ત્રિકાળી સ્વરૂપ શું છે, વર્તમાન સ્વરૂપ (પર્યાયસ્વરૂપ) શું છે?–બે વાતો ચાલે છે. માટે શ્રુતજ્ઞાનમાં નય પડે છે. જ્યારે મતિજ્ઞાન સીધું જાણે છે. અવધિ અને મનઃપર્યયજ્ઞાનનો વિષય પર છે અને વિકલ પ્રત્યક્ષ છે, જ્યારે કેવળજ્ઞાન સકળ પ્રત્યક્ષ છે, માટે આ ચાર જ્ઞાનમાં નય નથી હોતા. માત્ર ભાવશ્રુતજ્ઞાનમાં જ નય પડે છે.

**પ્રશ્ન ૧૦૯–કોઈ આપણને ગાળ આપે તો શું આપણે સાંભળતા જ રહેવું, તેને થપ્પડ ન મારવી?**

**ઉત્તર** –વસ્તુસ્વરૂપ સમજે તો શાંતિની પ્રાપ્તિ થશે.

(૧) તેણે મને ગાળો આપી. જેને તું ગાળ કહે છે, તે ગાળ જ નથી. વિચારો, ગાળ આપી તેમાં પાંચ બોલ છે. (અ) ગાળ શું છે? 'અ' થી લઈને 'હ' સુધી સ્વર-વ્યંજનનું પરિણમન છે તેનો કર્તા ભાષાવર્ગણા છે, જીવ નહીં. માટે મને ગાળ આપી તે વાત જ ખોટી છે. (આ) આ ગાળ સાંભળતા ગુસ્સો આવે તો બધી જગ્યાએ એક જ સિદ્ધાંત હોવો જોઈએ. પરંતુ સાસરિયામાં સાળી ગાળ આપે તોપણ સારી લાગે છે માટે ગાળ સાંભળવાથી કોઈને પણ સુખ કે દુઃખ નથી થતું. માત્ર પોતાના રાગ-દ્વેષને કારણે સુખી અથવા દુઃખી થાય છે. આ પ્રમાણે માને અને જાણે તો ક્રોધ નહીં આવે.

(૨) આ જીવે મને ગાળ આપી. વિચારો, શું કોઈ જીવ શબ્દનું પરિણમન કરાવી શકે છે? ના. ગાળ દેવાવાળાએ પોતાના

જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ભૂલીને ગાળ આપવાનો ભાવ કર્યો તે દ્વેષભાવ છે અને તેનાથી તે સ્વયં દુઃખી છે. શું દુઃખીને દુઃખી કરવા તે ભલા માણસનું કામ છે?—નથી. કારણ કે દુઃખી જીવ તો દયાને પાત્ર છે.

(૩) તેણે મને ગાળ આપી. વિચારો, શું તેણે તમારા આત્માને જોયો છે? નહીં. તેણે નામ—શરીરને ઉદ્દેશ્ય કરીને ગાળ આપવાનો દ્વેષભાવ કર્યો. હવે વિચારો! નામ—શરીર તો તમે નથી. નામ અને શરીર તમારું ન હોવાથી તેને પોતાનું માનવું તે ભૂલ છે. અજ્ઞાની જીવ તેને પોતાના માની બેઠો, માટે દુઃખી થાય છે. જ્યારે જ્ઞાની જાણે છે કે હું આત્મા છું, શરીર અને નામ હું નથી. આમ જાણે અને માને તો ક્રોધ નહીં આવે.

(૪) એક સાધુ પોતાના શિષ્યો સાથે જઈ રહ્યા હતા. રસ્તામાં એક માણસ ચાલતાં-ચાલતાં સાધુને ગાળો આપી રહ્યો હતો. આ જોઈને શિષ્યોને બહુ ગુસ્સો આવ્યો. સાધુએ શિષ્યોને ચૂપ રહેવાનો આદેશ આપ્યો. ત્યાં તો સાધુની ઝૂપડી આવી ગઈ. સાધુ શિષ્યો સાથે અંદર ચાલ્યા ગયા. ગાળ દેવાવાળો જોતો જ રહી ગયો. પછી સાધુએ શિષ્યોને કહ્યું કે જુઓ, કોઈ આપણને દસ રૂપિયા આપે છે, આપણે ન સ્વીકારીએ તો કોની પાસે રહે? એની પાસે જ રહે. તે જ પ્રમાણે તેણે ગાળ આપી. આપણે ન લીધી તો તે તેની પાસેજ રહી ગઈ. આમ જાણીએ તો શાંતિ રહે જ.

(૫) તેણે મને ગાળ આપી. જ્યારે તારા જ્ઞાનનો ઉઘાડ ગાળ સાંભળવાનો હોય તો સામે ગાળ જ હશે. વિચારો, ગાળનો જીવના ભાવ સાથે શું સંબંધ છે? જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, કર્તા-કર્મ સંબંધ નથી. તમે એક આત્મા છો અને આત્મામાં અનંતગુણ છે. જ્ઞાનગુણમાં પ્રત્યેક સમયે પર્યાય થાય છે. જ્યારે તારી ક્ષયોપશમરૂપ

જ્ઞાનની પર્યાય પોતાની યોગ્યતાથી ગાળ સંબંધી જ્ઞાનની જ થાય છે તે સમયે ગાળ માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. કારણકે તારા જ્ઞાનનો ઉઘાડ જે પ્રકારે હોય તે સમયે જ્ઞેય પણ તેને અનુકૂળ જ હોય. સામે ગાળ આવી તો જ્ઞાન વધ્યું. પહેલા ગાળ સંબંધી જ્ઞાન નહોતું, હવે ગાળનું જ્ઞાન થયું. આપણને ગુરુ જ્ઞાન આપે, એમનો ઉપકાર માનવો જોઈએ કે તેના ઉપર ગુસ્સો કરવો જોઈએ?

(૬) તેણે મને ગાળ આપી. વિચારો! અજ્ઞાની કહે છે કે મને ગાળ નથી જોતી, અર્થાત્ મને તે સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય નથી જોતી. હવે જ્ઞાનપર્યાય તો આવે છે જ્ઞાનગુણમાંથી અને જ્ઞાનગુણ છે આત્માનો અર્થાત્ મને આત્મા નથી જોતો. આવી માન્યતાવાળાને શાસ્ત્રમાં આત્મઘાતી, મહાપાપી કહ્યો છે.

**પ્રશ્ન ૧૧૦—આત્મઘાતી, મહાપાપી, મૂઢ ક્યાં લખેલું છે?!**

**ઉત્તર** —શ્રી સમયસાર ગાથા ૩૭૩-૩૭૪ અને ૩૮૨માં કહ્યું છે કે—

રે ! પુદ્ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેણે સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩
પુદ્ગલદરવ શબ્દપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ ! રોષ તું ક્યમ કરે ? ૩૭૪
—આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે !
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨

**પ્રશ્ન ૧૧૧—ત્રણ પ્રકારના ઈશ્વર કોણ-કોણ છે? તેમને જાણીને શું લાભ છે?**

**ઉત્તર** —(૧) જડેશ્વર, (૨) વિભાવેશ્વર, (૩) સ્વભાવેશ્વર.

**(૧) જડેશ્વર** — પ્રત્યેક દ્રવ્ય, ગુણોનો સમૂહ છે. પુદ્ગલદ્રવ્ય

પણ ગુણોનો સમૂહ છે. ભાષા, મન, વાણી, કર્મ આદિનું પરિણમન પુદ્‌ગલનું સ્વયં સ્વતઃ કાર્ય છે. પ્રત્યેક પુદ્‌ગલ, જડેશ્વર છે. જડેશ્વરનો આત્મા સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. ત્યારે જડેશ્વર જાણ્યો કહેવાય છે.

**(૨) વિભાવેશ્વર–** હિંસા આદિ ભાવ, અહિંસાદિભાવ, વિભાવેશ્વર કહેવાય છે. અજ્ઞાનીને હજારો તીર્થંકર પણ જ્ઞાની બનાવી શકતા નથી. કારણ કે અજ્ઞાની વિભાવ કરવામાં પણ ઈશ્વર છે.

**(૩) સ્વભાવેશ્વર –** અનંતગુણોનો પીંડ જે પોતાનો આત્મા છે, તે મારો સ્વભાવેશ્વર છે. જીવ, સ્વભાવરૂપ પરિણમન કરે, તેને અનંતી પ્રતિકૂળતા પણ રુકાવટ કરી શકે નહીં. આવું જાણીને પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ થાય અને ત્યારે ત્રણેય ઈશ્વરનો પતો લાગે છે.

**પ્રશ્ન ૧૧૨–ધર્મ પ્રાપ્તિ માટે ક્યા ક્યા ત્રણ બોલ ધ્યાનમાં રાખવા જોઈએ?**

**ઉત્તર** –(૧) અનાદિકાળથી આજસુધી અનંત શરીર ધારણ કર્યા પરંતુ એક રજકણ પણ પોતાનો ન થયો. રજકણ કહે છે કે હું તારું સ્વામીપણું સ્વીકાર નથી કરતો. પરંતુ તું જ્ઞાનસ્વભાવી આત્મા હોવા છતાં પણ પોતાની મૂર્ખતાથી મારો સ્વામી બનવા જાય છે, તું મારો સ્વામી બની તો શકતો નથી, પરંતુ માન્યતામાં સ્વામી બનવાથી તને આકુળતા થયા વિના નહીં રહે. જ્યાં સુધી તું મારું સ્વામીપણું માનતો રહીશ ત્યાં સુધી ચારે ગતિમાં ભ્રમણ કરતાં-કરતાં નિગોદમાં ચાલ્યો જઈશ.

(૨) અનાદિકાળથી આજસુધી અસંખ્યાત લોકપ્રમાણ વિકારભાવ કર્યા, પરંતુ તેનો તે જ વિકાર ન રહ્યો. જેમ કે પાંચ

દિવસ પહેલા આપણી કોઈથી લડાઈ થઈ, તે સમયે જે ક્રોધાદિ થયા હતા, હવે આજે વિચાર કરવાથી તેનો તે જ વિકાર ફરી આવતો નથી. વિકાર આકુળતાનું કારણ છે, શુભાશુભભાવ બંને આકુળતારૂપ છે, દુઃખરૂપ છે. માટે પાત્ર જીવોએ ત્યાંથી દૃષ્ટિ હટાવી લેવી જોઈએ.

(૩) અનાદિકાળથી આજસુધી એકરૂપ રહેવાવાળો જે પોતાનો ત્રિકાળી સ્વભાવ છે, તેનું લક્ષ નથી કર્યું. જો તેનું લક્ષ કરે તો તુરત ધર્મની પ્રાપ્તિ થાય. રાગ અને પરવસ્તુ અધ્રુવ છે અને પોતાનો જ્ઞાયકસ્વભાવ ધ્રુવ છે, એ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. અધ્રુવ એવા શરીર, ધન, વિકાર વિગેરે પ્રાપ્ત કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન ૧૧૩—જ્ઞાનીને બંધ કેમ નથી થતો અને અજ્ઞાનીને કેમ થાય છે?**

**ઉત્તર** —જેમ કે કોઈની આંખ ઉપર પટ્ટી બાંધી તો

(૧) તે પર પદાર્થને નહીં જોઈ શકે.

(૨) પટ્ટીને પણ નહીં જોઈ શકે.

(૩) શરીરને પણ નહીં જોઈ શકે. જો જરા પટ્ટીને દૂર કરો તો તે હવે —

(૧) પરપદાર્થને પણ જોઈ શકે છે.

(૨) પટ્ટીને પણ જોઈ શકે છે.

(૩) શરીરને પણ જોઈ શકે છે. એ જ પ્રમાણે અજ્ઞાનીની ઉપર અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષરૂપી મિથ્યાદર્શન, જ્ઞાન અને ચારિત્રની પટ્ટી બાંધેલી છે, તે પટ્ટીના નશામાં

(૧) ન તો સ્વને જાણે છે.

(૨) ન પરને જાણે છે.

(૩) ન તો વિકારને જાણે છે. જો પોતાના ત્રિકાળી સ્વભાવના આશ્રયે પટ્ટીને દૂર કરી દે તો

(૧) સ્વને જાણે છે.

(૨) પર પણ જણાઈ જાય છે.

(૩) વિકાર પણ જણાઈ જાય છે.

મિથ્યાદષ્ટિને જેવું વસ્તુસ્વરૂપ છે, તેવું દષ્ટિમાં નથી આવતું. માટે બંધ થાય છે અને જ્ઞાનીને જેવું વસ્તુસ્વરૂપ છે તેવું જ જ્ઞાનમાં આવે છે, માટે બંધ નથી થતો. શ્રી સમયસાર ૧૯મી ગાથામાં અજ્ઞાનીની ઓળખાણ તથા ૭૫મી ગાથામાં જ્ઞાનીની ઓળખાણ બતાવી છે.

**પ્રશ્ન ૧૧૪—અજ્ઞાનીના સ્વભાવને જ્ઞાનીઓએ 'હરામજાદીપણું' વગેરે શબ્દથી કેમ સંબોધન કર્યું છે?**

**ઉત્તર** —જેમ કોઈ પાતળી ચાદર ઓઢીને સૂઈ રહ્યો છે તેના ઉપર જરા ધીરેથી હાથ ફેરવે તો તુરત જાગી જાય છે, તે જ પ્રમાણે પાત્ર જીવને જ્ઞાની કહે છે કે તારું કાર્ય તો માત્ર જ્ઞાતા-દષ્ટા છે, પરથી કે વિકારથી તારે કોઈ સંબંધ નથી. બસ આટલું સાંભળતા તે જ્ઞાની થઈ જાય છે અને જેણે પોતાની ઉપર મોટી મોટી ત્રણ રજાઈ ઓઢી રાખી છે તેના ઉપર કોઈ લાઠી મારે તો પણ જાગતો નથી, તે પ્રમાણે અનાદિથી અપ્રતિબુદ્ધને જ્ઞાની વારંવાર સમજાવે છે, પરંતુ તે સમજતો નથી. માટે જ્ઞાનીઓએ 'હરામજાદીપણું' વિગેરે શબ્દ દ્વારા તેના ભલા માટે સંબોધન કર્યું છે. આ તેમનો મોટો ઉપકાર છે.

**પ્રશ્ન ૧૧૫—જ્યારે જીવ વિકાર કરે છે ત્યારે તે અનુસાર કર્મનો બંધ થાય છે, આ વાત તો ઠીક છે પરંતુ બીજો પક્ષ કહે છે કે કાર્મણવર્ગણામાં જ્યારે કર્મબંધ થવાની યોગ્યતા હોય છે ત્યારે જીવે વિકાર કરવો જ પડે. આ વાત આપ કેમ નથી કરતા?**

**ઉત્તર** —(૧) તે સમય હશે જગતમાં એવો કોઈ અજ્ઞાની જે વિકાર કરતો હશે. પરંતુ તે સમયે તારે જ વિકાર કરવો પડશે આ વાત ક્યાંથી આવી?

(૨) આ જીવ સ્વયં પોતાના અપરાધથી વિકાર કરે છે એમ જાણે તો સ્વભાવના આશ્રયથી વિકારને દૂર પણ કરી શકે છે.

(૩) જો કર્મનો ઉદય વિકાર કરાવે તો કોઈને ક્યારેય પણ મોહ-રાગ-દ્વેષનો અભાવ નહીં થાય. કારણ કે કર્મનો ઉદય તો પ્રતિસમય હોય છે.

(૪) જયસેન આચાર્યે શ્રી પ્રવચનસાર ગાથા-૪૫માં કહ્યું છે કે 'દ્રવ્યમોહનો ઉદય થતા પણ જીવ, શુદ્ધાત્મભાવનાના બળ દ્વારા વિકાર ન કરે તો બંધ નથી થતો, પરંતુ નિર્જરા થાય છે.'

(૫) જો દ્રવ્યકર્મ વિકાર કરાવે તો જીવ જ્યાં પડ્યો છે ત્યાં જ પડ્યો રહેશે, ક્યારેય પણ નિગોદથી બહાર નહીં આવી શકે.

(૬) જેમ પોતાના ઘરે કોઈ મહેમાન આવે, તમે તેનો આદર ન કરો, તો તે ચાલ્યો જાય છે. તે જ પ્રમાણે કર્મનો ઉદય આવવા છતાં તમે વિકાર કરવારૂપે તેનો આદર ન કરો તો તે પણ ચાલ્યો જાય છે અર્થાત્ તેની નિર્જરા થાય છે. પરંતુ અજ્ઞાની જીવ મૂર્ખતા કરે છે તેથી કર્મ આવીને બંધાઈ જાય છે.

**પ્રશ્ન ૧૧૯—શ્રી સમયસાર ૫૦ થી ૫૫ ગાથાને ત્રણ બોલમાં કેવી રીતે વહેંચ્યા છે? અને તેનાથી શું શું લાભ છે?**

**ઉત્તર** —(૧) રંગ (પુદ્ગલ), (૨) રાગ (વિકાર), (૩) ભેદ (ગુણભેદ)—આ ત્રણેયના આશ્રયથી અધર્મની પ્રાપ્તિ થાય છે. તેનાથી દૃષ્ટિ હટાવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ દે તો ભલું થાય. અર્થાત્ (૧) નિરંગ, (૨) નિરાગ, (૩) નિર્ભેદ—જે પોતાનો ત્રિકાલી સ્વભાવ છે

તેનો આશ્રય લે તો તરત જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ તથા પૂર્ણતા–મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૧૧૭–જે પરનું કરવાપણું, ભૂલવાપણું અને મરવાપણું માને છે તેને તેનું શું ફળ મળે છે?**

**ઉત્તર** –(૧) હું પરનું કરું-કરું, (૨) તો આત્માને સમયે-સમયે ભૂલું અને (૩) સમયે-સમયે ભયંકર ભાવમરણથી મરું. માટે જે જીવ પરનું કરવા-ધરવાના ભાવમાં લાગી રહે છે તેનું ફળ નિગોદ છે અને તેને મિથ્યાત્વ ગુણસ્થાન છે.

**પ્રશ્ન ૧૧૮–હું પરનું કાંઈ ન કરું આવા શ્રદ્ધાનાદિનું શું ફળ છે?**

**ઉત્તર** –(૧) હું પરનું કાંઈ ન કરું પરંતુ આત્માને સ્મરણ કરું (ચોથું ગુણસ્થાન), (૨) પોતાના સ્વરૂપમાં સ્થિરતા કરું (છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન), (૩) રાગાદિને સર્વથા પરિહરું (૧૨મું ગુણસ્થાન), (૪) મોક્ષલક્ષ્મીને વરું (૧૩-૧૪મું ગુણસ્થાન અને સિદ્ધદશા).

**પ્રશ્ન ૧૧૯–આત્મામાં સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કેવી રીતે કરવો જોઈએ?**

**ઉત્તર –(૧) સરવાળો**–પોતાના આત્મામાં શુદ્ધતાનો સરવાળો કરવો.

**(૨) બાદબાકી**–પોતાના આત્મામાંથી વિકારની બાદબાકી કરવી.

**(૩) ગુણાકાર**–શુદ્ધિનો ગુણકાર કરવો.

**(૪) ભાગાકાર**–ભાગ કરતાં-કરતાં જે એક જ્ઞાયકભાવ બાકી રહ્યો, તે 'હું' આ આત્માનો સરવાળો, બાદબાકી, ગુણકાર અને ભાગાકાર છે.

**પ્રશ્ન ૧૨૦—બધાથી સૂક્ષ્મ કોણ છે અને તેને જાણીથી શું લાભ છે?**

**ઉત્તર** —(૧) જ્યારે ઔદારિક શરીરને સ્થૂળ કહે તો વૈક્રિયિક શરીર સૂક્ષ્મ છે.

(૨) જ્યારે વૈક્રિયિક શરીરને સ્થૂળ કહે ત્યારે આહારક શરીર સૂક્ષ્મ છે.

(૩) જ્યારે આહારક શરીરને સ્થૂળ કહે ત્યારે તેજસ શરીર સૂક્ષ્મ છે.

(૪) જ્યારે તેજસશરીરને સ્થૂળ કહે ત્યારે કાર્મણ શરીર સૂક્ષ્મ છે.

(૫) જ્યારે કાર્મણ શરીરને સ્થૂળ કહે ત્યારે પુણ્ય-પાપ વિકારીભાવ સૂક્ષ્મ છે.

(૬) જ્યારે વિકારીભાવો સ્થૂળ કહે ત્યારે શુદ્ધ પર્યાય સૂક્ષ્મ છે.

(૭) જ્યારે શુદ્ધ પર્યાયને સ્થૂળ કહે ત્યારે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ સૂક્ષ્મ છે. આમ એક માત્ર પોતાનો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ અતિ સૂક્ષ્મ છે, તેનો આશ્રય લેવાથી જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની અપેક્ષા બધા સ્થૂળ છે. સ્થૂળનો આશ્રય લેવાથી ચારે ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે.

**પ્રશ્ન ૧૨૧—પાત્ર ધીર પુરુષ કોણ છે?**

**ઉત્તર** —જેમ રાક્ષસોએ દેવોને હેરાન કર્યા, ત્યારે તેઓ ભગવાન પાસે ગયા કે અમને રાક્ષસ હેરાન કરે છે. ત્યારે ભગવાને કહ્યું : રાક્ષસોથી બચવાને માટે જો સમુદ્રમાંથી અમૃત કાઢીને

પીવામાં આવે તો રાક્ષસ નુકશાન નહીં પહોંચાડી શકે. ત્યારે દેવોએ સમુદ્રનું મંથન શરૂ કર્યું, તો તેમાંથી કિમતી રત્ન નીકળ્યા. તો તેમણે તેની પરવા ન કરી કારણ કે તેમને અમૃતની જરૂરિયાત હતી. પછી મંથન કરતાં-કરતાં હળાહળ ઝેર નીકળ્યું ત્યારે પણ ગભરાણા નહીં કારણ કે તેમને તો અમૃત જોઈતું હતું. પછી છેવટે અમૃતની પ્રાપ્તિ થઈ ત્યારે રાક્ષસોથી દેવોની રક્ષા થઈ. (આ લૌકિક દૃષ્ટાંત છે) તે પ્રમાણે આ જીવ અનાદિથી દુઃખી થઈ રહ્યો છે, ત્યારે તે જીવ ભગવાનના સમવસરણમાં ગયો, તો ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું કે જો આ જીવ દુઃખોથી બચવા ચાહે છે તો પોતાનો જે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ સમુદ્ર છે તેનો આશ્રય લે તો આ દુઃખોથી મુક્ત થઈ શકશે. ત્યારે પાત્ર જીવ, સ્વભાવનો આશ્રય લેવાનો પ્રયત્ન કરે છે તો વચમાં શુભભાવ આવે છે પણ પાત્ર જીવની તે તરફ દૃષ્ટિ હોતી નથી. કારણ કે તેને તો સમ્યગ્દર્શન આદિની આવશ્યકતા છે. કોશિશ કરતાં-કરતાં ક્યારેક અશુભભાવનો ઉદય પણ આવી જાય છે. ત્યારે પણ પાત્ર જીવ ગભરાતો નથી. કારણ કે તેને તો રત્નત્રયની જ આવશ્યકતા છે. પછી વિશેષ પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈ, ત્યારે મોહ, રાગ, દ્વેષરૂપી રાક્ષસોથી બચવું થયું. એવા ધીર પુરુષ, સમ્યગ્દૃષ્ટિ વગેરે છે.

**પ્રશ્ન ૧૨૨—દિગંબર નામ ધરવા છતાં પણ શું બુદ્ધ, સાંખ્ય, ચાર્વાક અને શ્વેતામ્બર હોઈ શકે છે?**

**ઉત્તર** —(૧) દિગંબર જૈન કહેવડાવવા છતાં પણ દિકરો મરવાથી 'તે મરી ગયો'. સંસારના પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ પરિવર્તન થતાં પોતામાં ઈષ્ટ-અનિષ્ટપણું માનવું તે ક્ષણિકવાદી બૌદ્ધ છે.

(૨) દિગમ્બર જૈન નામધારીને, 'આત્મા તો સર્વથા ત્રિકાળ શુદ્ધ જ છે, કર્મ જ રાગ-દ્વેષ કરાવે છે, કર્મજ સંસાર-મોક્ષ કરાવે છે.' આવી માન્યતાવાળા સાંખ્યમતાવલંબી છે.

(૩) દિગંબર જૈન નામધારીને પણ 'અરે ભાઈ! શરીરને સંભાળો, જો શરીરને ઠીક નહીં રાખો તો ધર્મ નહીં થાય, આવી માન્યતાવાળા ચાર્વાક છે.

(૪) દિગંબર જૈન નામધારીને પણ 'શુભભાવ કરો તો તમને ધર્મનો લાભ થશે'. વિગેરે માન્યતાવાળા શ્વેતામ્બર છે.

**પ્રશ્ન ૧૨૩–ઇન્દ્રિયોને શા માટે જીતવી જોઈએ?**

**ઉત્તર** –(૧) જ્ઞાની કહે છે કે શાસ્ત્રોમાં કથન આવ્યું છે કે ઈન્દ્રિયોને જીતો. અજ્ઞાની કહે છે ઈન્દ્રિયો તો જ્ઞાનમાં નિમિત્ત છે તો તેને શા માટે જીતવી જોઈએ?

(૨) જ્ઞાની કહે છે કે ઈન્દ્રિયો જ્ઞાનમાં નિમિત્ત છે તેમ ભોગમાં પણ નિમિત્ત છે, માટે ઈન્દ્રિયોને જીતવી જોઈએ. હવે અજ્ઞાની કહે છે કે જેટલી ભોગમાં નિમિત્ત છે તેને તો જીતો પણ જે જ્ઞાનમાં નિમિત્ત છે તેને શા માટે જીતવી?

(૩) જ્ઞાની કહે છે કે ઈન્દ્રિયો પુદ્‌ગલને જાણવામાં નિમિત્ત છે, અતીન્દ્રિય જ્ઞાયકસ્વભાવી આત્માને જાણવામાં નિમિત્ત નથી. માટે ઈન્દ્રિયોને જીતવી જોઈએ.

**પ્રશ્ન ૧૨૪–નંદ, આનંદ, મહાનંદ, સહજાનંદ અને પરમાનંદથી શું તાત્પર્ય છે તથા તેમાં ગુણસ્થાન લગાવીને બતાવો.**

**ઉત્તર** –(અ) નંદ–પોતાનો ત્રિકાળી ભગવાન છે. જો તેની મર્યાદામાં રહે છે તો આનંદની પ્રાપ્તિ થાય છે. પોતાના નંદમાં વિશેષ એકાગ્રતા કરવાથી મહાનંદની પ્રાપ્તિ થાય છે. અને નંદમાં હજી વિશેષ એકાગ્રતા કરવાથી સહજાનંદની પ્રાપ્તિ થાય છે. અને પૂર્ણ એકાગ્રતા કરવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

(૧) નંદ=ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ.

(૨) આનંદ=ચોથું ગુણસ્થાન.

(૩) મહાનંદ=સાતમું ગુણસ્થાન.

(૪) સહજાનંદ=બારમું ગુણસ્થાન.

(૫) પરમાનંદ=તેરમું, ચૌદમું ગુણસ્થાન તથા સિદ્ધદશા.

(આ) જે પોતાના નંદનો આશ્રય ન લે, પરંતુ પરનંદનો આશ્રય, શરીરનો આશ્રય, વિકારનો આશ્રય, શુદ્ધપર્યાયનો આશ્રય લે છે તે ચાર ગતિમાં ભમીને નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન ૧૨૫—શ્રી અમૃતચંદ્રાચાર્યે સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય શું બતાવ્યો છે?**

**ઉત્તર** —(૧) જીવને અનાદિકાળથી પોતાના સ્વરૂપની ભ્રમણા છે, માટે પ્રથમ આત્મજ્ઞાની પુરુષથી આત્માનું સ્વરૂપ સાંભળીને યુક્તિ દ્વારા આત્મા જ્ઞાનસ્વભાવી છે તેવો નિર્ણય કરવો.

(૨) પછી પરપદાર્થની પ્રસિદ્ધિના કારણ જે ઈન્દ્રિય તથા મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિને મર્યાદામાં લાવીને, અર્થાત્ પરપદાર્થો તરફથી લક્ષ હટાવીને સ્વસન્મુખ લક્ષ્ય કરવું.

(૩) પછી 'આત્માનું સ્વરૂપ આવું જ છે, અન્યરૂપે નથી' એમ નિર્ણય થયો.

(૪) નિર્ણય કરેલા આત્માના બોધને દૃઢતારૂપથી ધારણ કરવો, આ સમ્યક્ મતિજ્ઞાન થયું.

(૫) ત્યાર પછી અનેક પ્રકારના નયપક્ષોના આલંબન કરવાવાળા વિકલ્પોથી આકુળતા ઉત્પન્ન કરવાવાળી શ્રુતજ્ઞાનની બુદ્ધિને પણ ગૌણ કરીને, તેને પણ આત્મ-સન્મુખ કરતો થકો, વિકલ્પોને પાર કરતાં સ્વાનુભવદશા પ્રાપ્ત કરે છે.

(શ્રી સમયસાર ગાથા-૧૪૪ના આધારે)

**પ્રશ્ન ૧૨૬—જ્ઞાનીની પાસે જઈને શું કરીએ તો કલ્યાણનો અવકાશ રહે?**

**ઉત્તર** —જેમ એક ગરીબ માણસ હતો તેને ચાર પુત્રો હતા. તે માણસે ચાર કાંચના ટુકડા જમીનમાં દાટી દીધા અને ચારેય પુત્રોને બોલાવીને કહ્યું, જુઓ મારા મરણ બાદ જો તમે ભૂખે મરવા લાગો તો તમારે આમ પ્રમાણે કરવું. મેં ચાર હીરા જમીનમાં દાટ્યા છે તેમાંથી એક હીરો કાઢીને ધન્નાલાલ શેઠની પાસે જવું તે તમને પૂરતા પૈસા આપશે. તેનાથી તમારી આજીવિકા ચાલશે. હવે પિતા તો મરી ગયા, ઘરમાં ખાવાનું કાંઈ રહ્યું નહીં, ત્યારે તેઓએ જમીન ખોદીને હીરા કાઢ્યા અને એક હીરો લઈને ધન્નાલાલ શેઠની પાસે ગયા. ધન્નાલાલ સમજી ગયા તેણે કહ્યું આ હીરો બહુ જ કીમતી છે, તેનો ગ્રાહક હમણા નથી. તું આ હીરાને કબાટમાં રાખી દે અને જેટલા રૂપિયાની જરરૂત હોય તેટલા લઈ જાવ અને આજથી મારે ત્યાં કામ કરવાનું શરૂ કરી દ્યો. પુત્રોએ આમ કર્યું. કામ કરતાં-કરતાં બે વર્ષ વીતી ગયા. ત્યારે ધન્નાલાલ શેઠે કહ્યું તમે આજે હીરા લઈને આવજો. આજે ગ્રાહક આવ્યો છે. હવે જ્યારે તેઓએ કબાટમાંથી હીરા કાઢ્યા અને જોઈને ફેંકી દીધા. આવીને શેઠને કહ્યું તે તો કાંચના ટુકડા હતા. તમે તેને કિમતી કેમ બતાવ્યા હતા? શેઠે કહ્યું ભાઈ! જે દિવસે તમે કાંચ લઈને આવ્યા, ત્યારે જો હું તેને કાંચનો ટુકડો છે તેમ તમને કહું તો તમને વિશ્વાસ ન આવત. અને આ શેઠ આપણને ઠગવા માગે છે. માટે મેં તે વખતે યુક્તિ કરી. એ જ પ્રમાણે અજ્ઞાનીને અનાદિકાળથી દિગંબર ધર્મ ધારણ કરવા છતાં પણ શુભભાવ કરતાં-કરતાં ધર્મ થઈ જશે, એવી માન્યતા દઢ કરી છે. માટે જ્યારે તમે જ્ઞાની પાસે જાવ તો પોતાની માન્યતાને તીજોરીમાં બંધ કરી દેજો અને તેમની વાત સાંભળજો, વિચારજો તો કલ્યાણનો અવકાશ આવશે. આથી પ્રથમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરીને, જેમ ગુરુએ કહ્યું, દેવે કહ્યું

અને જેવો ઉપદેશ આપ્યો તેવો જ નિર્ણય કરીને પોતાના અંતરંગમાં જ્યાં સુધી તેવું ભાવભાસન ન થાય ત્યાં સુધી પાત્ર જીવે પૂરેપૂરો પુરુષાર્થ કરવો જોઈએ.

**પ્રશ્ન ૧૨૭—'જે વિનયવંત સુભવ્ય ઉર અંબુજ પ્રકાશન ભાન હૈ, જે એક મુખ ચારિત્ર ભાસિત, ત્રિજગ માહી પ્રધાન હૈ'—આનો શું અર્થ છે?**

**ઉત્તર** —જિનેન્દ્ર ભગવાનની વાણીમાં આવ્યું છે કે ત્રણકાળ, ત્રણલોકમાં ચારિત્ર જ પ્રધાન છે.(અહીં 'મુખ'નો અર્થ મુખ્ય છે.) માટે વિનયવંત સુભવ્ય (અતિ આસન્ન) જીવોએ ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ. જો ચારિત્ર ધારણ ન કરી શકે તો શ્રાવકપણું ગ્રહણ કરવું જોઈએ અને જો શ્રાવકપણું પણ જો પ્રાપ્ત ન કરી શકે તો સમ્યગ્દર્શન તો પ્રાપ્ત કરવું જ જોઈએ.

**પ્રશ્ન ૧૨૮—આ ક્યાં શાસ્ત્રમાં આવ્યું છે પહેલાં ચારિત્ર (મુનિધર્મ)નો ઉપદેશ અને જો ચારિત્ર ગ્રહણ ન કરી શકે તો પછી શ્રાવક, સમ્યક્ત્વનો ઉપદેશ આપવો જોઈએ?**

**ઉત્તર** —શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાય, ગાથા-૧૭માં લખ્યું છે કે જે જીવ સંપૂર્ણ નિવૃત્તિરૂપ મુનિદશાને કદાચિત ગ્રહણ ન કરી શકે તો તેણે ગૃહસ્થાચારનો ઉપદેશ આપવો. તથા ૧૮મા શ્લોકમાં 'જે ઉપદેશક (પ્રથમ) મુનિધર્મનો ઉપદેશ ન આપતાં શ્રાવકધર્મનો ઉપદેશ આપે છે તે ઉપદેશકને સિદ્ધાંતમાં દંડને પાત્ર કહ્યા છે.

**પ્રશ્ન ૧૨૯—શાંતિપાઠમાં આવે છે કે**

**દિવ્ય વિટપ પહુપન કી વર્ષા, દુન્દુભિ આસન વાણી સરસા,**
**છત્ર ચમર ભામંડલ ભારી, યે તુમ પ્રાતિહાર્ય મનહારિ.**

**આ છંદનો શું અર્થ છે?**

**ઉત્તર** —આ શાંતિપાઠમાં ભગવાન પાસે જે આઠ પ્રાતિહાર્ય છે

તેના નામ વર્ણવ્યા છે.–(૧) દિવ્ય વિટપ (અશોકવૃક્ષ), (૨) પહુપની વર્ષા (પુષ્પોની વર્ષા), (૩) દુન્દુભિ (વાજિંત્રનું વાગવું), (૪) આસન (સિંહાસન), (૫) વાણી સરસા (દિવ્યધ્વનિ), (૬) છત્ર, (૭) ચામર, (૮) ભામંડળ.

**પ્રશ્ન ૧૩૦–સામ્યવાદ કેટલા પ્રકારના છે?**

**ઉત્તર** –ત્રણ પ્રકારના છે. (૧) ભોગભૂમિનો સામ્યવાદ=પુણ્યનો લગભગ સામ્યવાદ.

(૨) નિગોદનો સામ્યવાદ = અનંતદુઃખ.

(૩) સિદ્ધદશાનો સામ્યવાદ = અનંત અવ્યાબાધ સુખ.

**પ્રશ્ન ૧૩૧–ચાર પ્રકારની મુક્તિને કાર્મણશરીરની અપેક્ષાએ વર્ણન કરો.**

**ઉત્તર** –(૧) દૃષ્ટિમુક્તિમાં=સાડા સાત કર્મનો સંબંધ છે.

(૨) મોહમુક્તમુક્તિમાં=સાત કર્મનો સંબંધ છે.

(૩) જીવનમુક્તમુક્તિમાં=ચાર અઘાતિનો સંબંધ છે.

(૪) વિદેહમુક્તિમાં=કોઈપણ કર્મનો સંબંધ નથી.

**પ્રશ્ન ૧૩૨–જગતમાં એક જ સમયમાં પુરા થવાવાળા અદ્‌ભુત કાર્યો ક્યા ક્યા છે?**

**ઉત્તર** –(૧) સિદ્ધ ભગવાન એક સમયમાં મધ્યલોકના અગ્રભાગમાં ચાલ્યા જાય છે.

(૨) જવામાં એક સમયમાં ધર્માસ્તિકાયનું નિમિત્ત હોય છે.

(૩) કેવળી ભગવંત જ્યારે કેવળી સમુદ્‌ઘાત કરે છે ત્યારે સપૂર્ણ કાલાણુ એક સમયમાં એકીસાથે નિમિત્ત થાય છે.

(૪) એક પરમાણુ એક સમયમાં ચૌદ રાજુ સુધી ગમન કરી શકે.

(૫) જીવની પર્યાયમાં રાગાદિ વિકાર એક સમયનો છે અને ભગવાન આત્માનું લક્ષ કરવાથી એક સમયમાં તેનો નાશ કરી શકે છે.

**પ્રશ્ન ૧૩૩–શું આત્મજ્ઞાન થયા બાદ જ આગમજ્ઞાનનો ઉપચાર આવે છે?**

**ઉત્તર** –(૧) જેને આગમજ્ઞાન ન હોય તેને ક્યારેય પણ આત્મજ્ઞાન નથી થતું.

(૨) પરંતુ જેને આગમજ્ઞાન હોય, તેને આત્મજ્ઞાન હોય જ એવો નિયમ નથી.

(૩) પરંતુ જેને આત્મજ્ઞાન હોય છે, તેને આગમજ્ઞાન હોય જ છે. પરંતુ આગમજ્ઞાનમાં બંધન નથી.

(૪) આત્મજ્ઞાન થયા બાદ જ આગમજ્ઞાન કહેવામાં આવે છે, કારણ કે ઉપાદાન વિના નિમિત્ત નથી હોતું.

**પ્રશ્ન ૧૩૪–શાસ્ત્રજ્ઞાન ક્યારે કાર્યકારી કહેવાય છે અને ક્યારે કાર્યકારી નથી કહેવાતું?**

**ઉત્તર** –(૧) ભિન્ન વસ્તુભૂત આત્માનું ભાન ન હોય, તો શાસ્ત્રજ્ઞાન કાર્યકારી નથી. પરંતુ અનર્થકારી બની જાય છે.

(૨) ભિન્ન વસ્તુભૂત આત્માનું જ્ઞાન થયા પછી શાસ્ત્રજ્ઞાન કાર્યકારી કહેવાય છે.

**પ્રશ્ન ૧૩૫–કોના આશ્રયથી શુદ્ધ પર્યાય નિયમથી પ્રગટ થાય છે?**

**ઉત્તર** –પોતાના ત્રિકાળી કારણ ભગવાન પરમાત્માની તરફ દૃષ્ટિ કરે તો નિમયથી શુદ્ધપર્યાય પ્રગટ થાય છે અને પરદ્રવ્યો તથા વિકારના આશ્રયથી શુદ્ધપર્યાય ક્યારેય પણ પ્રાપ્ત થતી નથી.

**પ્રશ્ન ૧૩૬–સિદ્ધાંત (નિયમ) કોને કહે છે?**

**ઉત્તર** –જેમાં કોઈ અપવાદ ન હોય, તે સિદ્ધાંત (નિયમ) છે. જેમ કે બે+બે=ચાર થાય છે. જ્યારે અમેરિકામાં જાવ કે રશિયામાં જાવ કે ક્યાંય પણ જાવ. તે જ પ્રમાણે સિદ્ધાંત હંમેશા એક સરખો હોય છે.

**પ્રશ્ન ૧૩૭–નિગોદ શેનું ફળ છે?**

**ઉત્તર** –એક જ્ઞાનીની વિરાધનાનું ફળ નિગોદ છે અર્થાત્ પોતાના જ્ઞાયકસ્વભાવની વિરાધનાનું ફળ નિગોદ છે. જ્યાં એક જ્ઞાનીની વિરાધના છે ત્યાં અનંતજ્ઞાનીની વિરાધના છે.

**પ્રશ્ન ૧૩૮–મોક્ષ શેનું ફળ છે?**

**ઉત્તર** –એક જ્ઞાનીની આજ્ઞાની આરાધનાનું ફળ મોક્ષ છે. અર્થાત્ પોતાના જ્ઞાયકસ્વભાવની આરાધના તે મોક્ષ છે. જ્યાં એક જ્ઞાનીની આરાધના છે ત્યાં અનંતજ્ઞાનીની આરાધના છે.

**પ્રશ્ન ૧૩૯–નિશ્ચય ગતિ કેટલી છે?**

**ઉત્તર** –નિગોદ અને મોક્ષ–એમ બે છે. બાકી ચાર તો હવા ખાવા માટે છે. જેમ કે તમે મુંબઈમાં દરિયા કિનારે ટહેલવા ગયા ત્યાં ચાર કલાકની સફર કરીને પાછી ઘરે આવી ગયા. તે જ પ્રમાણે આ જીવ મનુષ્ય વગેરે પર્યાય મેળવીને પોતાની તરફ ન ઝુક્યો તો પછી નિગોદ છે અને પોતાની તરફ ઝુક્યો તો મોક્ષ છે.

**પ્રશ્ન ૧૪૦–મનુષ્યગતિ મળવા છતાં પણ પોતાની આરાધના ન કરી તો શું ફળ આવશે?**

**ઉત્તર** –ત્રસની સ્થિતિનો ઉત્કૃષ્ટ કાળ બે હજાર સાગરથી કંઈક અધિક છે. જો બે હજારસાગરની અંદર આત્માને યથાર્થપણે સમજી લે તો મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે. જો નથી સમજતો તો ત્રસ પર્યાયની સ્થિતિ પૂર્ણ થતા જ નિયમથી નિગોદમાં ચાલ્યો જશે. જેનું

દૃષ્ટાંત દ્રવ્યલિંગી મુનિરાજ મિથ્યાત્વને કારણે અલ્પકાળમાં જ નિગોદ ચાલ્યા જાય છે. જ્યારે સમ્યગ્દષ્ટિને શુભભાવ હેયબુદ્ધિથી આવે છે, તે તેનો અભાવ કરીને પૂર્ણ શુદ્ધિરૂપે પરિણમીને થોડા જ કાળમાં મોક્ષમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન ૧૪૧–ભિખારી કોણ છે અને રાજા કોણ છે?**

**ઉત્તર** –(૧) અત્યંત ભિન્ન પદાર્થોનું, (૨) ઔદારિક વિગેરે શરીરોનું, (૩) વિકારીભાવોનું, (૪) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધ પર્યાયોનું માહાત્મ્ય માનવાવાળો ભિખારી છે અને પોતાના સ્વભાવનો આશ્રય લેવાવાળો ભગવાન/રાજા છે.

**પ્રશ્ન ૧૪૨–અપરાધ શું છે અને રાધ શું છે?**

**ઉત્તર** –(૧) પરપદાર્થોનો, વિકારી ભાવોનો, અપૂર્ણ-પૂર્ણ પર્યાયોનો આશ્રય કરવો તે અપરાધ છે. જ્યારે પોતાના સ્વભાવનો આશ્રય લેવો તે રાધ છે, પ્રસન્નતા છે, સુખીપણું છે.

**પ્રશ્ન ૧૪૩–ગુરુની આજ્ઞાનું પાલન કરવાવાળો શિષ્ય કેવો હોય છે?**

**ઉત્તર** –અમાસની અડધી રાત્રિએ ગુરુએ શિષ્યને જગાડ્યો અને કહ્યું 'મધ્યાહ્નનો સૂર્ય કેવો પ્રકાશિત થઈ રહ્યો છે?' શિષ્યે કહ્યું કે હાં ભગવાન! બરાબર છે. બીજે દિવસે શિષ્યે ગુરુને પૂછ્યું હે ભગવાન જે આપે કહ્યું હતું કે 'મધ્યાહ્નનો સૂર્ય કેવો પ્રકાશિત થઈ રહ્યો છે' આ મારી સમજમાં ન આવ્યું. કૃપા કરીને સમજાવો. ગુરુએ કહ્યું કે અમારું તાત્પર્ય આ હતું કે તને સમ્યગ્દર્શન તો થઈ ગયું છે અને હવે શીઘ્ર જ કેવળજ્ઞાનરૂપી મધ્યાહ્નનો ઉદય થવાનો છે.

**પ્રશ્ન ૧૪૪–મરણના ભયનો અભાવ કેવી રીતે થાય?**

**ઉત્તર** –જેને મરણનો ભય લાગે છે તેણે આયુબંધનો ભય લાગવો જોઈએ. આયુનો બંધ શુભાશુભભાવોને કારણે થાય છે.

માટે જેણે આયુનો બંધ ન કરવો હોય, તેણે શુભાશુભભાવોથી રહિત પોતાના આત્માનો આશ્રય લેવો જોઈએ. પછી શુભાશુભભાવોની ઉત્પત્તિ જ નહીં થાય. જ્યારે શુભાશુભભાવોની ઉત્પત્તિ જ નથી તો આયુનો બંધ પણ નહીં થાય. પછી મરણનો ભય નહીં રહે.

**પ્રશ્ન ૧૪૫—વસ, ખસ, રસ, કસ, બસ આનું શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —સ્વમાં વસ, પરથી ખસ, આવશે આત્મામાં અતીન્દ્રિય રસ, તે જ છે અધ્યાત્મનો કસ, આટલું કરો તો બસ.

**પ્રશ્ન ૧૪૬—જ્ઞાની પ્રતિકૂળતા સમયે શું વિચારે છે?**

**ઉત્તર** —(૧) કોઈ મને ગાળ આપે (તો વિચારો) તેણે મને માર્યો તો નથી.

(૨) જો માર મારે તો (વિચારો)—તેણે મને જાનથી તો નથી માર્યો.

(૩) જો જાનથી મારે તો (વિચારો)—એણે તડપાવીને નથી માર્યો.

(૪) જો તડપાવીને મારે (વિચારો) એણે મારા આત્માનો નાશ તો નથી કર્યો અને હું તો આત્મા છું, તેથી મારો કોઈ નાશ કરી શકે જ નહીં, માટે મને દુઃખ થતું નથી.

**પ્રશ્ન ૧૪૭—લોકો કહે છે કે 'પહેલું સુખ નિરોગી કાયા, બીજું સુખ દીકરા ચાર, ત્રીજુ સુખ સારા કુળની સ્ત્રી, ચોથું સુખ કોઠીમાં અનાજ.'— શું આ ઠીક છે?**

**ઉત્તર** —(૧) અજ્ઞાની લોકો પહેલુ સુખ તે નિરોગી કાયા એમ કહે છે. જ્યારે જ્ઞાની કહે છે કે પોતાના જ્ઞાયકસ્વભાવનો લક્ષ કરે તો મિથ્યાત્વરૂપી મહારોગનો અભાવ થાય છે, તે આત્માની નિરોગદશા છે. આ પહેલું સુખ છે.

(૨) અજ્ઞાની લોકો કહે છે—બીજું સુખ તે ચાર દીકરા. જ્યારે જ્ઞાની કહે છે કે અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ તે બીજું સુખ.

(૩) અજ્ઞાની લોકો કહે છે કે ત્રીજુ સુખ તે કુલીન સ્ત્રી. જ્યારે જ્ઞાની કહે છે કે શુદ્ધ પરિણતિ તે જ ઉત્તમકુળની સ્ત્રી છે.

(૪) અજ્ઞાની લોકો કહે છે કે ચોથું સુખ તે કોઠીમાં અનાજ. જ્યારે જ્ઞાની કહે છે કે મારી કોઠી(આત્મા)માં અસંખ્યાત પ્રદેશ છે અને તેમાં અનંતગુણો ભરેલા છે. તેમાં જ મગ્ન રહેવું તેનું નામ કોઠીમાં અન્ન એવું ચોથું સુખ કહેવાય.

**પ્રશ્ન ૧૪૮—શાસ્ત્રશ્રવણમાં ઉંઘ આવે તો શું નુકશાન થાય?**

**ઉત્તર** —(૧) જેમ એક શેઠ સ્નાન કરીને સૂઈ ગયા અને નળ ખુલ્લો રહી ગયા તો પૂરા રૂમમાં પાણી-પાણી જ ભરાઈ ગયું. ઘરનો બધો કિમતી સામાન ખરાબ થઈ ગયો. તે જ પ્રમાણે જે શાસ્ત્રમાં જન્મ-મરણના અભાવની વાત ચાલતી હોય ત્યાં સૂઈ જાય તો કેટલું નુકશાન થાય તે વિચારો.

(૨) જેમ નવી વહુ ઘરમાં આવી. તેણે દૂધ ચૂલા ઉપર રાખ્યું છે અને તેને ઉંઘ આવી ગઈ પૂરું દૂધ ઉભરાઈ ગયું તે પ્રમાણે જે જીવ શાસ્ત્ર શ્રવણમાં સુવે છે તેનો અવસર ચાલ્યો જાય છે અને ચાર ગતિમાં ભટકે છે.

(૩) એક સ્ત્રીએ ઘી કઢાઈમાં નાખીને તેમાં પુરી નાખી અને તેને ઉંઘ આવી ગઈ તો પુરું ઘી બળી ગયું અને પૂરી પણ બળી ગઈ. તે જ પ્રમાણે જે જીવ જન્મ-મરણના અભાવની વાત ચાલે છે ત્યાં સૂઈ જાય છે એટલે કે એ વાત સાંભળીને પોતાના અંતરમાં ઉતારતો નથી તે ચાર ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જાય છે. માટે પાત્ર જીવે શાસ્ત્રશ્રવણ વખતે ક્યારેય સુવું નહીં, પરંતુ તે વાત સાંભળીને પોતાનું કલ્યાણ તરત કરી લેવું. આવો અવસર મળવો દુર્લભ છે.

**પ્રશ્ન ૧૪૯—નિશ્ચય વિના વ્યવહાર પર આરોપ કેમ નથી આવતો ?**

**ઉત્તર** —એક માણસ ચારસો રૂપિયાની એક શેરના ભાવે ઉત્તમ બદામ લાવ્યો. ઘરે આવીને તેણે તોડી તો તેમાંથી અડધો શેર નીકળી અને બાકી રહ્યા ફોતરા. શું કોઈ એ ફોતરાના બસો રૂપિયા આપશે? એક પણ પૈસો નહીં મળે. કારણ કે બદામની કાચલી હોવાને કાચલીની કિંમત કહેવામાં આવે છે પણ છે નહીં. તે જ પ્રમાણે નિશ્ચય હોય તો વ્યવહાર નામ પામે છે એકલો વ્યવહાર હોય તો વ્યવહાર નામ પણ પામે નહીં. માટે નિશ્ચય વિના વ્યવહારનો આરોપ પણ કરી શકાય નહીં.

**પ્રશ્ન ૧૫૦—સંવર શું છે?**

**ઉત્તર** —શુભાશુભભાવોનું રોકાવું, શુદ્ધિનું પ્રગટ થવું તે સંવર છે.

**પ્રશ્ન ૧૫૧—સંવરમાં શું શું થાય છે?**

**ઉત્તર** —ત્રિકાળી સ્વભાવ, શુદ્ધ પર્યાયનું પ્રગટ થવું, અશુદ્ધિનું ઉત્પન્ન ન થવું અને દ્રવ્યકર્મનું ન આવવું, આ ચાર વાત હોય છે.

**પ્રશ્ન ૧૫૨—આ ચાર વાતોથી શું લાભ થાય છે?**

**ઉત્તર** —પ્રત્યેક કાર્યમાં એક જ સમયમાં ચાર વાત નિયમથી હોય છે. ભલે તે પરિણમન શુદ્ધ હોય કે અશુદ્ધ હોય.

**પ્રશ્ન ૧૫૩—પ્રત્યેક કાર્યમાં ચારેય વાત એક જ સમયમાં નિયમથી હોય છે તેને વધુ સમજાવો.**

**ઉત્તર** —જીવ અનંત, પુદ્‌ગલ અનંતાનંત, ધર્મ-અધર્મ, આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળ દ્રવ્ય છે. આ દ્રવયોમાં પ્રત્યેક-પ્રત્યેકમાં અનંત-અનંત ગુણો છે. એક-એક ગુણના કાર્યમાં એક જ સમયમાં ચારેય વાત ઘટિત થાય છે. જેમ કે

ઔપશમિક સમ્યક્ત્વનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય, આત્માનો શ્રદ્ધા ગુણ તે ધ્રૌવ્ય અને દર્શનમોહનીયનો ઉપશમ.

**પ્રશ્ન ૧૫૪—ચાર વાત કઈ કઈ છે?**

**ઉત્તર** —ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય અને નિમિત્ત.

**પ્રશ્ન ૧૫૫—સંવરમાં ચાર વાતોને જાણવાથી શું લાભ છે?**

**ઉત્તર** —જ્યારે દરેક કાર્યમાં ચારેય વાત એક સાથે હોય છે તો પછી કરવું શું? એક માત્ર પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ આપે તો એક જ સમયમાં અશુદ્ધિનો અભાવ, શુદ્ધિની ઉત્પત્તિ, દ્રવ્યકર્મનું ન આવવું સ્વયમેવ થઈ જાય છે

**પ્રશ્ન ૧૫૬—તત્ત્વઅભ્યાસનું શું ફળ છે?**

**ઉત્તર** —પ્રત્યેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણો છે, એક-એક ગુણમાં એક સમયમાં ચારેય વાત (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને નિમિત્ત) થઈ રહી હતી, થઈ રહી છે અને થતી રહેશે—આ પારમેશ્વરી વ્યવસ્થા છે. જ્યારે બધામાં આવું થાય જ છે ત્યારે કરવાનું પણ શું રહ્યું? માત્ર જાણવું-દેખવું જ રહ્યું આ તત્ત્વઅભ્યાસનું ફળ છે.

**પ્રશ્ન ૧૫૭—તત્ત્વઅભ્યાસનું બીજું ફળ શું છે?**

**ઉત્તર** —તત્ત્વના અભ્યાસથી સંસારનો કોઈ પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ ભાસતો નથી. ત્યારે સ્વયમેવ ધર્મની ઉત્પત્તિ થઈ વૃદ્ધિ થઈ અને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે. જો એક-એક ગુણમાં ચાર વાતો અનાદિ-અનંત થઈ રહી હતી, થઈ રહી છે અને થતી રહેશે, આવું માનસિક જ્ઞાન વડે સૂક્ષ્મરીતથી ઊંડાણમાં ઉતરે તો તરત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૧૫૮–કેવા શુભભાવ કરે તો કલ્યાણનો અવકાશ છે અને કેવા-કેવા ભાવોનું કેવું-કેવું ફળ મળે છે?**

**ઉત્તર** –વિચારો, (૧) કોઈ જીવ દાન આપે છે એટલા માટે કે આ લોકો વારંવાર હેરાન કરે છે તો લઈ જાવ. શું આ દાન છે? તેનું ફળ શું?

આ તો તીવ્ર કષાયનો ભાવ છે. રૂપિયા ગયા રૂપિયાને કારણે, તે તો જડની ક્રિયા છે, તેમાં જીવનું કાંઈ કાર્ય આવ્યું નહીં. તે તો ક્રિયાવતીશક્તિનું કાર્ય છે. પરંતુ મને વધારે હેરાન ન કરે એટલા માટે ક્રોધપૂર્વક દાન આપ્યું માટે પાપનો જ બંધ છે. તેના ફળમાં આગલા ભવમાં તિર્યંચ આદિનો સંયોગ મળશે કે જ્યાં તને પણ લોકો પરેશાન કરવાથી રોટલીનો ટુકડો ફેંકે છે. બસ તેનું ફળ આ જ છે, તેનાથી ધર્મની પ્રાપ્તિ નથી થતી.

(૨) મારું નામ થાય, આવતા ભવમાં મને અધિક સંપત્તિ મળે આવા વિચાર સહિત જે જીવ કપડા, આહાર, ઔષધ આદિક દાનમાં દેવાનો ભાવ કરે છે, તેને જોકે મંદકષાય હોવાથી પાપાનુબંધી પુણ્ય થશે. કપડા, આહાર, ઔષધાદિ તો પુદ્ગલનું કાર્ય છે. તેમાં જીવનું કાંઈ કાર્ય આવ્યું નહીં. હવે જો તે ભાવમાં એકત્વબુદ્ધિ કરે તો મિથ્યાત્વ સહિતનો પુણ્યબંધ થાય છે. તેનાથી બીજા ભવમાં શરીરની અનુકૂળતા, રૂપિયા, મહેલ વગેરેનો સંયોગ મળે છે. પરંતુ ધર્મની પ્રાપ્તિ નથી થતી.

(૩) જાત્રા કરું, પૂજા કરું, શાસ્ત્ર વાંચું વિગેરે ભાવ મંદકષાયરૂપ પુણ્યબંધ છે. શરીરનું હલનચલન, પાઠનું ઉચ્ચારણ, હાથ જોડવા વિગેરે ક્રિયા તો પુદ્લની છે. માત્ર જે ભાવ કર્યા છે તેનાથી અનુકૂળ સંયોગ મળશે. ધર્મની પ્રાપ્તિ નહીં થાય. (જો યાત્રા કરીને આવ્યા અને આવતા જ મુનિમ પર ગુસ્સો થઈ જાય કે તે

અમારો ખાવા-પીવાનો બંદોબસ્ત ન કર્યો, પગ દબાવવાનો બંદોબસ્ત ન કર્યો એવા જીવની તો અહીંયા આગળ વાત જ નથી. કારણ કે તેનાથી તો પાપનો જ બંધ થાય છે.)

(૪) અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કરીને વસ્તુસ્વરૂપ સમજીને પોતાના આત્માનું હિત કરી લઉં એવા ભાવપૂર્વક જે અભ્યાસ કરે છે, અને જો તેનો પુરુષાર્થ વિશેષ વધી જાય તો તરત ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે. જો તત્ત્વનો અભ્યાસ કરતાં-કરતાં આયુષ્ય પૂરું થઈ જાય તો બીજા ભવે સાચા દેવ-ગુરુનો એવો સંયોગ મળે કે જેના નિમિત્તથી સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થઈ જાય છે. (જે જીવ અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ એટલા માટે કરે છે કે લોકો મારો આદર કરે, હું મોટો કહેવડાઉં, બધા શાસ્ત્રો કંઠસ્થ કરું, મને રૂપિયા પૈસા આદર, માન વિગેરેની પ્રાપ્તિ થાય, એવા જીવની અહીંયા આગળ વાત નથી.)

માટે તત્ત્વનો અભ્યાસ વિશેષ રુચિપૂર્વક કરવાવાળાને ધર્મની પ્રાપ્તિનો અવકાશ છે. કોઈપણ પ્રકારથી શુભભાવ વડે કલ્યાણ સંભવતું નથી.

**પ્રશ્ન ૧૫૯—જીવનું કલ્યાણ કેમ નથી થતું?**

**ઉત્તર** —સંસાર પરિભ્રમણમાં પોતાનો જ દોષ છે. પરંતુ તે પરનો દોષ જુએ છે. માટે તેનું કલ્યાણ નથી થતું. મારો જ દોષ છે એમ જાણીને નિર્દોષ સ્વભાવનો આશ્રય લે તો તુરત કલ્યાણ થઈ જાય. આ વાત બાર દૃષ્ટાંતોથી સમજાવીએ.

(૧) જેમ દસ વર્ષનો બાળક આઠ વર્ષના બાળકને માર મારી રહ્યો છે. તો લૌકિક સજ્જન હેરાન કરવાવાળા દસ વર્ષના બાળકને જ ધમકાવે છે. તે પ્રમાણે જો કર્મ આત્માને હેરાન કરતાં હોય તો લોકોત્તર ભગવાન સર્વજ્ઞ છે. તેમણે હેરાન કરવાવાળા કર્મોને

ઉપદેશ આપવો જોઈએ. પરંતુ તેથી ઉલટું ભગવાન તો કહે છે કે હે જીવ તું તારી ભૂલથી સ્વયં હેરાન થઈ ગયો છે. જો તું પોતાની ભૂલને જાણે અને દોષ રહિત સ્વભાવનો આશ્રય લે તો કલ્યાણ થઈ જાય અને જો પરનો દોષ કાઢ્યા જ કરીશ તો ક્યારેય પણ કલ્યાણ નહીં થાય.

(૨) જેમ મોઢા ઉપર ડાઘ છે, તે દર્પણમાં દેખાય છે. તેને દૂર કરવા માટે દર્પણને ઘસે તો શુ ડાઘ સાફ જઈ જશે? ક્યારેય નહીં. તે જ પ્રમાણે પોતાની ભૂલને માટે કર્મથી પ્રાર્થના કરે તો શું તે હટી જશે? ક્યારેય નહીં. હવે જુઓ. મોઢાના ડાઘને કપડાથી સાફ કરી દે તો દર્પણમાં પણ સાફ દેખાશે. તે જ પ્રમાણે આપણે પોતાની તરફ દૃષ્ટિ કરીએ તો કર્મ સ્વયં ભાગી જશે.

(૩) જેમ એક ડાકુને ૫૦ પોલીસના પહેરામાં રાખવામાં આવે છે, જેથી તે ભાગી ન જાય. અજ્ઞાની લોકો પોલીસનું જોર જુએ છે, જ્યારે વાસ્તવમાં તો જોર ડાકુનું છે કારણ કે એક ડાકુને માટે ૫૦ પોલિસ પહેરો ભરે છે. ઠીક તે પ્રમાણે એક આત્માને બંધનમાં રાખવાવાળા નિમિત્તકારણરૂપે અનંત રજકણ છે. જુઓ, અજ્ઞાની લોકો કર્મનું જોર જુએ છે. વાસ્તવમાં જોર આત્માનું જ છે. માટે હે ભવ્ય! તારો જે સ્વભાવ અનાદિ-અનંત છે તેનો આશ્રય લે તો કલ્યાણ થઈ જશે. પણ કર્મનો દોષ જોવાથી તો કલ્યાણ નહીં થાય.

(૪) તત્ત્વ નિર્ણય ન કરવામાં તત્ત્વનો દોષ નથી. તારો જ દોષ છે. જે કર્મનો દોષ કાઢે છે તે અનીતિ છે. જો મોક્ષની સાચી અભિલાષા હોય તો કર્મનો દોષ ન કાઢો. પોતાનો દોષ જોઈને નિર્દોષ સ્વભાવનો આશ્રય લ્યો તો કલ્યાણ થઈ જાય.

(૫) જેમ મોઢું વાકું કરીને દર્પણને કહે સીધું થઈ જા, તો શું તે સીધું થશે? ક્યારેય નહીં. તે પ્રમાણે ભૂલ આપણે કરીએ અને

કર્મને કહીએ કે ભૂલ દૂર કરો તો શું ભૂલ દૂર થશે? નહીં. જેમ આપણે મોઢાને સીધું કરી લઈએ તો દર્પણમાં સીધું જ દેખાશે. તે પ્રમાણે આપણે સીધા થઈ જઈએ. અર્થાત્ સ્વભાવનો આશ્રય લઈએ તો કર્મ સ્વયં જ સીધા છે.

(૬) ગિરનાર ખૂબ ઉંચો પહાડ છે. તેના ઉપર ૮૦ વર્ષની વૃદ્ધા ચડે તો ગિરનાર પર્વતના ટોંચ સુધી પહોંચતા ચડવાનું સમાપ્ત થાય છે, છતાં વૃદ્ધા સમાપ્ત નથી થતી. તે જ પ્રમાણે કર્મની સ્થિતિ પ્રવાહરૂપ છે. માટે હે ભવ્ય તું સ્વયં અનાદિ-અનંત છે તેનો આશ્રય લે તો સંસાર સમાપ્ત થઈ શકે છે. પરનો આશ્રય લે તો સંસાર સમાપ્ત નહીં થાય.

(૭) દર્શનમોહનીય કર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે. લોકો તેને બળવાન કહે છે. જુઓ, સૌથી પહેલાં દર્શનમોહનીય કર્મ જ ભાગે છે. માટે હે આત્મા ! તું સ્વયં બળવાન છે. તું તારો આશ્રય લે તો પ્રથમ દર્શનમોહનીય ભાગે છે અને મોહ જતા જ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય પણ ભાગે છે. આથી અનંત ચતુષ્ટયમય નિજ આત્માનો આશ્રય લેવાથી કલ્યાણ થઈ જાય છે.

(૮) દોષ તો જીવનો છે. કર્મનો જે દેખે છે તે તારું હરામજાદીપણું છે, એમ આત્મઅવલોકનમાં આવે છે. મારી પર્યાયમાં દોષ મારા અપરાધથી છે. એમ જાણીને નિર્દોષ સ્વભાવનો આશ્રય લે તો કલ્યાણનો અવકાશ છે.

(૯) એક સ્ત્રી પાણી ભરવા ગઈ. લોટો નીચે પડી ગયો અને તેમાં ખાડો પડી ગયો ખાડાને દૂર કરવા માટે ઉપરથી હથોડી મારે તો શું ખાડો ઠીક થશે? ક્યારેય નહીં. તે જ પ્રમાણે પોતાના કલ્યાણને માટે પરથી, કર્મોથી, વિકારીભાવોથી લાભ માને તો શું

કલ્યાણ થશે? ક્યારેય નહીં. જેમ લોટાની અંદરથી હથોડી મારે તો ખાડો ઠીક જઈ જાય છે. તે પ્રમાણે જીવ સ્વભાવનો આશ્રય લે તો, પર્યાયમાંથી દોષ ચાલ્યો જાય છે, કલ્યાણ થઈ જાય છે.

(૧૦) જેમ વાનરની મુશ્કેલી એટલી જ છે કે તે મુઠ્ઠી નથી ખોલતો, તે પ્રમાણે આ જીવ માત્ર પોતાના સ્વભાવનો આશ્રય નથી લેતો. જો વાનર મુઠ્ઠી ખોલી દે તો છુટ્ટો જ છે, તે પ્રમાણે જીવ પોતાનો આશ્રય લે તો સંસાર તેનાથી છૂટો જ છે.

(૧૧) પોપટની મુશ્કેલી એટલી જ છે તે ભૂંગળીને છોડતો નથી. જો છોડી દે તો છુટ્ટો જ પડ્યો છે. તે પ્રમાણે જીવની મુશ્કેલી એટલી જ છે કે સ્વભાવનો આશ્રય નથી લેતો, જો લે તો તરત કલ્યાણ થઈ જાય.

(૧૨) જેમ હરણ રણમાં જળ માનીને દોડે છે તેથી તે દુઃખી છે. તે પ્રમાણે આ જીવ પરને પોતાના માને છે માટે દુઃખી છે. જો ન માને અને સ્વભાવનો આશ્રય લે તો તરત કલ્યાણ થઈ જાય.

**પ્રશ્ન ૧૬૦—જૈન કોને કહે છે?**

**ઉત્તર** —પોતાના આત્માના આશ્રયે મોહ, રાગ, દ્વેષને જીતી લીધા છે એ જૈન છે.

**પ્રશ્ન ૧૬૧—જૈન કેટલા પ્રકારે છે?**

**ઉત્તર** —સાત પ્રકારે છે. ત્રણ સાચા જૈન અને ચાર ખોટા જૈન.

**પ્રશ્ન ૧૬૨—ત્રણ સાચા જૈન કોણ-કોણ છે?**

**ઉત્તર** —(૧) ઉત્તમ જૈન=અરિહંત અને સિદ્ધ

(૨) મધ્યમ જૈન=સાતમા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાનવર્તી જીવ.

(૩) જઘન્ય જૈન=ચોથા, પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવ.

**પ્રશ્ન ૧૬૩—ચાર જૂઠા જૈન કોણ-કોણ છે?**

**ઉત્તર** —(૧) સધૈયા=જે રોજ મંદિર આવે છે, શાસ્ત્ર વાંચે છે પરંતુ શાસ્ત્રનો મતલબ જાણતા નથી, આમ તેઓ અન્યમતાવલંબી જેવા જ છે.

(૨) ભદૈયા=જે મંદિરમાં માત્ર ભાદરવાના દસ દિવસ જ આવે છે.

(૩) લડૈયા=જે માત્ર અનંતચૌદશના દિવસે અથવા ક્યારેક-ક્યારેક મંદિરમાં લડાઈ કરવા આવે છે.

(૪) મરૈયા=જે ચૌધરી બનીને માત્ર જ્યારે કોઈ લૌકિક પ્રસંગ હોય ત્યારે જ આવે છે.

હે ભાઈ! એકવાર પોતાના આત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરીને જો, પછી તને અપૂર્વ આનંદ આવશે અને સાચું જૈનત્વ પ્રગટ થઈ જશે.

**પ્રશ્ન ૧૬૪—શું મોક્ષાર્થીએ જરાપણ રાગ ન કરવો જોઈએ?**

**ઉત્તર** —(૧) શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨માં લખ્યું છે કે 'મોક્ષાર્થીએ સર્વત્ર, કિંચિત્ પણ રાગ કરવો જોઈએ નહીં'.

(૨) રાગ કેવો પણ હોય, તે અનર્થ સંતતિના ક્લેશરૂપ વિલાસ જ છે.

(૩) જ્ઞાનીને અસ્થિરતા સંબંધી રાગ પણ મોક્ષનો ઘાતક, દુષ્ટ, અનિષ્ટ છે, બંધનું કારણ છે.

(૪) મિથ્યાદૃષ્ટિ રાગને ઉપાદેય માને છે, માટે તેનો રાગ અનર્થ પરંપરા અર્થાત્ નિગોદનું કારણ છે.

(૫) શ્રી પરમાત્મપ્રકાશ અધ્યાય પ્રથમ, ગાથા-૯૮માં જ્ઞાનીનો રાગ (શુભભાવ), પુણ્યબંધનું કારણ અને મિથ્યાદૃષ્ટિનો

શુભરાગ પાપબંધનું કારણ છે તેમ લખ્યું છે.

**પ્રશ્ન ૧૬૫—પદ્મનંદી-પંચવિંશતિના એકત્વ અધિકારમાં (૧) સર્વ, (૨) સર્વદા, (૩) સર્વત્ર અને (૪) સર્વથાની વાત કેમ લીધી છે?**

**ઉત્તર** —(અ) હે ભવ્ય! (૧) સર્વ દ્રવ્યોને, (૨) સર્વત્ર અર્થાત્ સર્વ ક્ષેત્રોને, (૩) સર્વદા અર્થાત્ સર્વ પર્યાયોને—ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળને, (૪) સર્વથા અર્થાત્ બધાના સર્વ ગુણોને જાણવાનો તારો સ્વભાવ છે એમ તું જાણ. આમ જાણવાથી તને મોક્ષની પ્રાપ્તિ થશે.

(આ) (૧) સર્વ પરદ્રવ્યોમાં, (૨) સર્વત્ર અર્થાત્ સર્વ દ્રવ્યોના ક્ષેત્રોમાં, (૩) સર્વદા અર્થાત્ સર્વ દ્રવ્યોની ભૂત, ભવિષ્ય, વર્તમાન પર્યાયોમાં, (૪) સર્વથા અર્થાત્ બધા દ્રવ્યોના ગુણોમાં કર્તા-ભોક્તાની બુદ્ધિ તે નિગોદનું કારણ છે.

આમ બતાવીને જ્ઞાતા-દૃષ્ટા રહેવાને માટે એકત્વ અધિકારમાં સર્વ, સર્વત્ર, સર્વદા અને સર્વથાની વાત કરી છે.

**પ્રશ્ન ૧૬૬—ધર્મ શું છે?**

**ઉત્તર** —(૧) વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે.

(૨) ચારે ગતિઓથી છોડાવીને ઉત્તમ મોક્ષ સુખમાં પહોંચાડે તે ધર્મ છે.

(૩) સ્વદ્રવ્યમાં રહેવું તે સુગતિ અર્થાત્ ધર્મ છે અને ૨૮ મૂળગુણ પાળવાનો ભાવ, બાર અણુવ્રતનો ભાવ, ભગવાનના દર્શનનો ભાવ, જે ભાવથી તીર્થંકર નામકર્મનો બંધ થાય છે એવા સોળકારણનો ભાવ આદિ બધું સંસાર છે, પરંતુ ધર્મ નહીં.

(૪) નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા તે ધર્મ છે. વ્યવહાર રત્નત્રય તે ધર્મ નથી.

(૫) વસ્તુસ્વભાવરૂપ ધર્મ, ઉત્તમ ક્ષમાદિ દસવિધ ધર્મ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ, જીવરક્ષારૂપ ધર્મ—આ બધામાં સમ્યગ્દર્શનની પ્રધાનતા છે. સમ્યગ્દર્શનપૂર્વક જ ધર્મ થાય છે. સમ્યગ્દર્શન વિના ચારેયમાંથી એકપણ પ્રકારે પણ ધર્મ નથી હોતો. નિશ્ચયથી સાધવામાં ચારેયમાં એક જ પ્રકારનો ધર્મ છે.

**પ્રશ્ન ૧૬૭—પ્રમાણની વ્યુત્પત્તિ એટલે શું છે?**

**ઉત્તર** —પ્ર=વિશેષ કરીને જેવું વસ્તુસ્વરૂપ છે તેવું જ, માણ=જ્ઞાનમાં આવવું.

**પ્રશ્ન ૧૬૮—પ્રમાણ, પ્રમેય, પ્રમાતાનો શું અર્થ છે?**

**ઉત્તર** —પ્રમાણ બરાબર જેવું વસ્તુસ્વરૂપ છે એવું જ જ્ઞાનમાં આવવું. પ્રમેય=જ્ઞેય, પ્રમાતા=જાણવાવાળો.

**પ્રશ્ન ૧૬૯—ભાવદીપિકામાં સમ્યગ્દષ્ટિને આપ્ત કેમ કહ્યા છે, જ્યારે કે આપ્તનું લક્ષણ વીતરાગ, સર્વજ્ઞ, હિતોપદેશી છે?**

**ઉત્તર** —(૧) જેમ ખજાનચી લાખો રૂપિયાની લેણ-દેણ કરે છે પરંતુ તેને પોતાના નથી માનતા, તે પ્રમાણે સમ્યગ્દષ્ટિને રાગના સ્વામીપણાનો અભાવ હોવાથી વીતરાગ કહ્યા છે.

(૨) સમ્યગ્દષ્ટિને જેટલા જ્ઞાનનો ઉઘાડ છે અને જેટલા પદાર્થને જાણે છે, તેને જાણે જ છે અને જાણવાનું કાર્ય મારું છે. પરંતુ હું પરપદાર્થને કરું અથવા ભોગવું એવી એકત્વબુદ્ધિનો અભાવ હોવાથી માત્ર તેઓને જાણવાના કારણે સર્વજ્ઞ કહ્યા છે.

(૩) તમે પોતાના આશ્રયથી જ શુદ્ધતા પ્રગટ કરો, દયા-દાન -પૂજા વિગેરે ભાવ આસ્રવ-બંધનું કારણ છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય નથી થતું, કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાન કારણથી જ થાય છે. આવો હિતનો ઉપદેશ જ સમ્યગ્દષ્ટિની વાણીમાં આવે છે તેથી તેને હિતોપદેશી કહ્યા છે. માટે

ભાવદીપિકામાં સમ્યગ્દષ્ટિને આપ્ત કહ્યા છે. આપ્તના ત્રણ ભેદ છે.

(૧) અરિહંત ભગવાન ઉત્તમ આપ્ત છે.

(૨) પાંચમા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાન સુધી મધ્યમ આપ્ત છે.

(૩) ચોથા ગુણસ્થાનવાળા જઘન્ય આપ્ત છે.

**પ્રશ્ન ૧૭૦—શ્રી પંચાસ્તિકાય ગાથા-૩માં 'સમવાઓ' શબ્દ આવ્યો છે, તેમાં અમૃતચંદ્રાચાર્યે ક્યા ક્યા અર્થ કાઢ્યા છે?**

**ઉત્તર** —ત્રણ અર્થ કાઢ્યા છે. (૧) સમવાદ, (૨) સમવાય, (૩) સમ્‌અવાય.

**પ્રશ્ન ૧૭૧—સમવાદ(શબ્દસમય) કોને કહે છે?**

**ઉત્તર** —રાગ-દ્વેષ રહિત શબ્દને અર્થાત્ સમદર્શિતાને ઉત્પન્ન કરવાવાળું કથન(ભગવાનની વાણીને) શાસ્ત્રારૂઢ નિરુપણ, તે સમવાદ છે. સમવાદ કહો, શબ્દસમય કહો એક જ વાત છે. જ્ઞાન દ્વારા જાણેલા પદાર્થનું પ્રતિપાદન, શબ્દ દ્વારા થાય છે. માટે તે શબ્દને શબ્દનય કહે છે.

**પ્રશ્ન ૧૭૨—સમવાય (અર્થસમય) કોને કહે છે?**

**ઉત્તર** —સમવાય અર્થાત્ સમૂહ. પંચાસ્તિકાયના સમૂહને અર્થાત્ સર્વપદાર્થોના સમૂહને સમવાય કહે છે. સમવાય કહો, અર્થસમય કહો, એક જ વાત છે. જ્ઞાનનો વિષય પદાર્થ છે, માટે શબ્દનયથી પ્રતિપાદન કરવામાં આવતા પદાર્થોને પણ નય કહે છે. તે અર્થસમય શબ્દથી તે પદાર્થનું જ્ઞાન થવું, તે અર્થસમય છે.

**પ્રશ્ન ૧૭૩—સમ્‌અવાય (જ્ઞાનસમય) કોને કહે છે?**

**ઉત્તર** —સમ્ અર્થાત્ સમ્યક્ પ્રકારથી (મિથ્યાદર્શનના નાશપૂર્વક) અવાય, અર્થાત્ જ્ઞાનનો નિર્ણય(સમ્યગ્જ્ઞાન) તે

સમ્‌અવાય છે. સમ્‌અવાય કહો, જ્ઞાનસમય કહો એક જ વાત છે. વાસ્તવિક પ્રમાણજ્ઞાન છે, તે જ્યારે એકદેશગ્રાહી હોય છે, ત્યારે તેને નય કહે છે. માટે તેને જ્ઞાનનય કહે છે.

**પ્રશ્ન ૧૭૪—સમવાદ (શબ્દસમય), સમવાય (અર્થસમય), સમ્‌અવાય (જ્ઞાનસમય) દૃષ્ટાંત આપીને સમજાવો.**

**ઉત્તર** —(૧) જેમ આપણા રજિસ્ટરમાં સો રૂપિયા લખ્યા છે, તે શબ્દસમય છે.

(૨) તિજોરીમાં સો રૂપિયા છે, તે અર્થસમય છે.

(૩) તમારા જ્ઞાનમાં પણ સો રૂપિયા આવે, તે જ્ઞાનસમય છે.

તે જ પ્રમાણે ગુરુદેવશ્રીએ કહ્યું, આત્મા! તો આત્મા, શબ્દસમય છે. (૨) આત્મા પદાર્થ હું છું, તે અર્થસમય છે. (૩) શબ્દનો અનુભવ થવો તે જ્ઞાનસમય છે. જેમ—સાકર શબ્દ તે શબ્દનય, સાકર પદાર્થ તે અર્થસમય અને સાકરનું અનુભવરૂપ જ્ઞાન તે જ્ઞાનસમય છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શબ્દનય | ખાતામાં ૧૦૦ રૂ. | આત્મા શબ્દ | પાંચ અસ્તિકાય કથન |
| ૨ | અર્થનય | તિજોરીમાં ૧૦૦ રૂ. | આત્મા પદાર્થ | પાંચ અસ્તિકાય પદાર્થ |
| ૩ | જ્ઞાનનય | જ્ઞાનમાં ૧૦૦ રૂ. | આત્માનુભવ | પાંચ અસ્તિકાયનું જ્ઞાન |

**પ્રશ્ન ૧૭૫—(૧) શબ્દસમય, (૨) અર્થસમય અને (૩) જ્ઞાનસમયને આગમના શબ્દોથી સમજાવો.**

**ઉત્તર** —(૧) ભગવાનની વાણીમાં પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-ઉપાદેય,

નિમિત્ત-નૈમિત્તિકસંબંધ, છ કારક, ત્યાગ કરવાયોગ્ય મિથ્યાદર્શનાદિ, ગ્રહણ કરવાયોગ્ય સમ્યગ્દર્શનાદિ અને આશ્રય કરવા યોગ્ય એકમાત્ર પોતાનો ત્રિકાળી ભગવાન છે—એમ જે કથન આવ્યું છે તે, અથવા શાસ્ત્રોમાં છે તે તો શબ્દસમય છે.

(૨) પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-ઉપાદેય, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, છ કારક, ત્યાગવાયોગ્ય મિથ્યાદર્શનાદિ અને ગ્રહણ કરવાયોગ્ય સમ્યગ્દર્શનાદિ અને આશ્રય કરવાયોગ્ય એક માત્ર પોતાનો ત્રિકાળી ભગવાન છે—આવા પદાર્થ તે અર્થસમય છે.

(૨) જેવા છે તેવા બધા જ્ઞાનમાં આવવા તે જ્ઞાનસમય છે.

**પ્રશ્ન ૧૭૬—ત્રણે સમય ક્યારે માન્યા કહેવાય?**

**ઉત્તર** —(૧) જેવું કથન હોય, (૨) તેવો જ પદાર્થ હોય, (૩) તેવું જ તેનું જ્ઞાન હોય તો ત્રણે સમયને માન્યા કહેવાય.

**પ્રશ્ન ૧૭૭—શાસ્ત્રોમાં જેવું કથન આવે છે અને જેવું દેવ-ગુરુ કહે છે તેવું જ અમે જાણીએ છીએ, તો પછી અમારી અંદર કેમ નથી ઉતરતું?**

**ઉત્તર** —(૧) જેવું ઘર-કુટુંબ, પુત્ર-પુત્રીથી પ્રેમ છે તેવો જ સ્વ પરમાત્માથી તન્મય, અચળ, પ્રેમ થાય તો સહજમાં અર્થાત્ મહેનત કર્યા વિના અંદર વાત ઉતરી જાય. પરંતુ પ્રેમ ન હોવાને કારણે અંદર વાત ઉતરતી નથી.

(૨) જેમ દીકરી અઢાર-વીસ વર્ષ સુધી મા-બાપને ઘરે રહે છે. તેના પતિ સાથે સંબંધ જોડાતા જ બધો પ્રેમ ત્યાં આવી જાય છે. તે પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુના બોધ પ્રતિ પ્રેમ આવી જાય તો અંદર ઉતરે. પરંતુ ઉપર-ઉપરથી કહે છે કે દેવ-શાસ્ત્ર-ગુરુ આમ કહે છે, પણ માનતો નથી. માટે અંદર ઉતરતો નથી.

(૩) એક પૈસાદાર માણસ હતો. તેનો સંબંધી ઘણો ગરીબ હતો અને બજારમાં મજૂરીનું કામ કરતો હતો. ધનવાન માણસે તેને બોલાવીને કહ્યું કે જો તું બજારમાં મજૂરી કરે છે, તો મને ખરાબ લાગે છે. હવે તું તે કામ છોડી દે અને આ મકાનમાં આરામથી રહ્યા કર, ખૂબ ખા-પી અને રેડિયો સાંભળ અને ખર્ચ માટે જ્યારે જોઈએ તેટલા પૈસા મુનિમથી લઈ લેવા. તેણે કહ્યું ભલે બહુ સારું. પરંતુ ત્યાં રહેવા છતાં તેનું મન લાગતું નથી અને ઘરવાળાની નજર બચાવીને બહાર નીકળી જાય છે અને બજારમાં જઈને ગુણી ઉંચકવાનું કામ શરૂ કરી દે છે. ગુણ ઉઠાવીને કહે છે કે અરે જીવ! બધા તને ના પાડે છે, મજૂરી ન કર, આરામ કર. આ પ્રમાણે રોજ કરે છે અને કહે છે. તે જ પ્રમાણે અનાદિથી તીર્થંકર, ગણધર, આચાર્ય, જ્ઞાની શ્રાવક, સમ્યગ્દષ્ટિ અને શાસ્ત્ર કહે છે કે હે આત્મા! તારો અત્યંત ભિન્ન પદાર્થોથી શરીર, આંખ, કાન, નાક, મન, વાણીથી, આઠ કર્મોથી કોઈ જ પ્રકારનો સંબંધ નથી. અને જો તું દુઃખી થઈ રહ્યો છે, તેનું કારણ એકમાત્ર મોહ, રાગ-દ્વેષની સાથે એકત્વબુદ્ધિ છે. હવે એકમાત્ર પોતાના સ્વભાવનો આશ્રય લે તો તારું કલ્યાણ થાય. આ અજ્ઞાની રોજ એમ કહે છે પરંતુ પોતાની ખોટી એકત્વબુદ્ધિને છોડતો નથી. માટે દેવ-ગુરુ-શાસ્ત્રને અનુસાર કહેવા છતાં પણ અંદર નથી ઉતરતો. જો અંતર્મુખ સાવધાન થઈ જાય તો તરત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય. યોગસારમાં કહ્યું છે કે—

જ્યમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન,
શીઘ્ર મળે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન. ૫૦.

વ્યવહારિક ધંધે ફસ્યા, કરે આતમજ્ઞાન,
તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૨

**પ્રશ્ન ૧૭૮–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** –(૧) ક્રોધ–પોતાના સ્વરૂપની અરુચિ, પરદ્રવ્ય-પરભાવની રુચિ.

(૨) માન–પરવસ્તુથી, શુભાશુભભાવથી પોતાને ઉચ્ચ માનવો તથા પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું છું–એવી માન્યતા.

(૩) માયા–પોતાના સ્વરૂપની પ્રાપ્તિ સંબંધી આડાશ લેવી અર્થાત્ પાંચમો કાળ છે, આ સમયે કોઈને મોક્ષની પ્રાપ્તિ તો થતી નથી, માટે વર્તમાનમાં શુભભાવ કરો અને શુભભાવ કરતાં-કરતાં ધર્મની પ્રાપ્તિ થઈ જશે તે માયાચારી છે.

(૪) લોભ–પુણ્યની સંગ્રહબુદ્ધિ અથવા ક્ષયોપશમજ્ઞાનના ઉઘાડની રુચિ.

મિથ્યાદૃષ્ટિને એક જ સમયમાં ચારેય કષાય એકસાથે હોય છે. ભલે તે દ્રવ્યલિંગી મુનિ કેમ ન હોય. સમ્યગ્દૃષ્ટિ, લડાઈમાં ઊભો હોય, તીર ઉપર તીર ચલાવતો હોય, છન્નુ હજાર રાણીઓનો વૃંદમાં બેઠો હોય, તોપણ તેને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ નથી.

**પ્રશ્ન ૧૭૯–અનંતાનુબંધીમાં 'અનંત'થી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** –(૧) અનંત સંસારનો બંધ જે ભાવથી થાય છે, તે જ અનંતાનુબંધી છે

(૨) મિથ્યાત્વની સાથે જેનો બંધ થાય છે, તેને અનંતાનુબંધી કહે છે.

**પ્રશ્ન ૧૮૦–સમ્યગ્દૃષ્ટિને અશુભભાવ થવા છતાં પણ, ભવ વધવો અને બગડવો કેમ નથી?**

**ઉત્તર** —અનાદિ સંસાર અવસ્થામાં આ ચારેયનો હમેશા ઉદય જોવામાં આવે છે. પરમ કૃષ્ણ લેશ્યારૂપ તીવ્ર કષાય હોય—ત્યાં પણ અને શુક્લ લેશ્યારૂપ મંદકષાય હોય ત્યાં પણ, નિરંતર અનંતાનુબંધી આદિ ચારેયનો ઉદય રહે છે. કારણ કે તીવ્ર મંદની અપેક્ષાથી અનંતાનુબંધી આદિ ભેદ નથી, સમ્યક્ત્વાદિનો ઘાત થવાની અપેક્ષાએ એ ભેદ છે. મોક્ષમાર્ગનો પ્રારંભ થતા, આ ચારમાંથી ત્રણ, બે અથવા એકનો ઉદય રહે છે, પછી ચારેયનો અભાવ થઈ જાય છે. સમ્યગ્દષ્ટિનો ભવ વધતો પણ નથી, અને ભવ બગડતો પણ નથી. કારણ કે સમ્યગ્દષ્ટિની પાસે સદૈવ જ્ઞાયકસ્વભાવી અમૃતની સંજીવની બૂટી છે. યાદ રાખો—બાહ્ય સંયોગો અનુસાર રાગ-દ્વેષનું માપ નથી અને બાહ્ય રાગ-દ્વેષ અનુસાર અજ્ઞાની કે જ્ઞાનીનું માપ નથી.

**પ્રશ્ન ૧૮૧—મોહ-રાગ-દ્વેષ શું છે?**

**ઉત્તર** —(૧) મોહ—પોતાના સ્વરૂપની અસાવધાની અને પરમાં સાવધાની.

(૨) રાગ—પોતાના આત્મા સિવાય પરપદાર્થોમાં તથા પોતાના શુભભાવોમાં, આ મારે માટે લાભદાયક છે, એવી માન્યતાપૂર્વકની પ્રીતિ તે જ રાગ છે.

(૩) દ્વેષ—પોતાના આત્મા સિવાય પરપદાર્થોમાં તથા પોતાના અશુભભાવોમાં આ મારે માટે નુકશાનકારક છે, આવી માન્યતાપૂર્વક અપ્રીતિ તે જ દ્વેષ છે.

**પ્રશ્ન ૧૮૨—શું મોહ-રાગ-દ્વેષના અભાવ વિના જૈન નથી થઈ શકતા?**

**ઉત્તર** —નથી થઈ શકતા. કારણ કે નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયથી મિથ્યાત્વ—રાગ-દ્વેષાદિને જીતવાવાળી નિર્મળ પરિણતિ

જેમણે પ્રગટ કરી છે તેઓ જૈન છે. વાસ્તવમાં જૈનત્વનો પ્રારંભ નિશ્ચય સમ્યગ્દર્શનથી જ થાય છે. માટે પાત્ર જીવે પ્રથમ પોતાના સ્વભાવનો આશ્રય લઈને, મોહ-રાગ-દ્વેષ રહિત મારું સ્વરૂપ છે એવો નિર્ણય કરીને સમ્યગ્દર્શન સહિત સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ કરવું જોઈએ. આ જ પોતાનું પરમ કર્તવ્ય છે.

**પ્રશ્ન ૧૮૩—આરાધના કોને કહે છે અને કેટલી છે?**

**ઉત્તર** —પોતાના આત્માની આરાધના અર્થાત્ આધિ, વ્યાધિ અને ઉપાધિથી રહિત આત્માની સમાધિ (સ્વસ્થતા), તે આરાધના છે અને આરાધના ચાર છે—દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ.

**પ્રશ્ન ૧૮૪—શંકાશીલ કોણ હોય છે અને કોણ નથી હોતું?**

**ઉત્તર** —જે ચોરી આદિ અપરાધ કરે છે, તે લોકમાં 'મને કોઈ ચોર સમજીને પકડી ન લે, આ પ્રમાણે શંકાશીલ રહ્યા કરે છે અને જે અપરાધ નથી કરતો તે આ લોકમાં નિઃશંકપણે ફરે છે. તેમને ક્યારેય બંધનની ચિંતા ઉત્પન્ન થતી નથી. તે જ પ્રમાણે અજ્ઞાની પરવસ્તુઓથી શરીર-ઇન્દ્રિયોથી, કર્મોથી, શુભાશુભભાવોથી લાભ-નુકશાન માનવાના કારણે નિરંતર શંકાશીલ રહ્યા કરે છે અને જ્ઞાનીની દૃષ્ટિ, પોતાના સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય પર હોવાથી, ક્યારેય શંકાશીલ થતા નથી.

**પ્રશ્ન ૧૮૫—જ્ઞાની પરદ્રવ્યોને ગ્રહવાનો ભાવ કેમ નથી કરતાં?**

**ઉત્તર** —શ્રી સમયસાર ગાથા-૨૦૭માં લખ્યું છે કે—

'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે?

જ્ઞાની પોતાના અનંતગુણોના અભેદપિંડને જ પોતાનો પરિગ્રહ

માને છે. શું સમ્યગ્દષ્ટિ લક્ષ્મી, સોનું, ચાંદી, મકાન, શરીર, ઈન્દ્રિયો, મન, વાણી, આઠ કર્મો, શુભાશુભ વિકારી ભાવો, ગુણભેદ અને અપૂર્ણ-પૂર્ણ શુદ્ધ પર્યાયના પક્ષને પોતાનો કહેશે? ક્યારેય નહીં. કારણ કે એક તરફ રામ(પોતાનો આત્મા) અને બીજી તરફ ગામ(પર, શરીર, ઈન્દ્રિયો, કર્મ, વિકાર, શુદ્ધપર્યાયના ભેદવિજ્ઞાનની સાચી દષ્ટિ પ્રગટ થવાથી, જ્ઞાનીને પરદ્રવ્યોના ગ્રહણનો ભાવ નથી થતો.

શ્રી સમયસાર, ગાથા-૨૦૮માં લખ્યું છે કે—

પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,<br>
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને.

જો પરદ્રવ્ય મારો પરિગ્રહ બને તો.... જેમ—અજ્ઞાની જ્ઞાનીને કહે તમે ૫૦કરોડ રૂપિયાના સ્વામી છો. જ્ઞાની કહે છે કે—ભાઈ! મને એવી ગાળ ન આપો. શું મને જડ બનાવવા માગો છો? કારણ કે જડનો સ્વામી જડ હોય છે.

અજ્ઞાની કહે છે કે તમે ખૂબ પુણ્યશાળી છો, જ્યાં જાવ છો ત્યાં તમારું સન્માન થાય છે.

જ્ઞાની કહે છે કે અરે ભાઈ! મને એવી ગાળ ન આપો. કારણ કે હું પુણ્યશાળી અર્થાત્ વિકારવાળો નથી. હું તો અનંત જ્ઞાયક ચૈતન્યસ્વભાવી ભગવાન છું. પરદ્રવ્યને પોતાના નહીં માનવાવાળો જ્ઞાની કહે છે કે શ્રી સમયસાર ગાથા-૨૦૯માં કહ્યું છે કે

છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,<br>
વા અન્ય કોઈ રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે.

છેદાઈ જાઓ, અથવા ભેદાઈ જાઓ, અથવા કોઈ લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ, અથવા તો ગમે તે રીતે જાઓ, તોપણ ખરેખર પરિગ્રહ મારો નથી.

**પ્રશ્ન ૧૮૬—જ્ઞાની પોતાના આત્માનો કોના-કોનાથી પ્રદેશભેદ જાણે છે?**

**ઉત્તર** —(૧) અત્યંત ભિન્ન પરપદાર્થોથી, (૨) શરીર, ઈન્દ્રિયો, મન અને વાણીથી, (૩) આઠ કર્મોથી, (૪) શુભાશુભ વિકારી ભાવોથી, (૫) ગુણભેદોથી, (૬) એક સમયની શુદ્ધ પર્યાય જેટલું જ મારું સ્વરૂપ નથી. માટે જ્ઞાની આ બધાથી પોતાના પ્રદેશભેદ જાણે છે.

**પ્રશ્ન ૧૮૭—અજ્ઞાની પોતાનો નિવાસ ક્યાં રાખે છે?**

**ઉત્તર** —

જહાં દુઃખ કભી ન પ્રવેશી સકતા, તહાં નિવાસ હી રાખિયે,
સુખ સ્વરૂપી નિજ આત્મ મેં જ્ઞાતા હો કે રાચિએ. ૧.

(૧) શું નારકી નરકમાં પડ્યો હોવા છતાં એમ માને છે કે હું સ્વર્ગમાં પડ્યો છું? નથી માનતો. (૨) સ્વર્ગનો દેવ સ્વર્ગમાં પડ્યો હોવા છતાં શું એમ માને છે કે હું નરકમાં પડ્યો છું? નથી માનતો. એ જ પ્રમાણે જ્ઞાની અનંતપ્રકાશયુક્ત અસંખ્યાત પ્રદેશી મારું ક્ષેત્ર છે, તે સુખધામ સ્વરૂપ છે જેમાં રહેતા થકા જ્ઞાની ક્યારેક પરદ્રવ્યોમાં, શરીરમાં, ઈન્દ્રિયોમાં, કર્મોમાં, વિકારીભાવોમાં પડેલો છું—એમ માનશે? ક્યારેય પણ નહીં.

જહાં રાગ કભી ન પ્રવેશી સકતા, તહાં નિવાસ હી રાખિએ,
વીતરાગસ્વરૂપી નિજ આત્મ મેં વસ જ્ઞાતા હોકે રાચિએ. ૨.
જહાં ભેદ કભી નહીં પ્રવેશી સકતા, તહાં નિવાસ હી રાખિએ,
અભેદ સ્વરૂપ નિજ આત્મ મેં વસ જ્ઞાતા હોકે રાચિએ. ૩.
જહાં ચાર[1] કભી ન પ્રવેશી સકતા, તહાં નિવાસ હી રાખિએ,
પારિણામિક સ્વભાવી નિજ આત્મ મેં વસ જ્ઞાતા હોકે રાચિએ. ૪

(૧. ચાર—ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક ઔર ઔદયિકભાવ)

શ્રી સમયસારના કળશ ૬૯માં લખ્યું છે કે જે નયના પક્ષપાતને છોડીને હંમેશા પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈને નિવાસ કરે છે, તે જ વિકલ્પજાળથી રહિત, સાક્ષાત અમૃતપાન કરે છે અને જે પર, વિકાર, ભેદકર્મ, અભેદકર્મ, નયના પક્ષમાં રાચી રહે છે, તેમનો વિકલ્પ ક્યારેય મટતો નથી અને તેમને વીતરાગતાની પ્રાપ્તિ થતી નથી. માટે જ્ઞાની તો એકમાત્ર પોતાના ત્રિકાળી જ્ઞાયક સ્વભાવી અખંડ એક આત્મામાં જ નિવાસ કરે છે, પરમાં નથી કરતા.

**પ્રશ્ન ૧૮૮— કઈ-કઈ ગતિમાં ક્યા-ક્યા કષાયની મુખ્યતા છે?**

**ઉત્તર** —(૧) ક્રોધની મુખ્યતા નરકગતિમાં છે.

(૨) માનની મુખ્યતા મનુષ્યગતિમાં છે.

(૩) માયાની મુખ્યતા તિર્યંચગતિમાં છે.

(૪) લોભની મુખ્યતા દેવ-ગતિમાં છે.

**પ્રશ્ન ૧૮૯—જો વ્યવહાર વધે તો નિશ્ચય વધે શું આ માન્યતા ઠીક છે?**

**ઉત્તર** —બિલકુલ જૂઠી છે. કારણ કે (૧) દ્રવ્યલિંગીનો વ્યવહાર (વ્યવહારાભાસ) જિનાગમની અનુસાર છે, છતાં તેને નિશ્ચય હોતો જ નથી.

(૨) આઠમે, નવમે અને દસમે ગુણસ્થાને નિશ્ચય છે, ત્યાં દેવ, ગુરુ, શાસ્ત્ર, અણુવ્રત, મહાવ્રતાદિનો વિકલ્પરૂપ વ્યવહાર છે જ નહીં, માટે વ્યવહાર વધે તો નિશ્ચય વધે તે વાત અજ્ઞાનીની છે.

**પ્રશ્ન ૧૯૦—નૈગમાદિ સાત નયોનું આધ્યાત્મિક રહસ્ય શું છે?**

**ઉત્તર** —(૧) હું સિદ્ધ સમાન શુદ્ધ છું—એવો સંકલ્પ તે સંકલ્પગ્રાહી નૈગમનય છે.

(૨) હું અનંતગુણોનો પીંડ છું, તે અભેદગ્રાહી સંગ્રહનય છે.

(૩) હું દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો છું—આ ભેદગ્રાહી વ્યવહારનય છે.

(૪) પૂર્ણતાના લક્ષથી શરૂઆત કરું છું, આ ઋજુસૂત્રનયનો વિષય છે.

(૫) જેવો વિકલ્પ ઉઠે છે, તેવું જ પરિણમન થવું તે શબ્દનયનો વિષય છે.

(૬) જેમાં કચાશ ન રહી જાય, આઠથી બારમા ગુણસ્થાન સુધી સમભિરૂઢનયનો વિષય છે.

(૭) શુદ્ધિ આગળ વધતી રહે એવા તેરમું-ચૌદમું ગુણસ્થાન તે એવંભૂતનયનો વિષય છે.

**પ્રશ્ન ૧૯૧—આ સાત નયોમાં બીજી શું વિશેષતા છે?**

**ઉત્તર** —સાતેય નય એકબીજાની અપેક્ષાએ સૂક્ષ્મ છે. નૈગમનયની અપેક્ષા સંગ્રહનય સૂક્ષ્મ છે અને સંગ્રહનયની અપેક્ષા વ્યવહારનય સૂક્ષ્મ છે. આ જ અપેક્ષાથી એવંભૂતનય બધાથી સૂક્ષ્મ છે, અર્થાત્ એવંભૂતનયનો વિષય અતિસૂક્ષ્મ છે.

**પ્રશ્ન ૧૯૨—નૈગમનયનું પેટ ઘણું ભારે છે એમ શા માટે કહેવામાં આવે છે?**

**ઉત્તર** —નૈગમનય વર્તમાનમાં જે જીવ મિથ્યાદૃષ્ટિ હોય તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. જેમકે ભરતરાજાનો પુત્ર તથા આદિનાથ ભગવાનનો પૌત્ર મારિચ કે જે તે સમયે ગૃહિત મિથ્યાદૃષ્ટિ હતો તેને મહાવીર કહી દીધા. જો કે મારિચના મોટા મોટા ભવ બાકી છે, જેમાં નિગોદ પણ શામિલ છે તો પણ નૈગમનયની અપેક્ષા મહાવીર કહી દીધા. નિર્વિકલ્પ અવસ્થા થવા પર સિદ્ધ કહી દેવા તથા રાજા

શ્રેણિક કે જે વર્તમાનમાં પહેલી નરકે છે તેમને તીર્થંકર કહી દેવા. આ અપેક્ષાએ કહેવામાં આવે છે કે નૈગમનયનું પેટ બહુ ભારે છે.

**પ્રશ્ન ૧૯૩—આ સાત નય ક્યા-ક્યાં ગુણસ્થાનમાં હોય છે?**

**ઉત્તર** —(૧) નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય પહેલાં અને ચોથા ગુણસ્થાનમાં હોય છે.

(૨) ઋજુસૂત્રનય—ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનવાળા અવિરત શ્રાવક અને મુનિપણાનો સ્વીકાર કરે છે.

(૩) શબ્દનય—ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનમાં સ્થિતિ ઉપદેશકરૂપ ભૂમિકા છે, એવા જ ભાવે પરિણમે છે.

(૪) સમભિરૂઢનય—આઠમાં, નવમાં, દસમાં, અગિયારમાં, બારમાં ગુણસ્થાનવર્તી શ્રેણી માંડવાવાળા જીવો પર જ લાગુ પડે છે. કારણ કે તેઓ શ્રેણીમાં આરૂઢ થઈ ગયા છે. શ્રેણી ચઢી ગયા તેઓને સમભિરૂઢ નયમાં ગણવામાં આવે છે.

(૫) એવંભૂતનય—જેવું દ્રવ્ય છે, તેવું જ પર્યાયમાં હોય છે. તેરમાં, ચૌદમાં ગુણસ્થાનનું ગ્રહણ એવંભૂતનયમાં થાય છે.

**પ્રશ્ન ૧૯૪—આઠ, નવ, દસ, બાર, તેર અને ચૌદમાં ગુણસ્થાનવાળાને તો તે સમયે એવો વિકલ્પ નથી આવતો કે હું શ્રેણી માંડી રહ્યો છું. પછી આમ કેમ કહ્યું?**

**ઉત્તર** —જે જીવ સમ્યગ્દષ્ટિ છે અને ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાને છે તે જીવ વિચારે છે કે આવી-આવી અવસ્થા કયા કયા ગુણસ્થાનમાં હોય છે. તથા તેરમું, ચૌદમું ગુણસ્થાન તો નયોથી અતિક્રાંત હોવા છતાં સાધક જીવ તેનો વિચાર કરે છે.

**પ્રશ્ન ૧૯૫—અધ્યાત્મમાં નય કોને કહે છે?**

**ઉત્તર** —'तद्‌गुण संविज्ञान, सो नया.' અર્થાત્ જે ગુણ જેવો છે,

તેનું તેવું જ જ્ઞાન કરવું તે નય છે. તેનાથી આ સાબિત થયું કે જો પરની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ હોય તો અધ્યાત્મમાં તેને નય નથી કહી શકાતો. પંચાધ્યાયીકારે પરની સાથેના સંબંધને નયાભાસ કહ્યો છે.

**પ્રશ્ન ૧૯૬—નય કોને લાગુ પડે છે અને કોને નથી પડતા?**

**ઉત્તર** —મિથ્યાદૃષ્ટિ અને કેવળીને નય નથી હોતા. કારણ કે નય તો ભાવશ્રુતજ્ઞાનનો અંશ છે. સમ્યગ્દર્શન થયા પછી જ નય લાગુ પડે છે અને કેવળી નયથી રહિત છે. ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી નયનો વિષય છે.

**પ્રશ્ન ૧૯૭—મિથ્યાદૃષ્ટિના અબુદ્ધિપૂર્વકના રાગને બુદ્ધિપૂર્વક તથા સમ્યગ્દૃષ્ટિના બુદ્ધિપૂર્વક રાગને, અબુદ્ધિપૂર્વક કેમ કહે છે?**

**ઉત્તર** —શ્રદ્ધની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિની રાગ સહિતની અવસ્થા પણ અબુદ્ધિપૂર્વક ગણવામાં આવે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિને રાગનું સ્વામિપણું નથી અને મિથ્યાદૃષ્ટિનો રાગ, ભલે તે અબુદ્ધિપૂર્વક હોય તે બધા બુદ્ધિપૂર્વક જ ગણવામાં આવે છે કારણ કે તેને રાગનું સ્વામીપણું છે.

**પ્રશ્ન ૧૯૮—અનુમાન કોને કહે છે?**

**ઉત્તર** —સાધનથી સાધ્યના જ્ઞાનને અનુમાન કહે છે. જેમ કે—

(૧) મુંબઈના સમુદ્રનો એક કિનારો જોઈને, બીજા કિનારાનો નિર્ણય થવો.

(૨) સમવસરણથી તીર્થંકર ભગવાનનો નિર્ણય કરવો.

(૩) પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય સહિત સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધા જોઈને સમ્યગ્દૃષ્ટિનો નિર્ણય કરવો.

(૪) સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક બાર અણુવ્રત આદિ જોઈને શ્રાવકપણાનો નિર્ણય કરવો.

(૫) શુદ્ધોપયોગપૂર્વક ૨૮ મૂળગુણ જોઈને, ભાવલિંગી મુનિનો નિર્ણય કરવો.

(૬) સ્પર્શ જોઈને પુદ્‌ગલનો નિર્ણય કરવો.

(૭) ગતિહેતુત્વથી ધર્મદ્રવ્યનો નિર્ણય કરવો—આ સાચું અનુમાનજ્ઞાન છે.

**પ્રશ્ન ૧૯૯—નિક્ષેપ કોને કહે છે અને નિક્ષેપથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —પ્રમાણ અને નય અનુસાર પ્રચલિત લોક-વ્યવહારને નિક્ષેપ કહે છે. (૧) નામનિક્ષેપ=જ્ઞેયનું નામ, (૨) સ્થાપના નિક્ષેપ = જ્ઞેયનો આકાર, (૩) દ્રવ્યનિક્ષેપ=જ્ઞેયની લાયકાત, (૪) ભાવનિક્ષેપ=જ્ઞેયનું પ્રગટ થવું.

**પ્રશ્ન ૨૦૦—રત્નત્રયને પ્રગટ કરવાની શું વિધિ છે?**

**ઉત્તર** —આત્માને પ્રથમ, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય દ્વારા યથાર્થ જાણીને, પર્યાયથી લક્ષ હટાવીને, પોતાના ત્રિકાળી સામાન્ય ચૈતન્યસ્વભાવ કે જે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે—તેની તરફ દૃષ્ટિ કરવી અને ઉપયોગ તેમાં લીન કરવો તો નિશ્ચય રત્નત્રય પ્રગટ થાય છે.

**પ્રશ્ન ૨૦૧—સમ્યગ્દર્શન થયા પછી કેવળજ્ઞાન કેવી રીતે પ્રગટે છે?**

**ઉત્તર** —સાધક જીવ, પ્રારંભથી અંત સુધી નિશ્ચયની મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતો આવે છે, માટે સાધકને સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના બળથી શુદ્ધતાની વૃદ્ધિ જ થાય છે

અને અશુદ્ધતા ઘટતી જ જાય છે. આ પ્રમાણે નિશ્ચયની મુખ્યતાના બળથી જ પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

**પ્રશ્ન ૨૦૨– શ્રી સમયસાર ગાથા ૪૧૩માં વ્યવહાર વિમૂઢ કોને કહ્યા છે?**

**ઉત્તર** –વ્યવહાર કરતાં-કરતાં એટલે કે તેના અવલંબનથી નિશ્ચય પ્રગટ થઈ જશે એવી મિથ્યા માન્યતા જેની છે તેને વ્યવહાર વિમૂઢ કહ્યા છે.

**પ્રશ્ન ૨૦૩–જીવ સંસારમાં પરિભ્રમણ કેમ કરે છે?–આમ કહી બ્રહ્મવિલાસમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** –નીચે મુજબ બતાવ્યું છે

જૈસે–કોઊ સ્વાન પર્યો કાંચ કે મહલ બીચ,
ઠૌર ઠૌર સ્વાન દેખ ભૂંસ ભૂસ ભર્‌યો હૈ.

વાનર જ્યોં મૂઠી બાંધ પર્‌યો હૈ પરાયે વશ,
કુએ મેં તિહાર સિંહ આપ કૂદ પર્‌યો હૈ.

ફટિક કી શીલા મેં વિલોક ગજ જાય અર્‌યો,
નલિની કે સુવટા કો કૌને ધોં પકર્‌યો હૈ.

તૈસે હી અનાદિ કો અજ્ઞાન ભાવ માન હંસ,
અપનો સ્વભાવ ભૂલિ જગત મેં ફિર્‌યો હૈ.

દ્વૈ દ્વૈ લોચન સબ ધરૈ મણિ નહિ મોલ કરાહિં,
સમ્યક્‌દષ્ટિ જૌહરી વિરલે ઈહિ જગ માહિં.

**પ્રશ્ન ૨૦૪–જિનશાસન શું છે?**

**ઉત્તર** –(૧) જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અણસંયુક્ત–આવા પાંચ ભાવસ્વરૂપ અર્થાત્ એકસ્વરૂપ

આત્માની અનુભૂતિ છે, તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે. (શ્રી સમયસાર ગાથા-૧૫)

(૨) પદાર્થોનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવ સારી રીતે ઓળખી લે તો ભેદજ્ઞાન થઈને સ્વદ્રવ્યના જ આશ્રયથી નિર્મળ પર્યાયનો ઉત્પાદ તથા મલિનતાનો વ્યય, તેનું નામ જૈનશાસન છે.

(શ્રી તત્ત્વાર્થસૂત્ર, પાંચમો અધ્યાય, સૂત્ર-૨૯-૩૦નો અર્થ)

(૩) મોક્ષની પ્રાપ્તિ કરાવવાવાળો જિનધર્મ જ છે, અને તે જ જૈનશાસન છે. (શ્રી ભાવપાહુડ, ગાથા-૮૨)

(૪) (અ) જે પ્રાણીઓને પંચપરાવર્તનરૂપ સંસારના દુઃખથી પાર કરાવી ઉત્તમ સુખમાં પહોંચાડે, તે જ જિનશાસન છે. આ જિનશાસન આત્માનો ધર્મ છે. (આ) ધર્મના ઈશ્વર ભગવાન તીર્થંકરદેવ પરમદેવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને જિનશાસન કહ્યું છે.

(૫) આત્મા, રાગાદિક સમસ્ત દોષોથી રહિત થઈને, આત્મામાં જ રમણ કરવા લાગે, તે જિનશાસન છે.

(શ્રી ભાવપાહુડ, ગાથા ૮૫માંથી)

(૬) મોહ-ક્ષોભરહિત જે આત્માના પરિણામ, તે જૈનશાસન છે. (શ્રી પ્રવચનસાર, ગાથા ૭માંથી)

હકીકતમાં પોતાના આત્માનો અનુભવ થવાથી જ જૈનશાસનની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન ૨૦૫—અપ્રતિબુદ્ધતા (અજ્ઞાનતા) શું છે?**

**ઉત્તર —**(૧) દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મમાં એકત્વબુદ્ધિ તે અજ્ઞાનતા છે. (શ્રી સમયસાર, ગાથા ૧૯)

(૨) સર્વજ્ઞદેવે અજ્ઞાનીના વ્રત-તપાદિને બાળવ્રત-તપ કહ્યાં છે તથા બાળવ્રત-તપને અજ્ઞાન કહ્યું છે.(શ્રી સમયસાર, ગાથા ૧૫૨)

(૩) પરમપદાર્થરૂપ જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ નથી અને વ્રતાદિમાં રચ્યો-પચ્યો છે, તે અજ્ઞાની છે.

(શ્રીસમયસાર, ગાથા ૧૫૩)

(૪) શુભભાવથી ધર્મ માનવાવાળા જીવને નપુંસક તથા જિનશાસનથી બહાર કહ્યો છે. (શ્રી સમયસાર, ગાથા ૧૫૪)

(૫) ત્રિકાળી આત્માને છોડીને, વ્રત-નિયમાદિમાં પ્રવર્તે છે, તેને કદાપિ જિનશાસનની પ્રાપ્તિ થતી નથી.

(શ્રી સમયસાર, ગાથા ૧૫૬)

(૬) આત્મા રાગાદિની સાથે જે એકત્વને પ્રાપ્ત થાય છે, તે જિનશાસનથી બહાર છે. (શ્રી સમયસાર, કળશ ૧૬૪)

(૭) જે પરને મારવા-જીવાડવાનો, સુખી-દુઃખી કરવાનો અભિપ્રાય રાખે છે, તે પોતાના સ્વરૂપથી ચ્યુત થતો થકો મોહી-રાગી-દ્વેષી થઈને પોતાનો ઘાત કરે છે, તે જિનશાસનથી બહાર છે.

(શ્રી સમયસાર, કળશ ૧૬૯)

(૮) મિથ્યાદૃષ્ટિ જીવ, જિનેન્દ્રદેવે કહેલા વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ કરતો થકો પણ જિનશાસનથી બહાર છે.

(શ્રી સમયસાર, ગાથા ૨૭૩)

(૯) જે જીવ, શાસ્ત્ર વાંચે છે પરંતુ આત્મા જ્ઞાનસ્વભાવી કર્તા-ભોક્તાની ખોટી માન્યતાથી રહિત છે—એવો અનુભવ નથી કરતો, તે જિન નથી. (શ્રી સમયસાર, ગાથા ૨૭૪)

તાત્પર્ય એ છે કે જે જીવ, જડના રૂપીકાર્યોમાં, વિકારી-ભાવોમાં પોતાપણાની બુદ્ધિ રાખે છે, તે જિનશાસનની બહાર હોવાથી ચારેય ગતિમાં ભ્રમણ કરે છે.

**પ્રશ્ન ૨૦૯–જ્ઞાનીઓના વચનામૃત શું છે?**

**ઉત્તર** –(૧) હે જીવ! ત્રણ લોકમાં સર્વથી ઉત્તમ મહિમાવંત તારો આત્મા છે, તેને તું ઉપાદેય માન. તે જ મહાસુંદર, સુખરૂપ છે. જગતમાં સર્વોત્કૃષ્ટ એવા આત્માને તું સ્વાનુભવગમ્ય કર. તારો આત્મા જ તને આનંદરૂપ છે, બીજી કોઈ વસ્તુ તને આનંદરૂપ નથી. આત્માના આનંદનો અનુભવ જેણે કર્યો છે–એવા ધર્માત્માનું મન ક્યાંય લાગતું નથી, વારંવાર આત્માની તરફ જ વળે છે. આત્માનું અસ્તિત્વ જેમાં નથી–એવા પરદ્રવ્યોમાં ધર્મીનું ચિત્ત કેમ લાગે? આનંદનો સમુદ્ર જ્યાં જોયો છે, ત્યાં જ તેનું ચિત્ત લાગ્યું છે.

(૩) સ્વાનુભવ તે મૂળ વસ્તુ છે. વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરીને, મતિ-શ્રુતજ્ઞાનને અંતર્મુખ કરીને, સ્વદ્રવ્યમાં પરિણામને એકાગ્ર કરવાથી સમ્યગ્દર્શન તથા સ્વાનુભવ થાય છે. જ્યારે એવો અનુભવ કરે ત્યારે જ મોહની ગાંઠ છૂટે છે અને ત્યારે જ જીવ, ભગવાનના માર્ગમાં આવે છે.

(૩) ભાઈ! આ તો સર્વજ્ઞનો નિર્ગ્રંથમાર્ગ છે. જો તું સ્વાનુભવ વડે મિથ્યાત્વની ગ્રંથિ ન તોડી તો નિર્ગ્રંથના માર્ગમાં જન્મ લઈને તેં શું કર્યું? ભાઈ! આવો સુઅવસર તને મળ્યો તો હવે એવો પુરુષાર્થ કરે કે જેનાથી આ જન્મ-મરણરૂપી ગાંઠ તૂટે અને અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત થઈ જાય.

(૪) એક જીવે ઘણા શાસ્ત્રો વાંચ્યા હોય, મોટો ત્યાગી થઈને હજારો જીવોમાં પૂજાતો હોય, પણ જો તેને શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ન હોય તો તેનું સર્વ જાણપણું મિથ્યા છે. બીજો જીવ નાનો દેડકો, માછલી, સાંપ, સિંહ કે બાળકપણે હોય કે જેને શાસ્ત્ર વાંચતા ન આવડતું હોય પરંતુ જો તે શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ સહિત છે, તો તેનું જ્ઞાન સમ્યક્ છે અને તે મોક્ષના માર્ગમાં છે.

(૫) એક સમયનો સ્વાનુભવ, હજારો વર્ષોના શાસ્ત્રવાંચનથી અધિક છે. જેણે ભવસમુદ્રથી તરવું હોય, તેને સ્વાનુભવવિદ્યા શીખવાયોગ્ય છે.

(૬) એક સમયના સ્વાનુભવથી જ્ઞાનીના જે કર્મ નાશ પામે છે, અજ્ઞાનીના લાખ ઉપાય કરવા છતાં પણ, તે કર્મ નાશ પામતા નથી. સમ્યક્ત્વની તથા સ્વાનુભવની એવી કોઈ અચિંત્ય મહિમા છે, તે સમજીને હે જીવ! તું તેની આરાધનામાં તત્પર થા.

(૭) અહો! આ આત્મહિતના માટે અત્યંત પ્રયોજનભૂત સ્વાનુભવની ઉત્તમ વાત છે. સ્વાનુભવની આટલી સરસ વાર્તા પણ મહાભાગ્યે સાંભળવા મળે છે, તો તે અનુભવદશાની તો શું વાત કરવી?

(૮) મોક્ષમાર્ગનું ઉદ્‌ઘાટન નિર્વિકલ્પ સ્વાનુભવથી થાય છે. સ્વાનુભૂતિપૂર્વક થવાવાળું સમ્યગ્દર્શન જ મોક્ષનો દરવાજો છે. તેના દ્વારા જ મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે, તેના માટે પુરુષાર્થ કરવો પ્રત્યેક મુમુક્ષુનું પ્રથમ કાર્ય છે અને પ્રત્યેક મુમુક્ષુ તે કરી શકે છે. હે જીવ! એકવાર આત્મામાં સ્વાનુભૂતિની લગની લગાવી દે.

(૯) સ્વસત્તાના અવલંબનથી જ્ઞાની, નિજાત્માનો અનુભવ કરે છે. અહો! આવા સ્વાનુભવજ્ઞાનથી મોક્ષમાર્ગને સાધવાવાળા જ્ઞાનીઓની મહિમાની તો શું વાત! તેમની દશાને ઓળખવાવાળા જીવો પણ તરી ગયા જ સમજો.

(૧૦) પરને સાધવાથી સમ્યગ્દર્શન મળી શકતું નથી.

(૧૧) દેહાદિની ક્રિયાથી તથા શુભરાગથી પણ સમ્યગ્દર્શન મળી શકતું નથી.

**પરોક્ષજ્ઞાનના પાંચ ભેદોનું વર્ણન :–**

**પ્રશ્ન ૨૦૭–સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ–આ પાંચ ભેદ કોના છે?**

**ઉત્તર** –પરોક્ષજ્ઞાનના છે. આ પાંચેય જ્ઞાન પરોક્ષ કે પ્રત્યક્ષ તેઓ પોતાથી જ થાય છે, પરથી જ્ઞાન થતું નથી.

**પ્રશ્ન ૨૦૮–પરોક્ષજ્ઞાન તો પરથી થાય છે ને?**

**ઉત્તર** –બિલકુલ નહીં. પરોક્ષજ્ઞાન પણ ઈન્દ્રિય કે મનથી નથી થતું, જ્ઞાયકસ્વભાવી આત્મા પોતાના સ્વભાવથી આવી અવસ્થારૂપ પરિણમે છે.

**પ્રશ્ન ૨૦૯–સ્મૃતિ આદિ પરોક્ષજ્ઞાન પરથી નથી થતા, વધુ સ્પષ્ટ કરીને સમજાવો.**

**ઉત્તર** –જેમ મીઠાશ સ્વભાવવાળો ગોળ, ક્યારેય પણ મીઠાશ વિના નથી હોતો અને તેની મીઠાશ પરમાંથી આવતી નથી. તે જ પ્રમાણે જ્ઞાનસ્વભાવી આત્મા ક્યારેય જ્ઞાન વિના નથી હોતો અને ન તેનું જ્ઞાન પરમાંથી આવે છે. યાદ રાખો કે જ્ઞાનથી પરવસ્તુ જણાય છે, પરંતુ જ્ઞાન કંઈ પરમાં જઈને જાણતું નથી અને પરમાંથી જ્ઞાન આવતું નથી.

**પ્રશ્ન ૨૧૦–સ્મૃતિ આદિ પાંચ ભેદ ક્યાં જ્ઞાનના છે?**

**ઉત્તર** –સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન–આ ચાર ભેદ મતિજ્ઞાનના છે અને આગમ શ્રુતજ્ઞાન છે.

**પ્રશ્ન ૨૧૧–સ્મૃતિ કોને કહે છે?**

**ઉત્તર** –પૂર્વમાં જોયેલી વસ્તુને સ્મરણપૂર્વક વર્તમાનમાં જાણવી. જેમકે સીમંધર ભગવાન આવા હતા....એમની વાણી આવી હતી...સમવસરણ આવું હતું... ઈત્યાદિ પૂર્વમાં જોયેલી વસ્તુને વર્તમાનમાં યાદ કરીને જાણે–આવી મતિજ્ઞાનની તાકાત છે.

**પ્રશ્ન ૨૧૨–પ્રત્યભિજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર** –પૂર્વમાં જાણેલી વસ્તુ સાથે વર્તમાન વસ્તુને મેળવવી જેમકે પૂર્વમાં જે સીમંધર ભગવાનને જોયા હતા, તેમના જેવી આ પ્રતિમાની મુદ્રા છે. અથવા પૂર્વમાં ભગવાન પાસે મેં જે આત્માને જોયો હતો તે આ જ આત્મા છે–આમ મતિજ્ઞાન જાણી શકે છે. જેમકે શ્રેયાંસ રાજાને આદિનાથ ભગવાનને જોઈને જ, પૂર્વભવમાં હું તેમની પત્નીરૂપે હતો, આ પ્રમાણે આહારની વિધિ યાદ આવી ગઈ. દેહાદિ બધા સંયોગ અત્યંત બદલાઈ ગયા હોવા છતાં પણ મતિજ્ઞાનની નિર્મળતાની કોઈ એવી તાકાત છે 'પૂર્વમાં જોયેલો આત્મા તે આ જ છે' આમ તે નિઃશંક જાણી લે છે. જગતને જ્ઞાનીના જ્ઞાનની તાકાત ઓળખવી કઠણ પડે છે.

**પ્રશ્ન ૨૧૩–તર્ક કોને કહે છે?**

**ઉત્તર** –જ્ઞાનમાં સાધન-સાધ્યનો સંબંધ જાણી લેવો, જેમકે જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય છે. જ્યાં અગ્નિ નથી હોતી ત્યાં ધુમાડો નથી હોતો. જ્યાં સમવસરણ હોય, ત્યાં તીર્થંકર ભગવાન હોય છે. જ્યાં તીર્થંકર ભગવાન ન હોય ત્યાં સમવસરણ નથી હોતું. અથવા જે જીવને વસ્ત્ર ગ્રહણ છે, તેને છઠ્ઠુ ગુણસ્થાન નથી હોતું. છઠ્ઠુ ગુણસ્થાન જેને હોય છે, તેને વસ્ત્રગ્રહણ નથી હોતું. આ પ્રમાણે હેતુના વિચારથી જ્ઞાન કરવું, તેને તર્ક કહે છે.

**પ્રશ્ન ૨૧૪–અનુમાન કોને કહે છે?**

**ઉત્તર** –હેતુથી જે જાણ્યું, તે અનુસાર સાધ્ય વસ્તુનું જ્ઞાન કરવું અર્થાત્ સાધ્ય-સાધનનો તર્ક લગાવીને સાધ્યવસ્તુને ઓળખી લેવી તેને અનુમાન કહે છે. જેમ અહીં અગ્નિ છે કારણ કે ધુમાડો દેખાય છે. અહીંયા તીર્થંકર ભગવાન બિરાજે છે કારણ કે સમવસરણ દેખાય છે. આ જીવને છઠ્ઠું ગુણસ્થાન નથી કારણ કે તેણે વસ્ત્ર ગ્રહણ

કરેલ છે. આ પ્રમાણે મતિજ્ઞાનથી અનુમાન થઈ જાય છે.

**પ્રશ્ન ૨૧૫—આગમ કોને કહે છે?**

**ઉત્તર** —આ ઉપરાંત આગમ અનુસાર જે જ્ઞાન થાય, તેને આગમજ્ઞાન કહે છે. અને આ શ્રુતજ્ઞાનનો પ્રકાર છે.

**દ્રવ્યાનુયોગમાં દોષ કલ્પનાનું નિરાકરણ**

**પ્રશ્ન ૨૧૬—કોઈ જીવ કહે છે કે દ્રવ્યાનુયોગમાં વ્રત, સંયમ આદિક વ્યવહારધર્મની હીનતા પ્રગટ કરી છે, સમ્યગ્દષ્ટિના વિષય, ભોગ આદિને નિર્જરાનું કારણ કહ્યું છે. વિગેરે કથન સાંભળીને જીવ સ્વચ્છંદી બનીને પુણ્યક્રિયા પણ છોડી દેશે અને પાપમાં પ્રવર્તન કરશે. માટે તેને આ ભણાવવું, સંભળાવવું યોગ્ય છે?**

**ઉત્તર** —જેમ સાકર ખાવાથી ગધેડો મરી જાય તો તે કારણે મનુષ્ય સાકર ખાવાનું છોડી દેતો નથી. તે જ પ્રમાણે કોઈ મિથ્યાબુદ્ધિ જીવ, અધ્યાત્મગ્રંથ સાંભળીને સ્વચ્છંદી થઈ જાય છે તે કારણે શું વિવેકી જીવ અધ્યાત્મગ્રંથોનો અભ્યાસ છોડી દે? હાં એટલું કરશે કે જે સ્વચ્છંદી થતો દેખાય છે તેને એવો ઉપદેશ આપશે કે જેથી તે સ્વચ્છંદી ન થાય તથા અધ્યાત્મગ્રંથોમાં પણ સ્વચ્છંદી થવાનો અનેક જગ્યાએ નિષેધ કર્યો છે, માટે જે તેમને બરાબર સાંભળે છે તે તો સ્વચ્છંદી નથી થતો તથાપિ કોઈ એકાદ વાત સાંભળીને પોતાનો અભિપ્રાયથી સ્વચ્છંદી થઈ જાય તો ત્યાં ગ્રંથનો દોષ નથી. જોકે મિથ્યા દોષ કલ્પના વડે અધ્યાત્મશાસ્ત્રોનું વાંચન, શ્રવણનો નિષેધ કરે તે બરાબર નથી. કારણ કે મોક્ષમાર્ગનો મૂળ ઉપદેશ તો ત્યાં આપવામાં આવ્યો છે. માટે તેનો નિષેધ કરવાથી મોક્ષમાર્ગનો નિષેધ થાય છે. જેમકે મેઘવૃષ્ટિ થવાથી અનેક જીવોનું કલ્યાણ થાય છે, તથાપિ કોઈને હાનિ પણ થઈ જાય તો તેની મુખ્યતા કરીને મેઘનો નિષેધ તો ન કરી શકાય તે જ પ્રમાણે સભામાં અધ્યાત્મ ઉપદેશ આપવાથી અનેક જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય

છે. તથાપિ કોઈ ઉલટો પાપમાં પ્રવર્તન કરે તો તેની મુખ્યતા કરીને અધ્યાત્મશાસ્ત્રનો નિષેધ ઉચિત નથી.

બીજું, અધ્યાત્મગ્રંથોથી કોઈ સ્વચ્છંદી થઈ જાય તો તે પહેલાં પણ મિથ્યાદૃષ્ટિ હતો અને આજે પણ મિથ્યાદૃષ્ટિ જ રહ્યો. હાનિ એટલી છે કે તેની સુગતિ ન થઈને દુર્ગતિ થાય છે.

અને અધ્યાત્મ ઉપદેશ ન આપવાથી અનેક જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિનો અભાવ થાય છે. તેનાથી અનેક જીવોનું મહાન અહિત થાય છે. માટે અધ્યાત્મ ઉપદેશનો નિષેધ કોઈ રીતે ઉચિત નથી.

**પ્રશ્ન ૨૧૭—દ્રવ્યાનુયોગરૂપ અધ્યાત્મ-ઉપદેશ ઉત્કૃષ્ટ છે અને જે ઉચ્ચદશાને પ્રાપ્ત હોય તેને કાર્યકારી છે, પરંતુ નીચલી દશાવાળાને તો વ્રત, સંયમ આદિનો ઉપદેશ જ દેવો યોગ્ય નથી?**

**ઉત્તર** —જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલા સમ્યક્ત્વ હોય અને પછી વ્રત હોય છે. હવે, સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં જ થાય છે. તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી પ્રાપ્ત થાય છે. માટે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દૃષ્ટિ બને ત્યારબાદ, ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરે. આ પ્રમાણે મુખ્યરૂપથી તો નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે. તથા ગૌણરૂપથી જેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી ન દેખાય, તેને પ્રથમ વ્રતાદિકનો ઉપદેશ આપવામાં આવે છે. માટે ઉચ્ચદશાવાળાને અધ્યાત્મ ઉપદેશ કરવો યોગ્ય છે એમ વિચારીને નીચલીદશાવાળાએ તેનાથી પરાંગમુખ થવું યોગ્ય નથી.

**પ્રશ્ન ૨૧૮—ઉચ્ચ ઉપદેશનું સ્વરૂપ નીચલીદશાવાળાને શું ભાસતું નથી?**

**ઉત્તર** —અન્યત્ર તો અનેક પ્રકારની ચતુરાઈ કરે છે અને અહીં

મૂર્ખતા પ્રગટ કરે છે તે યોગ્ય નથી. અભ્યાસ કરવાથી સ્વરૂપ બરોબર ભાસે છે તથા પોતાની બુદ્ધિ અનુસાર થોડું કે ઘણું ભાસે જ છે. પરંતુ જે સર્વથા આળસનું જ પોષણ કરે તે તો જિનમાર્ગનો દ્વેષી છે.

**પ્રશ્ન ૨૧૯—આ કાળ હલકો છે માટે ઉત્કૃષ્ટ અધ્યાત્મના ઉપદેશની મુખ્યતા કરવી શું યોગ્ય છે?**

**ઉત્તર** —આ કાળ સાક્ષાત્ મોક્ષ ન હોવાની અપેક્ષાએ હલકો કહ્યો છે, પરંતુ આત્માનુભવ આદિ દ્વારા સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત થવાનો આ કાળમાં કોઈ નિષેધ નથી. માટે આત્માનુભવ આદિના હેતુએ દ્રવ્યાનુયોગનો જ અભ્યાસ કરવો જોઈએ. શ્રી કુંદકુંદાચાર્ય રચિત 'મોક્ષપાહુડ'માં કહ્યું છે કે—

अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि ईदत्तं ।
लोयंतियदेवत्तं तत्त्थ चुआ णिव्वुदिं जति ।।७।।

અર્થાત્ આજે પણ રત્નત્રય દ્વારા શુદ્ધાત્માનું ધ્યાન કરીને ઈન્દ્રપણું પ્રાપ્ત કરે છે. લોકાંતિક સ્વર્ગમાં દેવપણું પ્રાપ્ત કરે છે અને ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષે જાય છે.

માટે, આ કાળમાં પણ દ્રવ્યાનુયોગનો ઉપદેશ મુખ્ય છે. પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરીને સમ્યગ્દષ્ટિ થવું....આ મુખ્યતાથી તો નીચેની દશામાં પણ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૯૨ થી ૨૯૪)

**પ્રશ્ન ૨૨૦—ચૈત્ર સુદ ૧૩ના દિવસે ભગવાન મહાવીરજયંતી અને દીવાળીના દિવસે નિર્વાણોત્સવથી શું શું સિદ્ધાંત નીકળે છે?**

**ઉત્તર** —(૧) નિમિત્તરૂપથી ભગવાનને માનવાથી સંપૂર્ણ દુ:ખનો અભાવ.

(૨) ક્રમબદ્ધ-ક્રમનિયમિતપર્યાયની સિદ્ધિ.

(૩) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જીવન વ્યર્થ

(૪) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાનો ખ્યાલ આવે છે.

(૫) જેટલા પણ નિમિત્ત છે તે બધા ધર્મદ્રવ્ય સમાન (ઉદાસીન) છે.

(૬) તત્ત્વવિચારથી જ ધર્મની પ્રાપ્તિ થાય છે.

(૭) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ક્યારેય પણ, કંઈપણ કરી શકતું નથી.

(૮) તારું સુખ તારી પાસે જ છે, બહાર ક્યાંય નથી.

(૯) પ્રત્યેક જીવ માત્ર પોતાની ભૂલથી જ દુઃખી થાય છે અને પોતાના ભૂલ રહિત સ્વભાવનો આશ્રય લઈને ભૂલનો અભાવ કરી શકે છે.

(૧૦) રાગાદિની ઉત્પત્તિ હિંસા છે.

**જય મહાવીર... જય મહાવીર**



# પંડિત કૈલાશચંદ્ર જૈન

જન્મ : ઈ.સ. ૧૯૧૩
દેહ પરિવર્તન : ૧૯ સપ્ટેંબર ૨૦૧૨
જન્મસ્થાન : ગ્રામ ટિકરી, જિલા મેરઠ, ઉત્તરપ્રદેશ
પિતા – શ્રી મિટ્ઠનલાલ જૈન
માતા – શ્રીમતી ભરતોદેવી જૈન

આપની પ્રારંભિક શિક્ષા, મથુરા–ચૌરાસી તથા ત્યારબાદ જંબૂ–વિદ્યાલય સહારનપુરમાં થઈ. લઘુવયમાં લાહોરમાં સ્વતંત્ર વ્યવસાય કર્યો. દેશની સ્વતંત્રતા પછી, સ્વદેશ પાછા આવ્યા અને બુલંદશહેર (ઉ.પ્ર.)માં આઝાદ ટ્રેડિંગ કં.ના નામે, પુસ્તકો તથા સ્ટેશનરીનો વ્યવસાય કર્યો. પોતાની સહદર્મિણી શ્રીમતી વિમલાદેવી, ચાર પુત્રીઓ તથા એક પુત્રની સાથે, પારિવારિક જવાબદારીઓનું નિર્વહન કરતા થકા, ધર્મમાર્ગ પર ગતિશીલ રહ્યા.

સિદ્ધક્ષેત્ર શ્રી ગિરનારજીની યાત્રા વખતે, સોનગઢમાં બિરાજીત દિવ્યવિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના મંગલ સાક્ષાત્કાર ઉપરાંત, આપના જીવનમાં આમૂલ પરિવર્તન થયું. ફળસ્વરૂપે, નિરંતર તત્ત્વારાધના તથા તત્ત્વપ્રચાર જ આપના જીવનનું અભિન્ન અંગ બની ગયું અને સંપૂર્ણ દેશમાં તત્ત્વજ્ઞાનની પતાકા લહેરાવવા માટે, આપ એકલા નીકળી પડ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ પ્રવચનો અને માનનીય શ્રી રામજીભાઈ દોશી તથા ખીમચંદભાઈ શેઠના વર્ગમાં જે કંઈ શીખ્યા, તેને જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના આઠ ભાગરૂપે સંકલનનું કાર્ય કરી, જન–જનને જિનધર્મના ગૂઢ રહસ્યોને સાધારણ ભાષામાં પ્રસ્તુત કરવાનું અપૂર્વ કાર્ય કર્યું.

આપની તત્ત્વજ્ઞાનની પ્રચાર–પ્રસારની ઉત્કૃષ્ટ ભાવનાના ફળસ્વરૂપે, તેને કાર્યાન્વિત કરવાના હેતુથી, તીર્થધામ મંગલાયતનના રૂપમાં આપના સ્વપ્નને આપના પરિવાર તથા સમગ્ર મુમુક્ષુ સમાજે સાકાર કર્યું. અહીંથી પ્રકાશિત થતી માસિક પત્રિકા મંગલાયતનના આપ આજીવન પ્રધાન સંપાદક રહ્યા.

સ્વાભિમાનિવૃત્તિની સાથે જ, નિર્ભિકતા, નિસ્પૃહતા, સિદ્ધાંત પર અડગતા આદિ આપના વ્યક્તિત્વની ઉલ્લેખનીય વિશેષતાઓ હતી.

આપના ઉપકારો પ્રત્યે નતમસ્તક થઈ, આપના શ્રીચરણોંમાં વંદન સમર્પિત કરીએ છીએ અને આપની આ અનુપમ કૃતિને સમાજના લાભાર્થે પ્રસ્તુ કરીએ છીએ.

**જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલા (ભાગ-૫)**